રવીન્દ્રનાથ ટાગોરકૃત નવલકથા

# ચિરકુમારસભા

અનુવાદક
રમણલાલ સોની

મિહિર પ્રકાશન
રાજકોટ

# અર્પણ

**કવિવર રવીન્દ્રનાથ કહે છે કે**
**'માણસમાં એક ચિરકાલનો બાળક રહેલો છે.'**
**એ 'ચિરકાલના બાલક'નું મને જેમાં દર્શન થયું તે**
**મુ. શ્રી રામનારાયણ વિ. પાઠક**
**તથા**
**શ્રીમતી હીરાબહેન પાઠકને**



# અનુવાદક તરફથી

'ચિરકુમારસભા' કવિવર રવીન્દ્રનાથના ગ્રંથોમાં અનોખી જ ભાત પાડે છે. તે કૌતુકની રસભરી નવલકથા છે અને શ્રેષ્ઠ નાટકનાં ઉત્તમ તત્ત્વો પણ તેમાં છે. તેમાં પાને પાને નિર્મળ હાસ્યના તરંગો ઊછળ્યા જ કરે છે, અને સંવેદનશીલ વાચક પ્રસન્નતાપૂર્વક એ તરંગો પર સહેલ માણે છે. છેલ્લે વાર્તા જ્યારે પૂરી થાય છે ત્યારે તેના પણ મુખમાંથી ભરતવાક્ય નીકળી પડે છે કે 'સર્વ કામાનવાપ્નોતુ સર્વઃ સર્વત્ર નન્દતુ!'

આ અનુવાદ સદ્ગત મુરબ્બી શ્રી રામનારાયણભાઈ પાઠકને અર્પણ કરવામાં આવેલો છે. પહેલી આવૃત્તિ વખતે તેઓશ્રીએ આ પુસ્તક વાંચીને 'ચિરકુમારસભા'ની જ શૈલીમાં મને એક લાંબો પત્ર લખેલો, જેમાં તેમણે નિર્મળ ભાવે પોતાની પણ ઠેકડી ઉડાવેલી. કમનસીબે એ પત્ર ટપાલમાં જ ગુમ થઈ ગયો. નહિ તો, મને ખાતરી છે કે ગુજરાતી પત્રસાહિત્યમાં એ પત્ર એક કીમતી ઉમેરારૂપ બન્યો હોત. આજે શ્રી પાઠકસાહેબ હયાત નથી, પણ તેમના મધુર સ્વભાવની સ્મૃતિઓ હૃદયને ભરી રહે છે. એ મધુર સ્મૃતિઓને આ ગ્રંથ ફરી અર્પણ કરું છું.

આ વખતે છપાવતી વખતે આખોયે અનુવાદ મૂળ સાથે મેળવીને નવેસરથી તૈયાર કર્યો છે.

૨૩ એ, સર્વોદયનગર-૧, **રમણલાલ સોની**
સોલારોડ, અમદાવાદ-૬૧
તા. ૨૫-૧-૧૯૮૮

# સર્વોત્તમનો પુનરાસ્વાદ

આમ તો કહેવાય છે કે કોઈ પણ બાબતમાં માણસે આત્યંતિક વિધાનો કરવાં નહીં જોઈએ. 'આ શ્રેષ્ઠ છે', 'આ સવોત્તમ છે', 'આનાથી સારું બીજું શું હોઈ શકે?'—વગેરે પ્રકારનાં વિધાનો કરનાર ટૂંકા કે લાબાં સમયમાં ખોટા ઠરવાનો સંભવ રહે છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાબતમાં તો આવાં વિધાનોથી ખાસ ડરતા રહેવું જોઈએ, કારણ કે માનવીના મસ્તકની જે શક્તિઓ છે તેનો લાખમો ભાગ પણ હજુ તો કામે લાગ્યો નથી, એમ વિજ્ઞાનીઓ કહે છે; એટલે કયો સર્જક ક્યારે ઉત્તમોત્તમ ગણાયેલા સર્જન કરતાંય ઉત્તમ સર્જન કરશે તે કોઈ કહી ના શકે.

અને છતાં સાહિત્યમા કેટલાંક વિધાનો સદીઓ અને દાયકાઓના અનુભવને પ્રતાપે કરી શકાય છે. કાલિદાસ સંસ્કૃતનો અને શેક્સપિયર અંગ્રેજીનો સર્વોત્તમ નાટકકાર, એવું વિધાન ખોટું ઠરવાનો સંભવ નથી. એ જ રીતે, વીસમી સદીના ભારતના સર્વોત્તમ સાહિત્યકાર કવિવર રવીન્દ્રનાથ ઠાકુર છે, એવું વિધાન આસાનીથી કરી શકાય. શું કાવ્યમાં કે શું નવલકથામાં, શું ટૂંકી વાર્તામાં કે શું નાટકમાં એમણે જેવું અને જેટલું પ્રદાન કર્યું તેની તોલે અન્ય કોઈ ભારતીય સાહિત્યકાર આવી શકે તેમ નથી. 'ગીતાંજલિ' તો એવો કાવ્યસંગ્રહ છે જ જેને પ્રતાપે ભારતનું એક માત્ર અને એશિયાનું પ્રથમ સાહિત્યિક નોબેલ ઇનામ અહીં આવ્યું .'ગોરા', 'ચોખેર બાલિ', 'નૌકા-ડૂબી', 'ચાર અધ્યાય' વગેરે રવીન્દ્રનાથની નવલકથાઓ પણ સર્વોત્તમના વર્ગમાં આવી શકે એવી છે.

એટલે જ છેલ્લા સાત-આઠ દાયકાથી બંગાળીમાં જ નહિ પણ તમામ ભારતીય ભાષાઓમાં રવીન્દ્ર-સાહિત્ય સૌથી વધુ લોકપ્રિય રહ્યું છે. આવા આ રવીન્દ્ર-સાહિત્ય શ્રેણી ગુજરાતી ભાષામાં મિહિર પ્રકાશન દ્વારા પ્રગટ કરવાનું સદ્‌ભાગ્ય અમને સાંપડ્યું એનો અનેરો આનંદ છે. આ સદ્‌ભાગ્ય અમને સંપડાવવામાં સહયોગી બનાનાર સૌનો, ખાસ કરીને પીઢ સાહિત્યકાર મુ. શ્રી નગીનદાસ પારેખનો તથા મુ. શ્રી



રમણલાલ સોનીનો, અમે આભાર માનીએ છીએ.

મિહિર પ્રકાશન

# સોનીની સોના જેવી સેવા

કેટલા આનંદનો વિષય છે કે ભારતભક્ત એક અંગ્રેજે આજના યુગના બે સર્વશ્રેષ્ઠ ભારતીયોને એકબીજાનો પરિચય કરાવ્યો, એમને એકત્ર આણ્ય અને એકબીજાના ભક્ત બનાવ્યા.

ગુજરાતનું એ પરમ ભાગ્ય છે કે ભારતના કોઈ પણ પ્રદેશ કરતાં ગુજરાતના શ્રેષ્ઠ કવિઓ, કેળવણીકારો, સમાજસેવકો અને સંસ્કૃતિ-ધુરંધરો ટાગોર અને ગાંધીને પોતાના હૃદયમાં એકત્ર સ્થાન આપે છે.

રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં પ્રથમ હું ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સાથીઓને મળ્યો, અને ત્યાર પછી એ જ સુંદર અને પવિત્ર સંસ્થામાં હું મહાત્માજીને પણ મળ્યો. ભારત-ભક્તિમાં અને માનવતાની સેવામાં, ભારતમાતાના આ બે સુપુત્રો એકહૃદય છે, એ જેમણે જાણ્યું છે તે જ ખરા ભાગ્યશાળી.

હું શાંતિનિકેતનમાંથી ગાંધીજીના આશ્રમમાં પહોચ્યો. ત્યાં મને ગુજરાતનાં યુવાન કવિહૃદયો મળ્યાં. એમની આગળ મેં મારી ટાગોર-ભક્તિ ઠાલવી. સ્વરાજ્ય-સેવામાં અને સાંસ્કૃતિક ઉત્થાનના કાર્યમાં અને બધા ગાંધીભક્ત તો થયા જ હતાં. એટલે આ કવિઓએ ટાગોર-સાહિત્યનો પરિચય ગુજરાતને કરાવ્યો, એમાં હું પણ એક સહસેવક હોઉં એટલો મને આનંદ થાય છે. શ્રી ઉમાશંકર જોશી અને શ્રી નગીનદાસ પારેખ જેવા તો મારા નજીકના સાથીઓ બની ગયા. શ્રી રમણલાલ સોની પણ એટલા જ નજીક આવ્યા. પણ કવિતાની સેવા સાથે એમને ગુજરાતની ગ્રામીણ જનતાની પણ સેવા કરવાનું સૂઝ્યું. એમને એવી તકો પણ મળી. એટલે ગાંધીજીએ અમને જે આદર્શ સેવતા કર્યા એ આદર્શ પ્રત્યક્ષ અમલમાં મૂકવામાં ભાઈ રમણલાલ અમારા કરતાં વધારે ફાવ્યા. એ આનંદ સાથે અદેખાઈ પણ મનમાં ઊગત, પણ શ્રી રમણલાલ ગ્રામજનતાની જે સેવા કરે છે. તે આપણા વતી જ કરે છે, એ સંતોષ આગળ અદેખાઈ જાગતી જ નથી. કવિ રમણલાલ સોનીએ રવીન્દ્રનાથને ગુજરાતીમાં આણી, ગુજરાતની સોના જેવી સેવા કરી છે.



એમનું અભિનંદન કરતાં મને અત્યંત આનંદ થાય છે.

અનુવાદ એ તો વિશ્વમૈત્રી વિકસિત કરવાની કલા છે. બંને ભાષાઓ પર ઉત્તમ કાબૂ હોય એટલું જ બસ નથી, બંને બાજુના સાહિત્યનાં હાર્દ સાથે એકહૃદય થવાથી શક્તિ અનુવાદકમાં હોવી જોઈએ. એ શક્તિ શારદામાતા પોતાના કવિઓને પૂરી માત્રામાં અર્પણ કરે છે, તેથી જ તેઓ 'વિશ્વહૃદયના સેવક' બને છે. અનુવાદક તરીકે પણ રમણલાલે કવિને યોગ્ય કીર્તિ મેળવી છે.

સન્નિધિ, રાજઘાટ, નઇ દિલ્હી **કાકા કાલેલકર**

તા. ૨૧-૬-૭૧

# ચિરકુમારસભા

## : ૧ :

અક્ષયકુમારના સસરા હિંદુસમાજમાં હતા, પરંતુ એમની રીતભાત બિલકુલ નવી હતી. તેમણે પોતાની છોકરીઓને મોટી ઉંમર સુધી કુંવારી રાખી હતી, અને તેમણે ભણાવીગણાવી હતી. લોકો ટીકા કરે તો કહેતાઃ અમે કુલીન છીએ, અમારા ઘરમાં જૂના વખતથી આ પ્રથા ચાલી આવે છે.

તેમના મરણ પછી તેમની વિધવા જગત્તારિણીને થયું કે છોકરીઓનું ભણતર બંધ કરાવી હવે તેમને પરણાવી માથેથી ચિંતાનો ભાર ઉતારી નાખવો જોઈએ. પરંતુ એ નરમ સ્વભાવની બાઈ હતી. મનમાં ઇચ્છા થાય, પણ એ ઇચ્છાને અમલમાં મૂકવાનો રસ્તો એને જડે નહિ. બીજી તરફ જેમ વખત જાય, તેમ તે દોષનો ટોપલો બીજાના માથા પર ચડાવતી જાય.

એના જમાઈ અક્ષયકુમાર બિલકુલ નવા વિચારના હતા. સાળીઓને ખૂબ ભણાવી, પરીક્ષાઓ પાસ કરાવી, ખુલ્લી રીતે તેમને સુધરેલા સમાજમાં દાખલ કરવવાની એમની ઇચ્છા હતી. સેક્રેટરિયેટમાં તેઓ મોટા હોદ્દા પર હતા; ઉનાળામાં તેમની ઑફિસ સીમલાના પહાડ પર જતી હતી. કંઈકંઈ રાજકુટુંબના દૂતો મુસીબતની વેળાએ, મોટા સાહેબની સાથે સમાધાન કરાવવા તેમની ખુશામત કરતા.

વિધવા સાસુ અક્ષયકુમારને પોતાના નિરાધાર કુટુંબના વાલી સમજતી. સાસુના આગ્રહથી શિયાળાના કેટલાક મહિના, તેઓ પોતાના શ્રીમંત સસરાને ઘેર જ વિતાવતા. સાળીસમિતિમાં એ થોડા મહિના ભારે જલસો જામી જતો.

આવી રીતે એક વખત તેઓ કલકત્તામાં પોતાના સસરાને ઘેર રહેતા હતા, એવામાં તેમની સ્ત્રી પુરબાલાની સાથે તેમને નીચે પ્રમાણે વાતચીત થઈ.



પુરબાલાએ કહ્યુંઃ 'તમારી સગી બહેનો હોત તો તમે આમ ચૂપ બેસી રહેત ખરા? આટલા દિવસમાં તો તમે એક એક જણીના ચાર ચાર વર લાવીને ખડા કરી દીધા હોત! પણ આ તો મારી બહેનો ખરી ને –'

અક્ષયકુમારે કહ્યુંઃ 'માનવસ્વભાવને તું બરાબર ઓળખે છે. પોતાની બહેનમાં અને પત્નીની બહેનમાં કેટલો ફેર છે એની તને આવડી નાની ઉંમરે પણ સમજ પડી ગઈ છે. તે ભાઈ, સાચું કહું? સસરાજીની કોઈ પણ છોકરીને પારકાના હાથમાં સોંપવાનું જરાયે દિલ થતું નથી.—આ બાબતમાં હું ખૂબ કંજૂસ છું એ મારે કબૂલ કરવું જોઈશે.'

પુરબાલા કંઈક ગુસ્સે થવાનો દેખાવ કરી, ગંભીરતા ધારણ કરી બોલીઃ 'જુઓ, તમારી સાથે મારે એક પાકી ગોઠવણ કરવાની છે.'

અક્ષયે કહ્યુંઃ 'એક પાકી ગોઠવણ તો લગ્નને દિવસે મંત્ર ભણીને કરી લીધી છે, હવે બીજી શી કરવાની છે?'

પુરબાલાએ કહ્યુંઃ 'હા, પણ આમાં એટલું ડરવાનું નથી. આ કદાચ એના જેટલી અસહ્ય નહિ લાગે!'

અક્ષયકુમાર રામલીલાના નટની પેઠે હાવભાવ કરીને બોલ્યોઃ 'તો બોલો, સખી!'

પછી તેણે ગાન શરૂ કરી દીધુંઃ

'મનમાં શું વસિયું બોલો,
બોલો હે રાધા ગૌરી!
આંખો આંસુડે છલકે,
બોલો શી પકડી ચોરી?'

અહીં એટલું કહેવું જોઈએ કે અક્ષયકુમાર કોઈવાર ગેલમાં આવી જતા, તો બેચાર કવિતાની લીટીઓ તાબડતોબ બનાવી કાઢતા, ને ગાઈ નાખતા. એમનામાં શીઘ્રકવિતા કરવાની એટલી શક્તિ હતી. પરંતુ કદી પણ તેઓ કોઈ કવિતા રીતસર પૂરી કરી શકતા નહિ. આથી એમના દોસ્તો ઘણીવાર ચિડાઈને કહેતાઃ 'તમારામાં આવી અદ્‌ભુત શક્તિ

છે, તો પછી તમે કવિતા પૂરી કેમ કરતા નથી?'

અક્ષય તરત જ લહેકાથી જવાબ દેતોઃ

'પૂરું કરું શા માટે?
તેલ પૂરું થાય તે પહેલાં
હું હોલવું દીપકવાટ!'

એની આવી વર્તણૂકથી સૌ ખિજાઈને કહેતાંઃ 'બધાંને પહોંચાશે, પણ અક્ષયને નહિ પહોંચાય.'

અહીં પુરબાલા પણ ખિજાઈને બોલીઃ 'ઉસ્તાદજી, ઠહેરો! મારે એ કહેવાનું છે કે દિવસમાં કોઈ એવો વખત નક્કી કરો, જ્યારે તમારી મશ્કરીઓ બંધ રહે—અને તમારી સાથે કંઈ કામકાજની વાત થઈ શકે.'

અક્ષય બોલ્યોઃ 'હું રહ્યો ગરીબનો છોરુ, એટલે સ્ત્રીને બોલવાની રજા આપવાની હિંમત નથી ચાલતી—વખતે એ હીરામોતીનો હાર માગી બેસે તો?'

આમ કહી એણે ફરી ગાવા માંડ્યુંઃ

વખતે માગી બેસે મારું મન,
તેથી હું બીતો બીતો રહું,
વખતે આંખે આંખ મળી જાય,
તેથી હું આંખ જ મીંચી રહું!

પુરબાલાએ કહ્યુંઃ 'તો જાઓ!'

અક્ષયે કહ્યુંઃ 'ના, ના, એમ ખિજાઓ નહિ! કહો, તમારે જે કહેવું હોય તે કહો, હું ધ્યાન દઈને સાંભળીશ. નામ લખાવી તમારી ઠઠ્ઠાનિવારિણી સભાનો સભાસદ થવાનોયે મને વાંધો નથી! તમારી આગળ બિલકુલ બે-અદબી નહિ કરું;—હં, શું વાત ચાલતી હતી? સાળીઓના વિવાહની, ખરું ને? બહુ સરસ! આથી રૂડું શું?'

પુરબાલા વિષાદને લીધે મ્લાન બનીને બોલીઃ 'જુઓ, હવે બાપા હયાત નથી. એટલે મા તમારી જ આશા પર બેઠી છે. તમારું કહેવું માનીને, છોકરીઓની આવડી મોટી ઉંમર થઈ તોયે તે હજી તમને



ભણાવે છે. હવે જો તમે સારો વર ન શોધી આપો તો એ તમારી ભૂલ કહેવાય કે નહિ? તમે જ વિચાર કરી જુઓ!'

વાતની લઢણ જોઈ અક્ષય પહેલાં કરતાં કંઈક ગંભીર બનીને બોલ્યોઃ 'મેં તો પહેલેથી જ તમને સૌને કહ્યું છે કે કોઈ કશી ચિંતા ન કરશો. મારી સાળીઓના વર ગોકુલમાં મોટા થઈ રહ્યા છે.'

પુરબાલાએ કહ્યુંઃ 'ક્યાં આવ્યું એ ગોકુલ?'

અક્ષયે કહ્યુંઃ 'ત્યાંથી તો તમે આ અભાગિયાને તમારા કુટુંબમાં ભરતી કરી લાવ્યાં છો. અમારી પેલી ચિરકુમારસભા!'

પુરબાલાએ સંદેહ પ્રગટ કરતાં કહ્યુંઃ 'પણ એ લોકો તો *પ્રજાપતિના વિરોધી છે!'

(* પ્રજાપતિઃ બ્રહ્મા, પતંગિયું. બંગાળમાં પતંગિયું પ્રેમનું પ્રતીક મનાય છે. લગ્નની કંકોતરીઓમાં પણ પતંગિયાનું ચિત્ર છપાય છે. – અનુવાદક)

અક્ષયકુમારે કહ્યુંઃ 'છોને રહ્યા વિરોધી! દેવતાની સામે લડીને કોણ જીત્યું છે? બહુ બહુ તો એ લોકો દેવતાને ખીજવે છે! પણ એથી તો ભગવાન પ્રજાપતિની નજર એ સભાની ઉપર વધારે રહે છે. બરાબર બંધ કરેલા ઢોકળિયામાં જેમ ઢોકળાં બફાઈને રંધાઈ જાય, તેમ પ્રતિજ્ઞાની અંદર બંધાયેલા સભ્યો પણ એકદમ બફાઈને નરમ થઈ ગયા છે.—બરાબર પરણવા લાયક બની ગયા છે! – હવે પતરાળીમાં પીરસીએ એટલી જ વાર છે. હું પણ એક વખત એ સભાનો સભાપતિ હતો, એ તું કેમ ભૂલી જાય છે?'

પુરબાલાએ આનંદમાં આવી વિજયગર્વથી ફુલાઈને જરા હસીને પૂછ્યુંઃ 'તમારી કેવી દશા થઈ હતી?'

અક્ષયે કહ્યુંઃ 'શું વાત કરું! મેં પ્રતિજ્ઞા કરી હતી કે નારી જાતિનો કોઈ શબ્દ સુધ્ધાં કદી જીભે નહિ ઉચ્ચારું. પરંતુ છેવટે મારી એવી દશા થઈ કે મને થયું—શ્રીકૃષ્ણની સોળસો ગોપીઓનો આજે પત્તો ન હોય તો કંઈ નહિ, પણ કાળકામાની ચોસઠ હજાર જોગણીઓનોયે જો પત્તો લાગે તો એમની સાથે એક વખત પેટ ભરીને પ્રેમાલાપ કરી

લઉં!—બરાબર એ વખતે તારો ભેટો થઈ ગયો!'

પુરબાલાએ કહ્યું: 'ચોસઠ હજારનો શોખ પૂરો થયો?'

અક્ષયકુમારે કહ્યું: 'એ તારા સાંભળતાં નહિ કહું, ઝઘડો થાય, પણ ઇશારે એટલું કહી દઉં છું કે મા કાળકા ખૂબ દયાળુ છે!'

આમ કહી પુરબાલાનો ચિબુક પકડી, એનું મોં જરા ઊંચું કરી, કૌતુતભર્યા પ્રેમથી એ તેની સામે જોઈ રહ્યો.

પુરબાલાએ ખોટો ગુસ્સો કરી મોં ફેરવી લઈ બોલી: 'તો હુંયે કહીશ કે બાબા ભોળાનાથના નંદીભૃંગીઓની ખોટ નહોતી, પણ મારા પર તેમણે દયા કરી છે!'

અક્ષયે કહ્યું: 'બનવાજોગ છે! એટલે જ તને કાર્તિક મળી ગયો છે!'

પુરબાલાએ કહ્યું: 'પાછી ઠઠ્ઠામશ્કરી શરૂ કરી?'

અક્ષયે કહ્યું: 'કાર્તિકનું નામ દીધું એમાં ઠઠ્ઠામશ્કરી શાની? હું સોગન ઉપર કહું છું કે એ વિષે મને લેશમાત્ર પણ શંકા નથી!'

એટલામાં શૈલબાલાએ પ્રવેશ કર્યો. એ વચલી બહેન હતી. લગ્ન પછી એક મહિનામાં જ એ વિધવા થઈ હતી. વાળ કાપેલા હતા તેથી છોકરા જેવી દેખાતી હતી. સંસ્કૃતમાં ઓનર્સ લઈને બી.એ.ની પરીક્ષા પસાર કરવાની તેની હોંશ હતી.

શૈલે આવીને કહ્યું: 'મુખુજ્જે મશાય, હવે તમારી બે નાની સાળીઓને બચાવો!'

અક્ષયે કહ્યું: 'કોઈ બચાવનારું નહિ હોય તો હું તો છું જ. શું થયું છે તે?'

શૈલબાલાએ કહ્યું: 'માએ ઘોંચપરોણો કરવાથી છેવટે રસિકાદાદા કોણ જાણે ક્યાંથી બે ખાનદાનના દીકરાઓને પકડી લાવ્યા છે, અને માએ એ બે જણાની સાથે પોતાની બંને દીકરીઓને પરણાવવાનું નક્કી પણ કરી નાખ્યું છે!'

અક્ષયે કહ્યું: 'ઓ બાપ રે! એકદમ લગ્નનો રોગચાળો ફાટી નીકળ્યો! પ્લેગની પેઠે! અને એક ઘરમાં એક સાથે બે છોકરીઓની ઉપર એનો હુમલો! મને બીક લાગે છે કે વખતે મારા ઉપર તો એનો



હુમલો નહિ થાય!'

આમ કહી એણે કાલિંગડામાં ગાવા માંડ્યું:

'રહું છું હું પાસે પાસે,
એથી ફફડું છું ત્રાસે,
કે કદી મુજ પર તો નહિ પટકશે નેણવેણનાં બાણ?

શૈલબાલાએ કહ્યું: 'આ શું તમારે ગીતડાં ગાવાનો વખતે છે?

અક્ષયે કહ્યું: 'શું કરું, ભાઈ! શરણાઈ વગાડવાનું શીખ્યો નથી, નહિ તો એ વગાડત. લગ્નનો જલસો એટલે શું! એક સાથે બે સાળીઓનાં લગ્ન! પણ આટલી બધી ઉતાવળ શું કરવા?'

શૈલબાલાએ કહ્યું: 'વૈશાખ મહિનામાં લગ્ન આવે છે, પછી આખું વરસ લગ્ન આવતું નથી.'

પુરબાલા પોતાના પતિથી સુખી હતી; એ માનતી હતી કે ગમે તે રીતે છોકરીનું લગ્ન થઈ જાય એટલે એ સુખી જ થાય છે.

આથી તે મનમાં મનમાં રાજી થઈને બોલી: 'તમે લોકો અત્યારથી શું કરવા બેસી જાઓ છો! પહેલાં વર તો જોવા દો!'

ઢીલા માણસોનો એવો સ્વભાવ હોય છે કે ઓચિંતાના કોક વખત તેઓ પોતાનું મન પાકું કરી નાખે છે; તે વખતે સારા-ખોટાનો વિચાર કરવાની તસ્દી ન લેતાં, એકદમ પહેલાંની શિથિલતાનું સાટું વાળી દેવાનો તેઓ પ્રયત્ન કરે છે. તે વખતે એમનાથી એક ઘડીની પણ ધીરજ ખમાતી નથી.

જગત્તારિણીના મનની આવી દશા હતી. તેમણે અંદર આવીને કહ્યું: 'બાબા અક્ષય!'

અક્ષયે કહ્યું: 'શું છે, મા!'

જગત્તારિણીએ કહ્યું: 'તું ભલે કહે, પણ એમ મારાથી છોકરીઓને રાખી મુકાય નહિ.'

આ શબ્દોમાં એવો આભાસ હતો કે મારી છોકરીઓની તમામ તકલીફ માટે તું જ જવાબદાર છે.

શૈલે કહ્યું: 'છોકરીઓને રાખી ન મુકાય એટલે શું ગમે ત્યાં ફેંકી દેવાની, મા?'

જગત્તારિણીએ કહ્યું: 'તું તે કેવી વાત કરે છે! સાંભળીને મને તાવ ચડી આવે છે. બાબા અક્ષય, શૈલી વિધવા છે, એને આટલું બધું ભણાવીને, પરીક્ષાઓ પાસ કરાવીને કરવું છે શું? એને આટલી વિદ્યાનું કામ શું છે?'

અક્ષયે કહ્યું: 'મા, શાસ્ત્રમાં લખ્યું છે કે સ્ત્રીઓને કંઈ ને કંઈ ઉત્પાત હોવો જ જોઈએ—કાં પતિ, કાં વિદ્યા, કાં હિસ્ટિરિયા! જુઓને, લક્ષ્મીને મળ્યા વિષ્ણુ, એટલે એને વિદ્યાની જરૂર રહી નહિ! એને એનો પતિ ભલો ને એનું ઘુવડ ભલું!—અને સરસ્વતી ધણી નથી, એટલે એને વિદ્યાનો આશરે લેવો પડે છે!'

જગત્તારિણીએ કહ્યું: 'ગમે તેમ કહે, બાબા, પણ આવતા વૈશાખમાં હું છોકરીઓને પરણાવી દેવાની છું!'

પુરબાલાએ કહ્યું: 'હા, મા, હું પણ એવા જ મતની છું. છોકરી જેમ વહેલી પરણે તેમ સારું!'

આ સાંભળી અક્ષયે તેને ખાનગીમાં કહ્યું: 'હાસ્તો! એકથી વધારે પતિની શાસ્ત્રમાં ના લખી છે, એટલે વહેલાં વહેલાં પરણી જઈને પતિને સમયસર પાળીપોષી લેવો જોઈએને!'

પુરબાલાએ કહ્યું: 'આ શું બકો છો! મા સાંભળશે!'

જગત્તારિણીએ કહ્યું: 'રસિકકાકા હમણાં વર દેખાડવા આવવાના છે. ચાલ, બેટા પુરી! એટલામાં આપણે એમના વાસ્તે નાસ્તો બનાવી કાઢીએ!'

પુરબાલા આનંદમાં ને ઉત્સાહમાં માની સાથે ચાલી ગઈ.

પછી મુખુજ્જે મહાશય અને શૈલીની છૂપી કમિટી બેઠી. આ સાળી ને બનેવી એકબીજાનાં ખાસ મિત્ર હતાં. અક્ષયના જ વિચારો અને રુચિ દ્વારા જ શૈલનો સ્વભાવ ઘડાયો હતો. અક્ષય પોતાની આ શિષ્યાને પોતાના સમોવડિયા ભાઈ જેવી સમજતો—એના આ સ્નેહમાં સૌહાર્દ્ર ભરેલું હતું. સાળી તરીકે એ એની સાથે ઠઠ્ઠામશ્કરીઓ પણ



કરતો, પરતું એના તરફ એનો તરફ દઢ મૈત્રીભાવ પણ હતો.

શૈલે કહ્યું: 'હવે મોડું કરવામાં સાર નથી, મુખુજ્જે મશાય! હવે તમારી એ ચિરકુમારસભાના વિપિનબાબુ અને શ્રીશબાબુને

જરા જોરથી આંચકો દીધા વગર નથી ચાલવાનું. છોકરા બંને સરસ છે! આપણી નૃપ અને નીરને બરાબર શોભે એવા છે. તમે તો પાછા ચૈત્ર પૂરો થતા ન થતામાં ઑફિસને લઈને સીમલા જતા રહેવાના, પણ હવે માને રોકી રાખવાનું કામ બહુ અઘરું છે.'

અક્ષયે કહ્યું: 'પરંતુ એમ અચાનક કવખતે સભાને આંચકો મારવા જતાં બધા ચમકી પડશે! ઇંડાનું કાચલું ભાંગી નાખીએ, પણ એમાંથી પંખી નહિ નીકળે. એને સેવવું પડે છે, અને સેવવામાં વખત જવાનો!'

શૈલ થોડીવાર ચૂપ રહી, પછી એકદમ હસી પડી ને બોલી: 'ઠીક, તો સેવવાનો ભાર હું મારે માથે લઉં છું, મુખુજ્જે મશાય!'

અક્ષયે કહ્યું: 'જરા સમજાય તેમ બોલો તો સારું!'

શૈલે કહ્યું: 'પેલા દશ નંબરવાળા મકાનમાં એમની સભા ભરાય છે, ખરું ને? આપણી અગાશી પર થઈને, દેખનહાસીના ઘરમાં થઈને ત્યાં જઈ શકાય છે. હું પુરુષવેશે જઈશ, અને એમની સભાની સભાસદ બનીશ. પછી સભા કેટલા દિવસ ટકે છે એ જોઉં છું!'

અક્ષય ફાટી આંખે થોડી વાર જોઈ રહ્યો. પછી મોટેથી હસી પડ્યો, ને બોલ્યો: 'હાય—કેવી અફસોસની વાત! તારી દીદીને પરણીને સભ્યની પદવી તો હું હંમેશને માટે ખોઈ બેઠો છું, નહિ તો હું ને મારા બધા સાથીદારો તારી જાળમાં બંધાઈને આંખો મીંચી જડ બની પડી રહેત! આવો સુખનો લહાવો પણ હાથમાંથી ગયો! તો પણ હે સખી, તું એકચિત્તે સાંભળ—'

આમ કહી એણે સિંધુ-ભૈરવીમાં ગાવા માંડ્યું:—

'હે હૃદય-વનના શિકારી!
જાળ શું કરવા બાંધે?
એ તો તારો ચરણભિખારી!
તારા પગમાં પડી એ લાખ વાર મરનારો,

કેમ કરી એ નયનબાણનો બની શકે અધિકારી?–હે૦–'

શૈલે કહ્યું: 'છી, મુખુજ્જે મશાય! તમે જૂના જમાનાના થતા જાઓ છો! એવાં નયનબાણ-ફાણનો જમાનો હવે ગયો! હવે તો યુદ્ધવિદ્યામાં ઘણો ફેરફાર થઈ ગયો છે.'

એટલામાં નૃપબાલા અને નીરબાલાએ પ્રવેશ કર્યો. બંને બહેનોની ઉંમર અનુક્રમે સોળ અને ચૌદ વરસની હતી. નૃપ શાંત અને સ્નેહાળ હતી. નીર એથી ઊલટી હતી. તે મજાક-મશ્કરી અને તોફાનમાં આખો દિવસ ઊંચાનીચી થયા કરતી.

નીરે આવીને એકદમ શૈલને બાઝી પડી પૂછ્યું: 'સેજદિદિ! આજે કોણ આવવાનું છે, કહો તો ખરાં!'

નૃપબાલાએ કહ્યું: 'મુખુજ્જે મશાય, આજે તમારા મિત્રોને નોતરું દેવાયું લાગે છે! નાસ્તાની તૈયારીઓ થઈ રહી છે.'

અક્ષયે કહ્યું: 'વાહ રે! ત્યારે તો ચોપડીઓ વાંચી વાંચીને ખાલી તમે આંખો ફોડી!—પૃથ્વીના આકર્ષણથી ઉલ્કાપાત કેવી રીતે થાય છે એવી લાખ લાખ કોશની દૂરની ખબરો રાખો છો, અને આજે અઢાર નંબરની મધુ મિસ્ત્રીની ગલીમાં કોના આકર્ષણથી કોણ ખેંચાઈ આવે છે. એનું અનુમાન પણ તમે કરી શક્યાં નહિ?'

નીરબાલાએ કહ્યું: 'હું સમજી ગઈ, સેજદિદિ?'

આમ કહી એણે નૃપબાલાની પીઠ પર એક ધબ્બો માર્યો અને તેના કાનમાં મોં ઘાલી જરીક અવાજ ઉતારીને કહ્યું: 'આજે તારો વર આવવાનો છે, એટલે સવારે મારી ડાબી આંખ ફરકતી હતી!'

નૃપે તેને ધક્કો મારીને કહ્યું: 'તારી ડાબી આંખ ફરકે એમાં મારો વર શાનો આવે?

નીરે કહ્યું: 'જો ભાઈ, મારી ડાબી આંખ તારા વરની ખાતર ફરકી, તેથી મને કંઈ ખોટું લાગ્યું નથી, પણ મુખુજ્જે મશાય, નાસ્તા માટે કોઈ બે જણની ગણતરીઓ થતી લાગે છે. તે શું સેજદિદિનો સ્વયંવર થવાનો છે?'

અક્ષયે કહ્યું: 'અમારાં નાની દીદી પણ છે ને! એ શું કરવા



બાકી રહી જાય?'

નીરબાલાએ કહ્યું: "અહા મુખુજ્જે મશાય! કેવા સરસ સમાચાર સંભળાવ્યા તમે! બોલો, તમને શું ઇનામ આપું?—લો, આ મારા ગળાનો હાર—મારા બેઉ હાથની બંગડીઓ!'

શૈલ ગભરાઈને બોલી: 'એઈ—હાથ ઉઘાડો ન કરતી!'

નીરબાલાએ કહ્યું: 'આજે અમારા વરના માનમાં અમને પાઠમાંથી છુટ્ટી આપવી પડશે, મુખુજ્જે મશાય!'

નૃપબાલાએ કહ્યું: 'છી! આખો વખત વર વર શું કરે છે!'

અક્ષયે કહ્યું: 'એ બર બર કહે છે એટલા વાસ્તે તો મેં એનું નામ બર્બરા પાડ્યું છે. હે બર્બરે, ભગવાન તમારી આ સહોદરાને એક અક્ષય વર આપી રાખ્યો છે, તોયે તમને સંતોષ નથી?'

નીરબાલાએ કહ્યું: 'એથી જ તો અમારો લોભ વધી ગયો છે.'

નૃપે જોયું કે નાની બહેનને કાબૂમાં રાખવાનું અઘરું છે, એટલે એ એને ખેંચીને લઈ જવા લાગી. નીરે જતાં જતાં ઉંબરા આગળથી મોં ફેરવીને કહ્યું: 'આવે એટલે ખબર આપજો, મુખુજ્જે મશાય! જો જો ભૂલી ન જતા! સેજ દિદિ અત્યારથી જ કેવી ચંચળ બની ગઈ છે એ જુઓ તો છો ને!'

હસીને સ્નેહથી બંને બહેનોની સામે જોઈ શૈલે કહ્યું: 'મુખુજ્જે મશાય! હું મશ્કરી નથી કરતી—હું ચિરકુમારસભામાં જોડાવવાની છું—પણ મારી સાથે કોઈ ઓળખીતું માણસ હોય તો સારું. તમે હવે સભાસદ ન થઈ શકો, કેમ?'

અક્ષયે કહ્યું: 'નહિ, મેં પાપ કર્યું છે. તારી બહેને મારી તપસ્યામાં ભંગ પડાવી મને સ્વર્ગથી વંચિત કર્યો છે.'

શૈલે કહ્યું: 'તો પછી રસિકાદાદાને પકડવા પડશે. કોઈ પણ સભાના સભાસદ થયા વગર જ તેઓ ચિરકુમારવ્રત પાળી રહ્યા છે.'

અક્ષયે કહ્યું: 'પણ સભ્ય થતાં જ આ ઘરડેઘડપણ એમના વ્રતમાં ભંગ પડશે. માછલી આમ લહેરથી રહે, પણ પકડી કે એનું મોત! તેવી રીતે પ્રતિજ્ઞાનું છે. એને બાંધી કે તરત એનો ભંગ!'

એટલામાં સામેથી રસિકદાદા આવતા દેખાયા. એમના માથે ટાલ પડેલી હતી. મૂછના વાળ ધોળા થઈ ગયા હતા. શરીર પડછંદ હતું ને વાન ઊજળો હતો.

અક્ષયે એને જોતાં જ ધમકાવવા માંડયોઃ

'હે પાખંડ! ભંડ! અકાલ કુષ્માણ્ડ!'

રસિકે બે હાથ લાંબા કરી એને વારતાં કહ્યુંઃ 'કેમ રે, મત્તમંથર, કુંજકુંજર, પુંજઅંજનવર્ણ!'

અક્ષયે કહ્યુંઃ 'રે તું શું મારી સાળીરૂપી ફૂલવાડીમાં દાવાનળ સળગાવવા માગે છે?'

શૈલે કહ્યુંઃ 'રસિકદાદા, તમને એથી શો ફાયદો છે?'

રસિકે કહ્યુંઃ 'શું કરું, ભાઈ! મારાથી સહન ન થયું! વરસે વરસે તારી બહેનોની ઉંમર વધતી જાય છે, અને તારી મા મારો જ દોષ કાઢે છે! કહે છે કે બે ટંક બેઠો બેઠો ખાય છે, પણ છોકરીઓ વાસ્તે જરીક બે વર તારાથી નથી ખોળી કઢાતા? ઠીક ભાઈ, હું નહિ ખાઉં! પણ એમ કરવાથી તારી બહેનોને કંઈ વર મળી જવાના છે, અને એમની ઉંમર શું ઓછી થઈ જવાની છે? વર નથી મળતા, તોયે એ બે છોકરીઓ તો લહેરથી ખાયપીએ છે. શૈલ, તેં તો 'કુમારસંભવ' વાંચ્યો છે, પેલો શ્લોક યાદ છે ને? –

'સ્વયં વિશીર્ણદ્રુમપર્ણવૃત્તિતા,
પરા હિ કાષ્ઠા તપસસ્તયા પુનઃ ।
તદપ્યપાકીર્ણમતઃ પ્રિયંવદાં,
વદન્ત્યપર્ણેતિ ચ તાં પુરાવિદઃ ॥'

દુર્ગા જેવી દુર્ગા પણ પોતાનો વર ખોળવા ખાવુંપીવું બંધ કરીને તપ કરવા બેસી ગઈ હતી—પણ પોતરીઓને વર નથી મળતો એટલા વાસ્તે હું બુઢ્ઢો માણસ ખાવાપીવાનું છોડી દઉં?—તારી મા તે કેવી વાત કરે છે! હં, શૈલ, પેલું યાદ છે—'તદપ્યપાકીર્ણમતઃ પ્રિયંવદામ્-?'

શૈલે કહ્યુંઃ 'યાદ છે, દાદા, પણ અત્યારે કાલિદાસ ગમતો નથી.'

રસિકે કહ્યુંઃ 'તો પછી વખત ખરાબ આવી ગયો છે એમ કહેવું



જોઈએ.'

શૈલે કહ્યુંઃ 'એટલે તો તમારી સલાહ માગીએ છીએ.'

રસિક કહ્યુંઃ 'તો હું ક્યાં ના પાડું છું, ભાઈ! તમે કહો એવી સલાહ આપું. 'હા' બોલાવો તો 'હા' બોલું, ને 'ના' બોલાવો તો 'ના' બોલું. મારામાં એ ખાસ ગુણ છે. હું સૌના મતની સાથે મળતો થઈ જાઉં છું. એથી બધા મને પોતાના જ જેવો બુદ્ધિશાળી સમજે છે.'

અક્ષયે કહ્યુંઃ 'તમે કંઈ કંઈ ખૂબીથી તમારો પગદંડો ટકાવી રાખ્યો છે, તેમાં એક તમારી આ ટાલ છે.'

રસિકે કહ્યુંઃ 'અને બીજી ખૂબી છે—'યાવત્ કિંચિન્ન ભાષતે'— એટલે બહારના લોકોની સાથે હું ઝાઝું બોલતો જ નથી.'

શૈલે કહ્યુંઃ 'એની ખોટ તમે ઘરમાં અમારી આગળ પૂરી કરી લો છો.'

રસિકે કહ્યુંઃ 'તમારી આગળ તો હું પકડાઈ જ ગયેલો છું ને!'

શૈલે કહ્યુંઃ 'પકડાઈ ગયેલા હો તો ચાલો—જે કહું તે કરો.'

આમ કહી શૈલ તેની સાથે વાતચીત કરવા તેને બીજા ઓરડામાં ખેંચી ગઈ.

અક્ષયે એ જોઈ બોલવા માંડ્યુંઃ 'શૈલ! જોજે હો! રસિકદાદાને તું આજે રાજમંત્રી બનાવે છે, અને મને ડિંગો?'

શૈલે જતાં જતાં મોં ફેરવી હસીને કહ્યુંઃ 'તમારી પાસે મારે શી સલાહ લેવાની હોય, મુખુજ્જે મશાય? સલાહ તો ઘરડા માણસની જ લેવાય!'

અક્ષયે કહ્યુંઃ 'તો રાજમંત્રીપદની ખાતર હું મારો દરબાર બરખાસ્ત કરી નાખું છું.'

આમ કહી એ ખાલી ઘરમાં ઊભો રહીને એકદમ મોટેથી ખમાજમાં ગાવા લાગ્યોઃ

રાતારાતા હાથમાં હું તો
ધરું કેવળ ફૂલ,

પહેરો દેવામાં કે સલાહ દેવામાં
ન મારી બુદ્ધિ અનુકૂલ!'

ઘરધણી જ્યારે જીવતા હતા ત્યારે તેઓ રસિકને કાકા કહેતા. રસિક ઘણાં વરસથી એમના આશરે રહેતો હતો, એટલે ઘરનાં સુખદુ:ખની સાથે પૂરેપૂરો જડાઈ ગયો હતો. ગૃહિણીને વ્યવહારનું બહુ જ્ઞાન નહિ તેથી ઘરધણીના મરણ પછી રસિકને કેટલીક અગવડો ને મુસીબતો વેઠવી પડી હતી. જગત્તારિણી આખો વખત કંઈ કંઈ અર્થહીન હુકમો છોડ્યા કરતી, તેથી રસિકને ભાગ્યે જ ઘડીની નવરાશ મળતી. શૈલ તેની તમામ અગવડો અને અભાવોની ખોટ પૂરી કરી નાખતી. માંદગીમાં ક્યારેય પણ શૈલને લીધે એનાં દવા દારૂમાં કશી કસર રહી નહોતી; એને સંસ્કૃતસાહિત્યની ચર્ચા કરવાનો ખૂબ શોખ હતો, તે પણ શૈલના સહકારથી પાર પડતો.

રસિકદાદા શૈલબાલાની અદ્‌ભુત યોજના સાંભળીને પહેલાં તો આભા જ બની ગયા ને મોં ફાડી જોઈ રહ્યા. પછી હસવા લાગ્યા. પછી ખુશ થઈ ગયા ને બોલ્યા; 'ભગવાન હરિએ નારીનો વેશ લઈને પુરુષને મોહમાં નાખ્યો હતો, પણ શૈલ, તું પુરુષનો વેશ લઈને પુરુષને મોહમાં નાખે તો હું હરિભક્તિ છોડી તારી જ પૂજામાં મારું બાકીનું આયુષ્ય પૂરું કરવાની પ્રતિજ્ઞા લઉં છું. પણ માને ખબર પડી જશે તો?'

શૈલે કહ્યું: 'ત્રણ કન્યાઓની ચિંતામાં જ મા આખો દિવસ એટલી રોકાયેલી રહે છે કે તેને આપણી ખબર જ રહેતી નથી. માટે એ ચિંતા ન કરશો.'

રસિકે કહ્યું: 'પણ સભામાં કેવી રીતે સભ્યતા બતાવવી પડે છે તેની મને કશી જ ખબર નથી.'

શૈલે કહ્યું: 'ઠીક, એ મારે માથે!'



## : ૨ :

શ્રીશે કહ્યું: 'ગમે તેમ કહે, પણ અક્ષયબાબુ આપણી સભાના પ્રમુખ હતા, ત્યારે આપણી ચિરકુમારસભા બહુ સરસ જામતી હતી. નવા પ્રમુખ ચંદ્રબાબુ જરા કડક આદમી છે.'

વિપિને કહ્યું: 'અક્ષયબાબુ હતા ત્યારે રસ જરા વધારે જામતો હતો. પણ ચિરકૌમાર્યવ્રતને માટે એટલો બધો રસ સારો નહિ એવો મારો મત છે.'

શ્રીશે કહ્યું: 'મારો મત એથી ઊલટો છે. આપણું વ્રત અતિ કઠિન છે, એટલે એને રસની વધારે જરૂર છે. સૂકી જમીનમાંથી પાક લેવો હોય તો એને પાણી પાવું જ પડે. જીવનભર નહિ પરણવાની પ્રતિજ્ઞા લેવી એ જ શું બસ નથી કે પાછું બધી બાજુથી સુકાઈ મરવું જોઈએ?'

વિપિને કહ્યું: 'ગમે તેમ કહો પણ કુમારસભાનો અચાનક ત્યાગ કરી અક્ષયબાબુ પરણી બેઠા, એથી આપણી સભાને સખત ફટકો લાગ્યો છે. અંદરખાનેથી આપણા બધાની પ્રતિજ્ઞાનું જોર ઓછું થઈ ગયું છે.'

શ્રીશે કહ્યું: 'જરાયે નહિ. મારે વિશે હું હિંમતથી કહી શકું છું કે મારી પ્રતિજ્ઞાનું જોર ઊલટું વધ્યું છે. કારણ કે જે વ્રત બધા માણસો સહેલાઈથી પાળી શકે તેની ઉપર શ્રદ્ધા ટકતી નથી.'

વિપિને કહ્યું: 'એક શુભ સમાચાર આપું?'

શ્રીશે કહ્યું: 'શું? તારું સગપણ થયું લાગે છે.'

વિપિને કહ્યું: 'હા—તારી પોતરીની સાથે. મશ્કરી જવા દે. પેલો પૂર્ણ કાલે આપણી કુમારસભાનો સભાસદ થયો છે.'

શ્રીશે કહ્યું: 'પૂર્ણ? શું કહે છે? ત્યારે તો શીલા પાણીમાં તરવા લાગી!'

વિપિને કહ્યું: 'શિલા પોતાની મેળે ઓછી જ તરી શકે છે! એને બીજી કોઈ ચીજ દરિયામાં વહેવડાવે છે. મારી બુદ્ધિશક્તિ પ્રમાણે એનો ઇતિહાસ મેં ભેગો કર્યો છે.'

શ્રીશે કહ્યું: 'જોઉં, તારી બુદ્ધિ ક્યાં લગી દોડે છે?'

વિપિને કહ્યું: 'તને તો ખબર હશે કે દરરોજ સાંજે પૂર્ણ ચંદ્રબાબુની પાસે એની અભ્યાસ અંગેની નોંધ લઈને જાય છે. તે દિવસે હું અને પૂર્ણ બંને જરા વહેલા વહેલા ચંદ્રબાબુને ઘર ગયા હતા. ચંદ્રબાબુ તરતમાં જ કોઈ મિટિંગમાંથી આવ્યા હતાં. નોકર દીવો કરી ગયો હતો—પૂર્ણ ચોપડીનાં પાનાં ઉથલાવતો હતો, એવામાં તને શું કહું, ભાઈ! બંકિમબાબુની નવલકથા સમજી લો—કોઈ છોકરી પીઠ પર ઝુલાવતી—'

શ્રીશે કહ્યું: 'શું વાત કરે છે, વિપિન!'

વિપિને કહ્યું: 'અરે યાર, જરા સાંભળ તો ખરો! એક હાથની થાળીમાં ચંદ્રબાબુને માટે નાસ્તો અને બીજા હાથમાં પાણીનો પ્યાલો લઈને એકદમ એ ઓરડામાં આવી ઊભી. પણ અમને જોતાં જ એવી ચકિત થઈ ગઈ. ને સંકોચ પામી ગઈ કે લજ્જાથી એનું મોં લાલલાલ થઈ ગયું. હાથ બંને રોકાયેલા હતા, એટલે માથા પર છેડો ખેંચવાનો કોઈ ઇલાજ નહોતો. એટલે એકદમ મેજ પર ખાવાનું મેલીને ભાગી. બ્રાહ્મસમાજી ખરી, પણ દેશના તેત્રીસ કરોડની સાથે લજ્જાનું વિસર્જન કર્યું નથી. હું સાચું કહું છું, એણે શ્રી પણ સાચવી રાખી છે.'

શ્રીશે કહ્યું: 'શું કહે છે, વિપિન! દેખાવે સારી હશે.'

વિપિને કહ્યું: 'દેવકન્યા જોઈ લો! એકદમ વીજળીની પેઠે આવીને અમારા અભ્યાસમાં વજ્ર ઘાત કરી ગઈ!'

શ્રીશે કહ્યું: 'એમ! શું વાત કરો છે! મેં તો કદીયે એને ન જોઈ! છોકરી છે કોણ?'

વિપિને કહ્યું: 'આપણા સભાપતિની ભાણેજ, નામે નિર્મળા!'

શ્રીશે કહ્યું: 'કુંવારી છે?'

વિપિને કહ્યું: 'કુંવારી જ તો! એ પછી તરત જ પૂર્ણે આપણી કુમારસભામાં નામ લખાવ્યું.'

શ્રીશે કહ્યું: 'પૂજારી બની ઠાકોરજીને જ ઉપાડી જવાની મતલબ લાગે છે!'

એટલામાં એક પ્રૌઢ પુરુષે પ્રવેશ કર્યો. બને જણાએ એમની સામે



જોયું.

વિપિને પૂછ્યું: 'કેમ મશાય, કોણ છો તમે?'

પ્રૌઢ પુરુષે જવાબ દીધો: 'જી, મારું નામ શ્રી વનમાળી ભટ્ટાચાર્ય, મારા પિતાનું નામ સ્વર્ગસ્થ શ્રી રામકલમ ન્યાયચુન્ચુ, મુકામ—'

શ્રીશે વચમાં જ કહ્યું: 'આથી વધારે જાણવાનું અમને કુતૂહલ નથી. આપનું શા કામે પધારવું થયું એ જ—'

વનમાળીએ કહ્યું: 'કામ તો શું હોય? આપ ભદ્રલોક છો, આપની સાથે વાર્તાલાપ—'

શ્રીશે કહ્યું: 'કામ આપને નહિ હોય, પણ અમે અત્યારે બહુ કામમાં છીએ. આપ જો અત્યારે બીજા કોઈ ભદ્રલોકની સાથે વાર્તાલાપ કરવા જાઓ તો અમને જરા—'

વનમાળીએ કહ્યું: 'તો હું મુદ્દાની વાત પતાવી લઉં.'

શ્રીશે કહ્યું: 'ભલે.'

વનમાળીએ કહ્યું: 'કુમારટુલીના નીલમાધવ ચૌધરી મહાશયને બે ખૂબ સુન્દર દીકરીઓ છે—બંને ઉંમરલાયક થઈ છે—'

શ્રીશે કહ્યું: 'થઈ તો ભલે થઈ, અમારી સાથે એ વાતને શો સંબધં છે?'

વનમાળીએ કહ્યું: 'સંબંધ તો તમે જરીક ધ્યાન આપો તો હમણાં થાય. એમાં અઘરું શું છે? હું બરાબર ચોકઠું ગોઠવી આપીશ.'

વિપિને કહ્યું: 'આપ આપની દયા અપાત્ર ઉપર વરસાવી રહ્યા છો.'

વનમાળીએ કહ્યું: 'અપાત્ર! કેવી વાત કરો છો આ? તમારા જેવા સુપાત્ર બીજા છે ક્યાં? તમારો વિનય જોઈને હું તો ઊલટો વધારે મુગ્ધ બની જાઉં છું?'

શ્રીશે કહ્યું: 'એ મુગ્ધભાવ જો ટકાવી રાખવો હોય તો હમણાં જ અહીંથી રસ્તે પડો! વિનયની રસ્સી બહુ ખેંચાય તો તૂટી જાય છે.'

વનમાળીએ કહ્યું: 'કન્યાનો બાપ ઠીક ઠીક રૂપિયા આપવાનું કહે છે.'

શ્રીશે કહ્યું: 'તો પછી શહેરમાં ભિખારીઓની ખોટ નથી. વિપિન, પગ જરા જોરથી ઉપાડ. રસ્તામાં ઊભા ઊભા ક્યાં લગી બકવાટ

કરવો છે? તને ગમ્મત લાગતી હશે, પણ આવો 'સદાલાપ' મને જોખમકારક લાગે છે.'

વિપિને કહ્યું: 'પગ ઉપાડીને ભાગવું ક્યાં? ભગવાને આને પણ બે લાંબા પગ આપ્યા છે.'

શ્રીશે કહ્યું: 'જો પીછો પકડશે તો ભગવાનનું એ દાન માણસના હાથમાં સપડાઈને ખોયે એનો છૂટકો થશે.'



## : ૩ :

'મુખુજ્જે મશાય!'

અક્ષયે કહ્યું: 'જી, હુકમ!'

શૈલે કહ્યું: 'પેલા ખાનદાનના દીકરાઓને કોઈ રીતે ભગાડવા પડશે.'

અક્ષયે ઉત્સાહમાં આવી કહ્યું: 'હાસ્તો!'

આમ કહી એણે રામપ્રસાદી સૂરમાં ગાવા માંડ્યું:

'જોઉં કોણ આવે તારી પાસે!'<br>
તું રહેવાની એકેશ્વરી,<br>
એક હું રહેવાનો પાસે! -જોઉં૦

શૈલે જરા હસીને કહ્યું: 'એકેશ્વરી?'

અક્ષયે કહ્યું: 'એકેશ્વરી નહિ, તો ચારઈશ્વરી! શાસ્ત્રમાં કહ્યું છે કે 'અધિકં તુ ન દોષાય ।'

શૈલે કહ્યું: 'અને શું તમે એકલા રહેવાના છો? તમારી બાબતમાં 'અધિકં તુ' નહિ?'

અક્ષયે કહ્યું: 'અહીં શાસ્ત્રમાં એક બીજું પવિત્ર વચન લાગુ પડે છે—'સર્વમ્ અત્યંતગર્હિતમ્ ।'

શૈલે કહ્યું: 'પણ મુખુજ્જે મશાય, એ પવિત્ર વચન પણ નહિ ચાલે, બીજા સાથીદારો આવવાના.'

અક્ષયે કહ્યું: 'એટલે? તમારા આ એક સાળા(બનેવી)ની જગાએ દશ સાળા થશે? તો તે વખતે નવો રસ્તો શોધી લેવાશે. ત્યાં લગી ખાનદાનનાં બચ્ચાંકચ્ચાંને ઘરમાં પગ નહિ મૂકવા દઉં!'

એટલામાં નોકરે આવીને ખબર આપ્યા કે બે બાબુ પધાર્યા છે.

શૈલે કહ્યું: 'એ લોકો જ આવ્યા લાગે છે. બહેન અને મા રસોડામાં રોકાયેલાં છે. તેઓ બહાર આવે, એ પહેલાં જ આમને કોઈ રીતે વિદાય કરી દો.'

અક્ષયે પૂછ્યું: 'ઇનામ શું મળશે?'

શૈલે કહ્યું: 'અમે તમારી બધી સાળીઓ મળીને તમને રાજા

સાળીવાહનનો ખિતાબ આપીશું.'

અક્ષયે કહ્યું: 'શાલીવાહન ધ સેકન્ડ!'

શૈલે કહ્યું: 'સેકન્ડ શાનો? એ શાલીવાહનનું નામ ઇતિહાસમાંથી બિલકુલ ઊડી જ જવાનું! તમે કહેવાશો સાળીવાહન ધ ગ્રેટ!'

અક્ષયે કહ્યું: 'શું કહો છો! ત્યારે તો રાજ્યસમયની નવી સાલ શરૂ થશે, ખરું ને?'

આમ કહી ખૂબ આડંબર સહિત એણે ભૈરવીમાં ગાવા માંડ્યું:

જરૂર તું મને મહાપુરુષ કરી દેશે,
પ્રસન્નનેત્રે મારા ભાલે રાજતિલક લખી દેશે!

શૈલબાલા ચાલી ગઈ.

નોકરને હુકમ મળતાં તે બંને ને છોકરાઓને અંદર લઈ આવ્યો.

એક છોકરો બેડોળ લાગે એટલો બધો ઊંચો ને પાતળો હતો. તેણે પગમાં બૂટ પહેર્યા હતા, ધોતલી માંડ ઘૂંટણ સુધી પહોંચતી હતી. આંખો ઊંડી ઊતરી ગયેલી હતી. મેલેરિયાના રોગી જેવો એનો ચહેરો હતો. ઉંમર બાવીસથી બત્રીસ સુધી જે ઠરાવવી હોય તે ખુશીથી ઠરાવી શકાય. બીજો જાડો ને ઠીંગણો હતો; એનાં દાઢીમૂછ ખૂબ વધેલાં હતાં. નાક વાટકી જેવું હતું. કપાળ ટેકરા જેવું હતું. રંગ કાળો હતો, ને ચહેરો ગોળ હતો.

અક્ષય ખૂબ માનપૂર્વક ઊભો થઈ તેમને સામે લેવા ગયો. એણે એવા જોરથી એમની સાથે હાથ મિલાવ્યા કે બિચારાઓને લાગ્યું કે અમારા હાથ હમણાં ભાંગી જશે.

અક્ષયે કહ્યું: 'પધારો મિસ્ટર નેથેનિયલ, પધારો મિસ્ટર જેરેમાયા, બેસો, બેસો! એ...ઇ, મેમાનને માટે બરફનું પાણી લાવ, હૂકો લાવ!'

પાતળો છોકરો આ પરદેશી બોલી સાંભળીને એકદમ સંકોચ પામી ધીરેથી બોલ્યો: 'જી, મારું નામ મૃત્યુંજય ગાંગુલિ.'

બટકા છોકરાએ કહ્યું: 'જી, મારું નામ શ્રી દારુકેશ્વર મુખોપાધ્યાય.'

અક્ષયે કહ્યું: 'છી! મશાય! શું હજી આપ એ નામ રાખી રહ્યા છો! આપનાં ખ્રિસ્તી નામ શાં છે?'



બંને મહેમાનો મૂઢ બની જોઈ રહ્યા. એ જોઈ અક્ષયે કહ્યું: 'હજી તમારો નામકરણ સંસ્કાર થયો લાગતો નથી. હશે, કંઈ વાંધો નહિ. હજી ઘણો વખત છે.'

આમ કહી એણે પોતાના હૂકાની નળી મૃત્યુંજયની સામે ધરી. મૃત્યુંજય લેવા ન લેવાના વિચારમાં પડી ગયો. એ જોઈ એણે કહ્યું: 'વાહ! મારી આગળ શરમાવાનું કેવું! સાત વરસની ઉંમરે તો હું ચોરીછૂપીથી હૂકો પીવામાં પાવરધો બની ગયો હતો. એનો ધુમાડો લાગી લાગીને બુદ્ધિમાં જાળાં બાઝી ગયાં હતાં! એમ જો શરમાવું પડતું હોય તો હું ભદ્રસમાજમાં મોં પણ ન બતાવી શકું.'

આ સાંભળી દારુકેશ્વરમાં હિંમત આવી. એણે ફસ દઈને મૃત્યુંજયના હાથમાંથી હૂકો ખૂંચવી લઈ ગડગડ અવાજ કરી પીવા માંડ્યો.

પછી અક્ષયે ગજવામાંથી કડક બર્મી ચિરૂટ કાઢીને મૃત્યુંજયના હાથમાં મૂકી. મૃત્યુંજયને ચિરૂટ પીવાની ટેવ નહોતી, તો પણ નવી બંધાયેલી ભાઈબંધીની ખાતર, જીવનો મોહ જતો કરીને પણ તેણે ધીરે ધીરે તેનો દમ લેવા માંડ્યો, અને જેમ તેમ કરીને ખાંસી દાબી રહ્યો.

અક્ષયે કહ્યું: 'હવે મુદ્દાની વાત પર આવીએ. કેમ, ખરું ને!'

મૃત્યુંજય કંઈ બોલ્યો નહિ. પણ દારુકેશ્વરે કહ્યું: 'હાસ્તો, શુભસ્ય શીઘ્રમ્—સારા કામમાં વિલંબ શા માટે?'

આમ કહીને તે હસવા લાગ્યો. તેને થયું કે ભાઈબંધી ઠીક જામી રહી છે.

પછી અક્ષયે ગંભીરતા ધારણ કરી પૂછ્યું: 'મુરઘી કે મટન?'

મૃત્યુંજય આભો બની માથું ખંજવાળવા લાગ્યો. દારુકેશ્વર કંઈ સમજ ન પડવાથી કેવળ હસવા જ લાગ્યો.

મૃત્યુંજય ક્ષુબ્ધ અને લજ્જિત બનીને વિચાર કરવા લાગ્યો કે આ બે જણે તો બરાબર જમાવી દીધું, હું જ ઢબ્બુ જેવો રહ્યો.

અક્ષયે કહ્યું: 'અરે મશાય! નામ સાંભળીને આટલું હસવું આવે છે, તો ગંધથી બેભાન બની જશો, ને ભાણામાં આવશે ત્યારે, વખતે તમારો જીવ નીકળી જશે! હશે, પણ વિચાર કરીને જવાબ આપો—

મુરઘી ચાલશે કે મટન?'

હવે બંનેને સમજ પડી કે ભોજનની વાત થઈ રહી છે.

ભીરુ મૃત્યુંજય મૂંગો મૂંગો વિચાર કરવા લાગ્યો. દારુકેશ્વરના મોંમાં પાણી વળી ગયું. તેણે ઘડીક ચારે તરફ નજર કરી લીધી.

અક્ષયે કહ્યું: 'એમાં બીવાનું શું છે, મશાય? નાચવું ને ઘૂમટો ઓઢી રાખવો બેય કેમ બનશે?'

આ સાંભળીને દારુકેશ્વર બે હાથે બે પગ ઠબકારતો હસવા લાગ્યો. તેણે કહ્યું: 'તો મુરઘી જ ઠીક છે. કટલેટ—તમે શું કહો છો?'

મૃત્યુંજય પણ લોભાયો. તેણે હિંમત ભેગી કરીને કહ્યું: 'મટન પણ શું ખોટું છે, ભાઈ! ચૉપ—'

પણ એ વાક્ય પૂરું કરી શક્યો નહિ.

અક્ષયે કહ્યું: 'ગભરાઓ છો શું કરવા, દાદા! બેય આવશે. ખાવું તો તબિયતથી ખાવું. બેચેનીથી ખાવામાં મજા નથી આવતી.'

પછી તેણે નોકરને બોલાવી કહ્યું: 'એ...ઇ,ગલીના નાકા પરની હોટલમાંથી કલીમદ્દી ખાનસામાને જરા બોલાવી લાવ તો!'

પછી અક્ષયે મૃત્યુંજયને અંગૂઠાનો ગોદો મારીને ધીરેથી કહ્યું: 'બિયર કે શેરી?'

મૃત્યુંજયે શરમાઈને મોં ફેરવી લીધું.

દારુકેશ્વરે પોતાના સાથીદારને અરસિક સમજી તેને મનમાં ને મનમાં ગાળ દઈ કહ્યું: 'વિસ્કીનો બંદોબસ્ત થાય એમ નથી?'

અક્ષયે તેની પીઠ થાબડીને કહ્યું: 'નથી કેમ? તો હું અત્યાર સુધી જીવતો રહ્યો છું કેવી રીતે?'

આમ કહી એણે નાટકી ઢબે ગાવા માંડ્યું:

'અભય દિયો તો બોલું મારી ૧વીશ ૨કી! (૧. wish-ઇચ્છા. ૨. -કી—(બંગાળી) શું.)

છટાંક સોડાજળમાં પાકી ત્રણ ત્રણ પાશેર વિસ્કી!

માંદલા મૃત્યુંજયને પણ લાગ્યું કે હવે હસ્યા વગર નહિ ચાલે. દારુકેશ્વરે એકદમ એક ચોપડી ખેંચી લીધી, ને નરઘાંની પેઠે એને



ટપાટપ વગાડવા માંડી.

અક્ષય બે લીટી ગાઈને અટકી પડ્યો, એટલે દારુકેશ્વરે કહ્યું: 'દાદા! ગીત પૂરું કરો!'

આમ કહી એણે પોતે જ શરૂ કર્યું:

'અભય દિયો તો બોલું મારી વિશ કી!'

મૃત્યુંજય મનમાં મનમાં એની વાહવાહ પોકારવા લાગ્યો.

અક્ષયે મૃત્યુંજયને ગોદો મારી કહ્યું: 'ગાવા લાગો, તમેય ભેગા ગાવા લાગો!'

મૃત્યુંજય ભોંઠો પડીને, પોતાનું માન જાળવવા ધીરેથી દારુકેશ્વરની સાથે ગણગણવા લાગ્યો. અક્ષયે હવે મેજ પર વગાડવા માંડ્યું.

વગાડતાં વગાડતાં એકદમ થંભી જઈને, ગંભીરતા ધારણ કરી એ બોલ્યો: 'અરે! અરે! પણ મુદ્દાની વાત તો પૂછવાની જ રહી ગઈ. અહીં તો બધું નક્કી છે—હવે તમે શામાં રાજી છો એ કહો!'

દારુકેશ્વરે કહ્યું: 'અમને વિલાયત મોકલવા પડશે.'

અક્ષયે કહ્યું: 'એમાં કહેવાનું જ શું છે? તાર કાપ્યા વગર શેમ્પેનની બાટલી કદી ઊઘડે ખરી? દેશમાં રહેવાથી આપના જેવા માણસોની વિદ્યા ને બુદ્ધિ દબાઈ રહે છે. બંધન તૂટતાં જ એ નાકમાંથી, મોંમાથી ને આંખોમાંથી ફુવારાની પેઠે ઊડવા માંડશે.'

દારુકેશ્વરે ખુશખુશ થઈ અક્ષયનો હાથ પકડી લઈ કહ્યું: 'દાદા, આટલું તમારે કરી આપવું પડશે. સમજી ગયા ને?'

અક્ષયે કહ્યું: 'એમાં શું? પણ બાપ્તિસ્મા આજે થશે ને?'

દારુકેશ્વરને થયું કે મશ્કરી સમજમાં નથી આવતી. તેણે હસતાં હસતાં પૂછ્યું: 'એ શું?'

અક્ષયે જરા નવાઈ પ્રગટ કરીને કહ્યું: 'કેમ, પહેલેથી જ બધું નક્કી થઈ ગયું છે ને! રેવરંડ વિશ્વાસ આજે રાતે જ આવવાના છે. બાપ્તિસ્મા થયા વગર ખ્રિસ્તીધર્મ પ્રમાણે લગ્ન કેવી રીતે થઈ શકે?'

મૃત્યુંજયે ખૂબ ભડકીને કહ્યું: 'ખ્રિસ્તીધર્મ પ્રમાણે શા માટે, મશાય?'

અક્ષયે કહ્યું: 'વાહ! તમે તો જાણે કશું જાણતા જ ન હો એમ

બોલો છો! અ નહિ બને—ગમે તેમ, આજે રાતે જ બાપ્તિસ્મા થશે. એ વગર નહિ ચાલે.'

મૃત્યુંજય પૂછ્યુંઃ 'તમે લોકો શું ખ્રિસ્તી છો?'

અક્ષયે કહ્યુંઃ 'ઢોંગ કરવો જવા દો, મશાય! જાણે કશું જાણતા જ નથી, કાં!'

મૃત્યુંજય ખૂબ ભયભીત બનીને બોલ્યોઃ 'મશાય, અમે હિંદુ છીએ, બ્રાહ્મણનાં સંતાન છીએ. અમે વટલાવા તૈયાર નથી.'

અક્ષયે એકદમ મિજાજ કરીને કહ્યુંઃ 'વાહ! કલીમદ્દીના હાથની મુરઘી ખાવી છે, વિલાયત જવું છે, ને વટલાવું નથી?'

મૃત્યુંજય ગભરાઈ ગયો. તે બોલ્યોઃ 'બસ, બસ, બસ કરો! બોલશો નહિ! કદાચ કોઈ સાંભળી જશે.'

પછી દારુકેશ્વરે કહ્યુંઃ 'તમે આમ આકળા ન બનો, મશાય! અમે જરા વિચાર કરી જોઈએ.'

આમ કહી મૃત્યુંજયને એક ખૂણામાં લઈ જઈને તેણે કહ્યુંઃ 'વિલાયતથી પાછા આવીને એક વખત પ્રાયશ્ચિત્ત તો કરવું જ પડવાનું છે. તો તે વખતે ડબલ પ્રાયશ્ચિત્ત કરીને એકદમ પાછા ધર્મમાં આવી જવાનું. બાકી આ તક ખોઈ તો વિલાયત જઈ રહ્યા! જોયું નહિ, આજલગીમાં કેટલા સસરાઓને મળ્યા, પણ કોઈ હા પાડે છે? અરે ભાઈ, ખ્રિસ્તીનો હૂકો પીધો, ચિરૂટ પીધી, હવે ખ્રિસ્તી થવામાં બાકીયે શું રહ્યું છે તે?'

આમ કહી તેણે અક્ષય પાસે આવી કહ્યુંઃ 'વિલાયત મોકલવાની વાત તો પાકી છે ને! તો અમે ખ્રિસ્તી થવા ખુશી છીએ.'

મૃત્યુંજયેઃ 'પણ આજની રાત જવા દો!'

દારુકેશ્વરે કહ્યુંઃ 'અરે! થવું જ છે તો પછી ઝટપટ થઈ જવામાં જ મજા છે. મેં તો પહેલેથી જ કહ્યું છે કે શુભસ્ય શીઘ્રમ્!'

એટલામાં પાછલા ઓરડામાં ઘરની સ્ત્રીઓ આવી પહોંચી. નોકર બે થાળમાં મેવો, મિષ્ટાન્ન અને બરફનું પાણી લઈને આવી પહોંચ્યો.

એ જોઈ નિરાશ થઈ દારુકેશ્વરે કહ્યુંઃ 'કેમ, મશાય! અમારા નસીબમાંથી મુરઘી ઊડી ગઈ કે શું? કટલેટ ક્યાં છે?'



અક્ષયે ધીરેથી કહ્યુંઃ 'આજે આનાથી ચલાવી લો!'

દારુકેશ્વરે કહ્યુંઃ 'એ કંઈ ચાલે, મશાય! આશા આપીને હવે નિરાશ કરો છો? સસરાને ઘેર આવીએ, અને મટન ચૉપ પણ ન મળે? અને આ બરફનું પાણી! મશાય, એ નહિ ચાલે! મારાથી સાદું પાણી પીવાતું નથી. મારો શરદીનો કોઠો છે!'

આમ કહી એણે ગાન શરૂ કરી દીધુંઃ

'અભય દિયો તો બોલું મારી વિશે કી!'—વગેરે.

અક્ષયે મૃત્યુંજયને ગોદા મારવા લાગ્યો ને ધીરેથી ઉશ્કેરવા લાગ્યોઃ 'બોલ ને, તુંયે ભેગો બોલવા લાગ ને!—મૂંગો કેમ બેઠો છે?'

એ પણ કંઈક બીને, તો કંઈક શરમાઈને ધીરે ધીરે ગાવામાં સૂર પૂરવા લાગ્યો.

ગાયનની ગરમી ઓછા થઈ એટલે અક્ષયે ભોજનપાત્ર બતાવીને કહ્યુંઃ 'સાચેસાચ આ નહિ ચાલે?'

દારુકેશ્વરે ઉત્તેજિત થઈને કહ્યુંઃ 'નહિ, મશાય, એ બીમાર આદમીઓનો ખોરાક છે, એ નહિ ચાલે. મુરઘી ન ખાધી એટલે તો દેશની આ દશા થઈ છે!'

આમ કહી એણે હૂકો ગગડાવવા માંડ્યો.

અક્ષયે એના કાન પાસે જઈને લખનૌ ઠૂમરીમાં ગાવા માંડ્યુંઃ

'બોલો, ક્યાં લગી, ક્યાં લગી ભારત રે,
ખાલી દાળ ભાત જળ ખાયા કરે?'

આ સાંભળતાં જ દારુકેશ્વરમાં ઉત્સાહ આવી ગયો. એણે એ લીટીઓ પકડી લીધી, અને મૃત્યુંજય પણ અક્ષયનો છૂપો ગોદો વાગતાં શરમાતો શરમાતો ધીરે ધીરે એમાં સૂર પૂરવાં લાગ્યો.

પછી અક્ષયે એમના કાનમાં આગળ ચલાવ્યુંઃ

'આખા દેશમાં અન્નપાણીનો દુકાળ,
કિંતુ વિસ્કી ને મુરઘીમટનનો સુકાળ!'

તરત જ દારુકેશ્વરે ઉત્સાહમાં આવી જોરથી એ લીટીઓ લલકારવા

માંડી, અને અક્ષયના અંગૂઠાનો જોરદાર ગોદો ખાઈ મૃત્યુંજય પણ ઉત્સાહમાં આવી પોતાની શક્તિ પ્રમાણે એમાં સૂર પૂરવા લાગ્યો.

અક્ષયે આગળ ચલાવ્યું:

'જાઓ ચોટલી ને ઠાકોરજી, જાઓ તમે!
દાઢીવાળા મિયાં કલીમદ્દી, આવો તમે!

ગાવાનો ઉત્સાહ જેમ વધતો ગયો તેમ બારણાંની પાછળથી ગુસપુસ અવાજ સંભળાવા માંડ્યો. અક્ષયે બિલકુલ ભોળા માણસની પેઠે વચમાં વચમાં એ તરફ નજર કરી લેતો હતો.

એવામાં હાથમાં ગંદો રૂમાલ લઈને કલીમદ્દી આવ્યો ને સલામ કરી ઊભો.

એને જોઈ દારુકેશ્વર ઉત્સાહમાં આવી ગયો, ને પૂછવા લાગ્યો: 'કેમ ચાચા! આજે આજે શું રાંધ્યું છે, કહો જોઉં?'

કલીમદ્દી લાંબી યાદી બોલી ગયો.

દારુકેશ્વરે કહ્યું: 'એકેએક ચીજ સરસ છે!' પછી તેણે અક્ષયને કહ્યું: 'મશાય, તમે શું વિચારમાં પડી ગયા? મને તો આમાં કોઈ ચીજ બાદ કરવા લાગતી નથી. લાગે છે તમને કંઈ?'

અક્ષય ઓથે ઊભેલાંની તરફ કટાક્ષ કરીને બોલ્યો: 'આપ સૌ સમજો તે ખરું.'

દારુકેશ્વરે કહ્યું: 'હું તો એમ કહું છું કે બ્રાહ્મણેભ્યો નમઃ કહીને બધી ચીજોનો માનપૂર્વક સત્કાર કરવો!'

અક્ષયે કહ્યું: 'હાસ્તો! જે પૂજ્ય તે પૂજ્ય જ છે.'

કલીમદ્દી સલામ કરીને ગયો.

અક્ષયે જરા ગળું ખોંખરીને પૂછ્યું: 'સજ્જનો, તો શું તમે બેઉ આજે રાતે જ ખ્રિસ્તી થવા માગો છો?'

ખાણું મળવાની આશાએ દારુકેશ્વર પ્રફુલ્લ બની ગયો હતો. તેણે કહ્યું: 'મારો તો સિદ્ધાંત છે કે શુભસ્ય શીઘ્રમ્! આજે જ ખ્રિસ્તી બની જાઉં, હમણાં જ ખ્રિસ્તી બની જાઉં! પહેલાં ખ્રિસ્તી થાઉં પછી બીજી બધી વાત! મશાય, હવે આ કોળાનું શાક ને અડદની દાળ ખાઈને



જિવાય એવું લાગતું નથી. હમણાં ને હમણાં તમારા પાદરીને બોલાવો!'

'જાઓ ચોટલી ને ઠાકોરજી, જાઓ તમે,
દાઢીવાળા મિયાં કલીમદ્દી આવો તમે!'

એટલામાં નોકરે આવીને અક્ષયના કાનમાં કહ્યું: 'મા આપને બોલાવો છે.'

અક્ષય ઊઠીને બારણાં પાછળ ગયો, એટલે જગત્તારિણીએ કહ્યું: 'આ શું? શું માંડ્યું છે આ?'

અક્ષયે ગંભીરતા ધારણ કરી કહ્યું: 'એ બધું પછી, મા! પણ એ લોકો વિસ્કી માગે છે. શું કરું, એ કહો! પેલે દિવસ તમારા પગે ચોળવા બ્રાન્ડીની બાટલી લાવેલા, તેમાં કંઈ રહ્યું છે?'

જગત્તારિણી આભી બની ગઈ. એણે કહ્યું: 'શું વાત કરે છે? એમને દારૂ પાવો છે?'

અક્ષયે કહ્યું: 'શું કરું, મા! તમે કાનોકાન તો બધું સાંભળો છો. બેમાં એક છોકરો તો એવો છે કે પાણી પીતાં પણ એને શરદી થઈ જાય છે, અને બીજો એવો છે કે દારૂ ન પીએ ત્યાં લગી એના ગળામાંથી અવાજ જ નીકળતો નથી.'

જગત્તારિણીએ કહ્યું: 'અને ખ્રિસ્તી થવાનું કહે છે એ શું?'

અક્ષયે કહ્યું: 'એ લોકો કહે છે કે હિંદુ રહેવામાં ખાવા-પીવાની બહુ મુસીબત પડે છે. કોળાનું શાક ને અડદની દાળ ખાવાથી બિચારા માંદા પડી જાય છે.'

જગત્તારિણી આભી બની ગઈ. તેણે કહ્યું: 'તો શું આજે રાતે જ એમને મુરઘી ખવડાવીને ખ્રિસ્તી બનાવવા છે?'

અક્ષયે કહ્યું: 'હું શું કરું, મા! એ લોકો જો ગુસ્સે થઈને જતા રહે તો આવા બે ખાનદાન ઘરના વર હાથમાં આવેલા જાય! એટલે એ લોકો જે બોલે તે મારે સાંભળી રહેવું પડે છે. મને પણ દારૂ પીતાં શીખવી દેશે એમ લાગે છે.'

પુરબાલાએ કહ્યું: 'કાઢી મૂકો, કાઢી નૂકો, હમણાં ને હમણાં કાઢી મૂકો!'

જગત્તારિણી પણ ગભરાઈને બોલીઃ 'બાબા, આ ઘરમાં મુરઘી બુરઘી ખાવાનું નહિ બને! તું એમને વિદાય કરી દે. મેં રસિકકાકાને વર શોધી લાવવા મોકલ્યા એ મારી ભૂલ થઈ. એમનાથી કદી કોઈ કામ થયું છે કે થાય!'

સ્ત્રીઓ પાછી વળી.

અક્ષયે ઓરડામાં આવીને જોયું તો મૃત્યુંજય નાસવાનું કરતો હતો, ને દારુકેશ્વર એનો હાથ પકડીને એને ખેંચી રાખવાનું કરતો હતો. અક્ષયની ગેરહાજરીમાં મૃત્યુંજય આગળપાછળનો વિચાર કરી જોતાં ભયભીત બની ગયો હતો.

અક્ષયે ઓરડામાં પગ મૂક્યો કે મૃત્યુંજય એકદમ ગુસ્સામાં બોલી ઊઠ્યોઃ 'નહિ, મશાય, મારે ખ્રિસ્તી નથી થવું, મારે નથી પરણવું.'

અક્ષયે કહ્યુંઃ 'તો મશાય, કોણ તમને પગે પડીને કહે છે?'

દારુકેશ્વર કહ્યુંઃ 'હું તૈયાર છું, મશાય!'

અક્ષયે કહ્યુંઃ 'તૈયાર હો તો દેવળમાં જાઓ ને મશાય! મારી સાત પેઢીમાં કોઈએ ખ્રિસ્તી બનાવવાનો ધંધો નથી કર્યો.'

દારુકેશ્વરે કહ્યુંઃ 'હમણાં તમે કોઈ પાદરી મહાશયની વાત કરતા હતા ને?'

અક્ષયે કહ્યુંઃ 'તેઓ ટેરિટીની બજારમાં રહે છે. એમનું સરનામું લખી આપું છું.'

દારુકેશ્વર કહ્યુંઃ 'અને લગ્ન?'

અક્ષયે કહ્યુંઃ 'બીજે ક્યાંય કરી લેજો.'

દારુકેશ્વરે કહ્યુંઃ 'તો શું અત્યાર સુધી અમારી મશ્કરી કરતા હતા, મશાય? ખાણું પણ શું—'

અક્ષયે કહ્યુંઃ 'એ પણ અહીં નહિ બની શકે.'

દારુકેશ્વર કહ્યુંઃ 'તો હોટલમાં?'

અક્ષયે કહ્યુંઃ 'એનો વાંધો નથી.' આમ કહી પાકીટમાંથી કંઈક રૂપિયા કાઢી બંનેના હાથમાં આપી તેણે બેઉને વિદાય કરી દીધા.

એમના ગયા પછી નૃપનો હાથ પકડીને નીરબાલા વસંત-ઋતુની



લહેરખીની પેઠે ઓરડામાં દોડી આવી, ને બોલીઃ 'મુખુજ્જે મશાય! દીદી તો બેમાંથી એકેને જતો કરવાની ના કહે છે!'

નૃપ તેના ગાલમાં આંગળાં ખોસી બોલીઃ 'પાછી જૂઠું બોલી?'

અક્ષયે કહ્યુંઃ 'ગભરાશો નહિ, સાચાખોટાનો તફાવત હું પણ થોડોઘણો સમજું છું.'

નીરબાલાએ કહ્યુંઃ વારુ, મુખુજ્જે મશાય, આ બે વર રસિકદાદાની રસિકતાના નમૂના છે કે શૈલદીદીની કરામત છે?'

અક્ષયે કહ્યુંઃ 'બંદૂકમાં બધીયે ગોળીઓ શું નિશાનને તોડી પાડે છે? ભગવાન પ્રજાપતિ નિશાનબાજીની પ્રેક્ટિસ કરતા હતા, તેમાં આ બે નિશાન ખાલી ગયાં. શરૂ શરૂમાં આવું કેટલુંક બને જ છે. હું અભાગિયો પકડાઈ ગયો એ પહેલાં તમારી દીદીની જાળમાં કેટલાયે જળચરો ભટકાઈ ગયા હતા, પણ એના કાંટામાં વીંધાવાનું મારા જ કપાળમાં લખેલું હતું!' આમ કહી એણે કપાળ કૂટ્યું.

નૃપબાલાએ કહ્યુંઃ 'તો આજથી રોજ પ્રજાપતિની પ્રેક્ટિસ ચાલવાની, મુખુજ્જે મશાય? તો તો બચવું ભારે થઈ પડશે.'

નીરબાલાએ કહ્યુંઃ 'એમાં દુઃખી શું કરવા થાય છે, ભાઈ! શું રોજ નિશાન ચૂકી જવાશે? છેવટે એક દિવસે ચોટ ખરી જગાએ લાગ્યા વગર નથી રહેવાની!' આમ વાત ચાલતી હતી એટલામાં રસિક આવી પહોંચ્યો.

નીરબાલાએ કહ્યુંઃ 'રસિકદાદા, આજથી અમે પણ તમારા માટે કન્યા શોધવા લાગીએ છીએ.'

રસિકે કહ્યુંઃ 'એ તો બહુ આનંદની વાત!'

નીરબાલાએ કહ્યુંઃ 'હા, કેવા આનંદની વાત એ દેખાડી દેશું. તમે રહો છો ઘાસના ઝૂંપડામાં, ને બીજાના ઘરને આગ લગાડવા જાઓ છો તે શું અમારા હાથમાં પલીતો નથી? ખબરદાર, કહું છું, જો અમારી પાછળ પડ્યા છો તો!' અમે તમારાં બબ્બે લગન કરાવી નાખીશું—માથા પર ચપટી વાળ છે તેયે પછી નહિ રહે!'

રસિકે કહ્યુંઃ 'જો, બહેન, બે અસલ જાનવર લઈ આવ્યો એટલે

તો તું બચી ગઈ, જો અડધાં જાનવર લાવ્યો હોત તો મુસીબત થાત. જે જાનવર જાનવર જેવું દેખાતું નથી તે જ સૌથી વધારે ભયંકર હોય છે.'

અક્ષયે કહ્યું: 'વાત સાચી છે. મને પણ મનમાં તો બીક હતી. પણ જરા પીઠે હાથ ફેરવતાં જ પટપટ કરતી પૂંછડી હાલી ઊઠી. પણ મા શું કહે છે?'

રસિકે કહ્યું: 'મા જે બોલી રહ્યાં છે તે પાંચ આદમીઓને બોલાવીને સંભળાવવા જેવું નથી. એટલે મેં તે મનમાં જ દાબી રાખ્યું છે. ગમે તેમ, પણ છેવટે એમણે કાશીમાં પોતાના ભાણેજને ત્યાં જવાનું નક્કી કર્યું છે. ત્યાં વરનો પણ પત્તો લાગે એમ છે ને ભેગાભેગી જાત્રા પણ થશે.'

નીરબાલાએ કહ્યું: 'શું કહો છો, રસિકદાદા? તો પછી શું અમને અહીં રોજરોજ નવાનવા નમૂના જોવાના નહિ મળે? '

નૃપબાલાએ કહ્યું: 'હજી તારો શોખ પૂરો થયો નથી?'

નીરબાલાએ કહ્યું: 'આમાં શોખની વાત ક્યાં છે? આ તો તાલીમ છે. રોજરોજ નવાં નવાં દૃષ્ટાંન્તો જોવાથી અસલ ચીજ ઓળખવાનું સહેલું બની જશે—પછી જે પ્રાણીને તું પરણીશ તેને ઓળખવામાં તને લગીરે તકલીફ નહિ પડે.'

નૃપબાલાએ કહ્યું: 'તારા પ્રાણીને તું ઓળખી રાખ, તારે મારી ચિંતા કરવાની જરૂર નથી.'

નીરબાલાએ કહ્યું: 'એ પણ ઠીક છે—તું તારી ચિંતા કર, ને હું મારી ચિંતા કરું—પણ રસિકદાદાએ આપણી ચિંતા કરવાની જરૂર નથી.'

નૃપ નીરને જોરથી ખેંચીને લઈ ગઈ. એ પછી શૈલબાલાએ અંદર પ્રવેશ કર્યો. તેણે આવતાં જ કહ્યું: 'રસિકદાદા, માની સાથે તમારાથી કાશી નહિ જવાય. આપણે ચિરકુમારસભાના સભાસદ થવાનું છે. અરજીની સાથે પ્રવેશ ફીના દશ રૂપિયા મેં મોકલી દીધા છે.'

અક્ષયે કહ્યું: 'માની સાથે કાશી જનારું કોઈ હું શોધી કાઢું છું, એની તમે ચિંતા ન કરશો.'

શૈલે કહ્યું: 'વાહ મુખુજ્જે મશાય! તમે તો બિચારાઓને વાંદરા



બનાવ્યા ત્યારે જ છોડ્યા. એમની દશા જોઈને મને તો દયા આવી ગઈ હતી.'

અક્ષયે કહ્યું: 'વાંદરો કોઈ કોઈને બનાવી શકતું નથી, શૈલ! એ તો પ્રકૃતિમાતાએ પોતે જ બનાવી રાખેલાં હોય છે. એ માટે ભગવાનની ખાસ દયા જોઈએ છે. જેવું કવિ થવાનું પણ હોય છે એવું. પૂંછડી કહો કે કવિતા કહો, જો એ અંદર ન હોય તો જબરજસ્તી કરીને કશું બહાર કાઢી શકાતું નથી.'

એટલામાં પુરબાલાએ પ્રવેશ કર્યો. તેણે કેરોસીનનો દીવો હાથમાં લઈ હલાવતાં હલાવતાં કહ્યું: 'નોકર તે કેવો દીવો સળગાવી ગયો છે! હમણાં હોલવાઈ જશે. હું તો એને વઢી વઢીને થાકી.'

અક્ષયે કહ્યું: 'એ બેટો જાણે છે કે અંધારામાં હું વધારે શોભું છું.'

પુરબાલાએ કહ્યું: 'અને અજવાળામાં નથી શોભતા? વિનય દેખાડો છો શું? આ તો નવું સાંભળ્યું!'

અક્ષયે કહ્યું: 'હું એમ કહેતો હતો કે બેટો નોકર મને ચંદ્રમા સમજે છે.'

પુરબાલાએ કહ્યું: 'ઓહો! એમ વાત છે તો એનો પગાર વધારી દો! અને રસિકદાદા, આજે તમે ખરો તમાશો કર્યો!'

રસિકે કહ્યું: 'જુઓ બહેન, વાત એમ છે કે વર તો જોઈએ એટલા મળે છે, પણ બધા પરણવાલાયક હોતા નથી. એનાં મેં આ બે સાધારણ ઉદાહરણ તમને બતાવ્યા.'

પુરબાલાએ કહ્યું: 'આ ઉદાહરણ બદલે બે પરણવાલાયક વરનાં ઉદાહરણ બતાવ્યાં હોત તો સારું થાત.'

શૈલે કહ્યું: 'એ જવાબદારી મેં માથે લીધી છે, દીદી!'

પુરબાલાએ કહ્યું: 'હું ક્યારનીયે સમજી ગઈ છું. એ તું અને તારા મુખુજ્જે મશાય થોડા દિવસથી કંઈ ગુપસુપ કરી રહ્યાં છો એટલે કંઈ ને કંઈ કાંડ થયા વગર નથી રહેવાનો.'

અક્ષયે કહ્યું: 'કિષ્કિંધાકાંડ તો આજે થઈ ગયો.'

રસિકે કહ્યું: 'લંકાકાંડની તૈયારીઓ પણ થઈ રહી છે. હવે

ચિરકુમારસભાની સુવર્ણલંકામાં આગ લગાડવા જઈને છીએ.'

પુરબાલાએ કહ્યું: 'એમાં શૈલ શો ભાગ ભજવે છે?'

રસિકે કહ્યું: 'હનુમાનનો તો નહિ જ.'

અક્ષયે કહ્યું: 'એ પોતે જ આગ છે.'

રસિકે કહ્યું: 'એક માણસ એને પૂંછડીએ ચડાવીને લઈ જશે.

પુરબાલાએ કહ્યું: 'મને શું સમજાતું નથી, શૈલે! તું ચિરકુમારસભામાં જવાની છે કે શું?'

શૈલે કહ્યું: 'હું સભ્ય થવાની છું.'

પુરબાલાએ કહ્યું: 'શું ગાંડુ ગાંડુ બકે છે! છોકરીની જાતને વળી સભ્ય થવાનું કેવું?'

શૈલે કહ્યું: 'આજકાલ છોકરીઓ પણ સભ્ય બની ગઈ છે. એટલે મેં સાડી છોડી દઈ ચાપકાન પહેરવાનું નક્કી કર્યું છે.'

પુરબાલાએ કહ્યું: 'સમજી, વેશ છુપાવીને સભ્ય થવું છે. વાળ તો કપાવ્યા છે, હવે આટલું બાકી હતું. કરો ફાવે તે—હું આમાં કંઈ ન જાણું.'

અક્ષયે કહ્યું: 'નહિ, નહિ, તારે આ ટોળીમાં નથી ભળવાનું. બીજા જેને પુરુષ થવું હોય તે થાય પણ મારા નસીબે તારે હમેશાં સ્ત્રી જ રહેવાનું છે—નહિ તો થશે બ્રિચ ઓફ કોન્ટ્રાક્ટ—કોન્ટ્રાક્ટનો ભંગ થશે, એ મામલો બહુ ભયંકર છે.' આમ કહી એણે સિંધુ રાગમાં ગાવા માંડ્યું;

જૂના પુરાણા ચાંદ!
સદાય તું આવો જ રહેજે, એ છે મારી આશ.
સ્મિત પુરાણું, સુધા પુરાણી,
મારી પુરાણી તર્સ,
બીજો ચકોર કોઈ પ્રાસાદ ન પામે,
મિટાવ મારી તર્સ!

પુરબાલા ગુસ્સે થઈને જતી રહી.

અક્ષયે શૈલબાલાને હિંમત આપતાં કહ્યું: 'ગભરાવાનું કારણ નથી. ગુસ્સો થવાથી મન સાફ થઈ જશે—જરા પસ્તાવો પણ થશે—એ વખતે ખરી તક હશે.'



રસિકે લલકાર્યું:

'કોપો યત્ર ભ્રુકુટિરચના, નિગ્રહો યત્ર મૌનમ્ ।
યત્રાન્યોત્ન્યસ્મિતમનુનયં, યત્ર દૃષ્ટિઃ પ્રસાદ ॥'

શૈલે કહ્યું: 'રસિકદાદા! તમે તો બરાબર શ્લોકો ઝૂડવા માંડ્યા છે—પણ કોપ શી ચીજ છે એની મુખુજ્જે મશાયને ખબર પડી જશે.'

રસિકે કહ્યું: 'તો હું બદલો તૈયાર છું. મુખુજ્જે મશાય જો શ્લોક લલકાર્યો હોત અને મારી જ ઉપર જો કોપ આવી પડ્યો હોત, તો મેં આ ફુટેલા કપાળને સોનાથી મઢી લીધું હોત. પણ દીદી, આ નાસ્તાની બે રકાબીઓ કંઈ માન માગતી નથી; બેસી જઈએ તો કંઈ વાંધો નહિ.'

અક્ષયે કહ્યું: 'હું પણ એનો જ વિચાર કરતો હતો.'

બંને જણા નાસ્તો ઝાપટવા બેસી ગયા. શૈલબાલા પંખો લઈને વા નાખવા બેઠી.

જમ્યા પછી શૈલબાલાએ બૂમ પાડી: 'મુખુજ્જે મશાય!'

અક્ષય ખૂબ ત્રાસી ગયો હોય એવું મોં કરીને બોલ્યો: 'પાછા મુખુજ્જે મશાય! એ વાલખિલ્લ મુનિઓનું ધ્યાન ભંગ કરવાની વાતમાં મને ન નાખશો.'

શૈલબાલાએ કહ્યું: 'ધ્યાનભંગનું કામ અમે કરીશું. પણ તમારે માત્ર એ મુનિકુમારોને અહીં લઈ આવવાના છે.'

અક્ષય આંખો ફાડીને બોલ્યો: 'આખી સભાને અહીં ઊંચકી લાવવાની છે? દુનિયામાં અસાધ્ય દુઃસાધ્યા કામ બધું એકલા આ મુખુજ્જે મશાયે કરવાનું?'

શૈલબાલાએ હસીને કહ્યું: 'મહા વીર થવાની એ સજા છે. ગંધમાદન પહાડ ઉપાડી લાવવાનો હતો ત્યારે કોઈએ નલ, નીલ કે અંગદને પૂછ્યું નહોતું!'

અક્ષય ગર્જના કરીને બોલ્યો: 'અરે અભાગણી! ત્રેતાયુગના અભાગિયાઓ સિવાય તને બીજી કોઈ ઉપમા સૂઝી નહિ? આટલો બધો પ્રેમ!'

શૈલબાલાએ કહ્યું: 'હા, જી! એટલો બધો પ્રેમ!'

અક્ષયે ભૈરવીમાં ગાવા માંડ્યું:

'અભાગિયાના મનમાં કેવળ અભાગિયા જાગે રે!
આટલાં માણસ તોયે, એની મૂઈ આંખો,
ના કોઈને દેખે રે!

'ઠીક, તો એમ! પતંગિયાંને દીપશિખા પાસે હાંકી લાવીશ. હવે તો ચટ દઈને મને એક પાન આણી દે, તારા સ્વહસ્તે બનાવેલું!'

શૈલે કહ્યું: 'કેમ, દીદીનો હાથનું—'

અક્ષયે કહ્યું: 'અરે, દીદીનો હાથ તો મળેલો જ છે. નહિતર પાણિગ્રહણનો શો અર્થ? હવે બીજા પદ્મહસ્ત તરફ નજર નાખવાનો મોકો મળ્યો છે.'

શૈલે કહ્યું: 'અચ્છા મશાય! પણ એ પદ્મહસ્ત તમારા પાનમાં એટલો ચૂનો લગાડી દેશે કે બળ્યું મોં પાછું બળશે.'

અક્ષયે ગાવા માંડ્યું:

જેને મરણ દશા પકડે,
એ સો સો વાર મરે!
પતંગિયું જેમ વધુ બળે
તેમ વધુ આગમાં પડે!

શૈલે કહ્યું: 'મુખુજ્જે મશાય, આ કાગળનું ભૂંગળું શાનું છે?

અક્ષયે કહ્યું: 'તમારી પેલી સભ્ય થવાની અરજીઓ, એને દશ રૂપિયાની નોટ મારા ગજવામાં રહી ગયાં હતાં. ધોબી બેટાએ ધોઈને એને એવાં સાફ કરી નાખ્યાં છે કે હવે એકે અક્ષર વાંચી શકાતો નથી. એ બેટો સ્ત્રીસ્વાધીનતાનો પક્કો શત્રુ લાગે છે, એટલે એણે તારી અરજીને ધરમૂળથી ધોઈ નાખી છે.

શૈલબાલો કહ્યું: 'સમજી!'

અક્ષયે કહ્યું: 'તમે ચાર બહેનોએ મળીને મારી સ્મરણશક્તિને એવી કબજે કરી લીધી છે કે મને બીજું યાદ જ નથી રહેતું.

'ગયું ભૂલી બધું, મારું ભોળું મન!



ન ભૂલ્યું, ન ભૂલ્યું એક એ ચંદ્રાનન!'

## : ૪ :

દશ નંબરની મધુ મિસ્ત્રીની ગલીમાં ભોંયતળિયાના એક ઓરડામાં ચિરકુમારસભાની બેઠક મળી હતી. એ પ્રમુખશ્રી ચંદ્રમાધવ બાબુનું ઘર હતું. તેઓ બ્રાહ્મ કૉલેજના પ્રોફેસર હતા. દેશની સેવા કરવાનો તેમને ખૂબ જ ઉત્સાહ હતો. માતૃભૂમિની ઉન્નતિની કંઈ કંઈ યોજનાઓ તેમના મગજમા સ્ફુરતી હતી. તેમનું શરીર કૃશ હતું, પણ મજબૂત હતું. માથું મોટું હતું. મોટી પહોળી આંખો કંઈ કંઈ અન્યમનસ્ક ખ્યાલોથી ભરેલી હતી.

શરૂઆતમાં સભાના સભાસદો ઘણા હતા. પણ હવે પ્રમુખ સાહેબને યાદ કરતાં માત્ર ત્રણ જ સભાસદો બાકી કહ્યા હતા. બીજા સભ્યો મંડળમાંથી ભ્રષ્ટ થઈ પરણીને સંસારી ધંધામાં પડ્યા હતા. હવે તેઓ કોઈ પણ જાતના ફાળાની વાત સાંભળતાં જ હસીને ઉડાવી દેતા હતા, અને તેમ છતાંયે જો ફાળાવાળો ખસે નહિ, તો તેને ગાળો દેવા માંડતા. પોતાનું ઉદાહરણ યાદ કરીને હવે તેઓ દેશહિતૈષીઓ તરફ ખૂબ તિરસ્કાર પ્રગટ કરતા હતા.

વિપિન, શ્રીશ અને પૂર્ણ એ ત્રણ સભ્યો હતા. ત્રણે કૉલેજમાં ભણતા હતા, હજી કુંવારા હતા. વિપિન ફૂટબૉલનો ખેલાડી હતો. તેના શરીરમાં ખૂબ જોર હતું. એ ક્યારે વાંચતો હશે તેની કોઈન ખબર પડતી નહોતી; પણ પરીક્ષામાં તો તરત પાસ થઈ જતો હતો.

શ્રીશ પૈસાદારનો દીકરો હતો. એની તબિયત જોઈએ તેવી સારી નહોતી રહેતી. તેથી એનાં માબાપ એને ભણવાગણવાનો બહુ આગ્રહ કરતાં નહોતાં. એ પોતાના ખ્યાલોમાં જ મસ્ત રહેતો હતો. વિપિન અને શ્રીશ દિલેજાન દોસ્ત હતા.

પૂર્ણ ઊજળા વર્ણનો હતો, એકાંતરશૂરો હતો. ચાલવામાં ધીરો હતો, કામમાં અધીરો હતો, બોલવામાં ઉતાવળો હતો, બધી જ બાબતમાં તે મન દઈ શકતો, એના મોં પરથી એ દઢનિશ્ચયી અને કાર્યકુશળ લાગતો હતો.



એ ચંદ્રમાધવબાબુનો શિષ્ય હતો. ઊંચે નંબરે પરીક્ષા પાસ કરીને, વકીલ બની સારું કમાવાની આશાએ એ રાતરાતના ઉજાગરા કરીને વાંચતો હતો. દેશની સેવામાં પોતાનું કામ બગાડવાનો એનો જરાય ઇરાદો નહોતો. ચિરકુમારતાનો એને બહુ મોહ નહોતો. દરરોજ સાંજે નિયમિત આવીને, ચંદ્રબાબુની પાસેથી પરીક્ષામાં કામ લાગે તેવી સૂચનાઓ ટપકાવી જતો. તેને મનમાં મનમાં ખાતરી હતી કે મેં ચિરકુમારવ્રત નથી લીધું, તેથી અને મારું ભવિષ્ય બગાડવાની મને જરાયે અધીરાઈ નથી, તેથી મારી ઉપર ચંદ્રમાધવબાબુએ જોઈએ તેવો ભાવ નથી. પરતું આ વિશે એને કદી પણ અસહ્ય દુઃખ થયું નહોતું. ત્યારે પછી શું બની ગયું તે સૌ જાણે છે.

તે દિવસે સભાની બેઠક મળી હતી.

ચંદ્રમાધવબાબુ કહેતા હતાઃ 'આપણી આ સભાની સભ્યસંખ્યા ઓછી હોવાથી કોઈએ નિરાશ થવાથી જરૂર નથી—'

તેઓ પૂરું બોલી રહે તે પહેલાં જ માંદલો પણ ઉત્સાહ શ્રીશ બોલી ઊઠ્યોઃ 'નિરાશ!—શા માટે! ઓછી સંખ્યા એ તો આપણી સભાનું ગૌરવ છે. આપણી આ સભાનો આદર્શ એવો ઊંચો છે, અને નિયમો એટલા કઠિન છે કે જનસાધારણને માટે એ છે જ નહિ. આપણી સભા થોડા માણસોની સભા છે.

ચંદ્રમાધવબાબુ કામકાજનો ચોપડો આંખ આગળ લઈને બેલ્યોઃ 'પરતું આપણો આદર્શ ઉચ્ચ છે, અને નિયમો કઠિન છે. એટલે જ આપણે વિનય અને નમ્રતા જાળવવાની જરૂર છે. આપણે હમેશાં યાદ રાખવું જોઈએ કે આપણો સંકલ્પ પાર પાડવાને યોગ્ય આપણે કદાચ ન પણ હોઈએ. વિચાર કરતાં તમને જણાશે કે આ પહેલાં આપણી સભામાં એવા સભ્યો ઘણા હતા, જેઓ કદાચ સર્વાંશે આપણા કતાં ચડિયાતા હતા, પરતું એવા માણસોયે સુખની એષણામાં, અને સસાંરના પ્રલોભનમાં ખેંચાઈને એક પછી એક ધ્યેયભ્રષ્ટ થઈ ગયા. હવે આપણે થોડા રહ્યા છીએ, અને આપણા માર્ગમાં પણ પ્રલોભન કઈ જગાએ ટાંપીને બેઠું હશે તેની કોઈને ખબર નથી. આથી હું કહું છું કે આપણે

દંભ નહિ કરીએ! કોઈ પણ જાતના સોગનથી પણ હવે આપણે બંધાવા ઇચ્છતા નથી. આપણે એવું માનીએ છીએ કે કોઈ પણ કાળે કોઈ મહાન કાર્યનો મનમાં વિચાર જ ન કરવો એના કરતાં, એ કાર્ય કરવાનો પ્રયત્ન કરતાં કરતાં હારી જવું એ વધારે સારું છે.'

બાજુના ઓરડામાં, જરાક ઉઘાડા બારણાની પાછળ એક છોકરી બેઠી હતી, તે આ સાંભળીને જરા ચમકી પડી. તેના પાલવે બાંધેલા ચાવીના જૂડાની એક બે ચાવીઓ જરા ખખડી, પરતું પૂર્ણ સિવાય બીજા કોઈને તેની ખબર પડી નહિ.

ચંદ્રમાધવબાબુએ બોલવા માંડ્યું: 'આપણી આ સભાની ઘણા લોકો મશ્કરીઓ કરે છે. ઘણાઓ કહે છે કે તમે લોકો દેશની સેવા કરવા વાસ્તે કૌમારવ્રત ધારણ કરો છો, પરતું જો બધા તમારા જેવી પ્રતિજ્ઞા લે, તો પચાસ વરસ પછી દેશમાં એવો કોઈ માણસ હશે ખરો જેના માટે કંઈ કામ કરવાની કોઈને જરૂર પડે? હું માત્ર નમ્રપણે મૂંગોમૂંગો આ પરિહાસ સહી લઉં છું. પરંતુ હું પૂછું છું કે શું આનો કોઈ જવાબ નથી?' આમ કહી એમણે પોતાના ત્રણ સભાસદોની સામે જોયું.

પૂર્ણે બારણાની ઓથે ભરાયેલીને યાદ કરીને ઉત્સાહમાં આવી જઈ કહ્યું: 'નથી કેમ? દુનિયાના તમારા દેશોમાં કેટલાક માણસો એવા હોય છે, જેઓ સંસારી થવા વાસ્તે જન્મેલા હોતા નથી. એવાઓની સંખ્યા બહુ થોડી હોય છે. પણ એવા થોડા માણસોને આકર્ષીને એક ધ્યેયના બંધનમાં બાંધવાના હેતુથી આપણી આ સભા સ્થપાયેલી છે—આખી દુનિયાના માણસોને કૌમારવ્રત લેવડાવવા માટે આ સભા સ્થપાઈ નથી. આપણી આ જાળ ઘણા લોકોને પકડશે, પણ મોટા ભાગનાને છોડી મૂકશે, અને છેવટે લાંબી પરીક્ષા પછી એમાં માત્ર બેચાર માણસો જ રહેશે. જો કોઈ પૂછે કે એ બેચાર માણસો શું તમે જ છો? તો હિંમતથી હા કોણ કહી શકે તેમ છે? હા, અમે અત્યાર સુધી તો જાળમાં રહ્યા છીએ, પણ છેલ્લી પરીક્ષા સુધી ટકીશું કે કેમ તેની તો ભગવાનને ખબર! પરતું આપણે કોઈ ટકી શકીએ કે ન ટકી શકીએ, આપણે એકે એક ખરી પડીએ કે ન ખરી પડીએ, પણ એથી આપણી



સભાની મશ્કરી કરવાનો કોઈને હક મળી જતો નથી. છેવટે કદાચ એવો પણ વખત આવે કે આપણા પ્રમુખ સાહેબ એકલા જ સભામાં રહી જાય—તો પણ શું? આપણું આ તજાયેલું સભાક્ષેત્ર એ એક તપસ્વીના તપોતેજથી પવિત્ર અને ઉજ્જ્વળ બની રહેશે, અને તેમની જીવનભરની તપસ્યાનું ફળ દેશની દષ્ટિએ કદી નકામું નહિ જાય.'

પ્રમુખ સાહેબ પોતાનાં વખાણ સાંભળી જરા શરમાઈ ગયા. સભાના કામકાજનો ચોપડો ફરીથી આંખોની છેક પાસે લઈ જઈને, તેમણે એકચિત્તે એમાં શી ખબર શું વાંચવા માંડ્યું! ગમે તેમ, પૂર્ણનું આ ભાષણ યથાસ્થાને યથાવેગે પહોંચી ગયું હતું. ચંદ્રમાધવબાબુની એકાંત તપસ્યાની વાત સાંભળીને નિર્મળાની આંખો ભરાઈ આવી, અને એ રીતે હાલી ઊઠેલી એ બાલિકાની ચાવીઓના ગુચ્છાએ ઝણઝણ અવાજ કરી પૂર્ણનો પરિશ્રમ સાર્થક કર્યો.

વિપિન મૂંગો બેઠો હતો. હવે તે મેઘના જેવા ગંભીર સ્વરે બોલ્યો: 'આપણે આ સભાને લાયક છીએ કે નહિ, તેની વખત આવે પરીક્ષા થઈ જશે, પરંતુ જો આપણો હેતુ કંઈ કામ કરવાનો હોય તો આપણે કોઈ વખત એની શરૂઆત કરવી જ જોઈશે. મારો સવાલ એ છે કે આપણે કામ શું કરવાનું છે?'

ચંદ્રમાધવ ખૂબ ઉત્સાહમાં આવી જઈને બોલી ઊઠ્યા: 'આ જ પ્રશ્નની આટલા દિવસે આપણે અપેક્ષા કરતા રહ્યા છીએ કે આપણે કરવાનું શું છે? આપણે કરવાનું શું છે?—એ જ પ્રશ્ન આપણને દરેકને ડંખતો રહે, અને દરેકને ઊંચાનીચા કરી મૂકે એવું હું ઇચ્છું છું. મિત્રો, કામ એ જ એકતાનું એકમાત્ર બંધન છે. એક સાથે જેઓ કામ કરે છે તેઓ એક છે. એથી કરીને, આ સભામાં જ્યાં લગી આપણે બધા મળીને એક કામમાં નહિ જોડાઈએ ત્યાં સુધી આપણે ખરેખરા એક થઈ શકવાના નથી. આથી, 'આપણે કરવાનું શું છે?'—વિપિનબાબુના આ પ્રશ્નને આપણે કોઈ રીતે ઠરવા દેવાનો નથી. હે સભ્ય મહાશયો, હું આપ સૌને પૂછું છું કે આપણે કરવાનું શું છે?'

દૂબળો શ્રીશ અધીરો બનીને બોલી ઊઠ્યો: 'કરવાનું શું છે?

એવું જો મને પૂછતા હો તો હું કહું કે આપણે બધાએ સંન્યાસી બનીને ભારતવર્ષના પ્રાંતેપ્રાંતમાં ને ગામેગામમાં દેશસેવાનું વ્રત લઈને ફરવાનું છે, આપણા મંડપને પુષ્ટ કરવાનું છે, અને આપણી સભાને સૂક્ષ્મ સૂત્ર રૂપ કરી આખા ભારતવર્ષને એકસૂત્રે બાંધી દેવાનું છે.'

વિપિને હસીને કહ્યું: 'આ કામ કરવાને હજી ઘણો વખત છે, પણ આવતી કાલે જ શરૂ કરી શકાય એવું કંઈ કામ બતાવો! 'મારું તો ગેંડાને, અને લૂંટું તો ભંડારને' એવી જો પ્રતિજ્ઞા કરીને બેસશો તો ગેંડો પણ સલામત રહેશે, ભંડાર પણ સલામત રહેશે અને તમે પણ જેમ આરામથી બેઠા છો તેમ બેઠા રહેશો. એટલે હું દરખાસ્ત મૂકું છું, આપણે દરેક બબ્બે પરપ્રાન્તીય છોકરાઓનું પાલનપોષણ કરવું, એમને ભણાવવા-ગણાવવાની અને એમનાં શરીર-મનની તમામ જવાબદારી આપણે માથે લેવી.'

શ્રીશે કહ્યું: 'બતાવીને તેં આ કામ બતાવ્યું? આટલા વાસ્તે આપણે સંન્યાસધર્મ ગ્રહણ કર્યો છે શું? છેવટે જો છોકરાંની જવાબદારી લેવાની હોય, તો પછી પોતાનાં છોકરાંએ શો ગુનો કર્યો છે?'

વિપિને ચિડાઈને કહ્યું: 'એમ કહેતા હોય તો પછી સંન્યાસીને માટે કોઈ કર્મ જ નથી. કર્મમાં ગણો ના ગણો તો ભિક્ષા, ભ્રમણ અને પાખંડ!'

શ્રીશે ગુસ્સે થઈને કહ્યું: 'હું જોઉં છું આપણામાં કોઈ કોઈ એવા છે જેમને આપણી સભાના મહાન ઉદ્દેશ પ્રત્યે જરા પણ શ્રદ્ધા નથી. એ લોકો જેમ વહેલા આ સભા છોડીને જાય, અને સંતાન-ઉછેરમાં લાગી જાય તેમ આપણી સભાને ફાયદો છે.'

વિપિનનું મોં લાલ થઈ ગયું. તે બોલ્યો: 'મારે વિષે હું કશું જ કહેવા નથી માગતો, પરંતુ મારે કહેવું પડે છે કે આ સભામાં કોઈ કોઈ એવો છે જેઓ સંન્યાસની કઠોરતા સહન કરવાને, અને સંતાન-ઉછેર મારે કરવો પડતો ત્યાગ—બેઉને માટે અયોગ્ય છે. એમણે—'

ચંદ્રમાધવબાબુએ કામકાજનો ચોપડો આંખો આગળથી ખસેડીને કહ્યું: 'આ બાબતમાં પૂર્ણબાબુનો શો મત છે એ જાણ્યા પછી હું મારો



મત જાહેર કરી શકીશ.'

પૂર્ણે કહ્યું: 'આજે ખાસ તો સભાની એકતાના હેતુથી કોઈ કામ ઉપાડવાનો સવાલ ઊભો થયો છે. પરંતુ કામકાજની સૂચનામાં ઐક્યનાં કેવા લક્ષણ પ્રગટ થયાં છે એ હવે કોઈની આંખમાં આંગળી નાખીને બતાવવાની જરૂર નથી. આવા સંજોગોમાં હું જો કોઈ ત્રીજી સૂચના કરું તો વિરોધાનલમાં ત્રીજી આહુતિ આપવા જેવું થશે. એટલે, મારી સૂચના એ છે કે પ્રમુખ મહાશય પોતે જ આપણે શું કરવાનું છે તે નક્કી કરી આપે, અને આપણે તે માથે ચડાવી લઈ, નિઃશંક મને તેનું પાલન કરીએ. કાર્યસિદ્ધિનો અને ઐક્યસિદ્ધિનો મને તો આ એક જ રસ્તો દેખાય છે.' બાજુના ઓરડામાં ફરી કોઈ હાલ્યું, અને એની ચાવીઓનો રણકાર સંભળાયો.

સાંસારિક બાબતોમાં ચંદ્રમાધવબાબુના જેવો અકુશળ ભાગ્યે જ કોઈ હશે, પરંતુ તેમના મનનું વલણ વેપાર તરફ હતું. તેમણે કહ્યું: 'આપણું પહેલું કર્તવ્ય ભારતવર્ષની ગરીબાઈનો નાશ કરવાનું છે, અને વેપાર સિવાય ગરીબાઈનો નાશ એટલી સહેલાઈથી ને ઝડપથી થાય તેમ નથી. આપણે છીએ ત્રણ કે ચાર, એટલે બહુ મોટો વેપાર તો નહિ ખેડી શકીએ, પણ તેનો સૂત્રપાત અવશ્ય કરી શકીશું. ધારો કે આપણે દીવાસળીનો ધંધો શરૂ કરીએ છીએ. જો આપણે એવું લાકડું શોધી કાઢીએ કે જે ઝટ સળગે પણ ઝટ હોલવાય નહિ, અને દેશમાં બધે જોઈએ એટલું મળી આવે, તો દેશમાં સસ્તી દીવાસળી પેદા કરવામાં કંઈ જ મુશ્કેલ નથી.'

તે પછી જાપાન અને યુરોપમાં બધી મળીને કેટલી દીવાસળીઓ તૈયાર થાય છે, તેમાં કઈ કઈ જાતનું લાકડું વપરાય છે, લાકડાની સાથે કયા કયા દાહક પદાર્થોનું મિશ્રણ થાય છે, ક્યાંથી કેટલી દીવાસળીઓ પરદેશ ચડે છે, તેમાંની કેટલી હિંદુસ્તાનમાં આવે છે અને તેની કિંમત શું હોય છે તેનું ચંદ્રમાધવબાબુએ વિસ્તારથી વર્ણન કર્યું.

વિપિન અને શ્રીશ સ્તબ્ધ બની બેસી રહ્યા.

પૂર્ણે કહ્યું: 'એક-બે જાતનાં લાકડાં લઈને હું વહેલામાં વહેલી તકે

એની પરીક્ષા કરી જોઈશ.'

શ્રીશે મોં ફેરવી હસ્યો. એવામાં અક્ષયે પ્રવેશ કર્યો. તેણે કહ્યું: 'મશાય, હું આવી શકું છું?'

ક્ષીણદષ્ટિ ચંદ્રમાધવબાબુ એકદમ ઓળખી ન શકવાથી ભવાં ચડાવી આભા બની જોઈ રહ્યા.

અક્ષયે કહ્યું: 'મશાય, બીશો નહિ, અને આમ ભવાં ચડાવી મને પણ બિવડાવશો નહિ.—હું અભૂતપૂર્વ નથી—ઊલટું, હું તમારો જ ભૂતપૂર્વ —મારું નામ—'

ચંદ્રમાધવબાબુ એકદમ ઊભા થઈને બોલ્યા: 'હવે નામ દેવાની જરૂર નથી—આવો, આવો, અક્ષયબાબુ!'

ત્રણ તરુણ સભ્યોએ અક્ષયને પ્રણામ કર્યો.

વિપિન અને શ્રીશ બે મિત્રો તાજા કલહને લીધે ઉદાસ બની મોં ચડાવી બેસી રહ્યા.

પૂર્ણે કહ્યું: 'મશાય, અભૂતપૂર્વના કરતાં ભૂતપૂર્વની જ બીક વધારે લાગે છે.'

અક્ષયે કહ્યું: 'પર્ણબાબુ બુદ્ધિમાન બોલે તેવું જ બોલ્યા છે. સંસારમાં બધા ભૂતથી જ ડરે છે. ભૂતથી બીજા માણસનો જીવનસંભોગ ખમાતો નથી, એમ સમજી માણસ ભૂતને ભયંકર ધારે છે. માટે પ્રમુખ સાહેબ, ચિરકુમારસભાના આ ભૂતને સભામાંથી હાંકી કાઢશો કે જૂના પરિચયની મમતાથી એને બેસવા ખુરશી આપશો? બોલો.'

'ખુરશી જ અપાશે.' એમ કહી ચંદ્રબાબુએ એક ખુરશી આગળ ધરી.

'સૌની સંમતિથી હું આ આસન ગ્રહણ કરું છું.' એમ કહી અક્ષયબાબુ ખુરશીમાં બેઠા. પછી બોલ્યા: 'આપ સૌએ નિતાન્ત ભદ્રતાપૂર્વક મને બેસવાનું કહ્યું, પરંતુ હું અભદ્ર બની બેસી રહું એવો અસભ્ય મને ધારશો નહિ. વળી પાન, તમાકુ ને પત્ની એ ત્રણ આપની સભાના નિયમ બહારના પદાર્થો છે, પરંતુ મને એ ત્રણે બૂરાં વ્યસનોએ મહાત કર્યો છે, એટલે કામ ઝટપટ પતાવીને મારે ઘર તરફ રવાના થઈ



જવું પડશે.'

ચંદ્રબાબુએ હસીને કહ્યું: 'આપ સભ્ય નથી, એટલે સભાનો નિયમ આપને લાગુ નથી પડતો—પાન તમાકુની તો અહીં ગોઠવણ કરી શકાશે એમ લાગે છે, પણ આપનું ત્રીજું વ્યસન—'

અક્ષયે કહ્યું: 'એ અહીં લઈ આવવાનો પ્રયત્ન કરશો નહિ,—મારું એ વ્યસન જાહેર વ્યસન નથી.'

ચંદ્રબાબુએ પાન તમાકુ માટે પોતાના નોકર સનાતનને બોલાવવાનું કરતા હતા.

ત્યાં પૂર્ણે કહ્યું: 'રહો, હું બોલાવું છું.'

આમ કહી 'એ ઊઠ્યો. બાજુના ઓરડામાંથી ચાવીઓ, ચૂડીઓનો અને દોડવાનો અવાજ એકસાથે સંભળાયો.

અક્ષયે પૂર્ણેને રોકીને કહ્યું: 'યસ્મિન્ દેશે યદાચાર: જ્યાં લગી હું બેઠો છું ત્યાં લગી હું પણ આપનો ચિરકુમાર જ છું—મારામાં ને ચિરકુમારમાં કશો ફેર નથી. હવે મુદ્દાની વાત પર આવું.'

ચંદ્રબાબુ મેજ ઉપર કામકાજના ચોપડા ઉપર ખૂબ ઝૂકીને એકચિત્તે શ્રવણ કરવા લાગ્યાં.

અક્ષયે કહ્યું: 'પરામાં મારો એક શ્રીમંત મિત્ર રહે છે. તે પોતાના એક સંતાનને આપની સભાનો સભાસદ બનાવવા ઇચ્છે છે.'

ચંદ્રબાબુએ નવાઈ પામી પૂછ્યું: 'બાપ થઈને છોકરાને પરણાવવા નથી ઇચ્છતો?'

અક્ષયે કહ્યું: 'એ વિષે આપ બેફિકર રહેજો. એ કદી પણ લગ્ન કરનાર નથી અનો હું જામીન થાઉં છું. એના દૂરના સગપણના એક દાદા પણ સભાસદ થવાનું કહે છે. એમને વિષે હું તમને હિંમતથી બેફિકર રહેવાનું કહું છું. કારણ કે જો કે, તેઓ આપ બધાના જેવા સુકુમાર નથી, પરતું આપના સૌના કરતાં તેઓ વધારે કુમાર છે—તેમની ઉંમર સાઠથી વધારે થઈ છે—એટલે એમની વય સંદેહથી પર છે—સદ્‌ભાગ્યે આપ સૌનું પણ એવું છે.'

અક્ષયબાબુની આ વાત સાંભળી ચિકકુમારોની સભા પ્રફુલ્લ બની

ગઈ. પ્રમુખ મહાશયે કહ્યું: 'સભ્ય થવા માગનારાઓનાં નામ-ઠામ વગેરે—'

અક્ષયે કહ્યું: 'તેમને નામ-ઠામ વગેરે નથી એવું કોણે કહ્યું? સભા એ જ્ઞાનથી વંચિત નહિ રહે. સભ્યની સાથે જ તેનાં નામઠામ વગેરે સંપૂર્ણ હકીકત આવશે જ. પરંતુ આપનો આ ભોંયતળિયાનો ભીનો ઓરડો સ્વાસ્થ્યની દષ્ટિએ અનુકૂળ નથી. આપના આ થોડા ઘણા ચિરકુમારોના ચિરત્વને નુકસાન ન પહોંચે એ તરફ જરા ધ્યાન આપવું જોઈએ.'

ચંદ્રબાબુ કંઈક શરમાઈને ચોપડો નાકની પાસે લઈ જઈને બોલ્યા: 'અક્ષયબાબુ, તમે ક્યાં નથી જાણતાં, અમારી આવક—'

અક્ષયે કહ્યું: 'આવકની વાત બહુ ઉખેળશો નહિ. એ વાત ચિત્તને પ્રસન્ન કરનારી નથી હોતી એની મને ખબર છે. પણ સારા મકાનનો બંદોબસ્ત થઈ ગયો છે. એને આપના ખજાનચીને પૂછવાની પણ જરૂર નહિ પડે. ચાલોને, આજે જ બધું જોઈ નક્કકી કરી નાખીએ.'

ઉદાસ બની બેઠેલો વિપિન અને શ્રીશના મોં ઉજ્જ્વ બની ગયાં. પ્રમુખ સાહેબ પણ પ્રફુલ્લ બની ગયા, અને એવા ઉત્સાહથી ફરીફરીને કેશમાં આંગળાં ફેરવવા લાગી ગયા કે માથાનો એકેએક વાળ અવ્યવસ્થિત બની ગયો. પરંતુ પૂર્ણ બિલકુલ નિરુત્સાહ બની ગયો. તેણે કહ્યું: 'સભાસ્થાન બદલવાની જરાયે જરૂર નથી.'

અક્ષયે કહ્યું: 'કેમ, એક ઘરમાંથી બીજા ઘરમાં જવા માત્રથી જ શું તમારો ચિરકૌમાર્યનો દીવડો હવા લાગતાં હોલવાઈ જશે?'

પૂર્ણે કહ્યું: 'આ ઘર કંઈ અમારું ખરાબ નથી.'

અક્ષયે કહ્યું: 'ખરાબ કોણ કહે છે? પણ આના કરતાં સારું ઘર શહેરમાં મળી શકે છે.'

પૂર્ણે કહ્યું: 'મને તો લાગે છે કે વિલાસિતા તકફ ધ્યાન ન આપતાં, જરાતરા કષ્ટ સહન કરવાની ટેવ પાડવી સારી.'

શ્રીશે કહ્યું: ' એ ટેવ સભાની બેઠકમાં પાડવાને બદલે સભાની બહાર પાડી શકાશે.'

વિપિને કહ્યું: 'કોઈ એક કામમાં પ્રવૃત્ત થવાથી જ એટલું સહેવાનું



આવે છે કે બીજી બાબતમાં નકામો શક્તિનો વ્યય કરવો એ કેવળ મૂઢતા છે.'

અક્ષયે કહ્યું: 'હે મિત્રો! મારી સલાહ સાંભળો. સભાખંડના અંધકાર વડે ચિરકૌમાર્યવ્રતના અંધકારને બહુ ન વધારો! પ્રકાશ અને પવન એ નારીજાતિના શબ્દો નથી, માટે સભાખંડમાં એ બંનેને આવવાની મના ન કરે. વળી વિચાર કરી જોતાં તમને જણાશે કે આ જગા ભેજવાળી હોવાથી ખૂબ સ-રસ છે, એથી તમારા વ્રતને માટે તે અનુકૂળ નથી. વાયુની ટીકા કરવી હોય તો કરો, પણ વાયુનો વિષય તમારી પ્રતિજ્ઞાની બહારનો છે. તમે શું કહો છો, શ્રીશબાબુ? વિપિનબાબુ, તમારો શો મત છે?'

બંને દોસ્તોએ કહ્યું: 'તમારી વાત સાચી છે. ચાલોને, એક વખત એ ઘર જોઈ આવીએ.'

પૂર્ણ ઉદાસ બની ગયો. તે કંઈ બોલ્યો નહિ. બાજુના ઓરડામાં પણ ચાવીનો રણકાર થયો, પણ એમાં પહેલાંના જેવો ઉત્સાહ ન હતો.

## : ૫ :

અક્ષયે કહ્યું: 'પત્નીનું એકમાત્ર તીર્થ એનો પતિ છે. એ વાત તું માને છે કે નહિ?'

પુરબાલાએ કહ્યું: 'પંડિત મશાયની પાસે હું શાસ્ત્રનું વિધાન લેવા નથી આવી. હું તો કહેવા આવી છું કે માની સાથે હું આજે કાશી જાઉં છું.'

અક્ષયે કહ્યું: 'પણ એ સમાચાર બહુ ઉત્સાહપ્રેરક નથી—એ સાંભળીને તને શાલદુશાલા ઇનામમાં આપવાનું મન થતું નથી.'

પુરબાલાએ કહ્યું: 'હં, હૃદય ફાટી જાય છે—કાં? સહન નથી થતું, નહિ?'

અક્ષયે કહ્યું: 'હું કેવળ આવી રહેલા વિયોગની જ ચિંતા નથી કરતો.—તું બે દિવસ અહીં નહિ હોય,—પણ બીજાં તો બધા રહેશે ને? એટલે સુખેદુ:ખે આ અભાગિયાના દિવસો તો પસાર થઈ જશે. પણ પછી શું? જો, ધર્મકાર્યમાં પતિથી આગળ ન વધી જા,—તને સ્વર્ગમાં ડબલ પ્રમોશન મળશે જ્યારે હું પાછળ રહી જઈશ. તને વિષ્ણુના દૂતો રથમાં બેસાડીને લઈ જશે, અને મને જમના દૂતો મારો કાન પકડીને પગે તગડશે—'

આમ કહી એણે પરજમાં ગાવા માંડ્યું:

સ્વર્ગે તુંને લઈ જાશે વિમાનમાં
મારે પૂંઠે ખોળંગાતા હીડવું,
મને થશે કે વિષ્ણુદૂતની ચોટલી
પકડી એનું માથું ફોડી કાઢવું!

પુરબાલાએ કહ્યું: 'સારું, સારું, રહો!'

અક્ષયે કહ્યું: 'હું થંભી રહું, ને તું જ એકલી ચાલે, એમ ને? ઓગણીસમી સદીની આ વ્યવસ્થા? ખરેખર, તું જાય છે?'

પુરબાલાએ કહ્યું: 'આ ચાલી!'

અક્ષયે કહ્યું: 'મને કોના હાથમાં સોંપીને જાય છે?'



પુરબાલાએ કહ્યું: 'રસિકદાદા હાથમાં.'

અક્ષયે કહ્યું: 'તું સ્ત્રી છે, મિલકત સોંપણીના કાયદાની તમે ખબર નથી. એટલે તો વિરહાવસ્થામાં યોગ્ય હાથની જાતે જ શોધ કરી તેને આત્મસમર્પણ કરવું પડે છે.'

પુરબાલાએ કહ્યું: 'તમારે કંઈ બહુ શોધ કરવી પડવાની નથી.'

અક્ષયે કહ્યું: 'ના, નહિ કરવી પડે.' આમ કહી એણે કાફીમાં ગાવા માંડ્યું:

'કોના હાથમાં મેલું મારા પ્રાણ
એ ચિંતામાં દિવસ પૂરો થાય!
જમણી બાજુ દેખું ત્યારે મન ડાબી બાજુ ઝંખે,
ડાબી બાજુ ફરું ત્યારે મન જમણી બાજુ ખેંચે!

ઠીક, મારે આશ્વાસન લેવાના તો બે-ત્રણ સારા રસ્તા છે પણ તું—

'વિરહ રાતે શું કરવાની?
વિરહ તાપે તું બળવાની!
આમથી તેમ પડખાં ફરવાની!
મન્મથજીને શાપ દેવાની!'

પુરબાલાએ કહ્યું: 'બહુ થયું, તમારી શાયરી બંધ કરો હવે.'

અક્ષયે કહ્યું: 'દુ:ખ વખતે મારાથી રહેવાતું નથી—આપોઆપ કવિતા નીકળવા માંડે છે. પ્રાસવાળી કવિતા ન ગમતી હોય તો પ્રાસ વગરની તૈયાર છે; તારા વિહરમાં હું 'આર્તનાદવધ કાવ્ય' નામે એક કાવ્ય લખીશ. હે સખી, એની શરૂઆત સાંભળો'— આમ કહી હાવભાવ સાથે એણે બોલવા માંડ્યું:

વરાળના રથે ચડી, નારી ચુડામણિ
પુરબાલા ગઈ કાશીપુરી, ત્યારે કેમ કરી,
કેવી રીતે, કોણ વરાંગનાના
કંઠ વિષે ધરી વરમાળા એક માસ લગી
સહ્યો દીર્ઘ વિરહ, એ ત્રણ સાળીવાળા
અક્ષયે? કહો હે દેવી અમૃતભાષિણી!

પુરબાલાએ ગર્વથી કહ્યુંઃ 'મારા સમ ખાઓ, મશ્કરી નથી કરતી. તમે સાચેસાચ કવિતા લખશો ને?'

અક્ષયે કહ્યુંઃ 'સમ ખાવાનું કહેતી હો તો હું કહું કે એ સુખાદ્ય ચીજ નથી. અને કવિતા લખવાની બાબતમાં કહું તો એ કામ મને એટલું સહેલું નથી લાગતું. મારી બુદ્ધિમાં ક્યાંય છિદ્ર પડેલું છે, એટલે કવિતા ટકતી નથી—ફસ ફસ કરતી નીકળી જાય છે.

'જાણે,મારી વાડીમાં કેમ ફૂલ કદી ના ફળે?
કારણ ફૂલ ખીલે કે તરત ધરું ચરણ તળે!

'પણ મારા સવાલનો તો તેં કોઈ જવાબ ન દીધો. અને હું તો કુતૂહલથી મરી જાઉં છું! કાશી જવાનો એકાએક તને આટલો ઉમળકો શાથી થઈ આવ્યો છે? પેલા વિષ્ણુના દૂતને તો મેં મનમાં મનમાં ક્ષમા દીધી, પણ ભગવાન ભૂતનાથ ભવાનીપતિના અનુચરોની ઉપર મને ભારે વહેમ છે. કહે છે કે નંદી અને ભૃંગી ઘણી બાબતમાં મને વટાવી ખાય એવા છે, એટલે પાછી આવતાં કદાચ તને આ ભૂત ન પણ ગમે!'

અક્ષયની મશ્કરીમાં કંઈક ઈર્ષ્યાની જ્વાળા હતી, એની પુરબાલાને ક્યારનીય ખબર પડી ગઈ હતી. વળી કાશી જવાની વાત સાંભળીને શરૂઆતમાં એનામાં જે ઉત્સાહ આવી ગયો હતો, તે જેમ નીકળવાનો દિવસ પાસે આવતો હતો તેમ ઓછો થતો જતો હતો.

તેથી તેણે કહ્યુંઃ 'તો હું કાશી નહિ જાઉં!'

અક્ષયે કહ્યુંઃ 'હેં! શું કહે છે! તો તો ભગવાન ભૂતભાવનનાં જે ભૂતો એક વાર મરીને ભૂત થયાં છે તેમણે ફરી બીજીવાર મરવું પડશે.'

એટલામાં રસિક ત્યાં આવી પહોંચ્યો. એને જોઈ પુરબાલાએ કહ્યુંઃ 'આજે તો રસિકદાદાનું મોં કંઈ હસું હસું થાય છે.'

રસિકે કહ્યુંઃ 'શું કહું? તમારા રસિકદાદાના મોંનો એ રોગ કેમે મટતો નથી. વાત નહિ, ચીત નહિ, ને આખો દિવસ હસ્યા કરવું—પરણેલાં એ જોઈએ દાઝે બળી જાય!'

પુરબાલાએ કહ્યુંઃ 'સાંભળ્યું? હે પરણેલા પુરુષ મહારાજ! આનો જવાબ દો હવે!'



અક્ષયે કહ્યુંઃ 'અમારી પરણેલાંઓની પ્રફુલ્લતાની એ ડોસાને શું ખબર પડે? એ પ્રફુલ્લતા એટલી રહસ્યમય છે કે હજી લગી કોઈ એનો ભરમ ફોડી શક્યું નથી. એનું ઊંડાણ એટલે બધું છે. કે અમે પણ ફાંફાં મારીએ છીએ, પણ કશું હાથમાં આવતું નથી. તેથી કોઈ વખત શંકા થાય છે કે ખરેખર આ તે છે કે નથી!'

પુરબાલાએ 'સમજી' કહી ગુસ્સામાં જવા માટે પગ ઉપાડ્યો.

અક્ષયે તેને પકડીને પાછી વાળી કહ્યુંઃ 'મારા સમ, આ માણસના દેખતાં ગુસ્સો ન કર, નહિ તો એનો પારો ખૂબ ચડી જશે. જુઓ, હે દામ્પત્ય તત્ત્વજ્ઞાનના બિનઅનુભવી વૃદ્ધ! અમે જ્યારે ગુસ્સે થઈએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે જ અમારો કંઠસ્વર પ્રબળ બની જાય છે, અને એ જ તમને સંભળાય છે. પણ જે સ્નેહને લીધે અમારો કંઠ રૂંધાઈ આવે છે. અને કાનમાં મોં નાખતી વખતે મોં ફરીફરી લક્ષ્ય ચૂકી જાય છે, ત્યારે તમને તેની કંઈ જ ખબર પડતી નથી!'

પુરબાલાએ કહ્યુંઃ 'આહ, બસ કરો!'

અક્ષયે કહ્યુંઃ 'જ્યારે ઘરેણાંની નોંધ થાય છે ત્યારે ઘરના ગુમાસ્તાથી માંડીને સોની સુધ્ધાં બધાંને તેની ખબર પડે છે, પણ વસન્તની મધરાતે જ્યારે પ્રેયસી—'

પુરબાલા બોલી ઊઠીઃ 'આહ! બસ કરો.'

અક્ષયે કહ્યુંઃ 'વસન્તની મધરાતે જ્યારે પ્રેયસી—'

પુરબાલાએ કહ્યુંઃ 'આહ—શું બકો છો, કંઈ ભાન છે?'

અક્ષયે કહ્યુંઃ 'વસન્તની મધરાતે જ્યારે પ્રેયસી ફૂંફાડો મારીને કહે છે કે હું કાલે જ મારા બાપને ઘેર જતી રહું છું, એક ઘડી પણ હવે હું અહીં રહેવાની નથી—મારાં હાડ ભાંગી ગયાં—મારા—'

પુરબાલાએ કહ્યુંઃ 'અરે મશાય! ક્યારે તમારી પ્રેયસીએ વસંતની રાતે બાપના ઘેર જવાની હઠ કરી છે એ તો કહો!'

અક્ષયે કહ્યુંઃ 'ઇતિહાસની પરીક્ષા? માત્ર ઘટનાની રચના કરીને નહિ છુટાય? પાછાં સન અને તારીખ સુધ્ધાં મોઢામોઢ બતાવી દેવાં પડશે? હું શું એટલો મોટો પ્રતિભાશાળી છું?'

પુરબાલાની સામે જોઈએ રસિકે કહ્યું: 'સમજ્યાં, બહેન, ચોખ્ખા શબ્દોમાં એ તમારી વાત કહી શક્તા નથી,—એટલી હિંમત ક્યાંથી લાવે?—એટલે ઉલટાવીને બોલે છે. લાડથી ન વળ્યું, એટલે હવે ગાળ દઈને લાડ કરવાં પડે!'

પુરબાલાએ કહ્યું: 'વારુ મલ્લિનાથજી! તમારે હવે વ્યાખ્યા કરવી નહિ પડે. માએ છેવટે તમને સાથે લઈને કાશી જવાનું નક્કી કર્યું છે.'

રસિકે કહ્યું: 'બહુ સરસ! એમાં બીવાનું શું છે? તીરથ કરવાની હવે ઉંમર પણ થઈ છે. હવે તમારા લોકોના લોલ કટાક્ષોની આ વૃદ્ધ પર કશી અસર થવાની નથી.—હવે તો ચિત્ત ભગવાન ચંદ્રચૂડના ચરણમાં—

'મુગ્ધસ્નિગ્ધવિદગ્ધ મુગ્ધમધુરૈર્લોલૈઃ કટાક્ષૈરલમ્ ।
ચેતશ્ચુમ્બતિ ચન્દ્રચૂડચરણધ્યાનામૃતે વર્તતે ॥'

પુરબાલાએ કહ્યું: 'તો તો બહુ સરસ! તમારી ઉપર હું કટાક્ષોનો દુરુપયોગ કરવા ઇચ્છતી નથી—હવે ચંદ્રચૂડ ચરણે સિધાવો—હું માને બોલાવું.'

રસિકે હાથ જોડીને કહ્યું: 'મારાં મોટાં બહેન! તમારી માએ મને સુધારવાનો બહુ પ્રયાસ કર્યો, પરંતુ એવા ખરાબ ચોઘડિયે એ સુધાર-કાર્ય શરૂ થયું છે કે હવે તેમના શાસનનું કશું ફળ આવવાનું નથી. ઊલટું હજીયે મારી બગડવાની ઉંમર છે. એ ઉંમર વિધાતાની કૃપાથી એવી ને એવી રહે છે. લોલ કટાક્ષ શેષ કાળ લગી કામ કરે છે, પરંતુ ઉદ્ધારની ઉંમર હવે વીતી ગઈ છે. તેઓ હમણાં કાશી જાય છે, તો છોને થોડા દિવસ આ બૂઢા બાળકની બુદ્ધિ સુધારવાની દુરાશાનો ત્યાગ કરી શાંતિથી રહેતાં—શું કરવા તમે એમને હેરાન કરો છો?'

એટલામાં જગત્તારિણી ત્યાં આવી પહોંચ્યાં. આવતાં જ એમણે કહ્યું: 'તો બાબા, હું જાઉં છું!'

અક્ષયે કહ્યું: 'શું જાઓ છો, મા? રસિકદાદા હમણાં સુધી દુઃખી થતા હતા કે તમે—'

રસિકે વ્યાકુળ બની કહ્યું: 'મુખુજ્જે મશાય બધી વાતને મશ્કરીએ



ચડાવે છે! મા, મને કઈ દુઃખ નથી,—હું શું કરવા દુઃખી થાઉં?'

અક્ષયે કહ્યું: 'તમે નહોતા કહેતા કહેતા કે મોટાં મા એકલાં કાશી જાય છે, અને મને સાથે લઈ જવાની ના કહે છે?

રસિકે કહ્યું: 'હા, એ તો સાચી વાત છે. મનમાં લાગે તો ખરું ને!—પણ જો માને ખાસ—'

જગત્તારિણીએ કહ્યું: 'ના બાપુ, પરદેશમાં તારા રસિકદાદાને સમાલે કોણ? એમને સાથે રાખવાનું ફાવે નહિ.'

પુરબાલાએ કહ્યું: 'પણ મા, રસિકદાદને સાથે તું લઈ જાય તો એ તને સાચવે કરે ને?'

જગત્તારિણીએ કહ્યું: 'બહુ થયું! મને હવે સાચવવા કરવાની જરૂર નથી. તારા રસિકદાદાની બુદ્ધિનું પારખું થઈ ગયું છે.'

રસિકે ટાલ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: 'તે મા, જેવી મારી બુદ્ધિ છે તેવું તેનું પારખું હમેશાં આપું છું—એને છુપાવી શકતો નથી—પકડાઈ જવું જ પડે છે, અને હું પકડાઈ જાઉં છું. ભાંગેલું પૈડું જ સૌથી વધારે કચૂડ કચૂડ અવાજ કરે છે અને એ ભાગેલું છે એની આખા ગામમાં સૌને ખબર પડે છે. આથી તો, મોટી મા, હું મૂંગો રહેવા માગું છું, પણ તમે બોલાવ્યા વગર ક્યાં છોડો છો?'

પોતાની શિથિલતાને લીધે જે માણસ કોઈ પણ કામ પોતાની ઇચ્છાનુસાર કરી શકતો નથી, એને હમેશાં વઢવા માટે કોઈ જોઈએ છે. રસિકદાદા જગત્તારિણીના બહિસ્થિત આત્મગ્લાનિવિશેષ હતા.

જગત્તારિણીએ કહ્યું: 'તો હું હારાનને ઘેર જાઉં છું. ત્યાંથી સીધી એ લોકોની સાથે ગાડીમાં બેસીશ. આ સિવાય નીકળવાનું બીજું મહૂરત નથી આવતું. પુરો, તમે લોકો તો કોઈ ચોઘડિયાંમાં માનતા કરતા નથી, એટલે વખત થયે તું સ્ટેશને આવી પહોંચજે.'

પોતાનાં દીકરી-જમાઈના અસાધારણ પ્રેમની માને બરાબર ખબર હતી. એટલે પંચાંગની ખાતર એમને વહેલાં છૂટાં પાડવાનો પ્રયત્ન કરવો નકામો છે એવું એ સમજતાં હતાં. પરતું જ્યારે પુરબાલાએ કહ્યું કે 'મા, હું નથી આવવાની' ત્યારે પહેલાં તો એમણે ધાર્યું કે એ અમસ્તી

એમ બોલે છે. કારણ કે પુરબાલાએ ઉપર એમનો ઘણો આધાર હતો. પુરબાલા પોતાની સાથે આવે છે અમે જાણીને એમની બધી ચિંતાઓ ટળી ગઈ હતી. પુરબાલાએ પતિની સાથે ઘણી વખત સિમલા જઈ આવી હતી. એટલે એને મુસાફરીનો મહાવરો હતો. કોઈ પુરુષને સાથે લઈ જવા કરતાં પુરબાલાને સાથે લઈ જવાથી મુસાફરીમાં વધારે સગવડ રહેશે એવી એમને ખાતરી હતી. એટલે એકાએક પુરબાલાએ સાથે આવવાની ના પાડી ત્યારે નિરાશ થઈ જગત્તારિણીએ પોતાના જમાઈની સામું જોયું.

અક્ષય પોતાની સાસુના મનનો ભાવ સમજી જઈને બોલ્યોઃ 'એ તે બને? તું માની સાથે ન જાય તો કેટલી બધી અગવડ પડે એનો વિચાર કર. ઠીક મા, તમે જાઓ, હું એને વખતસર સ્ટેશને લઈને આવું છું.'

જગત્તારિણી નિશ્ચિંત બની નીકળ્યાં.

*

રસિકદાદા ટાલ પસવારતા પસવારતા વિયોગનો ખેદ મોં પર આણવાની કોશિશ કરવા લાગ્યા. એટલામાં શૈલે પુરુષવેશમાં પ્રવેશ કર્યો.

અક્ષયે કહ્યુંઃ 'કેમ મશાય? કોણ છો તમે?'

'જી, મશાય, આપની સહધર્મિણીની સાથે મારે ખાસ નાતો છે.' આમ કહી પુરુષવેશધારી શૈલે અક્ષયની સાથે હાથ મિલાવ્યા.

પછી શૈલે કહ્યુંઃ 'મુખુજ્જે મશાય! ઓળખાણ ન પડી ને?'

પુરબાલાએ કહ્યુંઃ 'ઓ મા! તેં તો હદ કરી! શરમ નથી આવતી?'

શૈલે કહ્યુંઃ 'દીદી, લજ્જા સ્ત્રીઓનું ભૂષણ છે, પણ પુરુષવેશ ધારણ કરવો હોય તો એનો ત્યાગ કરવો પડે છે. તેવી રીતે જો મુખુજ્જે મશાય છોકરીનો વેશ તો શરમથી તેઓ મોં છુપાવશે. કેમ રસિકદાદા બોલતા નથી?'

રસિકે કહ્યુંઃ 'આહ શૈલે! જાણ કિશોર કંદર્પ! જાણે સાક્ષાત કુમાર ભવાનીના ખોળામાંથી ઊઠીને આવ્યો! હમેશાં શૈલ તરીકે એને જોતો આવ્યો છું એટલે આંખો ટેવાઈ ગઈ છે; એ સુન્દરી છે મધ્યમ છે કે સાધારણ છે એ સવાલ પણ કદી મનમાં પેદા થયો નથી,—પણ આજે



એણે વેશબદલો કર્યો છે એટલે એનું રૂપ નીખરી આવ્યું છે. પુરોદિદિ! લજ્જાની ક્યાં વાત કરો છો! મને તો થાય છે કે એને પડખામાં ખેંચી એના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપું!'

પુરબાલા પોતે પણ શૈલનું સુકુમાર સોહામણું પુરુષરૂપ જોઈને મનમાં મનમાં મુગ્ધ થઈ ગઈ હતી. એના મનમાં ઊંડી વેદના થઈ આવી. તેને થયું કે હા! શૈલે અમારી બહેન થવાને બદલે જો ભાઈ થઈને જન્મી હોત તો કેવું સારું! ભગવાને એને આવું રૂપ દીધું, આવી બુદ્ધિ દીધી, પણ બધું નકામું કરી નાખ્યું.'

પુરબાલાની આંખો છલછલ કરતી છલકાઈ આવી.

અક્ષયે સ્નેહભરી ગંભીરતાપૂર્વક એ પુરુષવેશધારિણીને ધારીને જોઈ રહ્યો, પછી બોલ્યોઃ 'સાચું કહું છું, શૈલ! તું જો મારી સાળી હોવાને બદલે, મારો નાનો ભાઈ બની હોત તો હું ખૂબ ખુશી થાત!'

શૈલે જરા વિચલિત થઈને બોલીઃ 'હું પણ ખુશ થાત, મુખુજ્જે મશાય!'

ખરું જોતાં એ બંને ભાઈઓ જેવાં જ હતાં. માત્ર એ ભ્રાતૃભાવની સાથે કૌતુકભર્યો મૈત્રીભાવ ભળેલો હોવાથી એમનો કોમલ સંબંધ ઊજળો બની ગયો હતો.

પુરબાલાએ શૈલને છાતી સરસી ખેંચી કહ્યુંઃ 'આ વેશે તું કુમારસભાની સભાસદ થવા જાય છે?'

શૈલે કહ્યુંઃ 'બીજા વેશમાં જાઉં તો વ્યાકરણનો દોષ છે, દીદી! ખરું કે નહિ, રસિકદાદા?

રસિકે કહ્યુંઃ 'વાત ખરી છે. વ્યાકરણના નિયમ સાચવીને જ હમેશાં ચાલવું જોઈએ. નહિ તો ભગવાન પાણિનિ અને બોપદેવ વગેરેને જન્મ લેવાનું કારણ શું? પરતું ભાઈ, શ્રીમતી શૈલબાલાને ચાપકાન પ્રયત્ન લગાવવાથી શું વ્યાકરણના નિયમનું પાલન થઈ જાય છે?'

અક્ષયે કહ્યુંઃ 'નૂતન મુગ્ધબોધ'માં એવું લખેલું છે. હું લેખ કરી આપું છું કે ચિરકુમારસભાના મુગ્ધ સભ્યોને શૈલે જેમ ભણાવશે તેમ તેઓ ભણશે. એ કુમારોની ધાતુ હું જાણું તો!'

પુરબાલાએ એક દીર્ઘ નિઃશ્વાસ નાખી શૈલને કહ્યું: 'તારા મુખુજ્જે મશાય અને તારા આ બૂઢા સમોવડિયાની સાથે તું તારી રમત શરૂ કર—હું માની સાથે કાશી જાઉં છું.'

પુરબાલાને આવી બધી નિયમ વિરુદ્ધની વાતો ગમતી નહોતી. પરંતુ પોતાના પતિ અને બહેનની વિચિત્ર કૌતુક-લીલમાં વિપેક્ષ નાખવાનુંયે એને ગમતું નહિ. પોતાના પતિસુખનો વિચાર કરતાં એને વિધવા બહેન તરફ અપાર કરુણા અને મમતા પેદા થતાં. એને થતું કે અભાગણી કોઈ રીતે પોતાનું દુઃખ ભૂલી જાય તો સારું!

પુરબાલા સરસામાન ગોઠવવા ગઈ.

એવામાં નૃપબાલા અને નીરબાલાએ ઓરડામાં પ્રવેશ કર્યો, પણ ઊમરામાં પગ દેતાં જ અજાણ્યા પુરુષને જોઈ બંને જરા પાછી ભાગી. પણ નીરે બારણાની પાછળ રહીને ફરી નજર કરી; પછી 'મેજદીદી!' કરતી એ દોડતી આવી, અને બોલી: 'મેજદીદી, તને ગળે લગાડવાનું મન થાય છે, પણ આ ચાપકાન નડે છે. તું કોઈ રૂપકથાના રાજકુમાર જેવી લાગે છે—સાત સાગર પાર કરીને અમારો ઉદ્ધાર કરવા આવી છે.'

નીરબાલાને ધીમેથી વાતો કરતી જોઈ નૃપબાલામાં પણ હિંમત આવી. તે અંદર આવી, ને મુગ્ધ નેત્રે શૈલની સામે જોઈ રહી.

નૃપને પાસે ખેંચી નીરે કહ્યું: 'આમ લોભિયાની પેઠે શું જોઈ રહી છે? તું ધારે છે એવું નથી, એ તારો દુષ્યંત નથી—એ તો આપણી મેજદીદી છે.'

રસિકે કહ્યું: –

'ઇયમધિકમનોજ્ઞા ચાપ્કાનેનાપિ તન્વી ।
કિમિવ હિ મધુરાણાં મણ્ડનં નાકૃતીનામ્ ॥'

અક્ષયે કહ્યું: 'અરે મૂઢ બાલા! તું કેવળ ચાપકાન જોઈને જ મુગ્ધ થઈ ગઈ! ગિલેટ પર આટલો મોહ? અને અહીં આ સો ટચનું સુવર્ણ ઊભું ઊભું નિસાસો નાખી રહ્યું છે!'

નીરબાલાએ કહ્યું: 'આજકાલ સો ટચના સોનાની કિંમત બહુ વધી ગઈ છે, એટલે અમારે તો આ ગિલેટ સારો! ખરું કે નહિ, મેજદીદી!'



આમ કહી એણે શૈલની બનાવટી મૂછોને જરા વળી દીધો.

રસિક પોતાને બતાવીને બોલ્યો: 'આ અસલી સોનું બહુ સસ્તામાં જઈ કહ્યું છે, ભાઈ! હજી કોઈ ટંકશાળમાં એ ગયું નથી, અને કોઈ મહારાણીની એના પર છાપ પણ પડી નથી!'

નીરબાલાએ કહ્યું: 'ભલે તો, એ સોનાનું હું સેજદીદીને દાન કરી દઉં છું.'

આમ કહી એણે રસિકદાદાનો હાથ લઈ નૃપના હાથમાં મૂક્યો.

પછી તેણે નૃપને કહ્યું: 'કેમ, રાજી થઈ ને?'

નૃપે કહ્યું: 'હા, રાજી થઈ.'

આમ કહી એણે રસિકદાદાને એક ખુરશીમાં બેસાડી એના માથાના પાકા વાળ વીણવા માંડ્યા.

નીર શૈલની બનાવટી મૂછોને આમળીને વળ ચડાવવા લાગી.

શૈલે કહ્યું: 'આ શું કરે છે તું? મારી મૂછો ઊખડી જશે.'

રસિક કહ્યું: 'એવી મૂછોને હાથ લગાડીને તારે કામ શું છે, ભાઈ! અહીં આવ, આ મૂછો એમ નહિ ઊખડે.'

નીરબાલાએ કહ્યું: 'પાછા બોલ્યા? તો પછી તમને સેજદીદીના હાથમાં સોંપવાનું કારણ શું? વારુ રસિકદાદા, તમારા માથાના કોઈ કોઈ વાળ હજી કાળા છે, પણ મૂછોના વાળ બધાયે ધોળા થઈ ગયા છે એનું શું કારણ?'

રસિકે કહ્યું: 'કોઈકોઈનું માથું પાકે એ પહેલાં મોં પાકે છે.'

નીરબાલાએ કહ્યું: 'દીદીની સભા કઈ જગાએ ભરાવાની છે. મુખુજ્જે મશાય?'

અક્ષયે કહ્યું: 'મારા બેઠકખાનામાં!'

નીરબાલાએ કહ્યું: 'તો હું એ ઓરડા જરા ઠીકઠાક કરી નાખું.'

અક્ષયે કહ્યું: 'હું એ ઓરડો વાપરતો હતો ત્યાં લગી તો તને કદીયે આવું મન થયું નહિ!'

નીરબાલાએ કહ્યું: 'તમને નોકર ઝડુ આપ્યો તોયે તમને સંતોષ થયો નહિ?'

એટલામાં પુરબાલાએ પ્રવેશ કર્યો ને પૂછ્યુંઃ 'તમારું આ શું ચાલી રહ્યું છે અહીં?'

નીરબાલાએ કહ્યુંઃ 'મુખુજ્જે મશાયની પાસે ભણવા આવી છું, દીદી! પણ કહે છે કે મારો બેઠકખાનાનો ઓરડો તું વાળીઝૂડીને સાફસૂફ કરી આપે તો તને ભણાવું. એટલે હું ને સેજદીદી એ ઓરડો સાફ કરવા જઈએ છીએ. ચાલ, બહેન!

નૃપબાલાએ કહ્યુંઃ 'તને મન થયું છે તો તું જા, હું નહિ આવું.'

નીરબાલાએ કહ્યુંઃ 'વાહ! હું એકલી કામ કરી મરું, ને તું બેઠી એનું ફળ ભોગવે, કાં? એ નહિ બને.' આમ કહી નૃપને પકડીને એ લઈ ગઈ.

પુરબાલાએ કહ્યુંઃ 'સરસામાન બધો બાંધી લીધો છે. હજી ગાડીનો વખત થયો લાગતો નથી.'

અક્ષયે કહ્યુંઃ 'ગાડી ચૂકવી હોય તો હજી ઘણી વાર છે.'

પુરબાલાએ કહ્યુંઃ 'તો ઊઠો, મને સ્ટેશને મૂકવા આવો! જાઉં છું, રસિકદાદા! તમે પાછળ રહ્યા છો, આ બાલબચ્ચાંની જરા સંભાળ રાખજો.'

આમ કહી એણે એમને પ્રણામ કર્યાં.

રસિકે કહ્યુંઃ જરાય ફિકર કરશો નહિ, દીદી! એ બધાં મારાથી એવાં બીએ છે કે ચૂંચાં પણ નહિ કરી શકે.'

શૈલે કહ્યુંઃ 'બહેન, જરા રહે! હું હમણાં આ કપડાં બદલી આવીને તને પ્રણામ કરું છું!'

પુરબાલાએ કહ્યુંઃ 'કેમ? શું કરવા બદલે છે?'

શૈલે કહ્યુંઃ 'ના, બહેન! આ કપડાંમાં હું મને જુદી જ લાગું છું; તને હાથ અડકાડવાનું મન નથી થતું. રસિકદાદા, આ લો મારી મૂછો! જરા સાચવીને રાખજો, ખોવાઈ ન જાય!'



## : ૬ :

શુક્લપક્ષની સાંજ હતી.

શ્રીશ પોતાના ઘરની દખણાદી પરસાળમાં એક મોટા હાથાવાળી આરામખુરશીના બંને હાથા પર બેઉ પગ લાંબા કરીને ચૂપચાપ પડ્યો હતો. ને સિગારેટ ફૂંકતો હતો. બાજુમાં ટિપાઈ ઉપર એક રકાબી હતી. તેમાં કુંદફૂલની માળા હતી. અને કાચના ગ્લાસમાં બરફવાળું શરબત હતું.

એટલામાં પાછળથી વિપિને દાખલ થયો. તેણે પોતાના સ્વાભાવિક પ્રબળ અને ગંભીર અવાજે બૂમ પાડીઃ 'કેમ છો, સંન્યાસી ઠાકુર?'

શ્રીશ તરત જ હાથા પરથી પગ નીચે મૂકી ટટાર થઈને બેઠો, ને ખડખડ હસી પડયો. પછી બોલ્યોઃ 'હજી તું ઝઘડો ભૂલ્યો લાગતો નથી!'

શ્રીશ થોડીવાર પહેલાં જ વિપિનને ઘેર જવાનો વિચાર કરતો હતો. પરતું શરદઋતુની નિર્મળ ચાંદનીના ઘેનમાં એને ઊઠવાનું મન થતું નહોતું. એક રકાબીમાં બરફવાળું શરબત અને કુંદફૂલની માળા માગાવીને તે લાંબો પગ કરીને પડ્યો હતો, અને ચાંદનીધોયા આકાશમાં સિગારેટના ધુમાડા વડે ચિત્રવિચિત્ર કલ્પના-કુંડળીઓ પેદા કરતો હતો.

શ્રીશે કહ્યુંઃ 'ઠીક ભાઈ, શિશુપાલક, તું શું ખરેખર એમ ધારે છે કે હું સંન્યાસી ન થઈ શકું?'

વિપિને કહ્યુંઃ 'કેમ ન થઈ શકે?—પરતું સાથે બોજો ઉપાડનારા ઢગલો ચેલા હોવા જોઈએ.'

શ્રીશે કહ્યુંઃ 'એટલે કોઈ મને ફૂલની માળા ગૂંથી આપે, અને કોઈ બજારમાંથી શરબત અને બરફ માગી લાવે, એમ ને? તે એમાં ખોટુંયે શું છે? જે સંન્યાસ ફૂલ તરફ વૈરાગ્ય રાખવાનું કહે, અને બરફવાળા શરબત તરફ અણગમો કરે તે સંન્યાસને હું બહુ ઊંચા પ્રકારનો સંન્યાસ નથી ગણતો!'

વિપિને કહ્યુંઃ 'સાધારણ ભાષામાં તો સંન્યાસનો અર્થ આવો થાય

છે.'

શ્રીશે કહ્યું: 'જો સાંભળ, તું શું એમ સમજે છે કે ભાષામાં એક શબ્દનો માત્ર એક જ અર્થ થાય છે? એક માણસ સંન્યાસ શબ્દનો જે અર્થ કરે, તે જ અર્થ જો બીજો માણસ પણ કરે, તો પછી મન નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ હસ્તી ધરાવે છે શા માટે?'

વિપિને કહ્યું: 'તારું મન સંન્યાસી શબ્દોનો શો અર્થ કરે છે તે સાંભળવા મારું મન ખૂબ આતુર છે.'

શ્રીશે કહ્યું: 'મારી સમજમાં સંન્યાસીનો વેશ આવો હોવા જોઈએ: ગળામાં ફૂલની માળા, શરીરે ચંદનનો લેપ, કાને કુંડળ અને મુખ પર હાસ્ય! મારા સંન્યાસીનું કામ લોકોનાં ચિત્તનું આકર્ષણ કરવાનું છે. રૂપાળો ચહેરો, મીઠું ગળું અને બોલાવાની છટા—આટલાં વાનાં ન હોય તો સંન્યાસી બનવું નકામું છે. રુચિ, બુદ્ધિ, કાર્યશક્તિ અને પ્રફુલ્લતા એ બધીયે બાબતમાં, મારા સંન્યાસીઓએ ગૃહસ્થોને આદર્શ પૂરો પાડવાનો છે.'

વિપિને કહ્યું: 'અર્થાત્ કાર્તિકોના ટોળાએ મયૂર પર સવારી કરી રાજમાર્ગો પર ફરવા નીકળવું જોઈએ.'

શ્રીશે કહ્યું: 'મયૂર ન મળે તો ટ્રામ ક્યાં નથી? પગે ચાલવામાં પણ વાંધો નથી. કુમારસભા એટલે જ કાર્તિકસભા. પરંતુ કાર્તિક શું કેવળ સુપુરુષ જ હતા? નહિ, તેઓ સ્વર્ગના સેનાપતિ હતા.'

વિપિને કહ્યું: 'લડવા માટે એમને માત્ર બે જ હાથ છે, પણ ભાષણ કરવા માટે ત્રણ જોડી મોં છે.'

શ્રીશે કહ્યું: 'આ ઉપરથી સાબિત થાય છે કે આપણા આર્ય પિતામહો બાહુબલ કરતાં જિહ્‌વાબલને ત્રણગણું બળવાન સમજતા હતાં. હું પણ પહેલવાનીને વીરત્વનો આદર્શ માનતો નથી.'

વિપિને કહ્યું: 'મને ઉદ્દેશીને આ શબ્દો કહેવાતા લાગે છે.'

શ્રીશે કહ્યું: 'માણસને અહંકાર કેવી રીતે પાયમાલ કરે છે તેનો આ પ્રત્યક્ષ દાખલો! તું એમ માની બેઠો છે કે દુનિયામાં તું જ એકલો પહેલવાન છે! તું કળિયુગનો ભીમદેવ છે! ઠીક, તો આવી જા, યુદ્ધમ્



દેહિ! એક વખત વીરત્વની પરીક્ષા ભલે થાય!'

આમ કહી બંને મિત્રોએ થોડીવાર એક બીજાના હાથ પકડી ખોટી ખેંચપકડી કરી. આ વખતે 'ભીમસેન ધૂળ ચાટતો!' કહી વિપિને એકદમ ધબ દઈને શ્રીશની ખુરશીમાં બેસી પડયો, અને હાથા પર બેઉ પગ લાંબા કરી 'ઓહ! ખૂબ તરસ લાગી છે.' કહી શરબત ગટગટાવી ગયો. શ્રીશે એકદમ કુંદફૂલની માળા ઉપાડી લીધી, અને 'પણ વિજયમાળ હું વર્યો છું ' કહી તે ગળામાં નાખી. પછી એક નેતરના મૂડા ઉપર બેસીને એ બોલ્યો: 'ઠીક ભાઈ, સાચું કહેજે, કેટલાક ભણેલાગણેલા માણસો જો આવી રીતે સંસારનો ત્યાગ કરી, ઠાઠમાઠથી, પ્રફુલ્લ અને પ્રસન્ન મુખે ગાતા-ગાતા, ભાષણો આપતા અને વિદ્યાનો વિસ્તાર દેશમાં ખૂણે ખૂણે ફરી વળે તો શું એથી ફાયદો ન થાય?'

આ વિષે વિવાદમાં ઊતરી મિત્રની સાથે ઝઘડો કરવાની વિપિનને ઇચ્છા નહોતી. તેણે કહ્યું: 'આઇડિયા મજાનો છે. એ કબૂલ કરવું પડશે.'

શ્રીશે કહ્યું: 'અર્થાત્ સાંભળવામાં રૂપાળો પણ હકીકતે અસાધ્ય! પણ હું કહું છું કે એ અસાધ્ય નથી, હું એ દષ્ટાન્ત દ્વારા સિદ્ધ કરી આપીશ. ભારતવર્ષમાં સંન્યાસધર્મ નામે એક જબરદસ્ત શક્તિ છે; એની રાખ ખંખેરી નાખીને, એની ઝોળી ફગાવી દઈને, એની જટા મૂંડી નાખીશ એને સૌન્દર્ય અને કર્મનિષ્ઠામાં પ્રતિષ્ઠિત કરવી એ જ ચિરકુમારસભાનો એક માત્ર ઉદ્દેશ છે. છોકરાં ભણાવવા માટે કે દીવાસળીઓ બનાવવા માટે આપણા જેવા માણસોએ ચિરકૌમાર્યવ્રત લીધાં નથી. બોલ, વિપિન, તું મારી વાતને ટેકો આપે છે કે નહિ?'

વિપિને કહ્યું: 'તું કહે છે તેવા સંન્યાસી થવા માટે જેવો ચહેરો જોઈએ, જેવું ગળું જોઈએ, અને જેવો ઠાઠમાઠ જોઈએ—તેવું કશું જ મારી પાસે નથી. તેમ છતાં હું મજૂર બનીને તારી પાછળ પાછળ આવતા તૈયાર છું કારણ કે તું જો કાનમાં સોનાનાં કુંડળ અને આંખે સોનાનાં ચશ્માં પહેરીને ગમે ત્યાં ફરવાનો હોય તો તારે એકાદ ચોકીદારની જરૂર પડવાની—અને એ કામ હું બરાબર કરી શકીશ.'

શ્રીશે કહ્યું: 'પાછી મશ્કરી!'

વિપિને કહ્યું: 'ના ,ભાઈ, મશ્કરી નથી કરતો. સાચું કહું છું કે તારી દરખાસ્તને જો તું અમલમાં મૂકી શકે તો બહુ સારી વાત છે. પરંતુ આવા કોઈ એક સંપ્રદાયમાં જોડાયેલા બધાનાં કર્તવ્ય એકસરખાં હોઈ શકતાં નથી. દરેક જણ પોતપોતાની સ્વાભાવિક શક્તિ પ્રમાણે આમાં સાથ દઈ શકે.'

શ્રીશે કહ્યું: 'વાત તો સાચી. માત્ર એક જ બાબતમાં આપણે ખૂબ મક્કમ રહેવું પડશે—સ્ત્રીજાતિની સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખી નહિ શકાય.'

વિપિને કહ્યું: 'માળા રાખવી છે, ચંદન રાખવું છે, કુંડળ રાખવાં છે, અને આ એક જ બાબતમાં આટલી બધી મક્કમતા શા માટે, ભાઈ?'

શ્રીશે કહ્યું: 'માળા, ચંદન ને કુંડળ રાખીએ છીએ, માટે જ આટલી મક્કમતા રાખવાની જરૂર છે. ચૈતન્યે પોતાના અનુચરોને સ્ત્રીઓનો સંગ ન થઈ જાય એટલા માટે કઠોર નિયમનમાં રાખ્યા હતા. ચૈતન્યનો ધર્મ પ્રેમ અને સૌન્દર્યનો ધર્મ હતો, એટલે તેમને પ્રલાભનોનાં જાળાં ઘણાં હતાં.'

વિપિને કહ્યું: 'ત્યારે તો આમાં ભય પણ છે!'

શ્રીશે કહ્યું: 'મારા પોતાના માટે તો મને લગીરે ભય નથી. હું મારા મનને દુનિયાનાં અનેકવિધ સૌન્દર્યોમાં વ્યાપ્ત કરી રાખું છું કોઈની તાકાત નથી કે મને કોઈ જાળમાં ફસાવે. પરંતુ તમે લોકો દિનરાત ક્રિકેટ, ટેનિસ ને ફૂટબોલમાં રચ્યાપચ્યા રહો છો,—તમે જો કોઈવાર ગબડ્યા તો તમે ને તમારાં બેટબોલ ને ગિલ્લીડંડા બધાંની કચ્ચર બોલી જશે.'

વિપિને કહ્યું: 'ઠીક ભાઈ, વખત આવે જણાશે.'

શ્રીશે કહ્યું: 'આ શબ્દો બરાબર નથી. વખત નહિ આવે, હું વખતને નહિ આવવા દઉં. વખત કંઈ રથમાં ચડીને નથી આવતો—આપણે તેને આપણી બોચી પર ચડાવીને લઈ આવીએ છીએ—પરંતુ તું જે વખતના આવવાનું કહે છે તેણે વાહનના અભાવે પાછું ફરવું પડશે.'

એટલામાં પૂર્ણે ત્યાં પ્રવેશ કર્યો, તેને જોઈએ બંને જણ બોલી ઊઠ્યા: 'આવો, પૂર્ણબાબુ!'



વિપિને તેને માટે આરામખુરશી ખાલી કરી. પોતે બીજી ખુરશીમાં બેઠો. પૂર્ણની સાથે વિપિન અને શ્રીશને એવો ગાઢ પરિચય નહોતો, એટલે બંને એની સાથે જરા વધારે માનપૂર્વક વર્તતા.

પૂર્ણે કહ્યું: 'અહીં ચાંદનીની ફૂલગૂંથણી તો બહુ મજાની કરી છે! વચમાં વચમાં થાંભલાઓની છાયા વડે ખૂબ ઠાઠ કર્યો છે!'

શ્રીશે કહ્યું: 'અગાશીમાં ચાંદનીની ફૂલગૂંથણી કરવી વગેરે અજાયબી ભરેલાં કામો કરવાની શક્તિ મારામાં જન્મ પહેલાંની છે. પરંતુ જુઓ પૂર્ણબાબુ, પેલું દીવાસળીઓ બનાવવા કરવાનું મને જરીકે ગમતું નથી.'

પૂર્ણે ફૂલની માળા સામે જોઈ કહ્યું: 'તો સંન્યાસધર્મ તરફ તમારું ખૂબ મન છે?'

શ્રીશે કહ્યું: 'એ જ વાત ચાલતી હતી. પહેલાં તો કહો કે સંન્યાસ ધર્મ તમે કોને કહો છો?'

પૂર્ણે કહ્યું: 'જે ધર્મમાં દરજી, ધોબી કે હજામ કોઈની મદદ લેવી પડતી નથી, વણકરનું બિલકુલે કામ પડતું નથી, પિયર્સ સોપની જાહેર ખબર તરફ જોવું પણ પડતું નથી—'

શ્રીશે કહ્યું: 'અરે છટ્! એ સંન્યાસધર્મ તો ક્યારનોય ઘરડો થઈને મરી પરવાર્યો—હવે નવીન સંન્યાસી નામનો નવો સંપ્રદાય ઊભો કરવાનો છે—'

પૂર્ણે કહ્યું: 'વિદ્યાસુન્દર નાટક'માં એક નવીન સંન્યાસી આવે છે: એ દૃષ્ટાંત સારું છે. પરંતુ એ ચિરકુમારસભાના નિયમ પ્રમાણે ચાલતો નથી.'

શ્રીશે કહ્યું: 'ચાલતો હોત તો એ યોગ્ય દૃષ્ટાંત ગણાત. ઠાઠમાઠમાં અને બોલવા-ચાલવામાં સુન્દર અને સુનિપુણ થવું પડે—'

પૂર્ણે કહ્યું: 'માત્ર રાજકન્યાની સામે નજર કરવાની નહિ—એમ ને? વગર દોરાની માળા ગૂંથવાની, પણ એ માળા પહેરાવવાની કોના ગળામાં?'

શ્રીશે કહ્યું: 'સ્વદેશના ગળામાં! વાત જરા ઊંચી કક્ષાની થઈ

ગઈ—પણ શું થાય? માલિની માસી અને રાજકુમારી (વિદ્યાસુંદર' નામે બંગાળી ગીત-નાટકનાં પાત્રો)ને માટે બારણાં બંધ છે. પરંતુ મશ્કરી નથી કરતો, પૂર્ણબાબુ—'

પૂર્ણે કહ્યું: 'મશ્કરી હોય એવું જરાયે નથી લાગતું—ખૂબ કઠોર વાત છે, બિલકુલ સૂકી ને નીરસ!,

શ્રીશે કહ્યું: 'આપણી ચિરકુમારસભામાંથી એવો સંન્યાસી સંપ્રદાય ઊભો કરવો પડશે, કે જે રુચિ, શિક્ષણ અને કર્મની બાબતમાં તમામ ગૃહસ્થોના આદર્શ રૂપ બની રહે. એ સંન્યાસીઓ સંગીત વગેરે લલિત કલાઓમાં અજોડ હશે, અને લાઠી તલવાર ખેલવામાં, ઘોડેસવારી કરવામાં તથા બંદૂક લઈને નિશાનબાજી કરવામાં પાવરધા હશે—'

પૂર્ણે કહ્યું: 'ટૂંકમાં મનોહરણ અને પ્રાણહરણ બંને કર્મમાં મજબૂત હશે, પુરુષ દેવી ચૌધરાણીઓ (બંકિમબાબુની એ નામની એક નવલકથાની નાયિકા) સમજી લો!"

શ્રીશે કહ્યું: 'બંકિમબાબુએ પહેલથી જ મારો આઇડિયા ચોરી લીધેલો છે—પરંતુ એને અમલમાં મૂકી હવે આપણે એને આપણે પોતાનો કરી લેવો જોઈશે.'

પૂર્ણે કહ્યું: 'પ્રમુખ સાહેબ શું કહે છે?'

શ્રીશે કહ્યું: 'એમને કેટલા દિવસ લગી મેં સમજાવ સમજાવ કર્યું ત્યારે હવે મારા મતના થયા છે. પરંતુ હજી તેમણે એમની દીવાસળીને છોડી નથી. તેઓ કહે છે કે સંન્યાસીઓએ ખેતીવાડી વગેરે જ્ઞાન મેળવીને ગામેગામ ખેડૂતોને શીખવતા ફરવું, એક એક રૂપિયાના શેરની એક બેંક ખોલી, દરેક મોટા ગામમાં નવા ધોરણ ઉપર એકેક દુકાન શરૂ કરવી, અને આખા હિંદુસ્તાનમાં ચારે ખૂણે વેપારની જાળ બિછાવી દેવી. તેઓ ખૂબ ઉત્સાહથી વાત કરે છે!'

પૂર્ણે કહ્યું: 'વિપિનબાબુનો શો મત છે?'

વિપિનના મત પ્રમાણે શ્રીશની આ કલ્પના અવ્યવહારુ હતી, પરંતુ શ્રીશની તમામ ઘેલછાઓ તરફ એ સ્નેહની નજર જોતો હતો. વિરોધ કરીને શ્રીશનો ઉત્સાહ તોડી પાડવાનું એને કદી મન થતું નહિ.



તેણે કહ્યું: 'જો કે હું મને પોતાને શ્રીશના નવીન સંન્યાસી સંપ્રદાયનો પુરુષ સમજતો નથી, પરંતુ સંઘ રચાતો હોય તો હું પણ સંન્યાસી થવા તૈયાર છું '

પૂર્ણે કહ્યું: 'પણ થવામાં ખરચનો સવાલ છે, મશાય! એકલી લંગોટીથી કામ નથી પતવાનું—અંગદ, કુંડળ, આભરણ, કુંતલીન ઓટો દિલખુશ—'

શ્રીશે કહ્યું: 'પૂર્ણબાબુ, તમે મશ્કરી કરો કે ગમે તે કરો, પણ ચિરકુમારસભા, હું કહું છું એવી સંન્યાસીસભા જ થશે. એક તરફ આપણે કઠોર આત્મત્યાગ કરશું, અને બીજી તરફ મનુષ્યત્વના કોઈ પણ ઉપરકણથી આપણને વંચિત નહિ રાખીએ—આપણે કઠિન શૌર્ય અને લલિત સૌન્દર્ય બંનેનું સમાન ભાવે વરણ કરશું. એ કઠોર સાધનામાંથી ભારતવર્ષમાં નવયુગનો પ્રાદુર્ભાવ થશે—'

પૂર્ણે કહ્યું: 'સમજ્યો, શ્રીશબાબુ! પરંતુ સ્ત્રી શું મનુષ્યત્વનું એક મુખ્ય ઉપરકણ નથી ગણાતી? તેની ઉપેક્ષા કરવાથી લલિત સૌન્દર્ય પ્રત્યે જે સમાદર રાખવો જોઈએ તે રહેશે? એ વિષે શો વિચાર કર્યો?'

શ્રીશે કહ્યું: 'નારીનો એક મોટો દોષ એ છે કે એ નરજાતિને લતાની પેઠે વળગી રહેવાનું કરે છે. જો એનો વળગી પડવાનો ભય ન હોત, જો એને સાચવવા છતાં આપણી સ્વતંત્રતાને સાચવી શકાતી હોત તો કંઈ વાંધો નહોતો. એટલે જ્યારે જીવન સમર્પણ કરવાની વાત છે ત્યારે તેમાં આડે આવતાં તમામ વિઘ્નો દૂર કરવાં જ પડે. પાણિગ્રહણ કરવા જઈએ તો પોતાના પાણિને પણ બંધનમાં નાખવા પડે! એ ન ચાલે, પૂર્ણબાબુ!'

પૂર્ણે કહ્યું: 'ગભરાતા નહિ, ભાઈ! હું મારા શુભ લગ્નમાં તમને નોતરું દેવા નથી આવ્યો. પરંતુ જરા વિચાર તો કરી જુઓ. મનુષ્યજન્મ ફરી મળશે કે નહિ તેની શંકા છે,—છતાં હૃદયને જીવનભર જે પિપાસાથી આપણે તરસે મારવાનું કરીએ છીએ, તે પિપાસાની ખોટ પૂરે એવું આપણને બીજે ક્યાંય કંઈ મળવાનું છે ખરું! મુસલમાનોના સ્વર્ગમાં હૂરીએ છે, હિંદુના સ્વર્ગમાં પણ અપ્સરાઓની ખોટ નથી, તો

શું ચિરકુમારસભાના સ્વર્ગમાં પ્રમુખ સાહેબ અને સભ્ય મહાશયોના કરતાં વધારે રૂડું ને રૂપાળું કંઈ મળવાનું ખરું કે નહિ?'

શ્રીશે કહ્યું: 'પૂર્ણબાબુ! આ તમે શું બોલો છો? તમે તો—'

પૂર્ણે કહ્યું: 'બીતો નહિ, ભાઈ, હજી હું મરણિયો નથી થયો. પણ હું પૂછું છું તારી આ અગાશી ભરેલી ચાંદની અને આ ફૂલની ગંધ શું કૌમાર્યવ્રત સાચવવામાં મદદ કરવા માટે પેદા થયેલાં છે? કોઈ કોઈ વખત મનમાં જે વરાળ ભેગી થાય છે. એ બહાર ઠાલવી કાઢવી એને હું સારું સમજું છું એને જોર કરીને દબાવી રાખી મન મનાવતા જતાં કોઈ વાર ચિરકૌમાર્યવ્રતનું લોઢાનું બોઈલર ફાટી જવાનો સંભવ છે. ગમે તે હોય, પણ જો તમે સંન્યાસી થવાનું જ નક્કી કરો તો હું પણ એમાં સાથ આપીશ—પરંતુ અત્યારે તો હવે ગમે તે ઉપાયે સભાને બચાવ્યા વગર નહિ ચાલે!'

શ્રીશે કહ્યું: 'કેમ? શું થયું છે?'

પૂર્ણે કહ્યું: 'અક્ષયબાબુ આપણી સભાને બીજે ખસેડવાનું કરે છે એ મને સારું લાગતું નથી.'

શ્રીશે કહ્યું: 'સંદેહ ચીજ નાસ્તિકતાની છાયા છે. બગડી જશે, ભાંગી જશે, નાશ પામશે એવા બધા વિચારોને હું કોઈ પણ સંજોગોમાં મનમાં ઘૂસવા દેતો નથી. સારું જ થવાનું છે—જે થાય છે તે સારું જ થાય છે—ચિરકુમારસભાનું ઉદાર વિશાળ ભાવિ હું મારી આંખો સામે પ્રત્યક્ષ જોઉં છું. અક્ષયબાબુ સભાને એક જગાએથી બીજી જગાએ લઈ જઈને સભાનું શું અનિષ્ટ કરી શકવાના છે? કારણ કે ગલીના એક ઘેરથી બીજે ઘેર નહિ, પણ આપણે તો આ દેશમાં ગામે ગામે, વાટે ઘાટે ને દેશે દેશે ફરવાનું થશે. માટે સંદેહ, શંકા, ઉદ્વેગ, બધું મનમાંથી કાઢી નાખો, પૂર્ણબાબુ! વિશ્વાસ અને આનંદ વગર કોઈ પણ મોટું કામ થતું નથી.'

પૂર્ણ કંઈ પણ બોલ્યા વગર બેસી રહ્યો. વિપિને કહ્યું: 'થોડા દિવસ જોઈએ—જો કંઈ અગવડનું કારણ જણાશે તો સ્વસ્થાને પાછા આવતા રહીશું—આપણી આ અંધારી કોટડી કોઈ ગળી જવાનું નથી!'



હાય, પૂર્ણની હૃદયવેદના શું કોઈ નહિ સમજે?

એટલામાં ઓચિંતાના ચંદ્રમાધવબાબુએ હાંફળાફાંફળા પ્રવેશ કર્યો: ત્રણે જણ તેમને જોઈ માનપૂર્વક ઊભા થઈ ગયા.

ચંદ્રબાબુએ કહ્યું: 'જુઓ, હું પેલી વાતનો વિચાર કરતો હતો—'

શ્રીશે કહ્યું: 'બેસો.'

ચંદ્રબાબુએ કહ્યું: 'નહિ, નહિ, હું નહિ બેસું. હું હમણાં જ જાઉં છું. હું એમ કહેતો હતો કે સંન્યાસવ્રતને માટે આપણે અત્યારથી જ તૈયાર થવું પડશે. કોઈ અકસ્માત થાય તો શું કરવું, અથવા સાધારણ તાવતરિયો હોય તો શું કરવું એ આપણે શીખવું પડશે—એટલે દાક્તર રામરતનબાબુ દર રવિવારે આ વિષે આપણી આગળ બે કલાક ભાષણ કરે એવી હું ગોઠવણ કરી આવ્યો છું.'

શ્રીશે કહ્યું: 'પણ એમ કરવાથી મોડું નહિ થાય?'

ચંદ્રબાબુએ કહ્યું: 'મોડું તો થશે જ, કામ પણ કંઈ સહેલું થોડું જ છે? આટલું જ બસ નથી, આપણે થોડું ઘણું કાયદાનું જ્ઞાન પણ મેળવવું જરૂરી છે. લોકોને અન્યાય અને અત્યાચારોમાંથી બચાવવા, અને કોનો કેટલો અધિકાર છે તે ખેડૂતોને સમજાવવાનું આપણું કર્તવ્ય છે.'

શ્રીશે કહ્યું: 'ચંદ્રબાબુ! બેસો!'

ચંદ્રબાબુએ કહ્યું: 'ના, શ્રીશબાબુ, બેસવાનો વખત નથી, હું બહુ કામમાં છું. બીજું પણ એક કામ આપણે કરવાનું છે—બળદ ગાડી, પીંજણ, શાળ વગેરે આપણાં દેશી સાધનો બહુ જ કામનાં છે, પણ એ બધાંને આપણે જરાતરા સુધારવાનાં છે; અને એ રસ્તાં, ટકાઉ તથા વધારે કામ આપનારાં બને એવો આપણે પ્રયાસ કરવાનો છે. આ ઉનાળાની રજાઓમાં કેદારબાબુના કારખાનામાં જઈને દરરોજ આપણે આ બાબતમાં પ્રયોગો કરવા પડશે.'

શ્રીશે કહ્યું: 'ચન્દ્રબાબુ! આપ ક્યારના ઊભા છો—' આમ કહી એ ખુરશી આગળ લાવ્યો, પણ ચંદ્રબાબુએ કહ્યું: 'ના, ના, મારે બહુ કામ છે, હું હમણાં જ જાઉં છું. દેખો, મારો મત એવો છે કે આ બધી ગામડાગામની રોજની ઉપયોગી ચીજોમાં જો આપણે સુધારો કરી

શકીએ તો એથી ખેડૂતોના મનમાં જેવું આંદોલન પેદા થઈ જશે, તેવું મોટા મોટા સુધારા કરવાથી પણ નહિ થાય. એમની એ જૂના જમાનાની ઘાણી અને શાળમાં જો આપણે જરાક જ પરિવર્તન કરી શકીશું તો એમનું આખું મન એકદમ જાગ્રત બની જશે, અને ધરતી એક જગાએ ઊભેલી નથી, એવું એ લોકો તરત સમજી જશે.'

શ્રીશે કહ્યું: 'ચંદ્રબાબુ! નહિ બેસો?'

ચંદ્રબાબુએ કહ્યું: 'નહિ, રહેવા દો! જરા વિચાર તો કરી જુઓ, આટલા બધા વખતથી આપણે તાલીમ લેતા આવ્યા છીએ પણ આપણી એ તાલીમની શરૂઆત આ ઘાણી અને શાળથી જ થવી જોઈતી હતી. મોટાં મોટાં કારખાનાંની વાત તો દૂર રહી, પણ ઘરની અંદર પણ આપણી જાગ્રત દૃષ્ટિ પડી નહિ. જે ચીજ આપણી સામે જ પડી છે તેની સામે આપણે નજર કરીને પૂરું જોયું પણ નહિ, કે તે વિષે કંઈ વિચાર પણ કર્યો નહિ, જેમ હતું તેમ જ બધું રહ્યું. માણસ આગળ વધે પણ તેનો સરસામાન પાછળ રહી જાય—એ કેમ ચાલે? આપણે પડેલા જ છીએ, અંગ્રેજ આપણને પોતાના ખંધોલે ચડાવી લઈ જાય છે. પણ સરસામાનને એ આગળ થવાનું કહેતા નથી. આપણી સાધારણ ગ્રામ્ય જીવનયાત્રાનું ગાડું ગામડાગામના કીચડવાળા રસ્તામાં ફસાઈ પડેલું છે; આપણા સંન્યાસીઓએ એ ગાડાના પૈડાને ઠેલવાનું છે.—એંજિનગાડી ચલાવવાની હોંશ હમણાં રહેવા દો. કેટલા વાગ્યા, શ્રીશબાબુ?'

શ્રીશે કહ્યું: 'સાડા આઠ વાગ્યા છે.'

ચંદ્રબાબુએ કહ્યું: 'તો હું જાઉં છું. પણ આ હું કહેતો જાઉં છું કે આપણે હવે બીજી બધી વાતો છોડીને નિયમિત તાલીમમાં લાગી જવાનું છે. અને—'

પૂર્ણે કહ્યું: 'આપ જો ઘડી બેસો, ચંદ્રબાબુ, તો મારે એક બે વાત કહેવાની છે.'

ચંદ્રબાબુએ કહ્યું: 'નહિ, મને અત્યારે વખત નથી.—'

પૂર્ણે કહ્યું: ' લાંબી વાત નથી કહેવાની; મારે માત્ર એટલું કહેવાનું છે કે આપણી સભા—'



ચંદ્રબાબુએ કહ્યું: 'આપણે એ વિષે કાલે વાત કરીશું, પૂર્ણબાબુ!'

પૂર્ણે કહ્યું: 'પણ કાલે તો સભા ભરાવાની છે—'

ચંદ્રબાબુએ કહ્યું: 'ઠીક, તો પરમદહાડે. મને અત્યારે વખત નથી—'

પૂર્ણે કહ્યું: 'જુઓ, અક્ષયબાબુએ જે—'

ચંદ્રબાબુએ કહ્યું: 'પૂર્ણબાબુ, મને માફ કરો, આજે બહુ મોડું થઈ ગયું છે. અરે, પણ એક વાત તો કહેવાની ભૂલી જ ગયો. આપણી ચિરકુમારસભા જો ધીમે ધીમે વિસ્તૃત થાય, તો આપણા બધા જ સભ્યો કંઈ સંન્યાસી બનીને નીકળી શકશે નહિ એટલે એના બે વિભાગ રાખવા પડશે—'

પૂર્ણે કહ્યું: 'સ્થાવર અને જંગમ.'

ચંદ્રબાબુએ કહ્યું: 'નામ ગમે તે આપજો. વળી અક્ષયબાબુએ પેલે દિવસ આપણને એક વાત કરી હતી તે પણ વિચારવા જેવી લાગે છે. તેઓ કહેતા હતા કે ચિરકુમારસભાની સાથે સાથે એક બીજી સભા રાખવી જોઈએ, જેમાં પરણેલા કે પરણવાનો સંકલ્પ ધરાવનારા લોકોને દાખલ કરી શકાય. કારણ કે ગૃહસ્થોનું પણ દેશ પ્રત્યે કંઈક કર્તવ્ય હોય છે. દરેક જણે પોતપોતાની શક્તિ પ્રમાણે કોઈ ને કોઈ દેશસેવાની પ્રવૃત્તિમાં જોડાવું પડશે. આ થયું સાધારણ વ્રત. આપણો એક સંઘ કુમારવ્રત ધારણ કરી દેશદેશમાં વિચરણ કરે, એક સંઘ કુમારવ્રત ધારણ કરી એક જ જગાએ સ્થાયી થઈને રહે અને કામ કરે અને સંઘ ગૃહસ્થોનો હોય—તે પોતપોતની રુચિ અને શક્તિ પ્રમાણે કોઈ પણ ઉપયોગી કામમાં પડીને દેશ પ્રત્યેનું પોતાનું કર્તવ્ય બજાવે. જેઓ પ્રવાસી સંઘમાં જોડાશે તેમણે નકશા બનાવવાનું કામ, જમીન માપવાનું કામ, વનસ્પતિવિદ્યા, પ્રાણીશાસ્ત્ર વગેરે અનેક વિદ્યાઓનો અભ્યાસ કરવો પડશે,—તેઓ જે દેશમાં જશે ત્યાંની તમામ સૂક્ષ્મમાં સૂક્ષ્મ હકીકતોનો સંગ્રહ કરશે. આ રીતે ભારતવાસીઓ દ્વારા ભારતનું ખરેખરું વિવરણ ભાષાબદ્ધ કરવાનો પાયો નખાશે—હંટર સાહેબની ઉપર આધાર રાખીને બેસી રહેવું નહિ પડે—'

પૂર્ણે કહ્યું: 'ચંદ્રબાબુ, જરા બેસો તો એક વાત—'

ચંદ્રબાબુએ કહ્યું: 'ના—હું શું કહેતો હતો? હં—હું કહેતો હતો કે જ્યાં જ્યાં આપણે જઈશું ત્યાં ત્યાં આપણે ઐતિહાસિક દંતકથાઓ અને જૂની પોથીઓ ભેગી કરવાનું કામ કરીશું—શિલાલેખો અને તામ્રલેખો પણ ભેગા કરવા પડશે—આ હેતુથી પ્રાચીન લિપિઓનો પણ આપણે પરિચય કરી લેવાની જરૂર છે.'

પૂર્ણે કહ્યું: 'એ બધી તો પછીની વાતો છે. પણ હમણાં—'

ચંદ્રબાબુએ કહ્યું: 'નહિ, નહિ, હું એમ નથી કહેતો કે આપણે બધાએ બધી વિદ્યાઓ શીખવાની છે; તો તો કોઈ કાળે એનો અંત ન આવે. પોતપોતાની અભિરુચિ પ્રમાણે આપણે કોઈ એક, તો કોઈ બે-ત્રણ વિદ્યાઓ શીખી લેશું—'

શ્રીશે કહ્યું: 'પરંતુ એમાંયે—'

ચંદ્રબાબુએ કહ્યું: 'ધારો કે પાંચ વરસ જશે. પણ પાંચ વરસે આપણે તૈયાર થઈને નીકળી શકીશું ને! જિંદગીભરનું વ્રતે લેનારાઓને માટે પાંચ વરસનો હિસાબ શો છે? વળી આ પાંચ વરસમાં જ આપણી પરીક્ષા થઈ જશે—જેઓ ટકી રહેશે તેમને વિષે પછી કોઈ જ સંદેહ રહેશે નહિ.

પૂર્ણે કહ્યું: 'પણ જુઓ, આપની સભાનું સ્થળ બદલવામાં આવે છે—'

ચંદ્રબાબુએ કહ્યું: 'નહિ, પૂર્ણબાબુ! આજે મને જરાય વખત નથી, હું ખૂબ જ કામમાં છું. પૂર્ણબાબુ! હમણાં હું જ કહી ગયો તે ઉપર બરાબર વિચાર કરી જોજો! ઉપલક નજરે કામ અસાધ્ય લાગવાનો સંભવ છે, પણ એ અસાધ્ય નથી. દુ:સાધ્ય છે, પણ દરેક દરેક સારું હમેશાં દુ:સાધ્ય હોય છે. આપણને જો ફક્ત પાંચ જ દૃઢ પ્રતિજ્ઞાવાળા માણસો મળી જાય તો આપણે એવું કામ કરીશું જે હંમેશને માટે આખા ભરતખંડને ઢાંકી દેશે!'

શ્રીશે કહ્યું: 'પણ હમણાં તમે કહેતા હતા તે બળદ ગાડીનાં પૈડાં વગેરે નાની નાની બાબતો—'

ચંદ્રબાબુએ કહ્યું: 'ખરું છે, એ કામોને પણ ઓછાં અગત્યનાં



ગણી હું એની ઉપેક્ષા કરતો નથી—અને મોટાં કામને પણ અસાધ્ય સમજી હું ડરતો નથી—'

પૂર્ણે કહ્યું: 'પરંતુ સભાની બેઠક વિષે—'

ચંદ્રબાબુએ કહ્યું: 'એ બધી વાતો કાલે થશે, પૂર્ણબાબુ! આજે તો હું બહુ કામમાં છું, જાઉં છું.'

આમ કહી ચંદ્રબાબુ ઝડપથી જતા રહે છે.

વિપિને કહ્યું: 'ભાઈ શ્રીશ, કેમ કાંઈ બોલતો નથી? એક દારૂડિયાને દારૂ ચડ્યો જોઈ બીજાનો દારૂ ઊતરી જાય છે, તેમ ચંદ્રબાબુના ઉત્સાહે તને ઠંડો પાડી દીધો લાગે છે!'

શ્રીશે કહ્યું: 'ના રે, આ બધી વિચારવા જેવી બાબતો છે. તું ઉત્સાહ કોને કહે છે? બહુ બોલ બોલ કરીએ એને? ના, હમેશાં એવું હોતું નથી. કોઈ વખત ઉત્સાહને લીધે જ માણસ એકદમ ચૂપ થઈ જાય છે. એ ઉત્સાહ બહુ ભયંકર હોય છે.'

વિપિને કહ્યું: 'પૂર્ણબાબુ, કેમ એકદમ નાસો છો?'

પૂર્ણે કહ્યું: 'પ્રમુખસાહેબને રસ્તામાં પકડી પાડવા જાઉં છું. રસ્તે જતાં જતાં જો મારી કંઈ વાત સાંભળે તો મારું નસીબ!'

વિપિને કહ્યું: 'એથી ઊલટું જ થશે. થોડું ઘણું કહેવાનું અહીં બાકી રહી ગયું હશે તે હવે તને સંભળાવવા માંડશે, ને એમ કરતાં કરતાં ક્યાં જવાનું છે તે જ ભૂલી જશે!'

એટલામાં વનમાળીએ પ્રવેશ કર્યો. આવતાં જ એણે બોલવા માંડ્યું: 'મજામાં ને, શ્રીશબાબુ? વિપિનબાબુ, મજામાં ને? ઓહો! પૂર્ણબાબુ પણ અહીં છે ને! સારું થયું! કેટલી મહેનત કુમારટુલીવાળી પેલી બે કન્યાઓને મેં રોકી રાખી છે.'

શ્રીશે કહ્યું: 'પણ અમને તમે રોકી રાખી શકવાના નથી. નહિવર અમે કંઈ ગુરુતર બેસશું—'

પૂર્ણે કહ્યું: 'શ્રીશબાબુ, બેસો! મારે જરા કામ છે. જાઉં છું.'

વિપિને કહ્યું: 'એ કરતાં તમે બેસો એ ઠીક છે, પૂર્ણબાબુ! તમારું કામ અને બે જણા સાથે જઈને કરી આવીશું.'

પૂર્ણે કહ્યું: 'એના કરતાં આપણે ત્રણે જઈએ તો સારું.'

વનમાળીએ કહ્યું: 'તમે લોકો બહુ કામમાં લાગો છો. ઠીક, તો હું ફરી કોક વખત આવીશ.'



## : ૭ :

ચંદ્રમાધવબાબુએ બૂમ મારી: 'નિર્મલ!'

'શું છે મામા! જવાબ મળ્યો, પણ એ જવાબમાં ઉત્સાહ નહોતો.

ચંદ્રબાબુની જગાએ બીજો કોઈ હોત તો એને તરત ખબર પડી જાત કે જરૂર કંઈકેક ગરબડ છે.

'નિર્મલ! મારા ગળાનું બટન નથી જડતું!'

'આટલામાં જ ક્યાંક હશે.'

આવા બિનજરૂરી અને સંદિગ્ધ સંવાદથી કોઈને કંઈ લાભ થતો નથી, તો પછી ક્ષીણ દૃષ્ટિવાળા ચંદ્રબાબુને શી રીતે થવાનો હતો? પરિણામે આ સંવાદથી અદશ્ય બટન સંબંધમાં એમને કંઈ જ નવું જ્ઞાન મળ્યું નહિ, પરંતુ નિર્મલાના મનની અવસ્થા વિષે ઘણો પ્રકાશ પડ્યો. પરંતુ પ્રોફેસર ચંદ્રમાધવબાબુની દૃષ્ટિશક્તિ એ ક્ષેત્રમાં પણ જોઈએ તેવી પ્રખર નહોતી.

તેમણે હમેશના નિશ્ચિંત અને વિશ્વાસુ ભાવે કહ્યું: 'જરા શોધી આપ તો બેટી!'

નિર્મલાએ કહ્યું:'તમે કઈ ચીજ ક્યાં નાખી દો છો, હું કેવી રીતે શોધી આપું?'

હવે ચંદ્રબાબુના સ્વાભાવિક નિ:શંક મનમાં શંકાનો પ્રવેશ થયો. તેમણે સ્નેહાળ સ્વરે કહ્યું: 'તારા વગર કોણ શોધી આપે, નિર્મલ? મારી ભૂલો ખમી ખાવાની તારામાં ધીરજ છે એટલી બીજા કોનામાં છે?'

નિર્મલાની રૂંધાયેલી રીસ, ચંદ્રબાબુનો મમતાળુ કંઠસ્વર સાંભળી આંસુરૂપે ગળવા માંડી, મૂગી મૂગી તે આંસુ ખાળવાનો પ્રયત્ન કરવા લાગી.

નિર્મલાને નિરુત્તર જોઈ ચંદ્રમાધવબાબુ એની પાસે ગયાં, અને જેમ ખોટી સોનામહોરની પરીક્ષા આંખોની છેક પાસે રાખીને કરવી પડે, તેમ નિર્મલાનું મોં બે આંગળીઓ વડે ઊંચું કરી તેઓ થોડીવાર નિહાળી રહ્યા, પછી ગંભીરતાપૂર્વક મંદ હાસ્ય કરીને બોલ્યા: 'નિર્મલ

આકાશમાં મલિનતા દેખાય છે. શું થયું છે. કહે જોઉં?'

નિર્મલા જાણતી હતી કે ચંદ્રમાધવબાબુ અનુમાન કરવાનો પ્રયત્ન પણ કરવાના નથી. જે ચોખ્ખેચોખ્ખું દેખાય નહિ તેને તેઓ પોતાના મનમાં કદી સ્થાન આપતા જ નહિ. મારું પોતાનું મન જેમ છેક તળિયા સુધી સ્વચ્છ છે તેમ બીજાનું પણ હોવું જોઈએ એમ તેઓ માનતા હતા.

નિર્મલાએ ક્ષોભ પામી કહ્યુંઃ 'હવે મને તમારી ચિરકુમારસભામાંથી શું કરવા કાઢી મૂકો છો? મેં શું બગાડ્યું છે?'

ચંદ્રમાધવબાબુ નવાઈ પામીને બોલ્યોઃ 'ચિરકુમારસભામાંથી તને કાઢી મૂકી? તારે ને ચિરકુમારસભાને સંબંધ શું '

નિર્મલાએ કહ્યુંઃ 'બારણાં પાછળ બેસી રહું એટલે કશો સંબંધ નથી એમ કહો છો? તો એટલો સંબંધ પણ શા સારુ તૂટી જાય?'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'નિર્મલ, તારે કંઈ એ સભામાં કામ કરવાનું નથી—જેમને કામ કરવાનું છે તેમની સગવડનો વિચાર કરીને—

નિર્મલાએ કહ્યુંઃ 'મારે કેમ કામ કરવાનું નથી? તમારો ભાણેજ થવાને બદલે ભાણેજી થઈને જન્મી, એટલે શું તમારાં સેવાકાર્યોમાં હું ભાગ લઈ શકું નહિ? તો પછી મને આટલું ભણાવી શું કરવા? તમારે હાથે જ તમે મારાં મન પ્રાણને જાગૃત કર્યાં, અને હવે કામનો રસ્તો કેમ રોકો છો?

ચંદ્રમાધવબાબુ આ સાંભળવાને જરાય તૈયાર નહોતા. નિર્મલાનું પોતે કેવી રીતે ઘડતર કર્યું છે તેની તેમને પોતાને પણ ખબર નહોતી.

તેમણે ધીરે ધીરે કહ્યુંઃ 'નિર્મલ, તારે વખત આવે પરણીને સંસાર માંડવો પડશે—ચિરકુમારસભાનું કામ—'

'મારે નથી પરણવું.'

'તો શું કરશે, કહે!'

'દેશની સેવામાં તમને મદદ કરીશ.'

'અમે તો સંન્યાસવ્રત લેવાનું નક્કી કર્યું છે!'

'તો શું ભારતવર્ષમાં કોઈ સ્ત્રી કદી સંન્યાસિની થઈ નથી?'

ચંદ્રમાધવબાબુ એવા સ્તબ્ધ બની ગયા કે ખોવાયેલા બટનની



વાત તો ભૂલી જ ગયા. તેઓ મૂગા બની ઊભા રહ્યા.

ઉત્સાહથી મોં લાલ કરી નિર્મલાએ કહ્યુંઃ 'મામા, જો કોઈ છોકરી તમારી પેઠે વ્રત ગ્રહણ કરવા માટે ખરા દિલથી તૈયાર હોય તો તમે તેને ખુલ્લી રીતે તમારી સભામાં શા માટે દાખલ ન કરો? હું તમારી કૌમાર્યસભાની સભાસદ કેમ ન બની શકું?'

અકલંકચિત્ત ચંદ્રમાધવની પાસે આનો કશો જવાબ નહોતો. તેમ છતાં તેમણે ખચકાતાં અચકાતાં બોલવા માંડ્યુંઃ 'બીજા સભ્યોને—'

નિર્મલા વચમાં જ બોલી ઊઠીઃ 'જે લોકો સભ્ય થયા છે, દેશની સેવા કરવાનું વ્રત લઈ જેઓ સંન્યાસી થવા નીવળ્યા છે, નીકળ્યા છે, તેઓ શું કોઈ વ્રતધારિણી સ્ત્રીને નિઃસંકોચભાવે પોતાના સંઘમાં દાખલ કરી શકતા નથી? એવું હોય તો પછી એ લોકોએ ઘરબારી બનીને ઘરમાં જ ભરાઈ રહેવું સારું! એમનાથી કશું કામ થવાનું નથી.'

ચંદ્રમાધવબાબુ પાંચે આંગળીએ જોરથી માથું ખંજવાળવા લાગ્યા—માથાનો એક એક વાળ ઊંચો નીચો થઈ ગયો. એટલામાં તેમનું પેલું ખોવાયેલું બટન તેમના ગજવામાંથી નીકળી નીચે પડ્યું. નિર્મલાએ હસતાં હસતાં તે ઉપાડી લઈ ચંદ્રમાધવબાબુના ખમીસના ગળે ભરાવી આપ્યું —પણ ચંદ્રમાધવબાબુને તેની ખબર પડી નહિ—માથું ખંજવાળતા તેઓ પોતાના મગજમાં વિચારો ડહોળતા રહ્યા.—

એટલામાં નોકરે આવીને ખબર આપ્યા કે પૂર્ણબાબુ આવ્યા છે.

નિર્મલા અંદર જતી રહી. એટલામાં પૂર્ણે પ્રવેશ કર્યો. તેણે કહ્યુંઃ 'ચંદ્રબાબુ, પેલી બાબતનો પછી વિચાર કરી જોયો? આપણું સભાસ્થળ બદલવું મને ઠીક લાગતું નથી.'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'આજે વળી એક બીજો સવાલ ઊભો થયો છે. પૂર્ણબાબુ, હું તે વિષે તમારી સાથે સારી પેઠે ચર્ચા કરી જોવા માગું છું. મારે એક ભાણી છે એ તો જાણો છો ને તમે?'

પૂર્ણે કંઈ જાણતો જ ન હોય તેમ કહ્યુંઃ 'ભાણી? તમારે?'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'હા, એનું નામ નિર્મલા. આપણી ચિરકુમારસભા સાથે એના હૃદયને ખૂબ મેળ છે.'

પૂર્ણે નવાઈ પ્રગટ કરી કહ્યું: 'શું કહો છો?'

ચંદ્રબાબુએ કહ્યું: 'મને ખાતરી છે કે તેનો પ્રેમ અને ઉત્સાહ આપણા કોઈના પણ કરતાં ઊતરતો નથી.'

પૂર્ણે ઉત્સાહ બતાવી કહ્યું: 'એ સાંભળી અમારો પણ ઉત્સાહ વધી જાય છે! સ્ત્રી થઈને તેઓ—'

ચંદ્રબાબુએ કહ્યું: 'હું પણ એ જ વિચાર કરું છું. સ્ત્રીનો સરળ ઉત્સાહ પુરુષના ઉત્સાહમાં નવો પ્રાણ પૂરી શકે—મેં પોતે આજે એવો અનુભવ કર્યો છે.'

પૂર્ણે આવેગપૂર્ણ ભાવે કહ્યું: 'હું બરાબર અનુમાન કરી શકું છું—'

ચંદ્રબાબુએ કહ્યું: 'પૂર્ણબાબુ, તમે પણ મારા મતને મળતા છો?'

પૂર્ણબાબુએ કહ્યું: 'કયો મત?'

ચંદ્રબાબુએ કહ્યું: 'કે ખરેખરી ઉત્સાહ સ્ત્રી આપણા કઠોર કર્તવ્યમાર્ગમાં વિઘ્નરૂપ ન થતાં ખરેખરી મદદગાર બની શકે છે.'

પૂર્ણબાબુએ ઘરની અંદરના ભાગમાં નજર કરી મોટેથી કહ્યું: 'એ વિશે મને લેશમાત્ર શંકા નથી. સ્ત્રીના પ્રેમ ઉપર જ પુરુષના પ્રેમનો જીવંત આધાર છે. પુરુષના ઉત્સાહને ધાવણા બાળકની પેઠે ઉછેરી શકે છે એકમાત્ર સ્ત્રીનો જ ઉત્સાહ.'

એટલામાં શ્રીશ અને વિપિન આવી પહોંચ્યા. શ્રીશે કહ્યું: 'એ ખરું, પૂર્ણબાબુ!—પરંતુ એ ઉત્સાહના અભાવે જ શું આજે સભામાં જવાનું મોડું થઈ રહ્યું છે?'

પૂર્ણ એવો ઘાંટો પાડીને બોલ્યો હતો કે નવા આવેલાં બંને મિત્રોએ નિસરણી ચડતાં ચડતાં એના શબ્દો સાંભળી લીધા હતા.

ચંદ્રબાબુએ કહ્યું: 'ના, ના, મોડું થવાનું કારણ તો એ છે કે મારી ડોકનું બટન જડતું નથી.'

શ્રીશે કહ્યું: 'વાહ! તો આ ડોકમાં દેખાય છે એ શું છે? હજી વધારે જોઈએ છે? તો બીજો ગાજ ક્યાં છે?

ચંદ્રબાબુ ગળે હાથ ફેરવીને બોલ્યો: 'ઓહ હો!' પછી જરા શરમાઈને હસવા લાગ્યા.



ચંદ્રબાબુએ કહ્યું: 'આપણે બધાયે અહીં હાજર છીએ' એટલે હમણાં જ આ સવાલના નિર્ણય પર આવી જઈએ તો સારું. ખરું કે નહિ, પૂર્ણબાબુ?'

એકદમ પૂર્ણબાબુના ઉત્સાહનો પારો ઊતરી ગયો. નિર્મલાનું નામ દઈને સૌની આગળ સવાલ ચર્ચવો એ તેને રુચિકર ન લાગ્યું. તેણે કંઈક કુંઠિત બનીને કહ્યું: 'વાત તો ખરી, પણ મોડું બહુ થાય છે!'

ચંદ્રબાબુએ કહ્યું: 'ના રે, હજી ઘણો વખત છે. શ્રીશબાબુ, તમે લોકો જરા બેસોને. સવાલ જરા શાંતિથી વિચાર કરી જોવા જેવો છે. મારી એક ભાણી છે, એનું નામ નિર્મલા—'

પૂર્ણને એકદમ ખાંસી આવી ગઈ. એના મોં પર લાલશ દોડી આવી. તેને થયું કે ચંદ્રબાબુમાં કશી અક્કલ નથી. આખી દુનિયાની આગળ પોતાની ભાણીની વાત કરવાની શી જરૂર? નિર્મલાનું નામ લીધા વગર વાત નહોતી થતી શું?

પરંતુ કોઈ પણ વાતમાં કંઈ પણ છુપાવીને બોલવાનો ચંદ્રબાબુનો સ્વભાવ જ નહોતો.

ચંદ્રબાબુએ કહ્યું: 'આપણી કુમારસભાના તમામ ઉદ્દેશોની સાથે એના મનનો પૂરેપૂરો મેળ છે.'

આવા ગંભીર સમાચાર, છતાં શ્રીશ અને વિપિન બિલકુલે વિચલિત બન્યા વગર બિલકુલ નિરુત્સાહ ભાવે સાંભળી રહ્યા.

પૂર્ણને થવા લાગ્યું કે નિર્મલાના પ્રસંગમાં જે લોકો જડ પથરાના જેવા ઉદાસીન છે. જેઓ નિર્મલાને છે, જેઓ નિર્મલાને દુનિયાની બીજી સાધારણ સ્ત્રીઓ જેવી સમજે છે, તેવા લોકોને કાને નિર્મલાનું નામ પણ શા માટે પડવું જોઈએ?

ચંદ્રબાબુએ કહ્યું: 'હું ખાતરીથી કહું છું કે એનો ઉત્સાહ આપણા કોઈના પણ કરતાં ઓછો નથી.'

શ્રીશ અને વિપિનની પાસેથી કંઈ પણ જવાબ ન મળ્યો, એટલે ચંદ્રબાબુ પણ મનમાં કંઈક ઉત્તેજિત થવા લાગ્યા.

ચંદ્રબાબુએ કહ્યું: 'આ વિશે મેં ઊંડો વિચાર કરીને નક્કી કર્યું

છે કે સ્ત્રીઓના ઉત્સાહ ઉપર જ પુરુષનાં તમામ મહાન કાર્યોનો એક માત્ર આધાર છે. તમે શું કહો છો, પૂર્ણબાબુ?'

પૂર્ણબાબુને કશું જ બોલવાનું મન નહોતું, પરંતુ તેમણે નિસ્તેજ ભાવે જવાબ દીધોઃ 'હાસ્તો!'

પોતાના સઢને એકે તરફની હવા મળી નહિ, એટલે ચંદ્રબાબુએ જોરથી રસ્તો કરવા હલેસું માર્યું: 'નિર્મલા જો કુમારસભાની સભાસદ થવા ઇચ્છતી હોય તો આપણે એને કેવી રીતે ના કહી શકીએ?'

પૂર્ણ તો એકદમ માથે વીજળી પડી હોય એમ જડસડ બની ગયો! તે બોલી ઊઠ્યોઃ 'શું કહો છો, ચંદ્રબાબુ?'

શ્રીશે પૂર્ણની પેઠે ખૂબ નવાઈ પ્રવટ કરી નહિ. તે બોલ્યોઃ 'આપણે તો કદી કલ્પનાયે કરી કહોતી કે કોઈ સ્ત્રી કદી આપણી સભાની સભાસદ થવાનું કહેશે એટલે એ વિશે આપણી સભામાં કોઈ નિયમ નથી—'

ન્યાયપરાયણ વિપિને ગંભીર સ્વરે કહ્યું: 'નિષેધ પણ નથી.'

અસહિષ્ણુ શ્રીશે કહ્યું: 'સ્પષ્ટ નિષેધ નહિ હોય, પણ આપણી સભાનું ધ્યેય એવું છે કે એ સ્ત્રીઓ દ્વારા પાર પડવાનું નથી.'

કુમારસભામાં સ્ત્રીઓને સભાસદ બનાવવાનો વિપિનને વધારે ઉત્સાહ હતો એમ પણ નહોતું. પરંતુ એના સ્વભાવમાં જ એક જાતનો એવો સંયમ હતો કે કોઈની પણ વિરુદ્ધ જતી એકતરફી વાત એ સહી શકતો નહોતો.

તેથી તે બોલી ઊઠ્યોઃ 'આપણી સભાનું ધ્યેય સંકુચિત નથી; અને વિરાટ ધ્યેય સિદ્ધ કરવું હોય તો જુદી જુદી શ્રેણીના અને જુદી જુદી શક્તિના લોકોએ જુદી જુદી પ્રવૃત્તિઓમાં લાગી જવું જોઈએ. એક સ્ત્રી સ્વદેશના કલ્યાણમાં જેવો ફાળો આપી શકશે એવો તું નહિ આપી શકે, અને તું જેવો આપી શકશે, તેવો કોઈ સ્ત્રી નહિ આપી શકે—એટલા માટે સભાના ધ્યેયને સર્વાંગ-સંપૂર્ણ રૂપે સિદ્ધ કરવું હોય તો સભામાં જેવી પુરુષોની જરૂર છે તેવો સ્ત્રીઓની પણ જરૂર છે.'

લેશમાત્ર ઉશ્કેરાટ પ્રગટ કર્યા વગર, વિપિન શાંત ગંભીર સ્વરે



બોલી ગયો—પરંતુ શ્રીશ કંઈક ગરમ થઈ જઈને બોલ્યોઃ 'કામ કરવાની દાનત ન હોય તેવા લોકો જ ધ્યેયને વિરાટ બનાવી મૂકે છે. બાકી સાચેસાચું કામ કરવું હોય તો ધ્યેયને મર્યાદિત જ રાખવું જોઈએ. આપણી સભાના ધ્યેયને તું જેવું બૃહત્ માની નિશ્ચિંત બની બેઠો છે, તેવું બૃહત્ હું માનતો નથી.

વિપિને શાંતિથી કહ્યું: 'આપણી સભાનું કાયક્ષેત્ર એટલું તો બૃહત્ છે જ કે તારો સ્વીકાર કરવામાં એણે તારો ત્યાગ કર્યો નથી, અને મારો સ્વીકાર કરવામાં એણે મારો ત્યાગ કર્યો નથી, તારો ને મારો બન્ને જણનો જો આ સભામાં સમાવેશ થઈ શક્યો છે, તારી અને મારી બંનેની જો આ સભામાં આવશ્યક્તા છે, ને ઉપયોગિતા છે, તો પછી એક ત્રીજી ભિન્ન પ્રકૃતિની વ્યક્તિનો એમાં સમાવેશ થવાનું કામ શું એવું અઘરું છે?'

શ્રીશ ચટી જઈને બોલ્યોઃ 'ઉદારતા અતિ ઉત્તમ ચીજ છે એવું હું નીતિશાસ્ત્રમાં ભણ્યો છું; એટલે હું તારી એ ઉદારતાનો નાશ કરવા નથી ઇચ્છતો, માત્ર એને વિભક્ત કરવા ઇચ્છું છું. સ્ત્રીઓ જે કામ કરી શકે તે માટે તેઓ પોતાની જુદી સભા બનાવે, આપણે એમની સભાના સભાસદ થવા નહિ જઈએ—પણ આપણી સભા આપણી જ રહે. આ પ્રમાણે નહિ થાય તો આપણે કેવળ એક બીજાના કામમાં અંતરાયરૂપ થઈ પડીશું. માથું ચિંતનનું કામ કરે અને પેટ પાચનનું કામ કરે. પેટ માથામાં ને માથું પેટમાં ઘૂસવાનો પ્રયાસ ન કરે એટલે બસ!'

વિપિને કહ્યું: 'પરંતુ એટલા માટે માથું કાપીને એક જગાએ રાખીએ, અને જઠરને બીજી જગાએ રાખીએ તો પણ નહિ ચાલે.'

શ્રીશ ખૂબ ગુસ્સે થઈને બોલી ઊઠ્યોઃ 'ઉપમા કંઈ દલીલ નથી કે ઉપમાનું ખંડન કરવાથી મારી દલીલનું ખંડન થઈ જાય. ઉપમા માત્ર થોડે સુધી જ કામ લાગે છે—'

વિપિને વચમાં કહ્યું: 'તારી દલીલને ટેકો મળતો હોય ત્યાં સુધી, એમ ને?'

આ બે ગાઢ મિત્રોની વચમાં આવી બોલાચાલી લગભગ દરરોજ

થતી.

પૂર્ણ બિલકુલ ઉદાસ બનીને બેસી રહ્યો હતો. હવે તે બોલ્યોઃ 'વિપિનબાબુ, મને એવું લાગે છે કે આપણાં આ બધાં કામો એવાં છે કે એમાં જો છોકરીઓ આગળ પડતો ભાગ લેવા દોડશે તો એમનું માધુર્ય નષ્ટ થઈ જશે.'

ચંદ્રબાબુએ એક ચોપડીને આંખોની છેક પાસે રાખીને કહ્યુંઃ 'મહત્ત્વનાં કામો કરવામાં જો માધુર્ય નષ્ટ થઈ જતું હોય તો તે માધુર્ય જતન કરીને સાચવવાલાયક નથી એમ સમજવું.'

શ્રીશે બોલી ઊઠ્યોઃ 'નહિ, ચંદ્રબાબુ, હું એવી સૌન્દર્ય માધુર્યની વાત વચમાં આણતો નથી. પરંતુ આપણે સૈનિકો છીએ—સૈનિકોની પેઠે આપણે એકતાલે ચાલવું જોઈશે. અનાવડત અને સ્વાભિવિક દુર્બળતાને લીધે જે લોક પાછળ પડી જાય એવો હોય એમનો બોજો ઉપાડીને આપણે ચાલવાનું હોય તો આપણું બધું કામ ધૂળ થઈ જશે.'

બરાબર આ વખતે નિર્મલા અકુંઠિત મર્યાદાપૂર્વક ઓરડામાં આવી નમસ્કાર કરી ઊભી. એકદમ બધા સ્તબ્ધ બની ગયા. નિર્મલાનો કંઠસ્વર અશ્રુભીનો હતો, છતાં પણ તેણે દૃઢ સ્વરે કહ્યુંઃ 'તમારું સૌનું શું ધ્યેય છે, અને તમે સૌ દેશની સેવા કરવાના કામમાં કેટલે સુધી જવા કટિબદ્ધ બનેલા છો, તેની મને ખબર નથી. પરંતુ હું મારા મામાને ઓળખું છું. તેઓ જે માર્ગે જઈ રહ્યા છે તે માર્ગે જતાં તમે મને શા માટે રોકો છો?'

શ્રીશ ચૂપ થઈ ગયો. પૂર્ણ કુંઠિત અને અનુતાપવશ બની ગયો. વિપિને શાંત અને ગંભીર બની ગયો, અને ચંદ્રબાબુ અતિ ઊંડા વિચારમાં ડૂબી ગયા.

પૂર્ણ અને શ્રીશની સામે ચોમાસાનાં સૂર્યકિરણો જેવો અશ્રુભીનો દૃષ્ટિપાત કરીને નિર્મલાએ કહ્યુંઃ 'હું કામમાં પડવા માગું છું, અને બાળપણથી જેઓ મારા ગુરુ છે, તેમને જીવનના અંત લગી તમામ શુભ સંકલ્પોમાં અનુસરવા માગું છું. તો પછી તમે લોકો કેવળ દલીલો કરી કરીને મારી અયોગ્યતા પુરવાર કરવાનો શા સારુ પ્રયત્ન કરો



છો? તમે લોકો મને ક્યાં ઓળખો છો?'

શ્રીશ સ્તબ્ધ બની ગયો. પૂર્ણને પરસેવો વળી ગયો.

નિર્મલાએ કહ્યુંઃ 'હું તમારી કુમારસભાને કે બીજી કોઈ સભાને ઓળખતી નથી. પરંતુ જેમના કુશળ હાથ હેઠળ હું મોટી થઈ છું, તેઓ કુમારસભાને પોતાના જીવનનો આદર્શ સિદ્ધ કરવાનું સાધન માને છે. તો પછી એ કુમારસભામાંથી તમે મને કઈ રીતે દૂર રાખી શકવાના છો?'

પછી તેણે ચંદ્રબાબુની સામે ફરીને કહ્યુંઃ 'તમે જો કહો કે હું તમારું કામ કરવાને લાયક નથી, તો હું હમણાં જ અહીંથી જતી રહું, પરંતુ આ લોકો મને શું ઓળખે? એ બધા ભેગા થઈને તમારી સાધનામાંથી મને અળગી કરવાની દલીલો કરવા શાને બેઠા છે?'

શ્રીશે પછી વિનયપૂર્વક ધીરેથી કહ્યુંઃ 'માફ કરજો, મેં તમારી ટીકા નથી કરી, પરંતુ સાધારણ સ્ત્રીજાતિ વિષે વાત કરતો હતો—'

નિર્મલાએ કહ્યુંઃ 'હું સ્ત્રીજાતિ કે પુરુષજાતિ વિષે કશી ચર્ચા કરવા માગતી નથી—હું મારા અંતરને ઓળખું છું, અને જેમના ઉન્નત ઉદાહરણનો મેં આશ્રય લીધો છે તેમના અંતરને ઓળખું છું. કામમાં પ્રવૃત્ત થવા માટે, મારે આથી વધારે કંઈ પણ જાણવાની જરૂર નથી.'

ચંદ્રબાબુ પોતાના જમણા હાથની હથેળી આંખોની છેક પાસે લઈ જઈને તેનું નિરીક્ષણ કરવા લાગ્યા.

પૂર્ણને કંઈક ચમત્કારિક બોલી નાખવાનું મન થયું. પરંતુ એના મોંમાથી શબ્દો નીકળ્યા નહિ. નિર્મલા બારણાં પાછળ રહેતી ત્યારે પૂર્ણની જીભ જેવી તેજથી ચાલતી તેવી આજે ચાલી નહિ.

તેમ છતાં નિર્મલાની આ રીતભાતનો તે મનમાં વિરોધ કરીને બોલ્યોઃ 'દેવી, આ ગંદી પૃથ્વીનાં કામોમાં શું કરવા તમે તમારો પવિત્ર હાથ ખરડવા તૈયાર થયાં છો?'

પરંતુ મનની વાત મોઢે બરાબર પ્રગટ થઈ નહિ. બોલી પડ્યા પછી તેને ખબર પડી કે ગદ્યની અંદર અચાનક પદ્ય સેળભેળ થઈ ગયું છે. શરમથી તેના કાન લાલ થઈ ગયા.

વિપિને સ્વાભાવિક સુગંભીર શાંત સ્વરે કહ્યુંઃ 'પૃથ્વી જેમ વધારે

ગંદી, તેમ તેને સુધારવું કામ વધારે પવિત્ર!'

આ સાંભળી કૃતજ્ઞ નિર્મલાના મોંનો ભાવ જોઈ પૂર્ણે કહ્યું: 'આહ! આ શબ્દો મારે જ બોલવા જોઈતા હતાં.' પણ આ શબ્દો વિપિન બોલ્યો, એટલે તેને વિપિનની ઉપર ગુસ્સો ચડ્યો.

શ્રીશે નિર્મલાએ કહ્યું: 'સભાની બેઠકમાં સ્ત્રીસભ્ય લેવા વિષે નિયમાનુસાર દરખાસ્ત રજૂ કરી જે નક્કી થશે તે તમને જણાવીશું.'

હવે એક પળ પણ રાહ જોવા થોભ્યા વગર નિર્મલા સઢવાળી નૌકાની પેઠે સડસડાટ ચાલી જવાનું કરતી હતી, એટલામાં પ્રોફેસર એકદમ ભાનમાં આવી ગયા. તેમણે બૂમ મારી: 'મારું પેલું ડોકનું બટન?'

નિર્મલાએ શરમાઈને હસીને મૃદુ સ્વરે ઇંગિત કરી કહ્યું: 'તમારી ડોકમાં જ છે.'

ચંદ્રબાબુ ગળામાં હાથ ફેરવી 'હા, હા, છે.' કહી ત્રણ છાત્રોની સામે જોઈ હસ્યા.



## : ૮ :

નૃપબાલાએ કહ્યું: 'નીરુ, આજકાલ તું કોઈ કોઈ વખત કેમ આવી ગંભીર બની જાય છે, કહે તો!'

નીરબાલાએ કહ્યું: 'તો શું આપણા ઘરના બધા ગાંભીર્યની તું એકલી માલિક છે? મને ફાવે ત્યારે હું ગંભીર થવાની.'

નૃપબાલાએ કહ્યું: 'તું શું વિચાર કરે છે તેની મને ખબર છે.

નીરબાલાએ કહ્યું: 'તારે એવી પારકી ચિંતા કરવાની શી જરૂર, ભાઈ! અત્યારે તો તારે પોતાની જ ચિંતા કરવાનો વખત છે.'

નૃપ નીરુના ગળે વળગી પડી બોલી: 'તને થાય છે કે મા રે મા! અમે ભારરૂપ છીએ શું? અમને ઠેકાણે પાડવામાં પણ આટલી મુસીબતો! આટલી ચિન્તા!

નીરબાલાએ કહ્યું: 'તે બહેન, આપણે કંઈ એવી નાખી દેવાની ચીજ નથી કે હાથમાંથી છોડી દીધી કે પત્યું. આપણે માટે આટલી દોડદોડ થઈ રહી છે એ તો ગૌરવની વાત છે. 'કુમારસંભવ'-માં વાંચ્યું હતું તે ભૂલી ગઈ?—ગૌરીનાં લગ્ન વાસ્તે એક આખો દેવતા બળીને ભસ્મ થઈ ગયો હતો! આપણી વાત જો કોઈ કવિના કાને પહોંચે તો એ આપણા વિવાહનું એક મહાકાવ્ય લખી નાખે!'

નૃપબાલાએ કહ્યું: 'ના, બહેન, મને તો બહુ શરમાવા જેવું લાગે છે.'

નીરબાલાએ કહ્યું: 'અને મને નથી લાગતું એમ તું ધારે છે? હું શું બેશરમ છું? પણ શું થાય, કહે? પહેલે વરસે હું નિશાળમાં ઇનામ લેવા ગઈ ત્યારે મને શરમ આવતી હતી, પણ પાછી બીજે વરસે ઇનામ જીતવા વાસ્તે રાતરાતના ઉજાગરા કરીને હું વાંચવા બેસતી હતી. શરમ આવે, પણ ઇનામ જવા દેવાય નહિ—મારો આવો સ્વભાવ છે.'

નૃપબાલાએ કહ્યું: 'હં નીરુ, આ વખતે જે ઇનામની વાત ચાલી રહી છે, તે ઇનામની તને શું બહુ અધીરાઈ છે?'

નીરબાલાએ કહ્યું: 'કયું ઇનામ કહે છે? ચિરકુમારસભાના બે સભાસદો?'

નૃપબાલાએ કહ્યું: 'ગમે તે હોય, તું ક્યાં નથી સમજતી?'

નીરબાલાએ કહ્યું: 'જો, સાચું કહું?'

પછી નૃપને ડોકે વળગી પડીને તેણે તેના કાનમાં કહ્યું: 'કહે છે કે કુમારસભાના એ બે સભાસદો પાકા ગોઠિયા છે—આપણે બંને બહેનો જો એ બે જણના હાથમાં પડીએ તો લગ્ન કરીનેય આપણે છૂટાં પડી જઈએ નહિ—નહિ તો કોઈ ક્યાં જાય, ને કોઈ ક્યાં જાય! એથી તો એ બે દેવતાઓને પ્રસન્ન કરવાની આટલી તૈયારી કરી છે. હાથ જોડીને મનમાં મનમાં કહું છું કે હે કુમારસભાના અશ્વિનીકુમારો! અમને બે બહેનોને એક ડીંટા પરનાં બે ફૂલની પેઠે તમે બંને ગ્રહણ કરો!'

છૂટા પડવાનો ઉલ્લેખ માત્ર સાંભળીને બે બહેનો એકબીજાને વળગી પડી. નૃપની તો આંખમાં આંસુ આવી ગયાં.

નૃપબાલાએ કહ્યું: 'હં નીરુ, મેજદીદી છોડીને જવાનો જીવ કેમ ચાલશે? આપણે બે જતાં રહેશું, પછી એનું કોણ રહેશે?

નીરબાલાએ કહ્યું: 'એનો મેં બહુ વિચાર કર્યો છે. આપણને રહેવા દે તો આપણે અહીંથી જઈએ જ નહિ! જેમ એમને પતિ નથી, તેમ આપણેય નહિ હોય તો શું બગડી જવાનું છે? મેજદીદીના કરતાં વધારે સુખની આપણને શી જરૂર છે?'

એટલામાં શૈલબાલાએ પુરુષ વેશમાં પ્રવેશ કર્યો.

નીરુએ મેજ ઉપર થાળમાં પડેલી એક ફૂલની માળા લઈને શૈલબાલાના ગળામાં પહેરાવી દીધી. પછી કહ્યું: 'અમે બંને સ્વયંવરમાં તને અમારા પતિ તરીકે પસંદ કરીએ છીએ.' આમ કહી તેણે શૈલબાલાને પ્રાણામ કર્યા.

શૈલબાલાએ કહ્યું: 'આ વળી શું?'

નીરબાલાએ કહ્યું: 'ગભરાશો નહિ, અમે બે શોકયો સામસામા તારા હાથપગ નહિ ખેંચીએ. અને ખેચીશું તો મેજદીદીનું મારી આગળ કશું ચાલવાનું નથી. હું એકલી એને પહોંચી વળીશ, તને જરા... યે તકલીફ નહિ પડવા દઉં. ના, ખરું કહું છું, મેજદીદી, તારી આગળ અમને જેવાં લાડપાન મળે છે એવાં બીજે ક્યાં મળવાનાં છે? તો પછી



તું શું કરવા અમને પારકે ગળે વળગાડવાનું કરે છે?'

ફરી નૃપની આંખોમાંથી દડદડ આંસુ પડવા માંડ્યાં.

'આ શું નૃપ! છિ!' કહી શૈલે તેની આંખો લૂછી નાખી, પછી કહ્યું: 'તમારું સુખ શામાં છે એની તમને ક્યાં ખબર છે! મારી સાથે રહેવામાં જો તમારું જીવન સાર્થક થતું હોત તો હું તમને કોઈ બીજાના હાથમાં દેવા તૈયાર થાત ખરી?'

ત્રણે જણ અશ્રુવૃષ્ટિ વરસાવવાની તૈયારીમાં હતાં એટલામાં રસિકદાદાએ આવીને બીતાં બીતાં કહ્યું: 'બહેન, મારા જેવા અસભ્યને તમે લોકોએ સભ્ય તો બનાવ્યો,—પણ આજે અહીં સભા મળવાની છે માટે સભામાં મારે કેવી રીતે વર્તવું તે શિખવાડો.'

નીરુએ કહ્યું: 'પાછી એની એ મજાક! પરમ દિવસથી શું આ સભ્યે અસભ્યની લમણાઝીક કરવા માંડી છે?'

રસિકે કહ્યું: 'જેને જનમ આપીએ તેના પર માયા તો થાય ને? તો શું મશ્કરી મોંમાથી બહાર નીકળે કે તરત રાજપૂતની છોકરીની પેઠે એને ગળું ટૂંપીને મારી નાખવી, એમ? થયું છે શું? ચિરકુમારસભા જીવતી છે ત્યાં લગી આ મજાક તમારે દહાડામાં દશ વખત સાંભળવી પડવાની!'

નીરબાલાએ કહ્યું: 'ત્યારે તો એ સભાને જલદી ખતમ કરી નાખવી જોઈએ, મેજદીદી! હવે દયામાયા નહિ ચાલે, રસિકદાદાની રસિકતાને જૂની થવા નહિ દેવાય. ચિરકુમારસભાના ચિરત્વને આપણે ઘડીકમાં ખતમ કરી નાખીએ તો જ આપણું વિશ્વવિજયિની નારી સાર્થક થશે. પણ હુમલો કેવી રીતે કરવાનો છે તેનો કંઈ પ્લાન નક્કી કર્યો છે?'

શૈલે કહ્યું: 'જરાયે નહિ. રણક્ષેત્રમાં પગ દીધા પછી જ્યારે જે સૂઝે તે ખરું.'

નીરબાલાએ કહ્યું: 'મારી જરૂર પડે ત્યારે રણશિંગુ ફૂંકજો, હું તરત હાજર થઈ જઈશ. હું શું એ કુમારસભાથી ડરું છું? સખી! મારી ભુજાડાંડલીમાં શું જોર નથી?'

એટલામાં અક્ષયે પ્રવેશ કરીને કહ્યું: 'આજની આ સભામાં

વિદુષીમંડળીને હું એક ઐતિહાસિક પ્રશ્ન પૂછવાની ઇચ્છા ધરાવું છું.'

શૈલે કહ્યું: 'ખુશીથી પૂછો.'

અક્ષયે કહ્યું: 'તો બોલો, જે બે ડાળ ઉપર પોતે ઊભો હતો તે જ બે ડાળ કાપવાનું કરનાર કોણ?'

નૃપે તરત જ જવાબ દીધો: 'હું કહું, મુખુજ્જે મશાય? કાલિદાસ!'

અક્ષયે કહ્યું: 'નહિ, એ એનાથીયે વધારે મોટો માણસ છે! એનું નામ શ્રી અક્ષયકુમાર મુખોપાધ્યાય.'

નીરબાલાએ કહ્યું: 'બે ડાળ કઈ?'

અક્ષયે ડાબા પડખામાં નીરુને ખેંચીને કહ્યું: 'એક આ. અને જમણા પડખામાં નૃપને ખેંચીને કહ્યું: 'બીજી આ.'

નીરબાલાએ કહ્યું: 'અને કુહાડો આજે આવવાનો છે એમ ને?'

અક્ષયે કહ્યું: 'આવવાનો છે એમ નહિ, આવી ગયો છે એમ કહેવામાંયે જરાયે અતિશયોક્તિ નથી. સાંભળો, દાદર પર પગલાંનો ધબધબ અવાજ સંભળાય છે.'

એ સાંભળી સૌએ દોડદોડ કરી મૂકી. શૈલે દોડતી વખતે રસિકદાદાને ખેંચીને લઈ ગઈ. ચૂડી-બંગડીનો રણકાર અને નાસતા ચરણકમળનો વેગીલો અવાજ શમે એ પહેલાં તો શ્રીશ અને વિપિન આવી પહોંચ્યા. ઝમઝમ ઝમઝમ રણકાર દૂરનો દૂર થતો ગતો, અને ઓરડાની હવામાં ભળેલી અત્તર અને સુગંધીદાર તેલની મેદ સુગંધ, ખાલી પડેલા આસબાબમાં પોતાની જૂની પરિચિત વ્યક્તિઓને વ્યર્થ શોધવા લાગી ને નિસાસો નાખવા લાગી.

વિજ્ઞાનશાસ્ત્રમાં કહે છે કે શક્તિનો કદી નાશ થતો નથી, માત્ર રૂપાંતર થાય છે. ઓરડામાંથી એકદમ ત્રણે બહેનોના નાસી જવાથી હવામાં જે એક પ્રકારનું સુગંધમય આંદોલન પેદા થયું હતું, તે પહેલાં તો બંને કુમારોના સ્નાયુઓમાં એક ગૂઢ સ્પંદનરૂપે પ્રગટ થયું—અને પછી તરત એમના અંતરના ખૂણામાં ક્ષણ માટે કોઈ અનિર્વચનીય આનંદરૂપે પ્રગટ થયું—એની કોઈથી ના પડી શકાય તેમ નથી. પરંતુ સંસારમાં જ્યાંથી ઇતિહાસ શરૂ થાય છે ત્યાંથી તે લખાતો નથી, પણ



ઘણાં પ્રકરણો પડતાં મૂકીને પછીથી તે લખવામાં આવે છે;—શરૂઆતનો સ્પર્શ, સ્પંદન, આંદોલન અને વીજળીના ચમકારા હમેશાં અપ્રત્યક્ષ જ રહે છે.

પરસ્પર નમસ્કારવિધિ થયા પછી અક્ષયે પૂછ્યું: 'પૂર્ણબાબુ ન આવ્યા?'

શ્રીશે કહ્યું: 'ચંદ્રબાબુને ઘેર એમનો ભેટો થયો હતો, પણ ઓચિંતાનું શરીર બગડી આવવાથી આજે તેઓ નથી આવ્યા.'

અક્ષયે રસ્તા ભણી નજર કરી કહ્યું: 'જરા બેસો—હું ચંદ્રબાબુની રાહ જોતો બારણા આગળ ઊભો છું. તેમને જરા ઓછું દેખાય છે ખરું ને, એટલે ક્યાંને બદલે ક્યાં જતા રહે—કંઈ કહેવાય નહિ. વળી આટલામાં એવી જગા પણ છે જ્યાં કુમારસભાની બેઠક કોઈ હિસાબે મળવા દેવાય નહિ.'

આમ કહી અક્ષયે નીચે ઊતરી ગયો.

આજે ચંદ્રબાબુના ઓરડામાં નિર્મલાએ એકદમ દોડી આવીને ચિરકુમારસંઘના શાંત મનમાં ભારે મંથન જગાડ્યું હતું. એનો ઉશ્કેરાટ હજી પણ શ્રીશના મનમાં શમ્યો નહોતો. એ અપૂર્વ દૃશ્યે, એ અણધાર્યા વ્યાપારે, નિર્મલાના મુખની એ દીપ્તિએ, અને તેની વાણીમાં રહેલા ઊંડા આવેગે, અને વિસ્મિત અને એની વિચારધારાના સ્વાભાવિક પ્રવાહને વિક્ષિપ્ત કરી નાખ્યો હતો. એ બિલકુલ તૈયાર નહોતો, તેથી અકસ્માત આ આઘાત થતાં એ હલી ઊઠ્યો હતો. દલીલોની વચમાં એકાએક આવી જગાએથી, આવી રીતે, આવો જવાબ આવીને સામે ઊભો રહી શકે એવી એને સ્વપ્ને પણ કલ્પના નહોતી, તેથી તેને એ જવાબ ખૂબ જોરદાર માલૂમ પડ્યો હતો. ઉત્તરનો પ્રત્યુત્તર હોઈ શકે છે, પરંતુ આવેગથી કંપતા એ સોહામણા કંઠનો અને આંસુને છુપાવી રહેલી એ મોટી કાળી આંખોની તેજછટાનો જવાબ શું દઈ શકાય? પુરુષના માથામાં ફક્કડ ફક્કડ દલીલો હોઈ શકે છે, પણ જે લાલ હોઠ બોલતાં બોલતાં કંપવા માંડે છે અને જે કોમળ ગાલ જોતજોતામાં ભાવના આભાસથી લાલ બની જાય છે તેની સામે ખડું કરી શકાય

એવું પુરુષની પાસે શું છે?'

રસ્તે આવતાં બેમાંથી કોઈ કંઈ જ બોલ્યું નહોતું. અહીં આવી ઓરડામાં પગ મૂકતાં જ જે શબ્દો સાંભળવા મળ્યા તે તરફ સામાન્ય દિવસે શ્રીશનું ધ્યાન ખેંચાત નહિ, પણ આજે એનાથી કશું છૂપું રહ્યું નહિ. પોતાના આવતા પહેલાં અહીં સ્ત્રીઓની હાજરી હતી તેવું તે અંદર પગ દેતાં જ સમજી ગયો.

અક્ષયના ગયા પછી શ્રીશે ઓરડાની બરાબર પરીક્ષા કરી જોઈ. મેજ ઉપર ફૂલદાની હતી, તેમાં ફૂલ ગોઠવેલાં હતાં. એ જોઈને તે જરા વિચલિત થઈ ગયો એનું એક કારણ તો એ કે શ્રીશને ફૂલ ખૂબ ગમતાં હતાં, અને બીજું કારણ એ કે શ્રીશને કલ્પનાની નજરે માલૂમ પડ્યું કે જે લોકો અમારા આવતા પહેલાં અહીંથી ઝટઝટ નાસી ગયાં છે તેમના જ નિપુણ હસ્તે આ ફૂલોની સજાવટ થયેલી છે.

વિપિને જરા હસીને કહ્યું: 'ગમે તેમ કહો, ભાઈ, પણ આ ઓરડો ચિરકુમારસભાને યોગ્ય નથી.'

એકદમ મૌન ભંગ થવાથી ચકિત થઈ શ્રીશે કહ્યું: 'કેમ નથી?'

વિપિને કહ્યું: 'ઘરનો ભપકો તારા નવીન સંન્યાસીઓને માટે પણ જરા વધારે પડતો લાગે છે.'

શ્રીશે કહ્યું: 'મારા સંન્યાસી ધર્મની દૃષ્ટિએ કોઈ ચીજ વધારે પડતી નથી.'

વિપિને કહ્યું: 'માત્ર સ્ત્રી જ વધારે પડતી છે!'

શ્રીશે કહ્યું: 'હા, એ જ એક માત્ર!'—બોલ્યો તો ખરો, પણ હંમેશના જેવું એની વાણીમાં અત્યારે જોર ન દેખાયું—કદાચ લેખકની આ કલ્પના પણ હોય.

વિપિને કહ્યું: 'દીવાલ પરની છબીઓ, અને બીજી ઘણી ચીજો જોતાં આ ઓરડામાં એ નારીજાતિની હાજરીનું ભાન થાય છે.'

શ્રીશે કહ્યું: 'દુનિયામાં નારીજાતિની હાજરીનું ભાન ક્યાં નથી થતું?'

વિપિને કહ્યું: 'એની કોણ ના કહે છે? કવિઓના શબ્દો પર જો વિશ્વાસ રાખીએ તો ચાંદામાં, ફૂલમાં, લતામાં, પાંદડાંમાં દરેકે દરેક



જગાએ અક્કરમી પુરુષને નારીજાતિની જ હાજરીનું ભાન થયા વગર રહેતું નથી.'

શ્રીશે હસીને કહ્યું: 'મેં ધાર્યું હતું કે ચંદ્રબાબુના ઘરના પેલા અંધારિયા ઓરડાને નારીની સાથે કશો જ સંબંધ નહિ હોય. પણ આજે મારો એ ભ્રમ પણ ઓચિંતાનો તૂટી ગયો! નહિ, સ્ત્રી દુનિયામાં બધે છે.'

વિપિને કહ્યું: 'થોડા બિચારા ચિરકુમારો માટે પણ ટુકડો જગા ખાલી રહી નથી. સભા ભરવાની જગા મળવી પણ મુશ્કેલ છે.'

'આ જો!' કહી શ્રીશે ખૂણામાં મૂકેલી એક ટિપાઈ ઉપરથી વાળ બાંધવાના બે ત્રણ સોયા ઉપાડીને બતાવ્યા.

વિપિને એ સોયાનું નિરીક્ષણ કરીને કહ્યું: 'અરે ભાઈ! આ જગા કુમારોને માટે નિષ્કંટક નથી.'

શ્રીશે કહ્યું: 'ફૂલ પણ છે, કાંટા પણ છે.'

વિપિને કહ્યું: 'એ જ આફત છે તો! એકલા કાંટા હોય તો સાચવીને ચાલી શકાય.'

બીજા ખૂણામાં એક નાનકડી અભરાઈ ઉપર ચોપડીઓ મૂકેલી હતી. શ્રીશે એ લઈને જોવા માંડી. કેટલીક વાર્તાની હતી, તો કેટલીક અંગ્રેજી કવિતાની ચોપડીઓ હતી. પાલગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી' ઉઘાડીને જોયું તો હાંસિયામાં છોકરીના જેવા અક્ષરે નોંધ લખેલી હતી. પછી તેણે માલિકનું નામ જોવા આગલું પાનું ઉઘાડીને જોયું. ચોપડી થોડીવાર હાથમાં રમાડીને તેણે તે વિપિનની સામે ધરી.

વિપિને ચોપડીમાં લખેલું નામ વાંચીને કહ્યું: 'નૃપબાલા! મને ખાતરી છે કે આ નામ કોઈ છોકરાનું નથી. તને શું લાગે છે?'

શ્રીશે કહ્યું: 'મને પણ ખાતરી છે. આ નામ પણ પર જાતિનું લાગે છે!'

આમ કહી એણે બીજી ચોપડી વિપિનને બતાવી.

વિપિને કહ્યું: 'નીરબાલા! આવું નામ કાવ્યગ્રંથમાં ચાલે, પણ કુમારસભામાં—'

શ્રીશે કહ્યું: 'કુમારસભામાં પણ જો આ નામધારિણીઓ ચાલી આવે, તો એમને બારણામાં પેસતી રોકે એવી તાકાતવાળો આપણામાં કોઈ દેખાતો નથી.'

વિપિને કહ્યું: 'પૂર્ણ તો પહેલા જ હુમલે ઘાયલ થઈને પડ્યો—બચે છે કે નહિ કોણ જાણે!'

શ્રીશે કહ્યું: 'કેમ કરી!'

વિપિને કહ્યું: 'તેં ધારીને જોયું લાગતું નથી.'

વિપિને એવો શાંત સ્વભાવનો હતો કે એ કંઈ 'જોઈ' શકે છે એવો કોઈને વહેમ પણ ન આવે. પરંતુ એની આંખે કશું છૂપું રહેતું નહોતું. તેણે પૂર્ણની પરમ દુર્બલ દશા જોઈ લીધી હતી.

શ્રીશે કહ્યું: 'ના રે ના, એ માત્ર તારું અનુમાન છે.'

વિપિને કહ્યું: 'હૃદયનું તો અનુમાન જ થઈ શકે ને?— એ નથી દેખાતું કે નથી પડકાતું.'

શ્રીશ ચમકી ગયો—તે વિચારમાં પડી ગયો. પછી બોલ્યો: 'તો શું પૂર્ણની બીમારી વૈદકશાસ્ત્ર મુજબની નથી?'

વિપિને કહ્યું: 'ના, આ બધા વ્યાધિઓ વિષે મૅડિકલ કૉલેજમાં લૅક્ચર અપાતાં નથી.'

શ્રીશ મોટેથી હસવા લાગ્યો.

ગંભીર વિપિન સ્મિત કરતો બેસી રહ્યો.

એટલામાં ચંદ્રબાબુએ પ્રવેશ કરીને કહ્યું: 'આજે આપણે એવા તર્કવિતર્કમાં ચડી ગયા કે એના ઉશ્કેરાટને લીધે પૂર્ણબાબુનું શરીર એકદમ બગડી આવ્યું. એટલે એમને ઘેર પહોંચાડી આવવાની મને મારી ફરજ લાગી.'

શ્રીશ વિપિનના મોં સામું જોઈને જરા હસ્યો.

વિપિને ગંભીર મુખે કહ્યું: 'પૂર્ણબાબુની આજની દુર્બળ દશા જોઈને મને લાગે છે કે એમણે પહેલેથી જ જરા વધારે સાવધ રહેવાની જરૂર હતી.'

ચંદ્રમાધવે ભોળાભાવે જવાબ દીધો: 'પૂર્ણબાબુ ઓછા સાવધ છે



એવું હું નથી ધારતો.'

ચંદ્રમાધવબાબુ પ્રમુખપદે બિરાજે તે પહેલાં અક્ષય રસિકદાદાને સાથે લઈને આવી પહોંચ્યો ને બોલ્યો: 'માફ કરજો! આ નવીન સભ્યની આપને સોંપણી કરીને તરત હું ચાલ્યો જાઉં છું.'

રસિકે હસીને કહ્યું: 'મારી નવીનતા બહારથી ખાસ દષ્ટિગોચર નહિ થાય—'

અક્ષયે કહ્યું: 'અતિશય વિનયપૂર્વક એમણે તે બાહ્ય પ્રાચીનતા વડે ઢાંકી રાખી છે—ધીમે ધીમે દેખાશે.'

પછી તેણે શ્રીશ વગેરેને કહ્યું: 'આ શ્રીયુત રસિક ચક્રવર્તી!—નામ પ્રમાણે જ ગુણ છે.'

આ સાંભળી શ્રીશ અને વિપિન બંનેએ હસીને રસિકની સામે જોયું.

રસિકદાદાએ કહ્યું: 'મારી રસબુદ્ધિ વિષે કંઈ પણ જાણવા મળે એ પહેલાં જ મારા પિતાએ મારું નામ રસિક પાડ્યું હતું. હવે પિતાનું વચન સત્ય કરાવવા માટે મારે રસિક બનવાની ચેષ્ટા કરવી પડે છે—પણ 'યત્ને કૃતે યદિ ન સિધ્યતિ કોત્ત્ર દોષઃ?'

અક્ષય ચાલ્યો ગયો. ઓરડામાં બે કેરોસિનના દીવા બળતા હતા. એ બેની ઉપર રંગીન રેશમી આવરણ હતું. એ આવરણ ભેદીને ઓરડામાં મૃદુ રંગીન પ્રકાશ પડતો હતો.

એટલામાં શૈલે પુરુષવેશે આવીને સૌને પ્રણામ કર્યો. ક્ષીણદષ્ટિ ચંદ્રમાધવબાબુ આંખો ખેંચીને એને જોઈ રહ્યા—શ્રીશ અને વિપિન પણ તેને જોઈ રહ્યા.

શૈલની પાછળ બે નોકર હાથમાં ભોજનની થાળીઓ લઈને હાજર થયા. શૈલે નાનકડી ચાંદીની થાળીઓ લઈને આરસના મેજ ઉપર ગોઠવવા માંડી. પહેલા પરિચયની દુર્નિવાર્ય લજ્જા તેણે આમ અતિથિસત્કારની અંદર દબાવી દેવાની યુક્તિ કરી હતી.

રસિકે કહ્યું: 'આપણી સભાના આ એક નવીન સભાસદ છે. એમની નવીનતા વિષે કંઈ જ દલીલ કરવાની જરૂર નથી. બરાબર મારાથી ઊલટા છે. એમણે પોતાની બુદ્ધિની પ્રવીણતા બાહ્ય નવીનતામાં છુપાવી

રાખી છે. તમે બધા જરા નવાઈ પામ્યા દેખાઓ છો—સ્વાભાવિક છે. દેખાવે તેઓ બાળક જેવા લાગે છે. પરંતુ તેઓ બાળક નથી, એનો હું જામીન થાઉં છું.'

ચંદ્રબાબુએ કહ્યું: 'તેઓશ્રીનું નામ?'

રસિકે કહ્યું: 'શ્રી અબલાકાન્ત ચટ્ટોપાધ્યાય.'

શ્રીશ બોલી ઊઠ્યો: 'અબલાકાન્ત?'

રસિકે કહ્યું: 'નામ આપણી સભાને લાયકનું નથી એ હું કબૂલ કરું છું. નામ તરફ એમને પણ બહુ મમત્વ નથી. એ નામ બદલીને તમે વિક્રમસિંહ કે ભીમસેન કે બીજું કોઈ ઉપયોગી નામ રાખો તો પણ એનો એમને વાંધો નથી. જો કે શાસ્ત્રમાં કહ્યું છે કે સ્વનામ્ના પુરુષો ધન્યઃ—પરંતુ આ અબલાકાન્ત નામ વડે જગતમાં વિખ્યાત થવાનો જરા પણ મોહ રાખતા નથી.'

શ્રીશે કહ્યું: 'શું કહો છો, મશાય! નામ કંઈ શરીરનું અંગરખું છે કે ફાવે ત્યારે બદલી શકાય?'

રસિકે કહ્યું: 'એ માત્ર તમારા નવા જમાનાના સંસ્કાર છે, શ્રીશબાબુ! પ્રાચીન કાળના લોકો નામની પોશાકમાં જ ગણના કરતાં. દાખલા તરીકે, અર્જુનનું પિતૃદત્ત નામ શું હતું તે ચોક્કસપણે કહેવું અશક્ય છે—લોકો પાર્થ, ધનંજય, સવ્યસાચી વગેરે ફાવે તે નામે એને બોલાવતા. માટે નામને તમે વધારે સત્ય માની લેશો નહિ; જો કદાચ ભૂલથી તમે એમને અબલાકાન્ત નહિ કહો, તો તે તમારા ઉપર બદનક્ષીની ફરિયાદ માંડવાના નથી.'

શ્રીશે હસીને કહ્યું: 'તમે આવું અભયદાન આપો છો એટલે મન નિશ્ચિંત બની જાય છે—પરંતુ એમના ક્ષમાગુણની પરીક્ષા કરવાની જરૂર નહિ પડે—અમે નામ નહિ ભૂલીએ, મશાય!'

રસિકે કહ્યું: 'તમે નહિ ભૂલો, પણ હું ભૂલી જાઉં છું, મશાય! સગપણમાં હું એનો દાદો થાઉં છું—એટલે એની બાબતમાં મારી જીભ બહુ લૂલી છે—કોઈ વખત કંઈને બદલે કંઈ બોલી બેસું તો મને માફ કરજો!'



શ્રીશે ઊભા થઈને કહ્યું: 'અબલાકાન્તબાબુ! આપે આ બધી શી ધમાલ કરી છે? અમારી સભાના કામકાજની યાદીમાં મિષ્ટાન્ન લખેલું નહોતું.'

રસિકે ઊભા થઈ કહ્યું: 'આ ખોટ પૂરી પાડનારો હું સભાની વતી આભાર માનું છું.'

શ્રીશના મોં સામું જોયા વગર જ રકાબીઓ ગોઠવતાં ગોઠવતાં શૈલે કહ્યું: 'શ્રીશબાબુ, જમવું એ પણ શું આપના નિયમ વિરુદ્ધ છે?'

શ્રીશને થયું કે આનો કંઠસ્વર પણ અબલા નામને યોગ્ય છે. તે બોલ્યો: 'આ સભ્યના શરીરની આકૃતિ પર નજર કરવાથી એ વિષે આપની ખાતરી થશે.' આમ કહી એણે તગડા વિપિનને ખેંચી આગળ ધર્યો.

વિપિને કહ્યું: 'નિયમનું પૂછતા હો, અબલાકાન્તબાબુ, તો મારે કહેવું જોઈએ કે સંસારની ઉત્તમોત્તમ ચીજો પોતે જ પોતાનો નિયમ પેદા કરે છે. શક્તિશાળી લેખક પોતાના નિયમ પ્રમાણે ચાલે છે, શ્રેષ્ઠ કાવ્ય વિવેચકના નિયમને માનતું નથી. એવી રીતે મિષ્ટાન્નને પણ કોઈ સભાનો નિયમ લાગુ પડતો નથી. એનો એકમાત્ર નિયમ એ છે કે બેસી જાઓ, ને પેટમાં પૂરો! જ્યાં લગી મિષ્ટાન્ન મોજુદ છે ત્યાં લગી દુનિયાના બીજા તમામ નિયમોએ બારણા બહાર રાહ જોયા કરવી પડશે.'

શ્રીશે કહ્યું: 'તને થયું છે શું, વિપિન! તને ખાતાં તો ઘણીવાર જોયો છે, પણ એકશ્વાસે આટલું બધું બોલી નાખતો કદી જોયો નથી.'

વિપિને કહ્યું: 'રસના ઉત્તેજિત થઈ છે, એટલે, સરસ વાક્ય બોલવાનું મારે માટે અતિ સરલ બની ગયું છે. જે માણસ મારું જીવનચરિત્ર લખશે—પણ હાય, અત્યારે એ ક્યાં છે?'

રસિકે હાથ ટાલ પર પસવારતાં પસવારતાં કહ્યું: 'મારી પાસેથી એ કામની આશા રાખશો નહિ, કારણ કે હું એટલો લાંબો વખત રાહ જોઈ શકું તેમ નથી.'

શણગારેલા નવા મકાનમાં આવવાથી ચંદ્રમાધવબાબુનું મન વિક્ષિપ્ત બની ગયું હતું. એટલે તેમના ઉત્સાહનો પ્રવાહ વહેવો જોઈએ તે રસ્તે

વહેતો નહતો. તેઓ અમથાઅમથા વારેઘડીએ કામકાજના હેવાલનો ચોપડો અથવા તો પોતાની હથેળી જોયા કરતા હતા.

શૈલે એમની પાસે જઈ સવિનય જાહેર કર્યું: 'સભાના કામમાં કંઈ ખલેલ પડતી હોય તો મને માફ કરજો, ચંદ્રબાબુ, પણ જરા નાસ્તો—'

શૈલ આટલી નજીક આવતાં ચંદ્રબાબુ તેના મોં સામે જોઈ રહ્યા. પછી બોલ્યા: 'આવા બધા સામાજિક કાર્યક્રમોથી સભાના કામમાં ખલેલ પહોંચે છે એ વિષે કંઈ શંકા નથી.'

રસિકે કહ્યું: 'ઠીક, તો પરીક્ષા કરી જુઓ! મિષ્ટાન્નથી જો સભાના કામમાં ખલેલ પડતી જણાય તો—'

વિપિને ધીરેથી કહ્યું: 'તો ભવિષ્યમાં સભાનું કામ બંધ કરી મિષ્ટાન્ન એકલું રાખીશું—'

ચંદ્રબાબુ શૈલના મોં સામે ધારી ધારીને જોતા હતા—શૈલના સુન્દર ચહેરોનો ભાવ તેમના મનમાં ઊતર્યો; એટલે શૈલને નિરાશ કરવાનું તેમને મન થયું નહિ.

અહીં એ કહેવું જોઈએ કે થોડીવાર પહેલાં જ વિપિન ઘરમાંથી ખાઈ કરીને નીકળ્યો હતો. તેને ખાવાનું જરા પણ મન નહોતું, પરંતુ આ રૂપાળા કુમારને જોઈને, ખાસ કરીને તેના મુખનું અતિ સુકોમલ સ્મિતહાસ્ય જોઈને, હૃષ્ટપુષ્ટ વિપિનનું ચિત્ત સ્નેહથી એવું આકર્ષાઈ ગયું હતું કે તે વધારે પડતો બોલકો બની ગયો હતો, અને મિષ્ટાન્ન તરફ ખૂબ લોભ પ્રગટ કરતો હતો. માંદા પડવાથી બીકને લીધે શ્રીશમાં અસમયે ખાવાની હિંમત નહોતી, પણ તેનેયે થયું કે નહિ ખાંઉ તો આ તરુણ કુમાર તરફ ખૂબ કઠોરતા બતાવી ગણાશે.

શ્રીશે કહ્યું: 'આવો, રસિકબાબુ! તમે તો ઊઠતા પણ નથી ને!'

રસિકે કહ્યું: 'રોજ રોજ માગીને અને કોઈ કોઈ વખત પડાવીને ખાવાનું મારા નસીબમાં લખેલું છે. પરંતુ આજે ચિરકુમારસભાનો સભ્ય બન્યો હોઈ સભ્યપદના ગૌરવથી, હું કંઈક આગ્રહની આશા રાખતો હતો—પણ—'

શૈલે કહ્યું: 'પણ વળી શું, રસિકદાદા? તમે તો રવિવાર કરો



છો. આજે ખાવું છે શું?'

રસિકે કહ્યું: 'જોયું, મશાય! નિયમ બીજા કોઈને નહિ, એક રસિકદાદાને લાગુ પાડવાનો! નહિ, 'બલં બલં બાહુબલમ્'—આગ્રહ-બાગ્રહની આશા રાખવી નકામી છે.'

વિપિનને માત્ર ચાર ભોજનપાત્ર જોઈ શૈલને કહ્યું: 'તમે અમારી સાથે નહિ બેસો'

શૈલે કહ્યું: 'ના , હું તમને સૌને પીરસવાનું કામ કરીશ.'

શ્રીશ બોલી ઊઠ્યો: 'એ તે કંઈ બને?'

શૈલે કહ્યું: 'મારી ખાતર તમે ઘણા અનિયમો ખમી લીધા છે, તો હવે મારી આટલી ઇચ્છા પૂરી કરો. મને પીરસવા દો, ખાવા કરતાં મને એથી વધારે આનંદ થશે.'

શ્રીશે કહ્યું: 'રસિકબાબુ, આ શું સારું દેખાય છે?'

રસિકે કહ્યું: 'ભિન્નરુચિર્હિ લોકઃ—એમને પીરસવું ગમે છે, આપણને ખાવું ગમે છે. આ જાતના રુચિભેદથી, મને લાગે છે કે અરસપરસ બંનેની સગવડ સચવાઈ જાય છે!'

જમવાનું શરૂ થયું.

શૈલે કહ્યું: 'ચંદ્રબાબુ, એ મીઠાઈ છે, એ પહેલાં ન ખાશો. આ તરફ શાક છે. પાણીનો પ્યાલો શોધો છો? આ રહ્યો!'

આમ કહી એણે પ્યાલો આગળ ધર્યો.

ચંદ્રબાબુને નિર્મલા યાદ આવી. તેમને થયું કે આ છોકરો નિર્મલાના ભાઈ જેવો લાગે છે. પોતાની સંભાળ લેવાનેય અશક્ત એવા ચન્દ્રબાબુ તરફ શૈલને જરા વધારે મમતા થઈ. ચંદ્રબાબુના ભાણામાં કેરી હતી. તેઓ ઉપયોગ કરી શકતા નહોતા. એ જોઈ શૈલને દુઃખ થયું. તેણે ઝટપટ એ કાપીને તેઓ ખાઈ શકે તેવું કરી દીધું. આમ ચન્દ્રબાબુને જે વખતે જે જોઈએ તે તેણે ધીરે ધીરે તેમની આગળ સરકાવી આપવા માંડ્યું, અને એ રીતે તેમને ભોજનમાં મદદ કરવા માંડી.

ચંદ્રબાબુએ કહ્યું: 'શ્રીશબાબુ, સ્ત્રીસભ્યને સભામાં દાખલ કરવા વિશે, પછી તમે કંઈ વિચાર કરી જોયો?'

શ્રીશે કહ્યું: 'વિચાર કરી જોતાં એમાં ખાસ વાંધો લેવા જેવું તો નથી લાગતું, પણ સમાજ વાંધો લેશે.'

વિપિનને તર્કશક્તિ તેજ બની ગઈ. તે બોલ્યો: 'સમાજને તો ઘણી વખત આપણે અણસમજુ બાળક જેવો જોઈએ. બાળક ગમે તેટલી ના ના કરે, પણ બધાનો વિચાર કરવા રહીએ તો બાળકની જ પ્રગતિ રૂંધાઈ જાય. તે જ પ્રમાણે સમાજનું!'

આજે શ્રીશ આ બાબતમાં ખૂબ નરમ હતો, નહિ તો ગરમીમાંથી વરાળ અને વરાળમાંથી વૃષ્ટિ થાય તેમ દલીલમાંથી કલહ અને કલહમાંથી ફરી પાછી સદ્‌ભાવની સૃષ્ટિ થાત. એટલું જ નહિ. પણ શ્રીશે જરા ઉત્સાહથી કહ્યું:

'મને લાગે છે કે આપણા દેશમાં આટલી બધી સભાઓ ને સમિતિઓ થાય છે, પણ બધી અકાળે નિષ્ફળ નીવડે છે તેનું મુખ્ય કારણ એ છે કે તેમાં સ્ત્રીઓનો સહકાર નથી. તમને કેમ લાગે છે, રસિકબાબુ?'

રસિકે કહ્યું: 'સંજોગવશાત સ્ત્રીજાતિની સાથે મારો ખાસ સંબંધ નથી, તો પણ મને એટલી ખબર છે કે સ્ત્રીજાતિ કાં તો મદદ કરે છે કે ખલેલ કરે છે, કાં તો સૃષ્ટિ કરે છે કે પ્રલય કરે છે. એટલે એમને આપણા મંડળમાં ખેંચવાથી બીજો કોઈ ફાયદો થાય કે ન થાય, પણ એને ખલેલરૂપ બનતી તો અટકાવી શકાશે. વિચાર કરી જોશો તો તમને જણાશે કે ચિરકુમારસભામાં જો તમે સ્ત્રીજાતિને પહેલેથી જ દાખલ કરી હોત તો છૂપી રીતે આ સભાનો નાશ કરવાનું એને મન જ ન થાત—પરંતુ હાલના સંજોગોમાં—'

શૈલે કહ્યું: 'કુમારસભાની ઉપર સ્ત્રીઓને આવી ચીડ છે એની રસિકદાદને ક્યાંથી ખબર પડી?'

રસિકે કહ્યું: 'આફતના સમાચાર મળતા પહેલાં જ શું માણસે સાવધ રહેવાની જરૂર નથી? પેલા કાણા હરણની વાત ભૂલી ગયા? જે આંખ કાણી હતી તે તરફ જ એને તીર વાગ્યું હતું.—તેવી રીતે કુમારસભા જો સ્ત્રીજાતિ તરફ જ આંખ મીંચી રાખશો તો એ તરફથી



જ એને ઓચિંતાનો ઘા પડશે.'

શ્રીશે વિપિનની સામું જોઈ ધીરેથી કહ્યું: 'કાણા હરણને આજે એક તીર વાગ્યું છે—એક સભ્ય ધૂળ ચાટતો થઈ ગયો છે.—'

ચંદ્રબાબુએ કહ્યું: 'એકલા પુરુષોની મદદથી સમાજનું કલ્યાણ કરવા ઇચ્છવું એ એક પગે ચાલવા જેવું છે. તેથી જ થોડુંક ચાલીને તેમને બેસી જવું પડે છે. તમામ મહત્ત્વનાં કાર્યોમાંથી આપણે સ્ત્રીઓને અળગી રાખી છે, તેથી જ આપણા દેશની પ્રવૃત્તિઓમાં પ્રાણ નથી આવતો. આપણાં હૃદય, આપણી પ્રવૃત્તિઓ, અને આપણી આશાઓ બહાર અને અંદર ખંડિત થાય છે. તેથી જ આપણે બહાર ભાષણ આપીને આવીએ છીએ અને ઘરમાં આવીને ભૂલી જઈએ છીએ. જુઓ અબલાકાન્તબાબુ, હજી તમારી ઉંમર નાની છે, મારા આ શબ્દો હમેશાં યાદ રાખજો—કદી પણ સ્ત્રીજાતિનો તિરસ્કાર ન કરશો! એની અવગણના ન કરશો! સ્ત્રીજાતિને જો આપણે નીચે જ રાખીશું, તો તે પણ આપણને નીચે ને નીચે ઢસડશે, અને આપણે પણ એના ભારથી ઉન્નતિને માર્ગે પગલું નહિ ભરી શકીએ—બે ડગલાં ચાલ્યા ન ચાલ્યા, ને પાછા ઘરના ખૂણામાં આવીને ભરાઈ જશું, પરંતુ જો આપણે એને ઊંચું સ્થાન આપીશું, તો ઘરમાં પણ આપણે આદર્શને હલકો પાડતાં શરમાશું. આપણા દેશના લોકો બહાર આવી શરમ રાખે છે, પણ ઘરમાં નથી રાખતા. એથી જ આપણી બધી પ્રગતિ માત્ર બાહ્યાડંબર બની જાય છે.'

શૈલે ચંદ્રબાબુના આ શબ્દો એકચિત્તે સાંભળી રહી, પછી બોલી: 'આશીર્વાદ આપો કે આપનો આ ઉપદેશ નકામો ન જાય. અને હું આપના આદર્શને લાયક બની શકું.'

ખૂબ શ્રદ્ધાપૂર્વક ઉચ્ચારાયેલા આ શબ્દો સાંભળી ચંદ્રબાબુ કંઈક ચમકી પડ્યા. તેમને નિર્મલા યાદ આવી. તે પણ આવી જ રીતે તેમની તમામ દલીલો વિનમ્ર શ્રદ્ધાથી સ્વીકારી લેતી હતી. તેમનું હૃદય સ્નેહાળ બની ગયું. તેમને થયું: 'બરાબર નિર્મલાનો ભાઈ!'

ચંદ્રબાબુએ કહ્યું: 'તો મારી ભાણી નિર્મલાને કુમારસભાની સભાસદ

બનાવવામાં તમને કોઈને કંઈ વાંધો નથી ને?'

રસિકે કહ્યું: 'બીજો તો કંઈ વાંધો નથી, પણ જરા વ્યાકરણનો વાંધો છે. કુમારસભામાં જો કોઈ કુમારીવેશે આવે તો એને બોપદેવનો શાપ છે!'

શૈલે કહ્યું: 'બોપદેવનો શાપ આ જમાનામાં નથી લાગતો!'

રસિકે કહ્યું: 'તો રહ્યું, પણ લોહારામથી તો ડરવું પડશે. એટલે મને એમ લાગે છે કે જો સ્ત્રીસભ્યો પુરુષસભ્યો ખબર ન પડે તેમ, વેશ ને નામ બદલીને આવે તો આ મુસીબત ટળી જાય!'

શ્રીશે કહ્યું: 'તો પછી ગમ્મત એ થશે કે કોણ પુરુષ છે ને કોણ સ્ત્રી છે એની સૌને શંકા થશે.'

વિપિને કહ્યું: 'મને નથી લાગતું કે મારે વિશે કોઈને એવી શંકા થાય!'

રસિકે કહ્યું: 'મને પણ કોઈ મારી પૌત્રી માની બેસે એવું હું નથી ધારતો.'

શ્રીશે કહ્યું: 'પણ અબલાકાન્ત બાબુ વિશે શંકા થવાની જ.'

તે વખતે શૈલ પાસેથી ટિપાઈ પરથી મિષ્ટાન્નની થાળી લેવા ગઈ.

ચંદ્રબાબુએ કહ્યું: 'જુઓ રસિકબાબુ, ભાષાતત્ત્વનો અભ્યાસ કરવાથી માલૂમ પડે છે કે વપરાતાં વપરાતાં કેટલાક શબ્દોનો મૂળ અર્થ લુપ્ત થઈ જાય છે, ને ઊલટો અર્થ પ્રચલિત બની જાય છે. તેવી રીતે સ્ત્રીસભ્ય ગ્રહણ કરવાથી ચિરકુમારસભાના અર્થનું પરિવર્તન થતું હોય તો છોને થતું! એથી નુકસાન શું થવાનું છે?'

રસિકે કહ્યું: 'કશું જ નહિ. હું પરિવર્તનનો વિરોધી નથી. નામપરિવર્તન, વેશપરિવર્તન, કે અર્થપરિવર્તન, ભલેને,ગમે તે પરિવર્તન થાય, જે વખતે જે બને તેને હું વિના વિરોધે સ્વીકારી લઉં છું—મારામાં પ્રાણ નિત્યનવીન છે એનું કારણ આ છે.'

ભોજન પૂરું થઈ ગયું. અને સ્ત્રીસભ્યને દાખલ કરવા વિષે હવે કોઈને વિરોધ કહ્યો નહિ.

જમી રહ્યા પછી રસિકે કહ્યું: 'હું આશા રાખું છું કે સભાના



કામકાજમાં કંઈ વિક્ષેપ પડ્યો નથી.'

શ્રીશે કહ્યું: 'જરાયે નહિ—બીજા દિવસોમાં માત્ર મોઢું જ કામ કરતું, આજે જમણા હાથે પણ એમાં સાથ દીધો છે.'

વિપિને કહ્યું: 'એથી આભ્યંતરિક તૃપ્તિ જરા વધારે થઈ છે.'

આ સાંભળી શૈલે ખુશી થઈ પોતાના સ્વાભાવિક સ્નેહકોમલ હાસ્ય વડે સૌને પુરસ્કૃત કર્યા.

## : ૯ :

અક્ષયે કહ્યું: 'થયું છે શું એ તો કહો! મારા આ ઓરડાને આજલગી એકલો ઝડુ નોકર ઝાડીઝૂડીને સાફ રાખતો, પણ હવે તો અહીંની હવા સવાર-સાંજ તમારી બે બહેનોના પાલવના વીંઝણા ખાઈ ખાઈને ચંચળ બની રહી છે!'

નીરબાલાએ કહ્યું: 'બહેન કાશી ગઈ છે, ને તમે એકલા અહીં પડ્યા રહો છો, એટલે અમે દયા લાવી કોઈ કોઈ વખત દર્શન દેવા આવીએ છીએ; ત્યારે તમે અમારી ઊલટ તપાસ કરવા બેસો છો! વાહ નગુણા!'

અક્ષયે ભૈરવીમાં ગાવા માંડ્યું:

ઓ રે દયામયી ચોર,
તારી દયા મહા ઘોર!
દયા કરીને ડોકે મારી બાંધો માયા-દોર!
દયા કરીને ચોરી જા આ હૈયું શૂન્ય કઠોર!

નીરબાલાએ કહ્યું: 'મશાય! એમ ખુશામત કરવાથી હવે કંઈ વળવાનું નથી. એમને એવા મૂરખ ચોર ન સમજશો. અત્યારે તમારી પાસે હૈયું છે જ ક્યાં તે અમે ચોરી કરવા આવીએ?'

અક્ષયે કહ્યું: 'તો બતાવો જોઉં, એ અભાગિયું હૃદય અહીંથી કેટલે દૂર છે?'

નૃપબાલાએ કહ્યું: 'બતાવું? મને એ ખબર છે, મુખુજ્જે મશાય! અહીંથી એ ચારસો પંચોતેર માઈલ દૂર છે!'

નીરબાલાએ કહ્યું: 'તેં તો ગજબ કર્યો, નૃપ! મુખુજ્જે મશાયના હૃદયની પાછળ પાછળ તું માઈલ ગણતી ગણતી તો દોડી નહોતી ને?

નૃપબાલાએ કહ્યું: 'ના, રે! બહેન કાશી જવા નીકળ્યાં ત્યારે મેં ટાઈમટેબલમાં માઈલ જોઈ લીધા હતા.'

અક્ષયે બહારમાં ગાવા માંડ્યું:

'મૂઠી વાળી ધાય ભાગેડું હૃદય,



ફૂલી ઊઠે રગ તનની,
હાય હાય કરી બાંધવા એને,
પૂંઠે પૂંઠે ધાય રમણી!
વાયુ વેગભર્યો ઊડે અંચલ,
લટે લટે વેણી ચંચલ!
આ કેવો રંગ, આકુલ અંગ
દોડે કુરંગ-ગમની!'

નીરબાલાએ કહ્યું: 'કમાલ! કમાલ! કવિરાજ! પરંતુ તમારી કવિતામાં કોઈ કોઈ આધુનિક કવિતા છાયા દેખાય છે!'

અક્ષયે કહ્યું: 'તેનું કારણ એ છે કે હું પણ બિલકુલ આધુનિક છું! તું શું એમ સમજે છે કે તારા આ મુખુજ્જે મશાય કુત્તિવાસ ઓઝા(બંગાળના એક પ્રાચીન કવિ, એમનું રામાયણ બંગાળમાં અતિ-પ્રસિદ્ધ છે)નો જોડકો ભાઈ છે? ભૂગોળના માઈલ ગણતાં આવડે છે, ને ઇતિહાસની તારીખમાં આવો ગોટાળો? તો પછી ભણેલી સાળીઓથી મને શો ફાયદો થયો? હું આવો મસ્ત આધુનિક, તમને જૂના જમાનાનો લાગ્યો?'

નીરબાલાએ કહ્યું: 'મુખુજ્જે મશાય! શિવજી જ્યારે લગ્ન કરવા ગયા ત્યારે એમની સાળીઓએ પણ આ ભૂલ કરી હતી. પણ ઉમાની આંખે કંઈ જ દેખાતું હતું. એટલે તમારે ચિંતા કરવાનું કંઈ કારણ નથી, અમારી દીદી તમને આધુનિક જ સમજે છે!'

અક્ષયે કહ્યું: 'અરે મૂઢ બાલાઓ, શિવજીને જો સાળીઓ હોત તો પછી એમનું ધ્યાનભંગ કરવા માટે કામદેવની જરૂર શાની પડત? તમે મારી સાથે એમની સરખામણી કરો છો?'

નૃપબાલાએ કહ્યું: 'ઠીક, તો મુખુજ્જે મશાય, અત્યાર સુધી તમે અહીં બેઠાબેઠા શું કરતા હતા?'

અક્ષયે કહ્યું: 'તમારો દૂધનો હિસાબ લખતો હતો.'

નીરબાલાએ મેજ ઉપરથી અધૂરો લખાયેલો કાગળ ખેંચી લીધો ને કહ્યું: 'આ તમારો દૂધનો હિસાબ, કેમ? હિસાબમાં દૂધ અને માખણનો

જ ભાગ વધારે લાગે છે!'

અક્ષયે ગભરાઈને કહ્યું: 'નહિ, નહિ, એ ગરબડ નહિ, એ મૂકી દે—'

નૃપબાલાએ કહ્યું: 'બહેન નીરુ, શું કરવા ચીડવે છે? કાગળ એમને પાછો આપી દે—આ બાબતમાં સાળીઓનો જુલમ નહિ સહન થાય. પણ મુખુજ્જે મશાય, તમે કાગળમાં દીદીને શું કહીને સંબોધો છો એ તો કહો!'

અક્ષયે કહ્યું: 'રોજ નવાં સંબોધન કરું છું—'

નૃપબાલાએ કહ્યું: 'આજે શું કર્યું છે એ કહો.'

અક્ષયે કહ્યું: 'સાંભળવું છે? તો સખી, સાંભળો! ચંચલ-ચકિતચિત્તચકોરચોર ચંચુચું બિતચારુચન્દ્રિકરુચિરુચિર ચિરચન્દ્રમા!'

નીરબાલાએ કહ્યું: 'ચમત્કારિક ચાટુચાતુર્ય!'

અક્ષયે કહ્યું: 'આમાં બિલકુલ ચોરી નથી, જરાયે ચર્વિતચર્વણ નથી.'

નૃપબાલાએ નવાઈ પામી કહ્યું: 'વારુ, મુખુજ્જે મશાય, દરરોજ તમે આવાં લાંબાં સંબોધન બનાવી કાઢો છો? એટલે દીદીને કાગળ લખતાં તમને આટલી વાર લાગે છે!'

અક્ષયે કહ્યું: 'એટલે તો નૃપની આગળ મારું જૂઠાણું ચાલતું નથી. ભગવાને મને તરત ને તરત બનાવી કાઢી બોલવાની અસાધારણ શક્તિ આપી છે, પણ તે અહીં ચાલી નહિ! ભગિનીપતિના શબ્દને વેદવાક્ય માનવાનું કઈ 'મનુસંહિતા'માં લખ્યું છે, કહે જોઉં?'

નીરબાલાએ કહ્યું: 'ગુસ્સે ન થાઓ, મુખુજ્જે મશાય! શાંત થાઓ, શાંત થાઓ! નૃપની વાત જવા દો, પણ જરા વિચાર તો કરો, હું તમારા એકે વચન ઉપર કાણી કોડી જેટલોયે વિશ્વાસ રાખતી નથી, આ ઓછું આશ્વાસન છે?'

નૃપબાલાએ કહ્યું: 'વારુ, મુખુજ્જે મશાય! સાચું કહેજો, મારી બહેનના નામે તમે કદી કવિતા બનાવી છે?'

અક્ષયે કહ્યું: 'આ વખતે જ્યારે એ બહુ ગુસ્સે થઈ ગઈ ત્યારે મેં સ્તુતિની કવિતા રચીને ગાઈ હતી—'



નૃપબાલાએ કહ્યું: 'પછી?'

અક્ષયે કહ્યું: 'પછી એનું પરિણામ જોયું તો ઊલટું જ માલૂમ પડ્યું. પવન લાગતાં આગનું જોર વધે એના જેવું—તે દિવસથી એની સ્તુતિકવિતા કરવી મેં છોડી દીધો છે.'

નૃપબાલાએ કહ્યું: 'છોડી દઈને હવે કેવળ દૂધનો હિસાબ લખવાનું રાખ્યું છે. શું સ્તુતિકાવ્ય લખ્યું હતું, અમને જરા સંભળાવો તો ખરા, મુખુજ્જે મશાય!'

અક્ષયે કહ્યું: 'બીક લાગે છે, વખતે તમે લોકો મારા ઉપરી અધિકારીને રિપાર્ટ કરી દો તો?'

નૃપબાલાએ કહ્યું: 'નહિ, અમે દીદીને કશું નહિ કહીએ.'

અક્ષયે કહ્યું: 'તો એકચિત્તે શ્રવણ કરો—'

આમ કહી એણે સિંધુકાફીમાં ગાવા માંડ્યું:—

મનોમંદિર—સુન્દરી
મણિમંજીર—ગુંજરી
સ્ખલદંચલા ચલચંચલા
અયિ મંજુલા મંજરી!
રોષારુણરાગરંજિતા
બંકિમ-ભ્રૂ-ભંજિતા
ગોપન હાસ્ય કુટિલ આસ્ય
કપટ કલહ ગંજિતા!
સંકોચનત અંગિની
ભયભંગુર—ભંગિની
ચકિત ચપલ નવકુરંગ
યૌવન વન રંગિણી!
અયિ ખલ! છલગુંઠિતા!
મધુકરભર—કુંઠિતા
લુબ્ધ પવન—ક્ષુબ્ધલોભન
મલ્લિકા અવલુંઠિતા!

ચુંબન-ધન-વંચિતિ
દુરુહગર્વ—મંચિની
રુદ્ધકોરક—સંચિત—મધુ
કઠિન કનકકંજિની!

બસ, હવે બહુ થયું. હવે મહાશયો, સીધાવો!

નીરબાલાએ કહ્યું: 'કેમ, આટલું અપમાન કેમ કરો છો? દીદીએ ઝાડુ માર્યું એટલે હવે એની દાઝ અમારા ઉપર કાઢવાની?'

અક્ષયે કહ્યું: 'અરેરે! આ લોકો ઓરડાની પવિત્રતા પણ નહિ સાચવવા દે. અરે બેવકૂફો! હમણાં કોઈ આવી પહોંચશો!'

નૃપબાલાએ કહ્યું: 'એના કરતાં એવું કહોને કે કાગળ પૂરો કરવા બેસવું છે.'

નીરબાલાએ કહ્યું: 'તે અમે તમને શું નડીએ છીએ? તમે તમારે કાગળ લખોને, અમે ક્યાં તમારી કલમનું મોં બંધ કરવા આવીએ છીએ તે?'

અક્ષયે કહ્યું: 'તમે લોકો પાસે હો છો એટલે મન અહીં જ તરફડ્યા કરે છે, અને દૂર જેની પાસે જવાનું છે ત્યાં એનાથી જવાતું જ નથી! મજાક નથી કરતો, હવે ભાગો! હમણાં કોઈ આવી પહોંચશે.—આ એક જ બારણું ઉઘાડું છે, પછી ભાગવાનો રસ્તો નહિ રહે.'

નૃપબાલાએ કહ્યું: 'આ સમી સાંજે કોણ તમારી પાસે આવવાનો નવરું છે?'

અક્ષયે કહ્યું: 'તમે જેમનું ધ્યાન ધરો છો એ તો નહિ, નહિ ને નહિ જ!'

નીરબાલાએ કહ્યું: 'જેનું ધ્યાન ધરીએ છીએ એના દર્શન દુર્લભ હોય છે એવો આજકાલ તમને ખૂબ અનુભવ થઈ રહ્યો છે, નહિ, મુખુજ્જે મશાય? દેવતાનું ધ્યાન ધરો છો ને ઉપદેવતા આવીને ઉપદ્રવ કરે છે!'

એટલામાં 'અબલાકાન્ત બાબુ છે?'ની બૂમ મારી એકદમ શ્રીશે ઘરમાં પ્રવેશ કર્યો. પણ તરત 'માફ કરજો' કહીને એણે પાછો પગ ભર્યો.



નૃપ અને નીર એકદમ નાસી ગઈ.

અક્ષયે કહ્યું: 'આવો, આવો શ્રીશ બાબુ!'

શ્રીશે શરમિંદા બનીને કહ્યું: 'માફ કરજો!'

અક્ષયે કહ્યું: 'માફ કરું છું, પણ ગુનો શો થયો છે એ તો પહેલાં કહો.'

શ્રીશે કહ્યું: 'ખબર આપ્યા વગર જ—'

અક્ષયે કહ્યું: 'તમારું સ્વાગત કરવા માટે મ્યુનિસિપાલિટીની પાસે બજેટ પાસ કરાવવું પડતું નથી, પછી ખબર આપ્યા વગર આવવામાં વાંધો શો, શ્રીશબાબુ!'

શ્રીશે કહ્યું: 'અહીં મેં અસમયે અનધિકાર પ્રવેશ કર્યો નથી એવું તમે કહેતા હો તો પત્યું!'

અક્ષયે કહ્યું: 'એ જ કહું છું. તમે જ્યારે આવો ત્યારે જાણજો કે એ સુસમય છે, અને તમે જ્યાં પગ મૂકો ત્યાં જાણજો કે તમારો અધિકાર છે. શ્રીશબાબુ! ખુદ વિધાતાએ પોતે તમને પાસપોર્ટ આપી રાખ્યો છે. જરા બેસો, હું અલબાકાન્ત બાબુને ખબર મોકલાવું!'

પછી એ મનમાં બોલ્યો: 'અહીંથી ભાગ્યા વિના કાગળ પૂરો કરી શકાવાનો નથી!

અક્ષય ચાલ્યો ગયો.

પછી શ્રીશ એકલો એકલો બોલવા લાગ્યો: 'મારી આંખ આગળ થઈને બે માયાવી સુવર્ણમૃગ નાસી ગયાં! પણ હે નિ:શસ્ત્ર શિકારી! તારામાં દોડવાની તાકાત નથી. પણ કસોટી ઉપર સોનાની રેખા અંકાઈ જાય તેમ, એ ચકિત આંખોની દૃષ્ટિ મારા દૃષ્ટિપથ ઉપર અંકાઈ ગઈ છે.'

એટલામાં રસિકે પ્રવેશ કર્યો.

શ્રીશે એને જોઈ કહ્યું: 'સાંજ સમે આવીને આપને હેરાન તો નથી કરતો ને, રસિકબાબુ?'

રસિકે કહ્યું: 'ભિક્ષુકક્ષે વિનિક્ષિપ્ત: કિમિક્ષુ: નીરસો ભવેત્?' ભિખારીને શેરડી નાખીએ તો શું એ શેરડી નીરસ થઈ જશે? શ્રીશબાબુ, તમને જોઈને હેરાન થાઉં? હું શું એવો અક્કરમી છું?'

શ્રીશે કહ્યુંઃ 'અલબાકાન્ત બાબુ ઘરમાં તો છે ને!'

રસિકે કહ્યુંઃ 'છે જ તો! હમણાં આવશે!'

શ્રીશે કહ્યુંઃ 'ના, ના, જો કામમાં હોય તો એમને હેરાન કરવાની જરૂર નથી.—હું તો નવરો માણસ છું, મારા જેવા બેકાર આદમીઓને શોધતો ફરું છું.'

રસિકે કહ્યુંઃ 'દુનિયામાં સારા માણસો જ નવરા હોય છે, અને હું તો બેકાર માણસોને જ ધન્ય સમજું છું. એ બેનો જો મેળાપ થાય તો એને મણિકાંચનયોગ સમજવો! નવરા અને બેકારોનો એવો મેળાપ કરાવવા વાસ્તે જ ભગવાને સમી સાંજને ઘડી છે. યોગીઓને આપી સવાર, રોગીઓને આપી રાત, કામઢા માણસોને આપ્યો દસથી ચારનો વખત, અને સાંજ? સાચું કહું છું, ચતુર્મુખ બ્રહ્માએ ચિરકુમારની બેઠક માટે એ નથી પેદા કરી! તમને કેમ લાગે છે, શ્રીશબાબુ?'

શ્રીશે કહ્યુંઃ 'એ માન્યા વગર છૂટકો નથી. ચિરકુમારસભા પેદા થઈ એના ઘણા વખત પહેલાં સાંજ પેદા થઈ છે, તે આપણા પ્રમુખ મહાશય ચંદ્રબાબુના નિયમને માનતી નથી—'

રસિકે કહ્યુંઃ 'એ કોઈ બીજા જ ચંદ્રના નિયમને માને છે. એ ચંદ્રનો નિયમ પણ જુદો છે. તમારી આગળ દિલ ખોલીને વાત કરું છું, શ્રીશબાબુ! તમે હસશો નહિ, મારા ભોંયતળિયાના ઓરડામાં મહામહેનતે એક જાળીમાંથી જરા અમથું ચંદ્રમાનું અજવાળું આવે છે.—પરંતુ અજવાળી રાતે એ ચાંદનીની સફેદ રેખા જ્યારે મારી છાતી ઉપર આવીને પડે છે ત્યારે જાણે કોઈએ મને સંદેશો મોકલ્યો ન હોય એવું મને લાગે છે! જાણે કોઈ સફેદ રાજહંસ કોઈ વિરહિણીનો દૂત બનીને આવ્યો છે, ને આ ચિરવિરહીના કાનમાં ધીરે ધીરે બોલી રહ્યો છે—

'અલિન્દે કાલિન્દીકમલસુરભૌ કુંજવસતે–
ર્વસન્તીં વાસન્તીનવપરિમલોદ્ગારચિકુરામ્ ।
ત્વદુત્સઙ્ગે લીનાં મદમુકુલિતાક્ષીં પુનરિમાં,
કદાહં સેવિષ્યે કિસલયકલાપવ્યજનિનીમ્ ।'

શ્રીશે કહ્યુંઃ 'વાહ, વાહ! રસિકબાબુ! કમાલ કરી! પણ એનો



અર્થ સમજાવો તો સારું. છંદમાંથી એના રસની ગંધ તો મળે છે, પરંતુ અનુસ્વાર વિસર્ગો વડે એને જરા કસીને બાંધી દીધેલી છે.'

રસિકે કહ્યુંઃ 'આપણી ભાષામાં મેં એનો તરજૂમો પણ કર્યો છે, પણ છાપાંના સંપાદન મહાશયોને આ ખબર મળી જાય તો મારા પર તૂટી પડે એ બીકે મેં એ છુપાવી રાખ્યો છે. લ્યો, સાંભળો, શ્રીશબાબુ!—

'ક્યારે કુંજભવનના ભમરા ઊપરે,
કાલિંદીની કમલ સુગંધી છૂટશે?
તારે ખોળે મદિરાક્ષી પોઢી હશે,
વસંતવાયુ એના કેશ નચાવશે?
કિસલયનો રૂડો વીંઝણલો વાઈને,
એની સેવા કરવાની પળ આવશે?'

શ્રીશે કહ્યુંઃ 'વાહ, વાહ! રસિકબાબુ! તમારામાં આવું કવિત્વ હશે એવું હું નહોતો જાણતો!'

રસિકે કહ્યુંઃ 'કેવી રીતે જાણો! કહો, કાવ્યલક્ષ્મી કોઈ કોઈ વખત પોતાના પદ્મવનમાંથી આ ટાલવાળા માથા ઉપર હવા ખાવા આવતાં હશે એવો કોને વહેમ આવે?'

પછી માથા પર હાથ ફેરવીને બોલ્યોઃ 'પણ આવી ખુલ્લી જગા એમને બીજે ક્યાં મળે?'

શ્રીશે કહ્યુંઃ 'અહાહા રસિકબાબુ! જમુનાના કંઠા પરનું એ ભ્રમણવાળું કુંજભવન મને બહુ ગમી ગયું છે. જો 'પાયોનિયર'માં કોઈ દેવાળિયો એનું લિલામ કરવાની જાહેરખબર આપશે તો હું એ ખરીદી લીધા વગર નથી રહેવાનો!'

રસિકે કહ્યુંઃ 'શું કહો છો, શ્રીશબાબુ! એકલા ભમરાને લઈને શું કરશો? પેલી મદમુકુલિતાક્ષીનો વિચાર કર્યો? એ લિલામમાં નહિ મળે.'

શ્રીશે કહ્યુંઃ 'આ કોનો રૂમાલ અહીં પડી રહ્યો છે?'

રસિકે કહ્યુંઃ 'જોઉં, જોઉં! ઓહો, કોઈ દુર્લભ ચીજ તમારા હાથમાં આવી પડી છે ને! વાહ! શું સરસ સુગંધ આવે છે! તો પછી શ્લોકની લીટી બદલવી પડશે, મશાય! છંદોભંગ થાય તો ભલે

થાય—'વાસન્તીનવપરિમલોદ્‌ગારરૂમાલામ્ ।' શ્રીશબાબુ! આ રૂમાલની આપણી કુમારસભાની ધજા બનાવીએ, પણ એ શક્ય નથી. આ જોયું, ખૂણામાં ઝીણા અક્ષરે 'ન' લખેલો છે.'

શ્રીશે કહ્યું: 'શું નામ હશે કહો જોઉં! નલિની? નહિ, બહુ પ્રચલિત નામ છે. નીલાંબુજા? બહુ જડબાતોડ છે. નીહારિકા? બહુ આડંબરી છે. તમે તો બોલો કંઈ, રસિક બાબુ! તમને શું લાગે છે?'

રસિકે કહ્યું: 'નામ નથી સુઝતું, મશાય! પણ ભાવ મારા મનમાં આવે છે. શબ્દકોશમાં 'ન' છે એટલા બધા મારા માથામાં ભરાવા માંડે છે. 'ન'ની માળા ગૂંથી કોઈ નીલોત્પલ નયનાની ડોકમાં પહેરાવી દેવાનું મન થાય છે.—નિર્મલનવનીનિન્દિતનવીન—તમે બોલોને, શ્રીશબાબુ!—પૂરું કરી આપોને—'

શ્રીશે કહ્યું: 'નવમલ્લિકા.'

રસિકે કહ્યું: 'સરસ, સરસ! નિર્મલનવનીનિન્દિત નવીન નવમલિલ્કા! 'ગીતગોવિંદ' આની આગળ રદ છે! બીજા પણ ઘણા સરસ 'ન' માથામાં કૂદાકૂદ કરાવા લાગી ગયા છે, પણ મેળ મેળવાતો નથી—નિભૂત નિકુંજનિલય, નિપુણનૂપુર નિક્કણ, નિબિડ નીરદનિર્મુક્ત,—અક્ષયદાદા હોત તો ઝટ ફેંસલો કરી આપત! માસ્તરને જોઈ છોકરાં જેમ પાટલી ઉપર પોતપોતાની જગાએ હારબંધ બેસી જાય, તેમ અક્ષયદાદાનો અવાજ આવતાં બધા શબ્દો દોડતા આવીને ગોઠવાઈ જાય છે. શ્રીશબાબુ! મને બુઢ્ઢાને છેતરીને રૂમાલ ગુપચુપ ગજવામાં ન નાખશો.'

શ્રીશે કહ્યું: 'જેને જડ્યો હોય તેનો એના ઉપર સૌથી પહેલો હક છે—'

રસિકે કહ્યું: 'મારે એ રૂમાલનું જરા કામ છે, શ્રીશબાબુ! મેં તમને કહ્યું તો છે કે સૂના કમરામાં માત્ર એક જ જાળીમાંથી જરાક અમથું ચાંદાનું અજવાળું અંદર આવે છે—મને એક કવિતા યાદ આવે છે—'

'વીથીષુ વીથીષુ વિલાસિનીનામ્
મુખાનિ સંવીક્ષ્ય શુચિસ્મિતાનિ ।
જાલેષુ જાલેષુ કરં પ્રસાર્ય,
લાવણ્યભિક્ષામટતીવ ચન્દ્રઃ ॥'

'નિહાળીને કુંજ પથે પથે હા!
હસુ હસુ મુખ વિલાસિનીનાં,
લાંબા કરી હાથને દ્વાર દ્વાર,
લાવણ્યની માંગત ભીખ ચંદ્રમા!

—એ અભાગિયો ભિક્ષુક મારી બારીમાં આવે છે ત્યારે એને શું આપીને પટાવું, કહો! કાવ્યશાસ્ત્રની રસભરી વાતો જેટલી યાદ આવે એટલી બધી બોલી જાઉં છું, પરંતુ વાતોનાં વડાંથી ભૂખ ભાંગે? એટલે, એવી દુકાળ વેળાએ, આટલો રૂમાલ મારી પાસે હોય તો મને બહુ કામ લાગે. એ રૂમાલને લાવણ્યનો ઠીક ઠીક લાભ મળેલો છે!'

શ્રીશે કહ્યું: 'એ લાવણ્ય તમે કદી જોયું છે ખરું, રસિકબાબુ?'

રસિકે કહ્યું: 'જોયું ન હોય તો આ રૂમાલ વાસ્તે આટલી તકરાર કરું ખરો? અને આ 'ન' અક્ષરને શરૂ થતા શબ્દો મારા માથામાં હજી પણ ટોળાંની પેઠે ગુંજારવ કર્યા કરે છે તે કોઈ કમલવનવિહારિણી માનસીમૂર્તિને નજર સામે જોતા હશે ત્યારે ને?'

શ્રીશે કહ્યું: 'રસિકબાબુ! આપનું આ મગજ એક વિશિષ્ટ મધપૂડા જેવું છે. એના છિદ્રેછિદ્રમાં કવિત્વનું મધ ભરેલું છે—મને પણ એ મદમત્ત કરી દેશે એવું લાગે છે.'

આમ કહી શ્રીશે એક નિઃશ્વાસ નાખ્યો.

એટલામાં પુરુષવેશમાં શૈલબાળાએ પ્રવેશ કર્યો, ને કહ્યું: 'મને આવતાં બહુ મોડું થયું; શ્રીશબાબુ! માફ કરજો!'

શ્રીશે કહ્યું: 'હું આ સંધ્યાટાણે તમને હેરાન કરવા આવ્યો છું. મને પણ માફ કરો, અબલાકાન્ત બાબુ!'

શૈલે કહ્યું: 'રોજ સાંજે એવી રીતે હેરાન કરવાનું કબૂલ કરો તો માફ કરું, નહિ તો નહિ.'

શ્રીશે કહ્યું: 'કબૂલ! પણ જો પછી પસ્તાવો થાય તો આ પ્રતિજ્ઞા યાદ કરો.'

શૈલે કહ્યું: 'મારી ચિંતા ન કરશો, પણ જો તમને પસ્તવો થાય તો તમે છૂટા છો.'

શ્રીશે કહ્યું: 'જો આ ભરોસે રહેશો તો અનંતકાલ લગી રાહ જોવી પડશે.'

શૈલે કહ્યું: 'રસિકદાદા! તમે શ્રીશબાબુના ગજવા તરફ હાથ કેમ લંબાવો છો? ઘરડેઘડપણ ગજવાકાતરુનો ધંધો શરૂ કરવો ધાર્યો છે શું?'

રસિકે કહ્યું: 'ના, ભાઈ! એ ધંધો તમારી ઉંમરે જ શોભે છે. પણ એક રૂમાલ બાબત મારે ને શ્રીશબાબુ તકરાર થઈ છે—તારે એનો ફેંસલો કરવાનો છે.'

શૈલે કહ્યું: 'શી તકરાર છે?'

રસિકે કહ્યું: 'પ્રેમના બજારમાં મોટો વેપાર ખેડવાની મૂડી મારી પાસે નથી.—હું છૂટક માલનો વેપાર કરી ખાઉં—રૂમાલ છે, વાળની દડી છે, કાગળના ટુકડામાં પડેલા બેચાર હસ્તાક્ષર—આવું આવું બધું ભેગું કરીને મારે મન મનાવવું પડે છે. પણ શ્રીશબાબુની પાસે એટલી બધી મૂડી છે કે એ મૂડીમાંથી તેઓ ધારે તો આખી બજારને મોંમાગી કિંમતે ખરીદી શકે છે; રૂમાલ તો શું, પણ સમસ્ત નીલાંચળના અર્ધા ભાગ ઉપર પોતાના હક બેસાડી શકે છે. મારા જેવા જ્યાં વાળનો દોરો ગળે બાંધીને મરવાની ઇચ્છા કરે ત્યાં તેઓ પાનીઢંક કેશકલાપના સુગંધમય ગાઢ અંધકારમાં પૂરેપૂરા સંતાઈ જઈ શકે છે. એમણે ભોંયપડ્યું વીણી ખાવાની જરૂર છે?'

શ્રીશે કહ્યું: 'અબલાકાન્ત બાબુ, તમે તટસ્થ વ્યક્તિ છો. લ્યો, રૂમાલ તમારા હાથમાં રાખો. બંનેની વાત સાંભળ્યા પછી ન્યાયની દૃષ્ટિએ જેને આપવા જેવો લાગે તેને આપજો.'

શૈલે રૂમાલ લઈ ગજવામાં મૂક્યો. પછી કહ્યું: 'મને તમે તટસ્થ માણસ સમજો છો શું? આ રૂમાલમાં જેવી રીતે 'ન' અક્ષર લાલ દોરા વડે ગૂંથેલો છે તેવી રીતે મારા પણ હૃદયના એક ખૂણામાં તપાસ કરો તો તમને એ જ 'ન' અક્ષર રક્તના રંગે લખેલો દેખાશે. આ રૂમાલ હું તમારામાંથી કોઈને નહિ આપું.'



શ્રીશે કહ્યું: 'રસિકબાબુ, આ કઈ જાતનો જુલમ? આ 'ન' અક્ષર તો બહુ ભયાનક નીકળ્યો!'

રસિકે કહ્યું: 'વિલાયતી શાસ્ત્ર પ્રમાણે, કહે છે કે ન્યાય આંધળો છે; અને પ્રેમ પણ આંધળો છે. હવે બે આંધળાને લડવા દો, જેનામાં જોર હશે તે જીતશે.'

શૈલે કહ્યું: 'શ્રીશબાબુ, રૂમાલની માલિકને તમે જોઈ પણ નથી, પછી શું કરવા ખાલી કલ્પના ઉપર મુસ્તાક રહીને લડવા નીકળી પડ્યા છો?'

શ્રીશે કહ્યું: 'કોણે કહ્યું ,મેં નથી જોઈ?'

શૈલે કહ્યું: 'જોઈ છે? કોને જોઈ છે? 'ન' એક નથી, બે છે—'

શ્રીશે કહ્યું: 'બેયને જોઈ છે—એ બેમાંથી આ રૂમાલ ગમે તેનો હોય,—પણ હું મારો હક જતો કરવાનો નથી!'

રસિકે કહ્યું: 'શ્રીશબાબુ, આ બુઢ્ઢાની સલાહ માનો, હૃદય-ગગનમાં બે ચંદ્રમાને ન ચડાવશો,—'એકશ્ચન્દ્રસ્તમો હન્તિ ।'

એટલામાં નોકરે પ્રવેશ કરીને શ્રીશને કહ્યું: 'ચંદ્રબાબુનો કાગળ લઈને એક માણસ આપને ઘેર ગયો હતો, તે અહીં આવ્યો છે.'

શ્રીશે કાગળ વાંચીને કહ્યું: 'જરા રજા આપશો? ચંદ્રબાબુનું ઘર નજીરમાં જ છે—હું જરા મોં દેખાડી તરત આવું છું.'

શૈલે કહ્યું: 'ભાગી તો નહિ જાઓને?'

શ્રીશે કહ્યું: 'ના, મારો રૂમાલ ગીરો મૂકતો જાઉં છું, એને છોડાવ્યા વગર હું જવાનો નથી.'

શ્રીશ ગયો.

રસિકે કહ્યું: 'ભાઈ શૈલ, કુમારસભાના સભ્યોને જેવા ભયાનક ધાર્યા હતા તેવા લગીરે નથી. એમની તપસ્યામાં ભંગ પડાવવા માટે મેનકા, રંભા, મદન કે વસંત કોઈની જરૂર નથી, આ બુઢ્ઢો રસિક એકલો બસ છે!'

શૈલે કહ્યું: 'એવું જ લાગે છે.'

રસિકે કહ્યું: 'ખરી વાત શું છે ખબર છે? દાર્જીલિંગમાં રહેનારો

મેલેરિયાના દેશમાં પગ મૂકે કે તરત બિચારો માંદો પડે. આ લોકો અત્યાર સુધી ચંદ્રબાબુના ઘરના બિલકુલ નીરોગી વાતાવરણમાં રહેતા હતા, પણ આ ઘર તો આખુંયે રોગનાં જંતુઓથી ભરેલું છે. અહીંના રૂમાલમાં, ચોપડીઓમાં, ખુરશીમાં, મેજમાં—બધે રોગનો ચેપ છે. જ્યાં હાથ લગાડે ત્યાંથી તેમના નાકમાં ને મોંમાં રોગ ઘૂસવા માંડે છે—આહ! બિચારા શ્રીશબાબુ ખલાસ!'

શૈલે કહ્યું: 'રસિકદાદા! તમને રોગનો ચેપ નથી લાગતો, ટેવાઈ ગયા છો, નહિ?'

રસિકે કહ્યું: 'મારી વાત જવા દો! મને જેટલા રોગ થવાના હતા એટલા થઈ ગયા છે.'

એટલામાં નીરબાલાએ પ્રવેશ કર્યો ને કહ્યું: 'દીદી, અમે અહીં બાજુના કમરામાં જ હતાં.'

રસિકે કહ્યું: 'માછીઓ બિચારા જાળ ખેંચી મરે છે, ને સમડી ચૂપચાપ તરાપ મારવાનો લાગ જોતી બેસી રહી છે. ઠીક, ભાઈ!'

નીરબાલાએ કહ્યું: 'સેજદીદીના રૂમાલ ઉપર શ્રીશબાબુએ કેવો તમાશો કરી નાખ્યો! સેજદીદી તો શરમથી નાસી જ ગઈ! હું પણ કેવી મૂરખ કે અહીં કશું ભૂલી ગઈ નહિ? પણ હવે હું એકીસાથે બાર રૂમાલ લઈ આવી છું, ઓરડામાં રૂમાલોની લૂંટાલૂંટ મચાવી દઉં!'

શૈલે કહ્યું: 'તારા હાથમાં આ શાની ચોપડી છે, નીર?'

નીરબાલાએ કહ્યું: 'મને જે ગીત સારાં લાગે તે આમાં ઉતારી લઉં છું, દીદી!'

રસિકે કહ્યું: 'છોટી દીદી! આજકાલ તને કેવાં ધાર્મિક ગીતો ગમે છે તેનો એકાદ નમૂનો મને બતાવશે?'

નીરબાલાએ કહ્યું: 'બતાવું. સાંભળો.'

'જોને, હવે રાત પડે છે!
જોને, અંધકાર ચડે છે!
દેવું લેણં તારું ચૂકતે કરી દે,
નાવ ખડી પર પાર!



એને તું બોલાવી દે આ પાર!'

રસિકે કહ્યું: 'બહેન તો બહુ અધીરાં થઈ ગયાં લાગે છે! પાર ઉતારવાની નૈયાને બોલાવી દઉં છું, ભાઈ! જે દેવાનું હોય, ને જે લેવાનું હોય તેનો બરાબર હિસાબ કરી લેજે!'

એટલામાં 'અબલાકાન્ત બાબુ ઘેર છે?' બોલતો વિપિન ઘરમાં દાખલ થયો, અને અંદર પગ મૂકતાં જ એકદમ ચમકીને સ્તબ્ધ બની ઊભો રહી ગયો.

નીરબાલા એક પળ આભી બની ગઈ. પછી ઝડપથી નાસી ગઈ.

શૈલે કહ્યું: 'આવો, વિપિનબાબુ!'

વિપિને કહ્યું: 'વિચાર કરીને કહેજો, હું આવું? મારા આવવાથી તમને કંઈ નુકસાન તો નથી ને?'

રસિકે કહ્યું: 'જ્યાં સુધી ઘરમાં કંઈ નુકસાન ન થાય ત્યાં સુધી કશો લાભ પણ થતો નથી, વિપિનબાબુ!—વેપારનો એ નિયમ છે, જે ખોઈએ છીએ તે બમણું થઈને પાછું આવે છે. ખરું કે નહિ, અબલાકાન્ત બાબુ?'

શૈલે કહ્યું: 'રસિકદાદાની રસિકતા આજકાલ બહુ સખત બનવા માંડી છે!'

રસિકે કહ્યું: 'જેમ ગોળ ઠરીને સખત થાય છે એમ. પણ વિપિનબાબુ, શું વિચારમાં પડી ગયા, કહો તો ખરા!'

વિપિને કહ્યું: 'હું વિચાર કરું છું કે હું શું બહાનું કાઢીને અહીંથી જતો રહું તો મને જવા દેવામાં તમારી ભદ્રતાને વાંધો ન આવે?'

શૈલે કહ્યું: 'પણ મિત્રતાને વાંધો આવે તો?'

વિપિને કહ્યું: 'તો બહાનું શોધવાનું કંઈ પણ કારણ રહેતું નથી.'

શૈલે કહ્યું: 'તો એ શોધ પડતી મૂકો, ને નિરાંતે બેસો.'

રસિકે કહ્યું: 'મુખ પર પ્રસન્નતા લાવો, વિપિનબાબુ! અમારા પર ઈર્ષ્યા ન કરશો. જુઓ, હું તો ઘરડોખખ છું, યુવકની ઈર્ષ્યાને લાયક પણ નથી. એને આપણા આ સુકુમાર અબલાકાન્તબાબુને કોઈ સ્ત્રી પુરુષ સમજતી જ નથી. એટલે તમને જોઈને જો કોઈ સુંદરી કિશોરી

બીધેલી હરણીની પેઠે ભાગી જાય તો મનને એવી રીતે સાંત્વન આપજો કે તે આપનું પુરુષ તરીકે બહુમાન કરે છે. હાય રે અભાગિયા રસિક! તને જોઈને કોઈ તરુણી શરમાઈને નાસી પણ જતી નથી!'

વિપિને કહ્યું: 'રસિકબાબુ તમને પણ આમાં સંડોવે છે, અબલાકાન્તબાબુ! આ કેવું કહેવાય?'

શૈલે કહ્યું: 'શી ખબર, વિપિનબાબુ—મારું આ અબલાકાન્ત નામ મને મિથ્યા લાગે છે—હજી સુધી કોઈ અબલાએ મારો કાન્ત કહીને સ્વીકાર કર્યો નહિ.'

વિપિને કહ્યું: 'હતાશ થવાની જરૂર નથી, હજી વખત છે.'

શૈલે કહ્યું: 'એ આશા, અને એ સમય જો હોત તો ચિરકુમારસભામાં હું દાખલ થવા આવત નહિ.'

વિપિને મનમાં કહ્યું: 'જરૂર, આના મનમાં કોઈ ગૂઢ વેદના છે, નહિ તો આવી કાચી વયે, આવા કોમળ મુખમાં દર્દીલો કોમળ કરુણભાવ હોય નહિ! ઓહ, આ શાની નોટ છે? ઓહો! આમાં તો ગીતો ઉતારેલાં છે ને કાંઈ! નીરબાલાદેવી!'

આમ કહી એ વાંચવા બેઠો.

શૈલે કહ્યું: 'શું વાંચો છો, વિપિનબાબુ?'

વિપિને કહ્યું: 'કોઈ એક અપરિચિતાનો અપરાધ કરી રહ્યો છું! કદાચ એની માફી માગવાની તક નહિ મળે, અથવા એનો ઠપકો ખાવાનું સૌભાગ્ય પણ નહિ મળે, પરંતુ ગીત રત્નોના ટુકડા જેવાં છે, અને હાથના અક્ષર મોતીના દાણા જેવા છે! જો લોભમાં પડીને આ ચોરી જાઉં તો, હે વિધાતા! મને એની સજા કરવાને બદલે ક્ષમા કરજો!'

શૈલે કહ્યું: 'વિધાતા ક્ષમા કરે પણ હું નહિ કરું! એ ચોપડી પર ક્યારનીય મારી નજર પડેલી છે, વિપિનબાબુ!'

રસિકે કહ્યું: 'અને હું શું લોભમોહ બધું જીતીને બેઠો છું એમ ધારો છો? આહા! હસ્તાક્ષરના જેવી ચીજ દુનિયામાં બીજી કઈ છે? મનનો ભાવ રૂપ ધરીને આંગળીઓનાં ટેરવાંમાંથી બહાર નીકળે છે—અક્ષરો ઉપર આંખ ફેરવીએ તો હૃદય જોણે આંખમાં આવીને બેસે છે!



અબલાકાન્ત, આ ચોપડી છોડી દે, ભાઈ! તમારી ચંચલા નીરબાલાદેવી કૌતુકના ઝરણાની પેઠે રાતદિવસ વહ્યા જ કરતી હોય છે, એટલે એને તો પકડી રાખી શકાતી નથી, પણ આ ચોપડીનાં પાનાંમાં એનો એક કોગળો ભરેલો છે—એ ચીજની કિંમત છે! વિપિનબાબુ, તમે ક્યાં નીરબાલાને ઓળખો છો? તમે આ ચોપડી લઈને શું કરશો?'

વિપિને કહ્યું: 'પણ તમે બંને તો ખુદ એમને ઓળખો જ છો, પછી ચોપડીની તમારે શી જરૂર? આ ચોપડીમાંથી હું એમની થોડીઘણી ઓળખાણ કરવાની આશા રાખું છું, એટલું પણ શું તમારાથી સહન નથી થતું?'

એટલામાં શ્રીશે પ્રવેશ કર્યો ને કહ્યું: 'હવે યાદ આવ્યું, મશાય! પેલે દિવસે અમે અહીં એક ચોપડીમાં બે નામ વાંચ્યાં હતાં—નૃપબાલા, ને નીરબાલા! ઓહો વિપિન! તું ઓચિંતો અહીં ક્યાંથી?'

વિપિને કહ્યું: 'તને પણ હું એ જ સવાલ પૂછી શકું છું.'

શ્રીશે કહ્યું: 'હું અહીં મારા પેલા સંન્યાસસંપ્રદાયની અબલાકાન્ત બાબુની સાથે ચર્ચા કરવા આવ્યો હતો. એમનો ચહેરો, કંઠસ્વર, મુખનો ભાવ, બધું એવું છે કે એ મારા સંન્યાસ સંઘના આદર્શ બની શકે એમ છે. તેઓ જો પોતાના આ ચંદ્રકલા જેવા લલાટને ચંદન વડે શણગારે, ડોકમાં માળા નાખે, અને હાથમાં વીણા લઈને સવારના પહોરમાં કોઈ ગામડામાં પ્રવેશ કરે તો ક્યા ગૃહસ્થનું હૃદય પીગળ્યા વગર રહે?'

રસિકે કહ્યું: 'કંઈ સમજાતું નથી, મશાય! હૃદય પિગળાવવાની શું ખૂબ જરૂર પડી છે?'

શ્રીશે કહ્યું: 'ચિરકુમારસભાનો હેતુ જ હૃદય પિગળાવવાનો છે.'

રસિકે કહ્યું: 'શું કહો છો? તો પછી હું શું કરી શકવાનો?'

શ્રીશે કહ્યું: 'તમારામાં એવો ઉત્તાપ છે કે તમે જો ઉત્તરધ્રુવમાં જાઓ તો ત્યાંનો બરફ પિગળાવીને તમે નદીઓ વહેવડાવી શકો. વિપિન, કેમ ઊઠ્યો?'

વિપિને કહ્યું: 'હવે જોઉં, મારે રાત્રે થોડું વાંચવાનું છે.'

રસિકે ખાનગીમાં કહ્યું: 'અબલાકાન્ત પૂછે છે કે વાંચી લીધા

પછી ચોપડી પાછી મળશે ને?'

વિપિને એના કાનમાં કહ્યું: 'વાંચી લીધા પછી એ વિષે વાત થશે, આજે નહિ.'

શૈલે ધીમેથી કહ્યું: 'શ્રીશબાબુ, કેમ ફાંફાં મારો છો? તમારું કંઈ ખોવાય છે શું?'

શ્રીશે ધીમેથી કહ્યું: 'હશે, બીજી વખત આવીશ ત્યારે જોઈશ.'

શ્રીશ અને વિપિન ચાલ્યા ગયા કે તરત નીરબાલાએ પ્રવેશ કરીને કહ્યું: 'આ કેવી ડાકાતી દીદી? મારી ગીતોની ચોપડી ઉઠાવી ગયો! મને એવો તો રોષ ચડ્યો છે!'

રસિકે કહ્યું: 'રોષ કે રાગ? બોલવામાં ઘણી વખત એકને બદલે બીજો શબ્દ બોલાઈ જાય છે!'

નીરબાલાએ કહ્યું: 'બહુ સારું, પંડિત મશાય! તમારા ડહાપણની અમારે જરૂર નથી!—મારી ચોપડી લાવી દો!'

રસિકે કહ્યું: 'પોલીસને ખબર આપ, ભાઈ, ચોરને પકડવાનું કામ મારું નથી!'

નીરબાલાએ કહ્યું: 'કેમ તેં મારી ચોપડી લઈ જવા દીધી, દીદી?'

શૈલે કહ્યું: 'તો એવું અમૂલું ધન અહીં મૂકી જવાનું કારણ?'

નીરબાલાએ કહ્યું: 'હું શું જાણી જોઈને મૂકી ગઈ હતી?'

રસિકે કહ્યું: 'લોકો એવો સંદેહ કરે છે.'

નીરબાલાએ કહ્યું: 'નહિ, રસિકદાદા, તમારી આ મજાક મને નથી ગમતી.'

'તો તો વધારે બીવા જેવું!' રસિકે કહ્યું.'

નીરબાલા ગુસ્સામાં જતી રહી. એના ગયા પછી થોડીવારમાં શરમાતી શરમાતી નૃપબાલાએ પ્રવેશ કર્યો.

રસિકે કહ્યું: 'કેમ નૃપ, શું ખોવાઈ ગયું છે તે ખોળવા આવી?'

નૃપબાલાએ કહ્યું: 'મારું તો કશુંયે ખોવાયું નથી.'

રસિકે કહ્યું: 'તો તો બહુ સારી વાત! શૈલદીદી, તો હવે રાહ જોવાની શી જરૂર છે? રૂમાલનો માલિક જડતો નથી, એટલે એ રૂમાલ



જેને જડ્યો છે તેને જ એ દઈ દો.'

આમ કહી શૈલેના હાથમાંથી રૂમાલ લઈ તેણે કહ્યું: 'આ કોની ચીજ છે?'

નૃપબાલાએ કહ્યું: 'મારી નથી.'

એમ કહી એણે નાસવા માંડ્યું. પણ રસિકે એને પકડી લઈ કહ્યું: 'જે ચીજ ખોવાઈ ગઈ છે તેની ઉપર નૃપ પોતાનો કશો જ હક રાખવા માગતી નથી.'

નૃપબાલાએ કહ્યું: 'રસિકદાદા, જવા દો! મારે કામ છે.'

## : ૧૦ :

રસ્તામાં આવતાં શ્રીશે કહ્યું: 'અરે વિપિન, મહા મહિનો પૂરો થતાં આજે નવવસંતનો વાયુ વાવા માંડ્યો છે, ચાંદની પણ કેવી સરસ છે! આવે વખતે જો ઊંઘવાનું કે નિશાળનું ભણતર ગોખવાનું કરીએ તો દેવતાઓ આપણા ઉપર ફિટકાર વરસાવશે!'

વિપિને કહ્યું: 'દેવતાઓનો ફિટકાર સહેલાઈથી ખમાશે, પણ બીમારીનો હુમલો—'

શ્રીશે કહ્યું: 'જો, આનો જ તારે ને મારે ઝઘડો થાય છે. મને બરાબર ખબર છે કે દખણાદા પવનથી તારું ચિત્ત પણ ચંચળ બની જાય છે, પણ વખતે કોઈ તારા પર કવિત્વનું આળ ચડાવે એ બીકે તું મલય પવનને જરાયે દાદ દેવા તૈયાર નથી! પણ એમાં મને તો તારી કંઈ બહાદુરી દેખાતી નથી! હું તારી આગળ આજે ખુલ્લેખુલ્લું કબૂલ કરું છું કે મને ફૂલ ગમે છે, મને ચાંદની ગમે છે, મને દખણાદા વાયરા ગમે છે—'

વિપિને કહ્યું: 'અને—'

શ્રીશે કહ્યું: 'અને જે કંઈ ગમવા જેવી ચીજ છે તે બધીયે ગમે છે.'

વિપિને કહ્યું: 'ત્યારે તો વિધાતાએ તને ખૂબ નવાઈના બીબામાં ઘડ્યો લાગે છે!'

શ્રીશે કહ્યું: 'તારું બીબું એથીયે વધારે નવાઈનું છે. તને ગમે છે, પણ તું બોલે છે જુદું—મારા શયનગૃહના ઘડિયાળ જેવું—એ ચાલે છે બરાબર, પણ વાગે છે ખોટું!'

વિપિને કહ્યું: 'પણ શ્રીશ, તને જો બધી મનોરમ ચીજો મનોહર લાગવા માંડી તો ભારે આફત!'

શ્રીશે કહ્યું: 'મને તો કંઈ જ આફત લાગતી નથી.'

વિપિને કહ્યું: 'આ જ લક્ષણ સૌથી ખરાબ છે. રોગની પીડાનું ભાન જાય, પછી ચિકિત્સાની બારી રહેતી નથી. હું તો ભાઈ, ચોખ્ખું કબૂલ કરું છું કે સ્ત્રીજાતિમાં એક આકર્ષણ છે—ચિરકુમારસભાએ જો



એ આકર્ષણથી બચવું હોય તો ખૂબ સાચવીને ચાલવું જોઈશે.'

શ્રીશે કહ્યું: 'ભૂલ! ભૂલ! ભયાનક ભૂલ! તમે સાચવીને ચાલો, એથી શું વળ્યું? એ લોકો સાચવીને ચાલે તો ને? તમે દૂર રહો, પણ એ દૂર રહે તો ને? સંસારના રક્ષણ માટે વિધાતાને એટલી બધી સ્ત્રીઓની સૃષ્ટિ કરવી પડી છે કે એમનાથી આઘા રહીને ચાલવાનું અસંભવિત છે. એટલે જો કૌમાર્યની રક્ષા કરવી હોય તો સ્ત્રીજાતિને થોડી થોડી સહી લેવી પડશે. પેલો સ્ત્રીસભ્યને દાખલ કરવાનો નિયમ થયો છે, એટલે મને લાગે છે કે આટલે દિવસે ચિરકુમારસભાને ચિરસ્થાયી કરવાનો રસ્તો જડ્યો ખરો. પરંતુ માત્ર એક જ સ્ત્રીસભ્યથી નહિ ચાલે, વિપિન, ઘણી સ્ત્રીસભ્ય જોઈશે. બંધ ઓરડાની એક જ બારી ઉઘાડવાથી શરદી લાગવાની બીક રહે છે, પણ ખુલ્લી હવામાં રહીએ તો એ બીક લાગતી નથી.'

વિપિને કહ્યું: 'હું તારી એ ખુલ્લી હવા ને બંધ હવામાં કાંઈ સમજતો નથી, ભાઈ! જેને શરદીનો કોઠો છે, એને દેવતા કે માણસ કોઈ શરદીથી બચાવી શકવાનું નથી.'

શ્રીશે કહ્યું: 'તારો કોઠો કેવો છે કહે જોઉં?'

વિપિને કહ્યું: 'એનો ચોખ્ખો જવાબ આપું તો તને સમજાશે કે તારી પ્રકૃતિ ને મારી પ્રકૃતિમાં આશ્ચર્યકારક મળતાપણું છે. ચિરકુમારની નાડી જેવી ચાલવી જોઈએ તેવી જ હમેશાં મારી ચાલે છે એમ હું છાતી ઠોકીને કહી શકતો નથી.'

શ્રીશે કહ્યું: 'અહીં તારી બીજી ભૂલ થાય છે. ચિરકુમારની નાડી ઉપર ઓગણપચાસ વાયુઓનું નૃત્ય થવા દો—ગભરાવાનું કોઈ કારણ નથી—બાંધવાનો કે દબાવવાનો પ્રયાસ ન કરો. આપણા જેવા વ્રતધારી માણસો શું હૃદયને રૂમાં લપેટીને રાખી શકે છે? માટે હૃદયને અશ્વમેધ યજ્ઞના ઘોડાની પેઠે છૂટું મૂકી દો—અને જે તેને બાંધે તેની સામે લડાઈ કરો!

વિપિને કહ્યું: 'પેલું કોણ જાય છે? પૂર્ણ લાગે છે! એ બિચારાને હવે ગલીમાંથી નીકળવાનું ભારે પડી ગયું છે. આ વીર પુરુષનો

અશ્વમેધનો ઘોડો હવે લંગડાય છે. એને બોલાવું?'

શ્રીશે કહ્યું: 'બોલાવો, પણ એ આપણને શોધવા ગલીએ ગલીએ ફરતો હોય એવું નથી લાગતું.'

વિપિને કહ્યું: 'પૂર્ણબાબુ? શા ખબર છે?'

પૂર્ણે કહ્યું: 'નવીન કંઈ નથી! કાલ પરમદિવસે જે ખબર હતા, તે જ હજી પણ ચાલે છે.'

શ્રીશે કહ્યું: 'કાલ પરમદિવસે તો ઠંડો પવન વાતો હતો, આજે વસંતનો વાયરો વાવા માંડ્યો છે—એટલે કંઈક નવા સમાચારની આશા રાખી શકાય ખરી.'

પૂર્ણે કહ્યું: 'દખણાદા વાયરામાં જે સમાચારો પેદા થાય છે તેને કુમારસભાના છાપામાં સ્થાન નથી. તપોવનમાં એક જ દિવસ અકાલે વસંતનો વાયરો વાયો, એટલા પર તો કાલિદાસનું 'કુમારસંભવ' ભવ્ય રચાયું. પણ અમારું નસીબ એવું છે કે વસંતની હવામાં કુમાર-અસંભવ કાવ્ય રચાય છે!'

વિપિને કહ્યું: 'રચાય તો છોને રચાય, પૂર્ણબાબુ! 'કુમારસંભવ'માં જે દેવતા બળી મૂઆ, તે પાછા 'કુમાર-અસંભવ'માં ભલે જીવતા થાય!'

પૂર્ણે કહ્યું: 'કુમાર-અસંભવ'માં કુમારસભા બળીને ભસ્મ થઈ જાઓ! જે દેવતા 'કુમારસંભવ'માં બળી મૂઆ, તે જ આને બાળી મૂકો! નહિ, હું મશ્કરી નથી કરતો, શ્રીશબાબુ! આપણી ચિરકુમારસભા એક અસલ લાખાગૃહ છે. જરા આગની આંચ લાગે તો બસ! એનું નામનિશાન નહિ રહે. એના કરતાં તો વિવાહિતસભા સ્થાપો, તો સ્ત્રીજાતિનો જરાય ડર નહિ રહે. ભઠ્ઠીમાં બળેલી ઇંટનું જો મકાન ચણીએ તો એને બળવાની બીક ન રહે!'

શ્રીશે કહ્યું: 'ગમે તેવા માણસોએ વિવાહ કરી કરીને વિવાહની કિંમત ધૂળ કરી નાખી છે, પૂર્ણબાબુ! એટલા માટે આ કુમારસભાનું અસ્તિત્વ છે. અમારા જીવમાં જીવ છે ત્યાં લગી આ સભામાં પ્રજાપતિનો પ્રવેશ બંધ છે.'

વિપિને કહ્યું: 'અને પંચશર?'



શ્રીશે કહ્યું: 'ભલે પધારે! એક વાર એમની સાથે ઘનિષ્ઠતા થઈ ગઈ કે બસ, પછી કશો ડર નથી.'

પૂર્ણે કહ્યું: 'ઠીક, જોજો, શ્રીશબાબુ!'

શ્રીશે કહ્યું: 'જોવાનો જ છું. એમને શોધતો જ ફરું છું. ઢગલો દીર્ઘ નિઃશ્વાસ નાખું, કવિતા લલકારું, કનકવલયભ્રંશરિક્તપ્રકોષ્ઠ બની જાઉં, ત્યારે જ હું ખરેખરો સંન્યાસી થઈ શકીશ.'

આપણા કવિએ કહ્યું છે—

'આજ જલાવી જા!
ઓ રે પ્રિયા, તારી જ્યોત વડે
મારો જીવનદીવડો
આજ જલાવી જા!
અંધકાર પડ્યો રાત વિતાવું,
દયા દેખાડી જા!
તારી આગ લગાડી જા!
જોઈ રહ્યો તારી વાટ, સખીરી!
લાવ તું દીપ્ત શિખા!
આશાએ આશાએ હૈયું રહ્યું છે,
ભસ્મ કરીને જા!
આજ જલાવી જા!
અંધકારે પડ્યો રાત વિતાવું
દયા દેખાડી જા!
ઓ રે પ્રિયા! તારી જ્યોત વડે
મારો જીવનદીવડો
આજ જલાવી જા!

પૂર્ણે કહ્યું: 'ઓહો શ્રીશબાબુ! તમારા કવિએ તો કંઈ ભારે કરી છે!'

ઓરે પ્રિયા, તારી જ્યોત વડે
મારો જીવનદીવડો
આજ જલાવી જા!

ઘરમાં ઠાઠમાઠ કરેલો છે—થાળમાં માળા પડેલી છે, પલંગમાં ફૂલશય્યા છે, માત્ર જીવનદીવડો ઝગતો નથી! સાંજ પૂરી થઈ, ને રાત પણ વીતવાં માંડી! વાહ, શું સરસ લખ્યું છે! કઈ ચોપડીમાં છે આ કવિતા, હેં?'

શ્રીશે કહ્યું: 'ચોપડીનું નામ 'આવાહન!'

પૂર્ણે કહ્યું: 'નામ પણ સરસ શોધી કાઢ્યું છે.'

આમ કહી મનમાં મનમાં ગણગણ્યો:

ઓરે પ્રિયા, તારી જ્યોત વડે
મારો જીવનદીવડો,
આજ જલાવી જા!

એનાથી એક દીર્ઘનિ:શ્વાસ નખાઈ ગયો. પછી એણે પૂછ્યું: ઘેર જાઓ છો?'

શ્રીશે કહ્યું: 'ઘર ક્યાં આવ્યું એ જ ભૂલી ગયા છીએ, ભાઈ!'

પૂર્ણે કહ્યું: 'રસ્તો ભૂલી જવાય એવી જ આજની રાત છે. ખરું કે નહિ, વિપિનબાબુ?'

શ્રીશે કહ્યું: 'વિપિનબાબુ આવી બધી બાબતમાં એક અક્ષરે બોલતા નથી; બોલે તો એમનું અંદરનું કવિત્વ પકડાઈ જાય. કંજૂસ પોતાનું ધન હમેશાં ધરતીની અંદર દાટી રાખે છે.'

વિપિને કહ્યું: 'ખોટી જગાએ ખોટો ખરચો કરવાનું મને ગમતું નથી, ભાઈ! તેથી હું હમેશાં જગાની તલાશમાં ફરું છું. મરવું તો એકદમ ગંગાના ઘાટ ઉપર જઈને જ મરવું સારું!'

પૂર્ણે કહ્યું: 'આ બહુ સરસ કહ્યું. શાસ્ત્રમાં પણ એવું જ કહેલું છે. વિપિનબાબુ એકદમ અંતિમ કાળ માટે કવિત્વનો સંચય કરી રાખે છે. જ્યારે બીજા બોલે છે ત્યારે તેઓ ચૂપ રહે છે. હું આશીર્વાદ આપું છું કે બીજાઓનાં એ વાક્યો મધુમિશ્રિત હો—'

શ્રીશે કહ્યું: 'અને એમાં જરા મરચાંનો સ્પર્શ પણ હોય—'

વિપિને કહ્યું: 'અને માત્ર વાક્યવર્ષણ કરીને જ મોંનું તમામ કર્તવ્ય પૂરું ન થઈ જાય—'



પૂર્ણે કહ્યું: 'વાક્યોનાં વિરામસ્થાનો વાક્યોના કરતાંયે વધારે મધુમત્ત બની જાય!'

શ્રીશે કહ્યું: 'એ દિવસે ઊંઘ ઊડી જાય—'

પૂર્ણે કહ્યું: 'રાત કેમે પૂરી ન થાય—'

વિપિને કહ્યું: 'ચંદ્ર પૂર્ણ ચંદ્ર હોય—'

પૂર્ણે કહ્યું: 'વસંતનાં ફૂલોની વિપિન પ્રફુલ્લ બની જાય—'

શ્રીશે કહ્યું: 'અને અભાગિયો શ્રીશે કુંજદ્વારની પાસે આવીને ડોકિયાં ન કરે.'

પૂર્ણે કહ્યું: 'જવા દો રે શ્રીશબાબુ! તમારા પેલા 'આવાહન'માંથી બીજી કોઈ કવિતા લલકારો! કવિએ ખૂબ સરસ લખ્યું છે હોં!

ઓરે પ્રિયા, તારી જ્યોત વડે
મારો જીવનદીવડો
આજ જલાવી જા!

'આહા! એક જીવનપ્રદીપની શિખા, બીજા એક જીવન પ્રદીપના મોંને જરીક સ્પર્શી ગઈ કે બસ, પત્યું! બે કોમળ આંગળીઓ વડે દીવો જરી રમાડીને જરી અડકાડી દેવાનો છે—પછી તો ઘડીકમાં બધે ઝાકોર અજવાળું!

ઓરે પ્રિયા! તારી જ્યોત વડે
મારો જીવનદીવડો
આજ જલાવી જા!

મનમાં મનમાં ગણગણતાં પૂર્ણે ચાલવા માંડ્યું. એને જતો જોઈ શ્રીશે બૂમ મારી: 'પૂર્ણબાબુ! ક્યાં જાઓ છો?'

પૂર્ણે કહ્યું: 'ચંદ્રબાબુને ઘેર એક ચોપડી ભૂલી આવ્યો છું એ લેવા જાઉં છું.'

વિપિને કહ્યું: 'જડશે તોને? ચંદ્રબાાબુનું ઘર ભૂલભુલામણી જેવું છે.—ત્યાં જે ચીજ ખોવાઈ તે ફરી હાથ લાગતી નથી!'

પૂર્ણ ઊભો ન રહ્યો.

શ્રીશે દીર્ઘનિ:શ્વાસ નાખી કહ્યું: 'પૂર્ણ તો મજાકમાં લાગે છે.

વિપિન!'

વિપિને કહ્યું: 'અંદરની વરાળના જોરે, એનું માથું, સોડા વૉટરની ગોળીની પેઠે એકદમ ઊડી ન જાય તો સારું!'

શ્રીશે કહ્યું: 'ઊડી જાય તો છોને ઊડી જતું! જેમ તેમ કરી, લોઢાના તાર વડે માથાને એની જગાએ બાંધી રાખવામાં જ શું જીવનનો ચરમ પુરુષાર્થ છે? કોઈ કોઈ વખત માથું ઠેકાણે ન પણ હોય. રાત ને દિવસ મજૂરની ગુણની પેઠે માથાને ઉપાડી ફરીએ એથી ફાયદો શો? કાપી નાખો તાર, અને એને જરી ઊડવા દો—પેલે દિવસે મેં તને ગાઈ સંભળાવ્યું હતું તે ભૂલી ગયો?—

'અરે મુસાફિર! એકવાર તો
ભૂલો પડને, ભાયા!
જોઈ જોઈ પગલું માંડે તે
નક્કી જાણ ફસાયા!—અરે૦
આંખો તારી અંધ કરી દે
ચંચળ ચક્ષુનીરે,
ત્યાં મળશે ત્યાં જ ગુમ થયેલું
હૈયું મલયાનિલે!
કાંટાળાં વૃક્ષોની નીચે,
ઢગલો રાતાં ફૂલ,
ચાલે ત્યાં ઘડભાંગલીલા
એ સિંધુતીર અતુલ!
અરે! મુસાફિર! એકવાર તો
ભૂલો પડને, ભાયા!
જોઈ જોઈ પગલું માંડે તે
નક્કી જાણ ફસાયા!

વિપિને કહ્યું: 'આજકાલ તેં ખૂબ કવિતાઓ વાંચવા માંડી લાગે છે. પણ થોડા વખતમાં મુશ્કેલીમાં ન આવી પડે તો મને કહેજે.'

શ્રીશે કહ્યું: 'જે માણસ જાણી જોઈને મુશ્કેલી નોતરતો ફરતો



હોય એની કોઈને ચિંતા કરવાની જરૂર નથી. મુશ્કેલીથી ચેતી ચેતીને ચાલીએ અને ઓચિંતાના મુશ્કેલીમાં જઈ પડીએ તો આપત્તિ છે.'

એટલામાં રસિકબાબુને આવતા જોઈ એ બોલી ઊઠ્યો: 'આવો, આવો, રસિકબાબુ! રાતે ક્યાં જવા નીકળ્યા છો?'

રસિકે આવતાં જ શરૂ કર્યું: 'મારે વળી રાત શું, ને દિવસ શું!'

'વરમસૌ દિવસો ન પુનર્નિશા,
નનુ નિશૈવ વરં ન પુનર્દિનમ્ ।
ઉભયમેતદુપૈત્વથવા ક્ષયમ્
પ્રિયજનેન ન યત્ર સમાગમઃ ॥'

શ્રીશે કહ્યું: 'અસ્યાર્થઃ?'

રસિકે કહ્યું: 'આનો અર્થ એ કે—

'છોને આવે રાત, છોને આવે દિન!
છોને સિંધુ તળે, બંને થતાં લીન!
મારે રાત સોઈ, મારે દિન સોઈ!
જો પ્રિયજન, મળ્યું નહિ કોઈ!

'અત્યારસુધીમાં કેટલાયે દિવસો આવી ગયા, ને કેટલીયે રાતો આવી ગઈ, પરંતુ પ્રિયજન હજી આવ્યું નહિ. એટલે રાત કહો કે દિવસ કહો, બેમાંથી એકેની ઉપર મને જરા સરખીયે શ્રદ્ધા નથી!'

શ્રીશે કહ્યું: 'વારુ, રસિકબાબુ! પ્રિયજન હમણાં જો ઓચિંતાનું આવી ચડે તો?'

રસિકે કહ્યું: 'તો એ મારી સામે નહિ જુએ, તમારા બેમાંથી કોઈના ભાગમાં આવશે!'

શ્રીશે કહ્યું: 'તો તે જ પળે સાબિત થઈ જ જશે કે એ અરસિક છે.'

રસિકે કહ્યું: 'અને બીજી જ પળથી પરમાનંદમાં વખત પસાર કરવા માંડશે. પણ હું ઈર્ષ્યા નથી કરતો, શ્રીશબાબુ! મારા નસીબે આવવામાં જેણે આટલું મોડું કર્યું તેનો હું તમારા લાભમાં ત્યાગ કરી દઉં છું. હે દેવી, તમારી વરમાળા ગૂંથી લાવો! આજે વસંતની અજવાળી રાત

છે, આજે અભિસારે નીકળો!'

'મન્દં નિધેહિ ચરણૌ પરિધેહિ નીલં‌મ,
વાસઃ પિધેહિ વલયાવલિમંચલેન ।
મા જલ્પ સાહસિનિ! શારદચન્દ્રકાન્ત–
દન્તાંશવસ્તવ તમાંસિ સમાપયન્તિ ॥'

'ધીરે ધીરે ચાલો, તન્વી, પહેરી નીલાંબર!
રણઝણતાં કંકણને બાંધી પાલવની અંદર!
મુખડું રાખો બંધ, નહીં તો ચંદ્રકલાના જેવા,
દાંત તમારા રસ્તા પર અંધારું નહિ દે રહેવા!'

શ્રીશે કહ્યું: 'રસિકબાબુ! તમારી ઝોળી એકદમ ભરેલી લાગે છે! આવો કેટલા શ્લોકોનો તરજુમો કરી રાખ્યો છે?'

રસિકે કહ્યું: 'ઢગલો! લક્ષ્મી તો આવી નહિ, એટલે વાણીથી દિવસો પૂરા કરું છું.'

શ્રીશે કહ્યું: 'અરે વિપિન! અભિસારની કલ્પના બહુ કમનીય લાગે છે!'

વિપિને કહ્યું: 'તો ચિરકુમારસભામાં ફરી એ રિવાજ ચાલુ કરવાની દરખાસ્ત લાવોને!'

શ્રીશે કહ્યું: 'કેટલીક ચીજોના 'આઈડિયા' એવા સરસ હોય છે કે દુનિયામાં એ પ્રચલિત કરવાની હિંમત ચાલતી નથી. જે રસ્તે અભિસારલીલા થઈ શકે, અને જ્યાં કામિનીઓના ગળાનો મોતીનો હાર તૂટીને મોતી વેરાઈ જાય એ રસ્તો શું તારી પટલ ડાન્ગા સ્ટ્રીટ છે? એ રસ્તો દુનિયામાં ક્યાંય નથી! આ તો વિરહિણીનું હૃદય નીલાંબર મનોરાજ્યના રસ્તાઓમાં આવી રીતે ફરવા નીકળી પડે છે—છાતી ઉપરથી મોતીનો હાર તૂટી પડે છે, પણ એની સામુંયે તે જોતી નથી—પણ સાચાં મોતી હોત તો તરત વીણી લેત. ખરું કે નહિ, રસિકબાબુ?'

રસિકે કહ્યું: 'એ વાત તો કબૂલ કરવી પડશે—અભિસાર મનમાં મનમાં ચાલે એ જ સારું છે, ગાડીઘોડાવાળા રસ્તાઓમાં એ બિલકુલ



શોભે નહિ! શ્રીશબાબુ, વસંતની આવી અજવાળી રાતે, કોઈ બારીમાંથી કોઈ રમણીનું વ્યાકુળ હૃદય તમારા ઘર તરફ અભિસારે નીકળજો એવા મારા આશીર્વાદ છે!'

શ્રીશે કહ્યું: 'તે નીકળશે, રસિકબાબુ, તમારા આશીર્વાદ જરૂર ફળજો. આજની હવામાંથી એ સમાચાર મારા મનને મળી રહ્યા છે. વિશો બહારવટિયો જેમ અગાઉથી ખબર આપીને ધાડ પાડવા જતો, તેમ મારી અજાણી અભિસારિકાએ પહેલેથી જ મને અભિસારના સમાચાર મોકલી આપ્યા છે.'

વિપિને કહ્યું: 'તારી અગાશીની બેઠક શણગારીને તૈયાર રહેજે!'

શ્રીશે કહ્યું: 'ત્યાં બે ખુરશીઓ છે—એકમાં હું બેસું છું, બીજી આવનારને માટે તૈયાર જ હોય છે.'

વિપિને કહ્યું: 'એમાં હું બેસું છું.'

શ્રીશે કહ્યું: 'મધ્વભાવે ગુડં દદ્યાત્'—મધ ન હોય તો ગોળ! એમ કોઈ ન હોય તો તને તેમાં બેસવા દઈ શકાય.'

વિપિને કહ્યું: 'હાસ્તો, મધુમયી આવશે ત્યારે આ અભાગીના નસીબમાં હશે—'લગુડં દદ્યાત્ ।'

રસિકે ખાનગીમાં શ્રીશને કહ્યું: 'શ્રીશબાબુ આપની એ અગાશી ઓળખાઈ આવે એટલા માટે ત્યાં એક ધજા ફરકાવવાની જરૂર છે, પણ એ ધજા તો તમે ભૂલીને જ આવ્યા.'

શ્રીશે કહ્યું: 'હવે જાઉં તો રૂમાલ મળે ખરો?'

રસિકે કહ્યું: 'પ્રયત્ન કરી જોવામાં શું જાય છે?'

શ્રીશે કહ્યું: 'વિપિન! તું એટલી વાર રસિકબાબુની સાથે જરા વાતોચીતો કર—હું હમણાં જ આવું છું.'

આમ કહી તે તરત ત્યાંથી પાછો વળ્યો.

વિપિને કહ્યું: 'વારુ રસિકબાબુ, મારા પર ખોટું ન લગાડશો!'

રસિકે કહ્યું: 'ખોટું લગાડું તો પણ તમારે મારથી બીવાનું કારણ નથી—હું બહુ અશક્ત છું.'

વિપિને કહ્યું: 'એક બે સવાલ પૂછું તો ચિડાશો નહિ.'

રસિકે કહ્યું: 'મારી ઉંમર વિશે તો કોઈ સવાલ નથી પૂછવોને?'

વિપિને કહ્યું: 'ના.'

રસિકે કહ્યું: 'તો પૂછો, બરાબર જવાબ મળશે.'

વિપિને કહ્યું: 'પેલે દિવસ જે છોકરી જોવામાં આવી, તે—'

રસિકે કહ્યું: 'તેને વિષે વાતચીત થઈ શકે છે. તમે જરા પણ સંકોચ ન રાખશો, વિપિનબાબુ! તેને વિષે જો તમે કોઈ કોઈ વખત વાત કાઢશો, કે ચર્ચા કરશો તો એમાં તમે શું અસાધારણ નથી કરતા—અમે બધા પણ અવું કરીએ જ છીએ તો!'

વિપિને કહ્યું: 'અબલાકાન્તબાબુ કદાચ—'

રસિકે કહ્યું: 'એની વાત ન કરશો—એ તો જ્યારે જુઓ ત્યારે એની જ વાત કરતો હોય છે.'

વિપિને કહ્યું: 'તો શું તેઓ—'

રસિકે કહ્યું: 'હા' એવું જ છે! પણ મુશ્કેલી એ છે કે નૃપબાલા કે નીરબાલા બેમાંથી કોના પર તેને વધારે પ્રેમ છે તેનો તે નિર્ણય કરી શકતો નથી—એટલે હમેશાં એ બેની વચમાં એ ઝોલાં ખાય છે!'

વિપિને કહ્યું: 'પણ એ બેમાંથી કોઈનું મન એમની તરફ—'

રસિકે કહ્યું: 'ના, લગ્ન થઈ શકે તેવો ભાવ નથી. એવું હોત તો પછી સવાલ જ ક્યાં હતો!'

વિપિને કહ્યું: 'એટલે અબલાકાન્તબાબુ કંઈક—'

રસિકે કહ્યું: 'કંઈક ચિંતાતુર રહે છે.'

વિપિને કહ્યું: 'શ્રીમતી નીરબાલાને ગાવાનો બહુ શોખ લાગે છે!'

રસિકે કહ્યું: 'લાગે છે નહિ; છે જ.—તમારા ગજવામાં જ એનો પુરાવો છે.'

વિપિને ગજવામાંથી ગીતની ચોપડી કાઢીને કહ્યું: 'આ ઉપાડી લાવવામાં ખરેખર મેં શિષ્ટાચારનો ભંગ કર્યો છે—'

રસિકે કહ્યું: 'તમે ન કર્યો હોત તો અમે કોઈ કરત.'

વિપિને કહ્યું: 'તમે કર્યો હોત તો તેની માફી મળત, પણ મને—ખરેખર મેં ભૂલ કરી છે, પણ હવે પાછી આપું તોયે—'



રસિકે કહ્યું: 'ભૂલ તો ભૂલ જ રહે છે.'

વિપિને કહ્યું: 'એટલે—'

રસિકે કહ્યું: 'જેવા બાવન તેવા તેપન! હરણ કરવામાં જે ભૂલ થઈ છે તે રાખી લેવામાં કદાચ થોડી વધશે!—થઈને બીજું શું થવાનું છે?'

વિપિને કહ્યું: 'ચોપડી વિશે પછી તેમણે તમને કંઈ કહ્યું હતું?'

રસિકે કહ્યું: 'કહ્યું તો જરાક, પણ ન કહ્યું ઘણું!'

વિપિને કહ્યું: 'એ કેવી રીતે?'

રસિકે કહ્યું: 'શરમથી એનું મોં લાલ થઈ ગયું હતું!'

વિપિને કહ્યું: 'છિ છિ! શરમ મને આવવી જોઈએ.'

રસિકે કહ્યું: 'તમારી શરમમાં જ એણે ભાગ પડાવ્યો છે એમ સમજોને—અરુણની શરમથી ઉષા લાલ થઈ જાય છે એવું!'

વિપિને કહ્યું: 'મને વધારે પાગલ ન બનાવશો, રસિકબાબુ!'

રસિકે કહ્યું: 'નથી બનાવતો, બહાર ખેંચુ છું, મશાય!'

વિપિને ફરી ચોપડી ગજવામાં મૂકી કહ્યું: 'અંગ્રેજીમાં એક કહેવત છે કે ભૂલ કરવી એ માણસનો ધર્મ છે, ક્ષમા કરવી એ દેવતાનો ધર્મ છે.'

રસિકે કહ્યું: 'ત્યારે તમે માણસનો ધર્મ બજાવ્યો!'

વિપિને કહ્યું: 'હવે દેવીનો ધર્મ એમણે બજાવવાનો છે!'

એટલામાં શ્રીશ આવી પહોંચ્યો. તેણે કહ્યું: 'અબલાકાન્ત બાબુનો ભેટો ન થયો!'

વિપિને કહ્યું: 'તો શું તારે રાતોરાત એમને સંન્યાસી બનાવી દેવા છે?'

શ્રીશે કહ્યું: 'હશે, પણ અક્ષયબાબુ મળી ગયા તે સારું થયું!'

વિપિને કહ્યું: 'ઠીક યાદ દેવડાવ્યું—હું પણ એમને મળ્યા વગર જ ઘરમાંથી નીકળી ગયો હતો—લાવ, જરા મળી આવું એમને!'

રસિકે ખાનગીમાં વિપિનને કહ્યું: 'ફરી પાછું કંઈ લેવા જાઓ છો શું? ધીમે ધીમે માણસનો ધર્મ તમારા પર સવાર થતો લાગે છે!'

વિપિન અક્ષયના ઘર તરફ પાછો વળ્યો.

શ્રીશે કહ્યું: 'રસિકબાબુ! મારે તમારી એક સલાહ લેવાની છે.'

રસિકે કહ્યુંઃ 'સલાહ આપવા જેવી ઉંમર તો થઈ ગઈ છે. કદાચ એવી બુદ્ધિ નહિ હોય!'

શ્રીશે કહ્યુંઃ 'તમારે ત્યાં પેલે દિવસ મેં બે છોકરીઓને જોઈ હતી—મને તો બંને રૂપાળી લાગી!'

રસિકે કહ્યુંઃ 'તમારી રસજ્ઞતાનો દોષ કાઢી શકતો નથી. સૌ એ પ્રમાણે જ કહે છે.'

શ્રીશે કહ્યુંઃ 'એમને વિશે જો કોઈ કોઈ વાર તમારી આગળ વાત કાઢું, તો શું—'

રસિકે કહ્યુંઃ 'તો મને આનંદ થશે. તમને પણ સારું લાગશે, અને એમનું કંઈ બગડવાનું નથી.'

શ્રીશે કહ્યુંઃ 'નહિ જ. તમરું જો તારા વિશે બડબડ કરે—' કંઈ બોલે—'

રસિકે કહ્યુંઃ 'તો એવી તારાની નીંદરમાં ખલેલ પહોંચતી નથી.'

શ્રીશે કહ્યુંઃ 'ઊલટું, તમરાંની જ ઊંઘ ઊડી જવાની, પણ એનો મને વાંધો નથી.'

રસિકે કહ્યુંઃ 'આજે તો એવું જ લાગે છે.'

શ્રીશે કહ્યુંઃ 'મને જે રૂમાલ જડ્યો એનું નામ તમારે મને કહેવું પડશે!'

રસિકે કહ્યુંઃ 'નામ નૃપબાલા!'

શ્રીશે કહ્યુંઃ 'કોણ એ?'

રસિકે કહ્યુંઃ 'તમે જ અનુમાન કરીને કહો જોઉં!'

શ્રીશે કહ્યુંઃ 'લાલ રંગની રેશમી સાડી પહેરી હતી એ?'

રસિકે કહ્યુંઃ 'બોલે જાઓ!'

શ્રીશે કહ્યુંઃ 'જે શરમથી ભાગી જવાનું કરતી હતી, છતાં ભાગી જવામાંયે જેને શરમ આવતી હતી—તેથી પળવાર બીધેલી હરણીની પેઠે એકદમ ખચકીને ઊભી રહી ગઈ હતી—વાળની એક બે લટો જેની આંખોની ઉપર આવી પડી હતી—ચાવીઓના ગુચ્છાવાળો પાલવ ખસી પડવાથી ડાબા હાથે તે ઊંચો કરીને જે ઝડપથી ભાગી ગઈ



હતી, તે અને તે વખતે જેની પીઠ પર પથરાયેલા કાળા વાળ મારા દૃષ્ટિપથ પર કાળા નક્ષત્રની પેઠે નૃત્ય કરી ગયા હતા!'

રસિકે કહ્યુંઃ 'એ જ નૃપબાલા! પગ લજ્જિત છે, હાથ કુંઠિત છે, આંખો ત્રસ્ત છે, વાળ કુંચિત છે,—દુઃખની વાત છે કે તમે તેનું હૃદય જોઈ શક્યા નહિ. ફૂલની અંદર છુપાયેલા મધુના જેવું એ મધુર છે, અને ઝાકળના જેવું કોમળ છે!'

શ્રીશે કહ્યુંઃ 'રસિકબાબુ, તમારામાં આટલો બધો કવિત્વરસ સંચિત થયેલો છે એનું મૂળ ક્યાં છે તેની હવે મને ખબર પડી ગઈ છે.'

રસિકે કહ્યુંઃ 'તમે મને પકડી પાડ્યો, શ્રીશબાબુ!

'કવીન્દ્રાણાં ચેતઃ કમલવનમાલાતપરુચિમ્
ભજન્તે યે સન્તઃ કતિચિદરુણામેવ ભવતીમ્ ।
વિરંચિપ્રેયસ્યાસ્તરુણતરશૃંગારલહરીમ્
ગભીરાભિર્વાગ્મિર્વિદધતિ સભારંજનમયીમ્ ॥'

'તું કવિવરોના ચિત્તની કમલવનમાલાની કિરણલેખા છે. જેઓ થોડીક પણ તારી ઉપાસના કરે છે તેઓ જ ગંભીર વાણી દ્વારા સરસ્વતીની સુકોમલ સભારંજની શૃંગારલહરીને પ્રગટ કરી શકે છે. મને એ કવિચિત્તના કમલવનની કિરણલેખાનો અનુભવ થયો છે.'

શ્રીશે કહ્યુંઃ 'મને પણ થોડા દિવસથી જરાતરા અનુભવ થવા માંડ્યો છે—ત્યારથી મારામાં કવિત્વ સહજ બની ગયું છે.'

એટલામાં અક્ષય આવી પહોંચ્યો, ને મનનો બળાપો કાઢવા લાગ્યોઃ 'આ બે નવયુવકો હવે મને મારા ઓરડામાં ટકવા દે એવું નથી લાગતું. એક જણ ચોરની પેઠે મારા ઓરડામાં ઘૂસીને કંઈ શોધવા ફાંફાં મારતો હતો.—પકડાઈ જતાં સીધો જવાબ પણ આપી શક્યો નહિ—છેવટે મને લઈ પડ્યો. એ ગયો કે થોડીવારમાં બીજો આવીને ઓરડાની ચોપડીઓ ઊંચીનીચી કરવા ને જોવા મંડી પડ્યો. એને જોયો કે અહીં ભાગી આવ્યો છું. મનપસંદ કાગળ લખવો છે પણ આ લોકો ક્યાં લખવા દે છે? આહ! શું સરસ ચાંદની ખીલી છે!'

શ્રીશે કહ્યુંઃ 'ઓહો અક્ષયબાબુ!'

અક્ષય કહ્યું: 'આ બાપ! એક ચોર ઘરમાં ઘૂસ્યો છે, ને બીજો ગલીના નાકે ઊભો છે. હે પ્રિયા! તારું ધ્યાન ધરતી વખતે જે લોકો મારા મનમાં વિક્ષેપ નાખી રહ્યા છે તેઓ મેનકા, ઉર્વશી કે રંભા હોત તો મને જરાયે ખેદ ન થાત—મનપસંદ ધ્યાનભંગ પણ આ અક્ષયના નસીબમાં નથી—કલિકાળમાં ઇંદ્રદેવ પણ, ઉંમર બહુ વધી જવાથી અરસિક બની ગયા લાગે છે!'

એટલામાં વિપિને આવી પહોંચી કહ્યું: 'ઓહ અક્ષયબાબુ! તમે અહીં છો? હું તમને જ ખોળતો હતો!'

અક્ષયે કહ્યું: 'અરે નસીબ! આવી રાત શું મને ખોળતા ફરવા માટે નિર્માણ થઈ છે!'

'In such a night as this,
When the sweet wind did gently kiss the trees
And they did make no noise, in such a night.
Troilus methinks mounted the Troyan walls.
And sighed his sonl toward the Grecian tents.
Where Cressid lay that night.'

શ્રીશે કહ્યું: 'in such a night તમે શું કરવા બહાર નીકળ્યા છો, અક્ષયબાબુ?'

રસિકે કહ્યું:–

'અપસરતિ ન ચક્ષુષો મૃગાક્ષી
રજનિરયં ચ ન યાતિ નૈતિ નિદ્રા ।'

'મૃગાક્ષીનું મૃદુ ચિત્ર આંખથી હટતું નથી,
રજની ના થતી પૂરી, નિદ્રાયે આવતી નથી!

'અક્ષયબાબુની દશાની મને ખબર છે, મશાય!'

અક્ષયે કહ્યું: 'તમે કોણ છો?'

અક્ષયે કહ્યું: 'હું રસિકચંદ્ર છું—બે તરફ બે યુવકોનો ટેકો લઈ યૌવાનસાગરમાં તરી રહ્યો છું.'



અક્ષયે કહ્યું: 'આ ઉંમર યૌવન સહ્ય નહિ થાય, રસિકદાદા!'

રસિકે કહ્યું: 'તો યૌવન કઈ ઉંમર સહ્ય હોય છે? એ સદા અસહ્ય હોય છે. શ્રીશબાબુ! તમને કેમ લાગે છે?'

શ્રીશે કહ્યું: 'હજી પૂરો ખ્યાલ આવ્યો નથી.'

રસિકે કહ્યું: 'મારી પેઠે પરિણત વયની રાહ જોતા લાગો છો! અક્ષયદા, આજ તમે ખૂબ બેચેન માલૂમ પડો છો!'

અક્ષયે કહ્યું: 'તમને તો માલૂમ પડે જ ને! કારણ કે આજે મારું મન પૂરેપૂરું તમારી વાતમાં નથી! વિપિનબાબુ, તમે મને ખોળતા હતા પણ મારું તમારે કંઈ તાકીદનું કામ હોય એવું લાગતું નથી, એટલે હવે હું જાઉં છું, મારે જરા ખાસ કામ છે.'

આમ કહી અક્ષય ગયો.

રસિકે કહ્યું: 'વિરહી કાગળ લખવા સિધાવ્યો!'

શ્રીશે કહ્યું: 'અક્ષયબાબુ બહુ મજાના માણસ છે. રસિકબાબુ, એમની સ્ત્રી બધી બહેનોમાં મોટી, ખરું ને? એમનું નામ?'

રસિકે કહ્યું: 'પુરબાલા.'

વિપિને પાસે આવી પૂછ્યું: 'શું નામ કહ્યું?'

રસિકે કહ્યું: 'પુરબાલા.'

વિપિને કહ્યું: 'એ સૌમાં મોટાં, ખરું ને?'

રસિકે કહ્યું: 'હા.'

વિપિને કહ્યું: 'અને સૌથી નાનીનું નામ?'

રસિકે કહ્યું: 'નીરબાલા.'

શ્રીશે કહ્યું: ' અને નૃપબાલા કોણ?'

રસિકે કહ્યું: 'નીરબાલાથી મોટી તે નૃપબાલા.'

શ્રીશે કહ્યું: 'ત્યારે તો નૃપબાલા મોટી!'

રસિકે કહ્યું: 'અને નીરબાલા છોટી!'

શ્રીશે કહ્યું: 'પુરબાલાથી નાની નૃપબાલા.'

વિપિને કહ્યું: 'એનાથી નાની નીરબાલા!'

રસિક મનમાં બોલ્યો: 'આમણે તો નામજપ શરૂ કર્યો. હું ફસાયો.

હવે વધારે ઠંડી સહન નહિ થાય, અહીંથી ભાગવાનું કરું.'

એટલામાં વનમાળી આવી પહોંચ્યો. વનમાળીએ કહ્યુંઃ 'ઓહો! તમે બંને અહીં છો! હું તમારે ઘેર ગયો હતો.'

શ્રીશે કહ્યુંઃ 'હવે તમે અહીં રહો, અમે ઘેર જઈએ!'

વનમાળીએ કહ્યુંઃ 'જ્યારે જુઓ ત્યારે તમે લોકો બહુ કામમાં હો છો.'

વિપિને કહ્યુંઃ 'તમે અમને નવરા કદી નહિ જુઓ—અમે હમેશાં જરા ખાસ કામમાં જ હોઈએ છીએ.'

વનમાળીએ કહ્યુંઃ 'પાંચ મિનિટ તો ઊભા રહો!'

શ્રીશે કહ્યુંઃ 'રસિકબાબુ, ઠંઠી જરા વધારે નથી લાગતી?'

રસિકે કહ્યુંઃ 'તમને અત્યારે લાગી, પણ મને તો ક્યારનીયે લાગે છે!'

વનમાળીએ કહ્યુંઃ 'ચાલો, ત્યારે ઘેર જ ચાલોને!'

શ્રીશે કહ્યુંઃ 'પણ આટલી રાતે જો તમે મારા ઘરમાં પગ દીધો તો—'

વનમાળી કહ્યુંઃ 'જી, તમે લોકો અત્યારે બહુ કામમાં લાગો છો, એટલે ફરી કોક વખત આવીશ.'



## : ૧૧ :

રસિકે કહ્યુંઃ 'ભાઈ શૈલ!'

શૈલે કહ્યુંઃ 'શું છે, રસિકદાદા!'

રસિકે કહ્યુંઃ 'આ શું મારું કામ છે? મહાદેવના તપમાં ભંગ પડાવવા માટે સ્વયં કંદર્પદેવ હતા—અને હું ડોસો—'

શૈલે કહ્યુંઃ 'તમે ડોસા છો, તો એ બે જુવાનિયા મહાદેવ નથી!'

રસિકે કહ્યુંઃ 'નથી, એની તો મેં બરાબર ખાતરી કરી જોઈ છે. એટલે તો હું બેધડક ગયો હતો. પરંતુ રસ્તાની વચમાં ઠંઠી ખાતા ઊભા રહી, અડધી રાત લગી, એમની સાથે રસાલાપ કરવા જેટલી ગરમી મારા શરીરમાં નથી.'

શૈલે કહ્યુંઃ 'તો એમની સોબતમાંથી એટલી ગરમી પેદા કરી લેજો!'

રસિકે કહ્યુંઃ 'જીવતું ઝાડ સૂરજના તાપમાં પ્રફુલ્લ બની જાય, પણ મરેલું લાકડું તાપમાં રહે તો ફાટી જાય. તેવી રીતે યૌવનનો તાપ બુઢ્ઢા માણસને ફાયદો કરે એવું લાગતું નથી.'

શૈલે કહ્યુંઃ 'વાહ! તમને જોઈને તો ફાટી જશો એવું નથી લાગતું.'

રસિકે કહ્યુંઃ 'હૃદય જુઓ તો ખબર પડે!'

શૈલે કહ્યુંઃ 'શું કહો છો, રસિકદાદા! તમારી ઉંમર તો અત્યારે સૌથી વધારે નિરાપદ. યૌવનનો દાહ તમને શું કરવાનો?'

રસિકે કહ્યુંઃ 'શુષ્કેન્ધને વહ્નિરુપૈતિ વૃદ્ધિમ્ । યૌવનનો દાહ, વૃદ્ધ હાથમાં આવ્યો કે ભકભક કરતો ભભૂકી ઊઠે છે—એટલા માટે તો 'વૃદ્ધસ્ય તરુણી ભાર્યા' વિપત્તિનું કારણ મનાય છે. બીજું શું કહું, ભાઈ!'

એટલામાં નીરબાલા ત્યાં આવી પહોંચી.

તને જોઈ રસિકે કહ્યુંઃ 'આગચ્છ વરદે દેવિ । તું મને વર આપશે કે નહિ કોણ જાણે! પરંતુ હું તને એક 'વર' આપવા માટે તનતોડ મહેનત કરી મરું છું. શિવજી કશુંયે નથી કરતા, તોયે તારી પૂજા પામે છે તો આ બુઢ્ઢો મરી ખપે છે એને શું કશુંયે નહિ મળે?'

નીરબાલાએ કહ્યુંઃ 'શિવજીને મળે છે ફૂલ, ને તમને મળશે એનું

ફળ—હું તમને જ વરમાળા પહેરાવીશ, રસિકદાદા!'

રસિકે કહ્યુંઃ 'હાસ્તો, માટીના દેવને નૈવેદ્ય ધરવામાં મોટી સગવડ એ છે કે જેટલું ધરીએ એટલું બધું પાછું મળે છે—એટલે તું મને નિરાંતે વરમાળા પહેરાવી શકે છે, જ્યારે જોઈએ ત્યારે પાછી મળી રહેશે—એના કરતાં તો, ભાઈ! મને એક ગલપટો બનાવી આપ, ઘરડા માણસને વરમાળા કરતાં એ વધારે ખપ લાગશે.'

નીરબાલાએ કહ્યુંઃ 'ભલે, બનાવી આપીશ, અને એક જોડ શણના જોડા વણી રાખ્યા છે તે પણ શ્રી ચરણમાં ભેટ ધરીશ.'

રસિકે કહ્યુંઃ 'આહ! આનું નામ કૃતજ્ઞતા! પરંતુ નીરુ, મારે માટે ગલપટો જ બસ છે—મને આપાદમસ્તક સંભાળવાની જરૂર નથી—એને માટે બીજો લાયક આદમી મળી રહેશે. જૂતાં એને માટે રહેવા દે.'

નીરબાલાએ કહ્યુંઃ 'ભલે, તો તમારું ભાષણ હવે તમારી પાસે રહેવા દો!'

રસિકે કહ્યુંઃ 'જોયું. શૈલ! આજકાલ નીરુને પણ શરમ લાગવા માંડી છે—લક્ષણ સારાં નથી.'

શૈલે કહ્યુંઃ 'નીરુ, તું આ શું કરે છે? ફરી પાછી અહીં આવી? આજે અહીં અમારી સભા ભરાવવાની છે—હમણાં કોઈ આવી ચડશે, તો પંચાત થશે.'

રસિકે કહ્યુંઃ 'એ પંચાતનો સ્વાદ એણે એકવાર ચાખ્યો છે, એટલે ફરી ફરી એ સ્વાદ ચાખવા વલખાં મારે છે.'

નીરબાલાએ કહ્યુંઃ 'જુઓ રસિકદાદા, તમે જો મને ખિજવશો તો પછી ગલપટો મળી રહ્યો! તમને પણ કહી દઉં છું, દીદી, તમે જો રસિકદાદાના શબ્દોને આમ હસવામાં કાઢશો તો એમની ધૃષ્ટતા ખૂબ વધી જશે!'

રસિકે કહ્યુંઃ 'જોયું, શૈલે, નીરુ આજકાલ મજાક-મશ્કરી પણ સહન કરી શકતી નથી, મન કેટલું દુર્બળ બની ગયું છે! નીરુ દીદી, કોઈ કોઈ વખત કોયલનો ટહુકાર પણ કાનને કડવો લાગે છે એવું શાસ્ત્રમાં કહેલું છે, તો શું તારા રસિકદાદાની મશ્કરીઓ પણ હવે તને, એ



ટહુકાર જેવી લાગવા માંડી?'

નીરબાલાએ કહ્યુંઃ 'એટલા વાસ્તે તો તમારા ગળામાં ગલપટો બાંધી દેવા ઇચ્છું છું—એનાથી જરા તમારો અવાજ તો નીચો ઊતરે!'

શૈલે કહ્યુંઃ 'નીરુ, હવે ઝઘડો છોડ—ચાલ, હમણાં બધા આવી પહોંચશે.'

નીરબાલા અને શૈલ જતાં કહ્યાં. થોડી વાર પછી પૂર્ણ આવી પહોંચ્યો.

રસિકે કહ્યુંઃ 'આવો પૂર્ણબાબુ!—'

પૂર્ણ કહ્યુંઃ 'હજી કોઈ આવ્યા નથી?'

રસિકે કહ્યુંઃ 'તમે આ ડોસાને એકલો જોઈને હતાશ બની ગયા? હમણા બધી પહોંચશે, પૂર્ણબાબુ!'

પૂર્ણે કહ્યુંઃ 'હતાશ શું કરવા થાઉં, રસિકબાબુ?'

રસિકે કહ્યુંઃ 'તે હું શી રીતે કહું, કહો! પરંતુ તમે ઓરડામાં પગ દીધો કે તરત તમારી આંખો જોઈને મને લાગ્યું કે તેઓ જેને શોધી રહી છે તે હું નથી!'

પૂર્ણે કહ્યુંઃ 'ચક્ષુ-વિદ્યાનું આટલું બધું જ્ઞાન તમે કેવી રીતે મેળવ્યું?'

રસિકે કહ્યુંઃ 'મારી સામે કદી કોઈ નજર કરતું નથી પૂર્ણબાબુ! તેથી આટલાં વરસ મેં કેવળ પારકાની આંખોનું નિરીક્ષણ કરવામાં જ કાઢ્યાં છે! જો હું આપના જેવો નસીબદાર હોત તો દૃષ્ટિવિદ્યાનું જ્ઞાન મેળવવાને બદલે ઘણી દૃષ્ટિઓનો જ લાભ મેળવી શક્યો હોત. પણ ગમે તે કહો, પૂર્ણબાબુ, આંખોના જેવી અજબ સૃષ્ટિ દુનિયામાં બીજી કોઈ નથી—માણસનું મન જો શરીરના કોઈ પણ અવયવમાં પ્રત્યક્ષ વાસ કરતું હોય તો એક માત્ર એની આંખોમાં!'

પૂર્ણે ઉત્સાહમાં આવી કહ્યુંઃ 'તમારી વાત ખરી છે, રસિકબાબુ! ક્ષુદ્ર શરીરનું કોઈ પણ અવયવને જો અનંત આકાશ કે અનંત સમુદ્રની ઉપમા આપી શકાય તો એક માત્ર આ આંખોને!'

'નિઃસીમશોભાસૌભાગ્યં નતાંગ્યા નયનદ્વયમ્ ।
અન્યોન્ત્યાલોકનાનન્દવિરહાદિવ ચઞ્ચલમ્ ॥'

રસિકે કહ્યું: 'સમજ્યા, પૂર્ણબાબુ?'

પૂર્ણે કહ્યું: 'ના, પણ સમજવાનું મન છે.'

રસિકે કહ્યું:—

'નતાંગી બાલિકાની બે, આંખો સૌભાગ્યસુન્દર,
ન દેખી એકબીજાને, વિરહે થઈ ચંચલ!'

પૂર્ણે કહ્યું: 'નહિ, રસિકબાબુ! આ બરાબર બેઠું નહિ. આ તો કેવળ વાક્ચાતુરી છે! બે આંખો એકબીજાને જોવા તલસતી નથી.'

રસિકે કહ્યું: 'તો બીજી બે આંખોને જોવાને તલસે છે ને? એ અર્થમાં સમજી લોને! છેલ્લાં બે ચરણ જરા બદલી નાખીએ—

'દ્રષ્ટોદ્રષ્ટ તણું સુખ, મળ્યું ના, તેથી ચંચલ!

પૂર્ણે કહ્યું: 'હા, સરસ બની ગયું, રસિકબાબુ!

'દ્રષ્ટોદ્રષ્ટ તણું સુખ, મળ્યું ના, તેથી ચંચલ!

'છતાં બિચારી કેદી છે—પાંજરામાં પુરાયેલા પંખીની પેઠે માત્ર આમથી તેમ તરફડવા સિવાય બીજું કંઈ કરી શકતી નથી—પાંખો ફેલાવીને પ્રિયની આંખો પાસે એનાથી ઊડી જવાતું નથી!'

રસિકે કહ્યું: 'વળી એ દ્રષ્ટોદ્રષ્ટનો મામલો કેવો ભયકંર છે એ પણ શાસ્ત્રમાં લખેલું છે—

'હત્વા લોચનવિશિખૈર્ગત્વા કતિચિત્પદાનિ પદ્માક્ષી ।
જીવતિ યુવા ન વા કિં ભૂયો ભૂયો વિલોકયતિ ॥'

'લોચનબાણે વીંધી નરને, કમલલોચના જાય ઘરે,
મરી ગયો કે જીવે જોવા, ફરીફરી એ આંખ કરે!'

પૂર્ણે કહ્યું: 'રસિકબાબુ, 'ફરી ફરી એ આંખ કરે' માત્ર કવિતામાં!'

રસિકે કહ્યું: 'એનું કારણ એ છે કે કવિતામાં પાછું ફરીને જોવામાં કોઈ મુશ્કેલી નડતી નથી. સંસાર પણ જો એવો કવિતાનો બનેલો હોત તો ત્યાં પણ એ ફરી ફરીને આંખ કરતો હોત, પૂર્ણબાબુ!—બાકી અહીં મન પાછું વળે છે, આંખો પાછી વળતી નથી.'

પૂર્ણે નિઃશ્વાસ નાખી કહ્યું: 'બહુ ખરાબ જગા છે, રસિકબાબુ!



પણ પેલું તમે બહુ સરસ કહ્યું, હોં!

'દ્રષ્ટોદ્રષ્ટ તણું સુખ, મળ્યું ના, તેથી ચંચલ!'

રસિકે કહ્યું: 'શું વાત કરું, પૂર્ણબાબુ? આંખોની વાત નીકળી છે એટલે મને બંધ કરવાનું મન જ થતું નથી—

'લોચને હરિણગર્વમોચને
મા વિદૂષય નતાંગિ કજ્જલૈઃ ।
સાયકઃ સપદિ જીવહારકઃ
કિં પુનર્હિ ગરલેન લેપિત? ॥

'હરણીને શરમાવે એવી આંખો તું
કાજળથી શીદ કરે કાળી?
લેવાને જીવ તારું બાણ બસ, એને
વિષ રે! શું કરવું લગાડી?'

પૂર્ણે કહ્યું: 'બસ કરો, રસિકબાબુ, બસ કરો! જુઓ, કોઈ આવતા લાગે છે!

એટલામાં ચંદ્રબાબુ અને નિર્મલા ત્યાં આવી પહોંચ્યાં. ચંદ્રબાબુએ આવતાં જ રસિકને જોઈ કહ્યું: 'ઓહો અક્ષયબાબુ!'

રસિકે કહ્યું: 'હું અક્ષયબાબુને મળતો આવું છું એવું કહેશો તો તેમને અને તેમનાં સગાંવહાલાંને નહિ ગમે. હું રસિક છું.'

ચંદ્રબાબુએ કહ્યું: 'માફ કરજો, રસિકબાબુ! ભૂલ થઈ ગઈ.'

રસિકે કહ્યું: 'માફ કરવા જેવું એમાં છે શું, મશાય! આપે મને અક્ષયબાબુ કહ્યો, તેથી મારું તો જરાયે અપમાન થયું નથી. એટલે માફી મારી નહિ, પણ અક્ષયાબાબુની માગજો. પૂર્ણબાબુ અને હું ત્યારના અહીં બેઠા જરા વિજ્ઞાનની ચર્ચા કરતા હતા,!

ચંદ્રબાબુએ કહ્યું: 'આપણી કુમારસભામાં મહિનામાં એક દિવસ વિજ્ઞાનની ચર્ચા માટે નક્કી કરવો એવો મારો વિચાર હતો. આજે કયા વિષયની ચર્ચા ચાલતી હતી, પૂર્ણબાબુ?'

પૂર્ણે કહ્યું: 'ના રે, એવું કંઈ નથી, ચંદ્રબાબુ!'

રસિકે કહ્યું: 'આંખોની દૃષ્ટિ વિષે બે ચાર વાતો થઈ હતી.'

ચંદ્રબાબુએ કહ્યું: 'દૃષ્ટિનું રહસ્ય અતિગહન છે, રસિકબાબુ!'

રસિકે કહ્યું: 'ગહન પૂરેપૂરું! પૂર્ણબાબુનો પણ એવો જ મત છે!'

ચંદ્રબાબુએ કહ્યું: 'તમામે તમામ ચીજની આપણા દૃષ્ટિપટ ઉપર ઊલટી જ છાયા પડે છે. છતાં આપણે દરેક ચીજને કેવી રીતે સીધી જોઈ શકીએ છીએ એ વિષે કોઈ પણ મત મને હજી સંતોષકારક માલૂમ પડ્યો નથી.'

રસિકે કહ્યું: 'સંતોષકારક કેવી રીતે માલૂમ પડે? સીધું જોવું ને વાંકું જોવું એની માથાકૂટમાં જ માણસનું માથું ભમી જાય છે. એ વિષય બહુ સંકટમય છે.'

ચંદ્રબાબુએ કહ્યું: 'નિર્મલાની સાથે રસિકબાબુનો પરિચય થયો નથી, ખરું ને? રસિકબાબુ! આ આપણી કુમારસભાની પહેલી સ્ત્રીસભ્ય!'

રસિકે નિર્મલાને નમસ્કાર કર્યા, પછી કહ્યું: 'તેઓ આપણી સભાનાં સભાલક્ષ્મી છે. આપ સૌના આશીર્વાદ આપણી સભામાં બુદ્ધિવિદ્યાની ખોટ નહોતી, તેઓ હવે આપણી સભાને શ્રી પ્રદાન કરવા આવ્યાં છે.'

ચંદ્રબાબુએ કહ્યું: 'માત્ર શ્રી નહિ, શક્તિ!'

રસિકે કહ્યું: 'એ બધું એકનું એક છે, ચંદ્રબાબુ! શક્તિ જ્યારે શ્રીરૂપે આવિર્ભૂત થાય છે ત્યારે એની શક્તિની સીમા રહેતી નથી. કેમ, પૂર્ણબાબુ, બોલતા નથી?'

એટલામાં શૈલે પુરુષવેશે આવીને કહ્યું: 'માફ કરજો, ચંદ્રબાબુ, મને બહુ મોડું થયું છે શું?'

ચંદ્રબાબુએ ઘડિયાળ જોઈને કહ્યું: 'ના, હજી વખત થયો નથી. અબલાકાન્તબાબુ, મારી ભાણી નિર્મલા આજે આપણી સભાની સભાસદ બની છે.'

શૈલે નિર્મલાની પાસે બેસીને કહ્યું: 'જુઓ, પુરુષો સ્વાર્થી હોય છે, તેઓ સ્ત્રીઓને કેવળ પોતાની સેવામાં જ બાંધી રાખવા ઇચ્છે છે. ચંદ્રબાબુએ અમારી સભાના હિતની ખાતર સભાને તમારું દાન કર્યું છે. તેથી તેમની મહત્તા પ્રગટ થાય છે.'



નિર્મલાએ કહ્યું: 'મારા મામાને મન દેશની સેવા અને પોતાની સેવા બંને એક જ છે, એટલે હું જો આપની સભાની કંઈ સેવા કરી શકીશ તો એમાં મારા મામાની જ સેવા કરી ગણાશે.'

શૈલે કહ્યું: 'તમે સદ્ભાગ્યે ચંદ્રબાબુને બરાબર પીછાનવાની શક્તિ પ્રાપ્ત કરી લીધી છે તે બદલ તમને ધન્યવાદ ઘટે છે.'

નિર્મલાએ કહ્યું: 'હું એમને નહિ ઓળખું તો બીજું કોણ ઓળખશે?'

શૈલે કહ્યું: 'ઘરનું જ માણસ ઘણી વખત ઘરના માણસને નથી ઓળખતું. સગપણ નાનાને મોટો માની લે છે, તેમ મોટાને નાનો પણ માની લે છે. તમે ચંદ્રબાબુને ઓળખ્યા છે એ પરથી તમારી શક્તિનો ખ્યાલ આવે છે.

નિર્મલાએ કહ્યું: 'પરંતુ મારા મામાને બરાબર ઓળખવાનું કામ અઘરું નથી—એમનામાં એવી અજબ પારદર્શકતા છે!'

શૈલે કહ્યું: 'એથી તો એમને પૂરેપૂરા ઓળખવાનું કામ, ઊલટું, અઘરું બની જાય છે. દુર્યોધન સ્ફટિકની દીવાલને એ દીવાલ છે એમ જોઈ જ શક્યો નહોતો. સરળ સ્વચ્છતાનું મહત્ત્વ બધાને નથી સમજાતું, એટલે તેના તરફ અવજ્ઞા બતાવાય છે. લોકોની દૃષ્ટિ બાહ્ય આડંબર તરફ જ ખેંચાય છે.'

નિર્મલાએ કહ્યું: 'તમારું કહેવું સાચું છે. બહારના લોકોમાંથી કોઈ જ મારા મામાને ઓળખતું નથી. પહેલવહેલી આજે હું તમારા મોંએ મામા વિષે બે શબ્દો સાંભળું છું. એ સાંભળીને મને એવો આનંદ થાય છે કે શું વાત કરું?'

શૈલે કહ્યું: 'મામાની ઉપરનો તમારો ભક્તિભાવ જોઈ મને પણ એવો જ આનંદ થાય છે.'

ચંદ્રબાબુએ બંનેની પાસે આવીને કહ્યું: 'અબલાકાન્ત બાબુ, તમને મેં એક ચોપડી આપી હતી તે વાંચી?'

શૈલે કહ્યું: 'વાંચી, અને તેમાંથી તમારા ઉપયોગી માટે જરૂરી નોંધ પણ કરી રાખી છે.'

ચંદ્રબાબુએ કહ્યું: 'મારા પર ભારે ઉપકાર થયો—હું બહુ ખુશી

થયો, અબલાકાન્ત બાબુ! પૂર્ણ પોતે મારી પાસેથી એ ચોપડી માગીને લઈ ગયો હતો, પણ એનું શરીર સારું નહોતું, એટલે એનાથી કશું જ બની શક્યું નહિ. નોંધ લાવ્યા છો?'

શૈલે કહ્યું: 'લઈ આવું.'

કહી તે નોંધ લેવા ગઈ.

રસિકે કહ્યું: 'પૂર્ણબાબુ! તમારો ચહેરો કેમ આમ ઊતરી ગયો છે? શરીર બગડ્યું તો નથી ને?'

પૂર્ણેઃ કહ્યું 'ના, કશું નથી. રસિકબાબુ, પેલા ગયા એમનું નામ અબલાકાન્ત?'

રસિકે કહ્યું: 'હા.'

પૂર્ણે કહ્યું: 'મને એમની રીતભાત સારી નથી લાગતી.'

રસિકે કહ્યું: 'હજી નાની વય છે ખરીને—'

પૂર્ણે કહ્યું: 'સ્ત્રીઓની સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ એમણે શીખવાની જરૂર છે.'

રસિકે કહ્યું: 'મને પણ એવું લાગ્યું છે કે સ્ત્રીઓની સાથે બરાબર પુરુષને છાજતી રીતે વર્તતાં એને આવડતું નથી—ગળેપડુની પેઠે વર્તે છે. મને તો એ કાચી ઉંમરનું પરિણામ લાગે છે.'

પૂર્ણે કહ્યું: 'અમારી પણ ઉંમર કંઈ બહુ પાકી ગઈ નથી, પણ અમે તો—'

રસિકે કહ્યું: 'એ હું ક્યાં નથી જોતો? તમે કુમારી નિર્મલાની બને એટલા આઘા ને આઘા રહો છો, પણ એમને કદાચ એ અભદ્રતા લાગતી હશે. એમને કદાચ થતું હશે કે તમને એમની પરવા નથી.'

પૂર્ણે કહ્યું: 'શું કહો છો, રસિકબાબુ? તો કંઈ રસ્તો દેખાડોને! મને તો કંઈ સમજ જ પડતી નથી કે શું વાત કરવા વાસ્તે હું એમની પાસે જાઉં?'

રસિકે કહ્યું: 'વિચાર કરવાથી એ નહિ જડે! એકદમ આગળ ધપી જાઓ, પછી આપોઆપ શું વાત કરવી તે સૂઝી આવશે.'

પૂર્ણે કહ્યું: 'ના, રસિકબાબુ! મારા મોંમાથી એક અક્ષરે નહિ



નીકળે! શું વાત કરવી એ તમે શીખવાડો!'

રસિકે કહ્યું: 'દુનિયામાં યુગ પલટાઈ જાય એવી કોઈ વાત ન કરશો. જઈને કહો કે હા! આજકાલ ગરમી કેવી સખત પડવા માંડી છે!'

પૂર્ણે કહ્યું: 'અને તેઓ કહે કે હા, સખત પડે છે, તો પછી મારે શું કહેવું?'

એટલામાં વિપિન અને શ્રીશ આવી પહોંચ્યા. શ્રીશે ચંદ્રબાબુ અને નિર્મલાને નમસ્કાર કરી, નિર્મલાની સામે જોઈ કહ્યું: 'તમારો બધાનો ઉત્સાહ ઘડિયાળના કરતાં પણ આગળ વધી ગયો છે.—આ જુઓ, હજી સાડા છ પણ વાગ્યા નથી.'

નિર્મલાએ કહ્યું: 'આજે તમારી સભામાં આવવાનો મારો પહેલો જ દિવસ છે, તેથી હું જરા વહેલી આવી છું—પહેલી વારનો સંકોચ ભાંગતાં જરા વાર તો લાગે ને?'

વિપિને કહ્યું: 'પરંતુ તમારી આગળ અમારી એ અરજ છે કે તમે અમારી આગળ જરા પણ સંકોચ રાખશો નહિ. આજથી તમારે માથે અમારો ભાર છે—આ અક્કરમી પુરુષ સભ્યોને કૃપાદૃષ્ટિથી જોજો, સાંભળજો ને હુકમ કરી ચલાવજો.'

રસિકે કહ્યું: 'જાઓ પૂર્ણબાબુ, તમે પણ કંઈ બોલો!'

પૂર્ણે કહ્યું: 'શું બોલું?'

નિર્મલાએ કહ્યું: 'ચલાવવાની શક્તિ મારામાં નથી.'

શ્રીશે કહ્યું: 'તમે શું અમને એટલા બધા અચલ સમજો છો?'

વિપિને કહ્યું: 'લોઢાના કરતાં અચલ બીજો કયો પદાર્થ છે? પરંતુ અગ્નિ એ લોઢાને ચલાવે છે—અમારા જેવા ભારે પદાર્થોને ચલાવવા માટે તમારા જેવી દીપ્તિની જરૂર છે!'

રસિકે કહ્યું: 'સાંભળ્યું, પૂર્ણબાબુ?'

પૂર્ણે કહ્યું: 'મારે શું બોલવું એ કહોને!'

રસિકે કહ્યું: 'કહો કે લોઢાને ચલાવવા માટે અગ્નિની જરૂર પડે છે, ને ગાળવા માટે પણ અગ્નિની જરૂર પડે છે!'

વિપિને કહ્યું: 'કેમ, પૂર્ણબાબુ, રસિકબાબુનો પરિચય થયો?'

પૂર્ણે કહ્યુંઃ 'હા.'

વિપિને કહ્યુંઃ 'તમારું શરીર આજે સારું છે ને?'

પૂર્ણે કહ્યુંઃ 'હા.'

વિપિને કહ્યુંઃ 'બહુ વહેલો આવ્યા લાગો છો!'

પૂર્ણે કહ્યુંઃ 'ના.'

વિપિને કહ્યુંઃ 'જોયું ને, આ વખતે ઠંડી, શરતના ઘોડાની પેઠે જોરથી દોડી આવી, મહા મહિનાની અધવચ એકદમ ખચ કરતી થંભી ગઈ!'

પૂર્ણે કહ્યુંઃ 'હા.'

શ્રીશે કહ્યુંઃ 'ઓહ પૂર્ણબાબુ, ગઈ બેઠક વખતે તમારી તબિયત સારી નહોતી. આ વખત બહુ સારી લાગે છે ને!'

પૂર્ણે કહ્યુંઃ 'હા.'

શ્રીશે કહ્યુંઃ 'આજ લગી કુમારસભામાં શાની મોટી ખોટ હતી, તે આજે ઓરડામાં પગ દેતાં જ હું સમજી ગયો છું—સોનાના મુગટની વચમાં માત્ર એક હીરો જડવાની કસર રહી ગઈ હતી—આજે એ ખોટ પૂરી પડી. કેમ, પૂર્ણબાબુ, કંઈ બોલતા નથી?'

પૂર્ણે કહ્યુંઃ 'તમારા જેવી રચનાશક્તિ મારામાં નથી—મને એમ મલાવી મલાવીને બોલતાં નથી આવડતું—ખાસ કરીને સ્ત્રીઓની આગળ!'

શ્રીશે કહ્યુંઃ 'તમારી અશક્તિની વાત સાંભળી મને બહુ દુઃખ થાય છે, પૂર્ણબાબુ! ધીમે ધીમે તમે આગળ વધશો એવી હું આશા રાખું છું.'

વિપિને રસિકને બાજુએ લઈ જઈને કહ્યુંઃ 'બે વીર પુરુષોને યુદ્ધ કરવા દો—અહીં આવો, રસિકબાબુ! તમારી સાથે મારે જરા વાત કરવાની છે. બોલો, પેલી નોટ વિષે પછી કંઈ વાત નીકળી હતી?'

રસિકે કહ્યુંઃ 'ભૂલ કરવી એ માણસનો ધર્મ છે, અને ક્ષમા કરવી એ દેવીનો ધર્મ છે—એટલું મેં પ્રસંગવશાત્ કહી નાખ્યું હતું—'

વિપિને કહ્યુંઃ 'શું જવાબ મળ્યો?'

રિસકે કહ્યુંઃ 'કંઈ પણ બોલ્યા વગર વીજળીની પેઠે જતી રહી!'

વિપિને કહ્યુંઃ 'જતી રહી?'

રસિકે કહ્યુંઃ 'પણ એ વીજળીમાં વજ્ર નહોતું.'



વિપિને કહ્યુંઃ 'ગાજવીજ?'

રસિકે કહ્યુંઃ 'એ પણ નહિ.'

વિપિને કહ્યુંઃ 'તો?'

રસિકે કહ્યુંઃ 'આ છેડે કે પેલે છેડે કંઈક વૃષ્ટિનો આભાસ હતો.'

વિપિને કહ્યુંઃ 'એનો અર્થ?'

રસિકે કહ્યુંઃ 'હું શું જાણું, મશાય! અર્થ પણ હોય, અને અનર્થ પણ હોય.'

વિપિને કહ્યુંઃ 'રસિકબાબુ, તમે શું કહો છો તેની મને કંઈ જ સમજ પડતી નથી.'

રસિકે કહ્યુંઃ 'કેવી રીતે પડે?—બહુ અઘરી બાબત છે.'

એટલામાં શ્રીશે પાસે આવી કહ્યુંઃ 'શું અઘરું છે, મશાય?'

રસિકે કહ્યુંઃ 'આ વૃષ્ટિ, વજ્ર ને વીજળીની વાત!'

શ્રીશે કહ્યુંઃ 'અરે વિપિન, એના કરતાંય અઘરી વાત સાંભળતી હોય તો પૂર્ણની પાસે જા!'

વિપિને કહ્યુંઃ 'અઘરી વાતનો મને બહુ શોખ નથી, ભાઈ!'

શ્રીશે કહ્યુંઃ 'યુદ્ધ કરવાની વિદ્યા કરતાં સંધિ કરવાની વિદ્યા ખૂબ જ અઘરી છે. એ વિદ્યા તને આવડે છે. મારા સમ, પૂર્ણને જરા ટાઢો પાડી આવ, જા! હું એટલી વાર રસિકબાબુની સાથે વૃષ્ટિ, વજ્ર ને વીજળીની વાત કરી લઉં!'

વિપિન પાછો ફર્યો એટલે શ્રીશે કહ્યુંઃ 'રસિકબાબુ, પેલે દિવસે તમે જેમનું નામ નૃપાબાલા કહ્યું તેઓ—તેઓ—તેમને વિષે જરા વિસ્તારથી કંઈક કહો! પેલે દિવસ આંખના પલકારામાં તેમના મોં પર એવો તો સરળ સ્નિગ્ધ ભાવ જોયો છે કે એમને વિશે મારું કુતૂહલ હું કોઈ રીતે દબાવી શકતો નથી!'

રસિકે કહ્યુંઃ 'વિસ્તારથી કહેવાથી કુતૂહલ શમશે નહિ, ઊલટું વધી જશે. આ જાતનું કુતૂહલ 'હવિષા કૃષ્ણવર્ત્મેવ ભય એવાભિવર્ધતે ।' હું તો એને કેટલાંયે વર્ષોથી જોતો આવ્યો છું, પણ એ કોમળ હૃદયનો સરળ સ્નિગ્ધ મધુર ભાવ મારી નજરે 'ક્ષણે ક્ષણે તન્નવતાર્મુપતિ ।'

શ્રીશે કહ્યું: 'ઠીક તો, તેઓ—હું એ નૃપબાલાની જ વાત કરું છું—'

રસિકે કહ્યું: 'એ હું બહુ સારી રીતે સમજું છું.'

શ્રીશે કહ્યું: 'તે તેઓ—બીજું શું પૂછું? એમને વિશે ગમે તે કંઈ બોલોને!—કાલે શું બોલ્યાં—આજે સવારે શું કર્યું—અમથું નજીવું યે, તમે બોલો, હું સાંભળું!'

રસિકે શ્રીશનો હાથ પકડીને કહ્યું: 'બહુ આનંદ થયો, શ્રીશબાબુ! તમે ખરેખરા ભક્ત છો! તમે માત્ર એક પળ જોઈ છે, એટલામાં તમે કેવી રીતે સમજી ગયા કે એને વિશે ગમે તે વાત કરીએ પણ એ વાત તુચ્છ નથી? એ જ્યારે મને કહે છે કે રસિકદાદા, પેલા ફાનસની વાટ જરા ચડાવોને! ત્યારે મને લાગે છે જાણે કંઈ નવી વાત સાંભળી—આદિ કવિતા પહેલા અનુષ્ટુપ છંદ જેવું! શું કહું, શ્રીશબાબુ! તમને સાંભળીને કદાચ હસવું આવશે, પણ પેલે દિવસ ઘરમાં પગ દેતાં જોઉં છું તો નૃપબાલા સોયમાં દોરો પરોવતી હતી, અને એના ખોળામાં ઓશીકાનો ગલેફ પડેલો હતો. મને એ કોઈ અદ્ભુત દૃશ્ય લાગ્યું! કંઈ કેટલીયે વાર કેટલાયે દરજીઓની દુકાનો આગળ થઈને ગયો છું, પણ કદી મેં મોં ઊંચું કરીને જોયું નથી, પરંતુ—'

શ્રીશે કહ્યું: 'વારું, રસિકબાબુ, ઘરનું બધું કામ તેઓ જાતે કરે છે?'

એટલામાં શૈલે આવીને કહ્યું: 'રસિકદાદાની સાથે શું ગુફ્તેગો કરી રહ્યા છો?'

શ્રીશે કહ્યું: 'કંઈ નહિ, બિલકુલ સાધારણ બાબતમાં અમે ચૂંથણા કર્યા કરીએ છીએ, સાવ તુચ્છ!'

ચંદ્રબાબુએ કહ્યું: 'સભાની બેઠકનો વખત થઈ ગયો છે, હવે મોડું કરવું તે ઠીક નથી. પૂર્ણબાબુ, કૃષિવિદ્યાલય વિશે આજે તમે જે દરખાસ્ત રજૂ કરવાનું કહેતા હતા તે વિશે બોલો—'

પૂર્ણે ઊભા થઈ ઘડિયાળનો અછોડો રમાડતાં રમાડતાં કહ્યું: 'આજે—આજે—' બોલતાં બોલતાં એને સખત ખાંસી ઊપડી આવી.

રસિકે એની પાસે બેસીને ધીરેથી કહ્યું: 'આજે આ સભા—'

પૂર્ણે કહ્યું: 'આજે આ સભા—'



રસિકે કહ્યું: 'જે નૂતન સૌન્દર્ય અને ગૌરવને પામી છે—'

પૂર્ણે કહ્યું: 'જે નૂતન સૌન્દર્ય અને ગૌરવને પામી છે—'

રસિકે કહ્યું: 'તેને માટે પહેલાં તો હું ધન્યવાદ પ્રગટ કર્યા વગર રહી શકતો નથી!'

પૂર્ણે કહ્યું: 'તેને માટે પહેલાં તો હું ધન્યવાદ પ્રગટ કર્યા વગર શકતો નથી!'

રસિકે ધીમેથી કહ્યું: 'હાંકે રાખો, પૂર્ણબાબુ!'

પૂર્ણે કહ્યું: 'તેને માટે પહેલાં તો હું ધન્યવાદ પ્રગટ કર્યા વગર રહી શકતો નથી.'

રસિકે કહ્યું: 'ગભરાવાનું કારણ નથી, પૂર્ણબાબુ, હાંકે રાખો!'

પૂર્ણે કહ્યું: 'જે નૂતન સૌન્દર્ય અને ગૌરવ–(ખાંસી ખાય છે)—જે નૂતન સૌન્દર્ય (ફરી ખાંસી ખાય છે)—ધન્યવાદ—'

રસિકે ઊભા થઈને કહ્યું: 'પ્રમુખ મહાશય! મારે એક વિનંતિ કરવાની છે. આજે પૂર્ણબાબુ બધા સભ્યો કરતાં વહેલા સભામાં આવેલા છે, તેમની તબિયત બિલકુલ સારી નથી, છતાં તેમનો ઉત્સાહ અદમ્ય છે! આજે આપણી સભામાં પહેલો અરુણોદય થાય છે, તે જોવા માટે પંખી વહેલું પરોઢમાં ઊઠીને માળામાંથી નીકળી પડ્યું છે—પરંતુ શરીર અશક્ત છે, તેથી પૂર્ણ હૃદયનો આવેગ કંઠ દ્વારા વ્યક્ત કરવાની એનામાં શક્તિ નથી—તેથી આજે આપણે એમને જવા દઈએ, અને, આજના વન પ્રભાતની જે અરુણ છટાનાં સ્તુતિગાન કરવા તેઓ ઊભા થયા હતા તેમની પણ હું, એ રુદ્ધકંઠવાળા ભક્તની વતી ક્ષમા માગી લઉં છું. પૂર્ણબાબુ, આજે આપણી સભાનું કામકાજ ભલે બંધ રહે, પણ વર્તમાન સંજોગોમાં અમે આજે તમને કોઈપણ દરખાસ્ત મૂકવા દઈ શકતા નથી. પ્રમુખ સાહેબ મને ક્ષમા કરે, અને જેવો આપણી સભાને પોતાની પ્રભા વડે આજે સાર્થક કરવા આવ્યાં છે તેઓ પણ મને ક્ષમા કરશે એવી મને ખાતરી છે. કારણ કે, ક્ષમા કરવી એ તેમના કરુણ હૃદયનો સહજ સુલભ ધર્મ છે.'

ચંદ્રબાબુએ કહ્યું: 'કેટલાક વખતથી પૂર્ણબાબુનું શરીર સારું નથી

રહેતું એની મને ખબર છે. આવા સંજોગોમાં આપણે એમને તકલીફ ન જ આપી શકીએ. વળી અબલાકાન્તબાબુએ ઘરમાં બેઠાં બેઠાં જ આપણી સભાનું કામ ઘણું આગળ ધપાવ્યું છે. આજ સુધીમાં હિંદુસ્તાન તરફથી ખેતીવાડીને લગતા જેટલા રિપોર્ટો બહાર પડ્યા છે તે બધા મેં તેમને આપ્યા હતા—તેમાંથી તેમણે જમીનમાં ખાતર નાખવા સંબંધીની માહિતીનું ટૂંકમાં સંકલન કરી રાખ્યું છે. એને આધારે સાધારણ લોકો પણ સમજી શકે તેવી સહેલી બંગાળી ભાષામાં એક પુસ્તક લખવાનું પણ તેમણે માથે લીધું છે. એમણે જે ઉત્સાહ અને દક્ષતાપૂર્વક સભાના કામકાજમાં ભાગ લેવા માંડ્યો છે, તેને માટું હું તેમને ખૂબ જ ધન્યવાદ આપું છું અને આજની બેઠકને આવતા રવિવાર પર મુલતવી રાખું છું. વિપિનબાબુએ યુરોપનાં છાત્રાલયોના નિયમો અને કાર્યપદ્ધતિ ભેગાં કરવાનું માથે લીધું હતું અને શ્રીશબાબુએ, સ્વૈચ્છિક દાન દ્વારા લંડન શહેરમાં કેટલી લોકોપયોગી પ્રવૃત્તિઓ ચાલે છે તેની યાદી, તથા તે વિશે એક નિબંધ તૈયાર કરવાનું માથે લીધું હતું, પરંતુ હજી બંનેમાંથી કોઈ પોતાનું કામ પૂરું કરી શક્યા હોય એવું લાગતું નથી. હું હમણાં એક પ્રયોગ કરી રહ્યો છું—બધાને ખબર છે કે આપણા દેશનું બળદગાડું એવી રીતે બનાવેલું હોય છે કે તેની પાછળ વજન પડતાં જ ગાડું ઊલળી પડે છે, અને બળદના ગળામાં ફાંસો પડે છે; કદાચ કોઈ કારણે બળદ પડી જાય તો વજન સાથે આખુંયે ગાડું બિચારાની ઉપર આવી પડે છે. આનો ઇલાજ શોધી કાઢવામાં હું અત્યારે રોકાયેલો છું. મને આશા છે કે હું સફળ થઈશ. આપણે મોઢે ગાય-બળદ તરફ દયા બતાવીએ છીએ, પણ દરરોજ એ ગાય-બળદને હજારો નકામાં કષ્ટો સહેવાં પડે છે એ સાવ ઉદાસીન ભાવે જોયા કરીએ છીએ. આવી જૂઠી ને પોલી ભક્તિ કરતાં વધારે લજ્જાસ્પદ ચીજ જગતમાં બીજી કોઈ નથી. આપણી સભાની વતી જો હું આનો કોઈ ઇલાજ શોધી કાઢી શકું તો આપણી સભા ધન્ય બની જશે. રાત્રે ગાડાંવાળાઓના ફળિયામાં જઈને મેં જાતે બળદની દશા તપાસી છે. બળદોની ઉપર ખોટો જુલમ કરવો એ સ્વાર્થ અને ધર્મ બેયની વિરુદ્ધ છે, એ હિંદુ ગાડાંવાળાઓને



સમજાવવાનું કામ બહુ અઘરું નથી. આ વિશે હું ગાડાંવાળાઓની એક પંચાયત સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યો છું. શ્રીમતી નિર્મલા અકસ્માત વખતે તાત્કાલિક મદદ કેવી રીતે કરવી, તથા દરદીની સારવાર કેવી રીતે કરવી વિશે રામરતન દાક્તર મહાશયની પાસે નિયમિત પાઠ લે છે; અને ભદ્રલોકનાં ઘરોમાં આ શિક્ષણનો પ્રચાર કરવા, માટે, એકાદ બે ઘેર તે શીખવવા પણ જાય છે. આવી રીતે દરેક સભ્યના સ્વતંત્ર અને વિશિષ્ટ પ્રયાસથી, આપણી આ નાનકડી કુમારસભા, કોઈને ખબર પણ ન પડે એ રીતે, ધીરે ધીરે અનેકવિધ સફળતા પ્રાપ્ત કરશે એ વિશે મને લેશમાત્ર પણ શંકા નથી.'

શ્રીશે કહ્યું: 'અરે વિપિન, મારું કામ તો મેં શરુ પણ નથી કર્યું!'

વિપિને કહ્યું: 'મારી પણ એવી જ દશા છે.'

શ્રીશે કહ્યું: 'પણ કર્યા વગર નહિ ચાલે.'

વિપિને કહ્યું: 'મારે પણ કરવું પડશે.'

શ્રીશે કહ્યું: 'થોડા દિવસ બીજું બધું કામ પડતું મૂકી બેસવું પડશે.'

વિપિને કહ્યું: 'હું પણ એવો જ વિચાર કરું છું.'

શ્રીશે કહ્યું: 'પરંતુ અબલાકાન્તબાબુને ધન્યવાદ ઘટે છે—તેઓ ક્યારે પોતાનું કામ કરતા હશે તેની મને તો કંઈ સમજ જ પડતી નથી.'

વિપિને કહ્યું: 'ભારે નવાઈની વાત છે! આપણાં કરતાં એમનું ધ્યાન તૂટવાનું મને તો વધારે કારણ દેખાય છે.'

શ્રીશે કહ્યું: 'જાઉં, એમની જ સાથે વાત કરી લઉં!'

શ્રીશ શૈલની પાસે ગયો.

પૂર્ણે કહ્યું: 'રસિકબાબુ, તમારો કયા શબ્દોમાં ઉપકાર માનું?'

રસિકે કહ્યું: 'કંઈ બોલશો નહિ, હું આપોઆપ જ સમજી લઈશ. પણ બધા મારા જેવા નથી, પૂર્ણબાબુ!—અનુમાનથી નહિ સમજે, મોંએ બોલવું પડશે.'

પૂર્ણે કહ્યું: 'તમે મારા દિલથી વાત સમજી ગયા છો, રસિકબાબુ! તમે હતા તો હું બચી ગયો! મારે જે કહેવું છે તે જીભે બોલવામાં પણ સંકોચ થાય છે હવે તમે સલાહ આપો તેમ કરું.'

રસિકે કહ્યું: 'પહેલાં તો તમે એમની પાસે જઈને ફાવે તે કંઈ બોલવાનું શરૂ કરી દો!'

પૂર્ણે કહ્યું: 'આ જુઓને, અબલાકાન્તબાબુ પાછા એમની પાસે જઈને બેસી ગયા છે.'

રસિકે કહ્યું: 'તે છોને બેઠા, એ કંઈ એમને ચારે તરફથી ઘેરીને તો નથી ઊભા ને! અબલાકાન્ત વ્યૂહની પેઠે ભેદીને તો નથી જવાનું ને! તમે પણ એક તરફ જઈને ઊભા રહો!'

પૂર્ણે કહ્યું: 'ઠીક, જોઉં શું થાય છે તે!'

*

શૈલે નિર્મલાને કહ્યું: 'મારાં આટલાં વખાણ ન કરશો. તમે મારા કરતાં ઘણું વધારે કામ કરી રહ્યાં છો. પરંતુ બિચારા પૂર્ણબાબુનું મને બહુ લાગી આવે છે. તમે આવવાનાં છો એ જાણીને જ તેઓ આજે ખાસ ઉત્સાહથી આવ્યા છે, પણ એ વ્યક્ત ન કરી શકવાથી, તેઓ ખૂબ ભોંઠા પડી ગયા છે. તમે જો એમને—'

નિર્મલાએ કહ્યું: 'બીજા સભ્યોથી તમે મને જરા વિશેષ ભાવે જુદી પાડીને જુઓ છો તેથી મને બહુ સંકોચ થાય છે—મને તમે બીજા સભ્યો જેવી જ સાધારણ સભ્ય ગણી લો, સ્ત્રી તરીકે મને અલગ ન પાડો.'

શૈલે કહ્યું: 'તમે સ્ત્રી તરીકે જન્મ્યાં છો એ લાભ આપણી સભા કેમ જવા દે? તમે અમારી સાથે એક થઈ જાઓ તો જેટલું કામ થશે એના કરતાં તમે અમારા કરતાં અલગ રહો તો વધારે થશે. દોરડા વડે નૌકાને આગળ ચલાવનારાએ નૌકાથી કંઈક દૂર રહેવું જોઈશે. ચંદ્રબાબુ આપણી નૌકાના સુકાની છે, તેઓ પણ આપણાથી કંઈક દૂર અને ઊંચે બેઠેલા છે. તમારે દોરડા વડે ખેંચવાનું કામ કરવાનું છે, એટલે તમારે અમારાથી દૂર રહેવું પડશે. અમે બધા હલેસાં મારનારા છીએ.'

નિર્મલાએ કહ્યું: 'તમે પણ કર્મમાં અને ભાવમાં બીજા બધા કરતાં જુદા માલમ પડો છો. તમને માત્ર આજે જ પહેલી વાર જોઉં છું, છતાં મને દૃઢ વિશ્વાસ બેસે છે કે આ સભામાં તમે જ મને વધારેમાં વધારે મદદ કરનારા થશો.'



શૈલે કહ્યું: 'હું એને મારું સૌભાગ્ય સમજું છું. આવો પૂર્ણબાબુ! અમે તમારી જ વાત કરતાં હતાં. બેસો.'

*

શ્રીશે કહ્યું: 'અબલાકાન્તબાબુ, અહીં આવો! મારે તમારી સાથે ઘણી વાત કરવી છે.'

શ્રીશ શૈલને ખૂણામાં લઈ જઈને કહેવા લાગ્યો: 'આજે સભાના ત્રણે જૂના સભ્યોને તમે બે જણે શરમથી નીચું જોવડાવ્યું છું એ ઠીક થયું—નૂતને જૂનામાં નવો પ્રાણ પૂરવો જ જોઈએ.'

શૈલે કહ્યું: 'અને નવા લાકડાને સળગાવવા માટે જૂના સળગતા લાકડાની જરૂર પડે છે.?'

શ્રીશે કહ્યું: 'એનો વિચાર પછી થશે. પરંતુ મારો પેલો રૂમાલ ક્યાં છે? એની ચોરી કરીને હું મારો પરકાલ તો બગાડી ચૂક્યો છું, પણ પાછો રૂમાલ પણ ખોઈ બેસવાનું મને પાલવે તેમ નથી.'

પછી એણે ગજવામાંથી રૂમાલો કાઢીને કહ્યું: 'આ લ્યો, હું એક ડઝન રેશમી રૂમાલ લઈ આવ્યો છું; આ લઈને પેલો રૂમાલ મને પાછો આપો, એ રૂમાલની આટલી જ કિંમત છે એવું હું નથી કહેતો, કારણ કે હું સમજું છું કે એની કિંમત કરવા જતાં આખો ચીન ને જાપાન ખાલી કરી નાખવો પડે!'

શૈલે કહ્યું: 'મશાય, તમારું આ છળ સમજી શકું એટલી બુદ્ધિ વિધાતાએ મને આપી છે. તમે આ ભેટ મારે માટે નથી લાવ્યા, પણ જેનો રૂમાલ ચોરી લીધો છે તેને તમે મારી ઓથે—'

શ્રીશે કહ્યું: 'અબલાકાન્તબાબુ, વિધાતાએ તમને બુદ્ધિ તો ઘણી આપી દેખાય છે, પરંતુ તમારામાં દયાનો બહુ અભાવ દેખાય છે—આ અભાગિયાને એનો રૂમાલ પાછો આપો તો એ કલંક તમારે માથેથી એકદમ દૂર થઈ જશે.'

શૈલે કહ્યું:'ઠીક, તો હું દયા દેખાડું છું—પરંતુ તમે સભાને જે નિબંધ લખી આપવાનું વચન આપ્યું છે તે તમારે લખવો પડશે.'

શ્રીશે કહ્યું: 'ચોક્કસ લખીશ—રૂમાલ પાછો મળે કે તરત કામમાં

મન લાગી જશે—પછી બીજાં બધા સંધાન છોડી કેવળ સત્યાનુસંધાન કરીશ.'

અહીં આ વાત ચાલી હતી ત્યારે ઓરડામાં બીજે ખૂણે રસિક અને વિપિનની વચ્ચે નીચે પ્રમાણે વાત ચાલી રહી હતી.

વિપિને કહ્યું: 'સમજ્યા રસિકબાબુ, ગીતો પસંદ કરવાની એમની શક્તિ જોઈ હું આભો બની ગયો છું! ગીતોના લખનારમાં કવિત્વશક્તિ હશે, પણ ગીતોની આ પસંદગીમાં પસંદગી કરનારે જે કવિત્વ દેખાડ્યું છે તેમાં કંઈ અદ્‌ભુત સૌકુમાર્ય છે!'

રસિકે કહ્યું: 'તમારું કહેવું સાચું છે—પસંદગી કરવાની શક્તિ એ જ માણસની ખરી શક્તિ છે. લતા પર ફૂલ એની મેળે ખીલે છે, પણ સુરુચિ અને નિપુણતા તો જે માણસ એની માળા ગૂંથે તેનાં જ ગણાય!'

વિપિને કહ્યું: 'યાદ છે પેલું ગીત?'

'હોડી મારી પલમાં ડૂબી જાય!
ક્યા ભીષણ પાષાણે અથડાય!
નવીન હોડી, નવીન જળે,
ઊંડાં પાણી દેખી છળે.
રમતી જાણે ધીરે ધીરે કાંઠે કાંઠે જાય!
હોડી મારી પલમાં ડૂબી જાય!
સ્રોતે જતી હતી તણાતી,
સુકાન પર હું એકાકી,
સઢ ફુલાવત મૃદુ મૃદુ મધુર વાયુ વાય!
મનમાં એવી રાખી આશા,
મેઘ નથી, તો ભય પછી શા?
કુસુમવનમાં પહોંચી જાશે હોડી મારી, હાય,
હોડી મારી પલમાં ડૂબી જાય!'

રસિકે કહ્યું: 'ડૂબી જાય! શું કહો છો, વિપિનબાબુ?'

વિપિને કહ્યું: 'છોને ડૂબે! પણ ક્યાં ડૂબી એની જરી સરત રાખવી જોઈએ. વારુ, રસિકબાબુ, આ ગીતો એમણે આ નોટમાં શું



કરવા ઉતાર્યું હશે?'

રસિકે કહ્યું: 'સ્ત્રીહૃદયનું રહસ્ય ખુદ ભગવાનને પણ સમજાતું નથી એવી એક કહેવત છે, પછી રસિકબાબુનું શું ગજું?'

એટલામાં શ્રીશ પાસે આવીને બોલ્યો: 'વિપિન, તું જરા ચંદ્રબાબુની પાસે જા! કારણ કે આપણું કર્તવ્ય બજાવવામાં આપણે ઢીલ કરી છે, એટલે સાથે બે શબ્દોની આપ-લે કરવાથી તેમને જરા સારું લાગશે.'

'ઠીક!' કહીને વિપિન ગયો.

શ્રીશ કહ્યું: 'હં, તમે પેલી સીવવાની વાત કરતા હતા ને—શું તેઓ સ્વહસ્તે ઘરનું બધું કામ કરે છે?'

રસિકે કહ્યું: 'બધું જ!'

શ્રીશે કહ્યું: 'તમે પેલે દિવસે જોયું ત્યારે એમના ખોળામાં ઓશીકાનો ગલેફ પડ્યો હતો, અને તેઓ—'

રસિકે કહ્યું: 'નીચું માથું કરી સોયમાં દોરો પરોવતાં હતાં.'

શ્રીશે કહ્યું: 'સોયમાં દોરો પરોવતાં હતાં! તે વખતે તેઓ નહાઈને આવ્યાં હશે.'

રસિકે કહ્યું: 'તે વખતે બપોરના ત્રણ વાગવાનો શુમાર હશે.'

શ્રીશે કહ્યું: 'બપોરના ત્રણ—ખાટલા પર બેસીને—'

રસિકે કહ્યું: 'ના, ખાટલા પર નહિ,—અગાશીમાં સાદડી પાથરીને—'

શ્રીશે કહ્યું: 'અગાશીમાં સાદડી પર બેસીને સોયમાં દોરો પરોવતાં હતાં—'

રસિકે કહ્યું: 'હા, સોયમાં દોરો પરોવતાં હતાં.'

રસિકને થયું કે હવે આની હદ આવી!

શ્રીશે કહ્યું: 'ચિત્રની પેઠે મને સ્પષ્ટ દેખાય છે—બે પગ લંબાવેલા છે, માથું નીચું ઘાલ્યું છે, વાળની લટો મોં ઉપર આવી પડી છે—નમતા પહોરનું અજવાળું—'

એટલામાં વિપિને તેની પાસે આવી કહ્યું: 'ચંદ્રબાબુ તારી સાથે તારા પેલા નિબંધ વિશે વાત કરવા માગે છે.'

શ્રીશે ગયો એટલે વિપિને કહ્યું: 'રસિકબાબુ!'

રસિકબાબુએ મનમાં કહ્યું: 'હવે કેટલું સહન થાય?'

*

ઓરડામાં બીજે ખૂણે નિર્મલા અને પૂર્ણ વાત કરી રહ્યાં હતાં.

નિર્મલાએ પૂર્ણની સામે જોઈ કહ્યું: 'તમારું શરીર આજે જોઈએ તેવું સારું નથી, કેમ?'

પૂર્ણે કહ્યું: 'ના, સારું છે—હા, જરા આ... થયું છે—ખાસ કંઈ નથી—પણ જરા આ થયું છે—ખાસ—(બોલતાં બોલતાં ઉધરસ ખાય છે.) તમારું શરીર તો સારું છે ને?'

નિર્મલાએ કહ્યું: 'હા.'

પૂર્ણે કહ્યું: 'તમે—હું પૂછતો હતો કે તમે—તમે—તમને એ કેવું લાગ્યું—એ—શું નામ—એ—મિલટનનું એરિયોપેજીટિકા–એ અમારા એમ. એ.ના કોર્સમાં છે—તમને એ ન ગમ્યું?'

નિર્મલાએ કહ્યું: 'મેં એ વાંચ્યું નથી.'

પૂર્ણે કહ્યું: 'નથી વાચ્યું?' બોલતાં બોલતાં એ સ્થિર થઈ ગયો. પછી બોલ્યો: 'આ—આ—તમે—આજકાલ કેવી ગરમી પડવા માંડી છે —હું જરા રસિકબાબુ—રસિકબાબુનું મારે જરા કામ છે.'

આમ કહી એ નિર્મલાની પાસેથી છટકી ગયો.

*

ઓરડામાં બીજી તરફ આમ વાતચીત ચાલી રહી હતી.

વિપિને કહ્યું: 'રસિકબાબુ, સાચું કહેજો, એ ગીત તેમણે કોઈ ખાસ હેતુપૂર્વક લખ્યું તોય એવું નથી લાગતું?

રસિકે કહ્યું: 'બનવાજોગ છે. તમે તો મને પણ ચક્કરમાં નાખી દીધો! મેં આવું નહોતું ધાર્યું!'

વિપિને કહ્યું:

'હોડી મારી પલમાં ડૂબી જાય!
કયા ભીષણ પાષાણે અથડાય!

વારુ, રસિકબાબુ! અહીં હોડીનો શો અર્થ થાય છે?'

રસિકે કહ્યું: 'હોડી એટલે હૃદય એ વિશે કોઈ શંકાને સ્થાન નથી.



પણ એ પાષાણ ક્યાં ને કોણ એ વિચારવાનો વિષય છે.'

એટલામાં પૂર્ણે પાસે આવીને કહ્યું: 'વિપિનબાબુ, માફ કરજો!— રસિકબાબુની સાથે મારે ઘડી વાત કરવી છે—જો—'

વિપિને કહ્યું: 'ભલે, વાત કરો—હું જાઉં છું.'

વિપિન ગયો.

પૂર્ણે કહ્યું: 'મારા જેવો મૂરખ જગતમાં કોઈ નહિ હોય, રસિકબાબુ!'

રસિકે કહ્યું: 'તમનેયે ચડી જાય એવા મૂરખ ઘણા છે—જેઓ પોતાને બુદ્ધિશાળી માને છે.—દાખલા તરીકે હું.'

પૂર્ણે કહ્યું: 'જરા એકાન્ત મળે તો મારે તમારી સાથે ઘણી વાત કરવાની છે. સભા પૂરી થયા પછી, આજે રાતે—તમને કંઈ વખત મળશે?'

રસિકે કહ્યું: 'ખુશીથી.'

પૂર્ણે કહ્યું: 'આજે કેવી સરસ ચાંદની ખીલી છે. ગોલ તળાવને કાંઠે—કેમ બોલતા નથી?'

રસિક મનમાં બોલ્યો: 'હાય! આવી બન્યું!'

એટલામાં શ્રીશે પાસે આવીને કહ્યું: 'ઓહ! પૂર્ણબાબુ વાત કરી રહ્યા છે!' ભલે, ત્યારે હમણાં નહિ. તો તમને રાતે વખત મળે, રસિકબાબુ?'

રસિકે કહ્યું: 'મળે, કેમ ન મળે?'

શ્રીશે કહ્યું: 'તો કાલની પેઠે—કેમ બોલતા નથી? કાલે જોયું ને, ઘરના કરતાં બહાર સારું જામે છે.'

રસિકે કહ્યું: 'કેમ ન જામે?'

પછી મનમાં બોલ્યો: 'ઠંડી જામે, ખાંસી જામે અને ગળાનો અવાજ પણ દહીંની પેઠે જામી જાય.'

શ્રીશ પાછો વળ્યો.

પૂર્ણે કહ્યું: 'હું રસિકબાબુ, તમે મારી જગાએ હો તો કેવી રીતે વાત શરૂ કરો?'

રસિકે કહ્યું: 'કહું કે પેલે દિવસ બલૂન ઊડેલું તે તમે તમારા ઘરની અગાશીમાંથી જોયેલું?'

પૂર્ણે કહ્યું: 'તેઓ કહે, હા, જોયેલું, તો?'

રસિકે કહ્યું: 'તો હું કહું કે ભગવાને માણસના મનને ઊડવાની શક્તિ આપી છે તેથી તેના શરીરને પાંખો આપી નથી,—આમ શરીરને બંધનમાં રાખીને ભગવાને મનમાં ઉત્સાહને વધારી દીધો છે—'

પૂર્ણે કહ્યું: 'સમજી ગયો, રસિકબાબુ!—કેવું ચમત્કારી!—આમાંથી આગળ ઘણું બોલી શકાય.'

એટલામાં વિપિને પાસે આવી કહ્યું: 'ઓહ! પૂર્ણબાબુની સાથે વાત ચાલે છે! તો હમણાં રહ્યું. મારે થોડી વાત કરવાની હતી તે હવે રાતે કરીશું! ખરું ને, રસિકબાબુ?'

રસિકે કહ્યું: 'ભલે.'

વિપિને કહ્યું: 'ચાંદનીમાં રસ્તામાં ફરતાં ફરતાં બસ લહેરથી ખરું ને, રસિકબાબુ?'

રસિકે કહ્યું: 'પૂરેપૂરી લહેરથી.'

પછી મનમાં બોલ્યો: 'પછી પથારીવશ!—'

બીજી તરફ આમ વાત ચાલી રહી હતી.

શૈલે નિર્મલાની સામે જોઈ કહ્યું: 'ભલે, તમારી એવી ઇચ્છા છે તો હું પણ આ વિશે વિચાર કરી જોઈશ. દાક્તરી વિદ્યા હું થોડી ઘણી શીખ્યો છું—બહુ ન કહેવાય—પરંતુ મારા સહકારથી જો તમારો ઉત્સાહ વધતો હોય તો હું તૈયાર છું.'

એટલામાં પૂર્ણે પાસે આવીને કહ્યું: 'પેલે દિવસે બલૂન ઊડેલું તે તમે અગાશી પરથી જોયેલું?'

નિર્મલાએ કહ્યું: 'બલૂન?'

પૂર્ણે કહ્યું: 'હા, પેલું બલૂન!'

પણ કોઈ કંઈ બોલ્યું નહિ એટલે પૂર્ણે ફરી કહ્યું: 'રસિકબાબુ કહેતા હતા કે તમે કદાચ જોયું હશે.—મને માફ કરજો—તમારી વાતમાં વિના કારણ ભંગ પડાવ્યો છે—હું ખરેખર અભાગિયો છું.'



## : ૧૨ :

આગલે દિવસે પુરબાલા પોતાની માતાની સાથે કાશીથી પાછી આવી ગઈ હતી.

અક્ષયે કહ્યું: 'દેવી, અભયદાન આપો તો એક સવાલ પૂછું!'

પુરબાલાએ કહ્યું: 'બોલો, શું પૂછવું છે?'

અક્ષયે કહ્યું: 'આપનું શ્રીઅંગ કૃશ થયું હોય એવાં કોઈ લક્ષણો નજરે પડતાં નથી!'

પુરબાલાએ કહ્યું: 'શ્રીઅંગ કૃશ થવા માટે પ્રવાસે નહોતું ગયું!'

અક્ષયે કહ્યું: 'તો શું વિરહવેદના નામની ચીજ મહાકવિ કાલિદાસની પાછળ સતી થઈ ગઈ છે?'

પુરબાલાએ કહ્યું: 'એનું પ્રમાણ તમે છો. તમારા સ્વાસ્થ્યમાં પણ કંઈ ફરક પડ્યો દેખાતો નથી.'

અક્ષયે કહ્યું: 'પણ એને માટે જવાબદાર તું પોતે છો. તારી ત્રણે બહેનો રાત ને દિવસે મારી કૃશતાનું હરણ કરવામાં જ લાગેલી રહેતી હતી. વિરહ કોને કહે એની મને એમણે કેમે ખબર જ પડવા દીધી નથી.' આમ કહી એણે પીલુમાં ગાવા માંડ્યું:

'વિરહે મરું મેં એવું લીધું હતું પણ!
બાહુમાં બાંધીને કોણે કર્યું નિવારણ?
ધાર્યું હતું અશ્રુજલે,
ડૂબી મરું સિંધુતલે,
કોણે સોના-નાવડીથી કરિયું તારણ?'

'હે પ્રિયે, કાશીધામમાં કામદેવજી ભગવાન ત્રિલોચનની બીકથી છુપાઈ રહેતા લાગે છે!'

પુરબાલાએ કહ્યું: 'એ બનવાજોગ છે—પણ કલકત્તામાં તો એ બહુ છૂટથી ફરે છે ને!'

અક્ષયે કહ્યું: 'હા, સરકારનો હુકમ પણ માનતા નથી, એની સાબિતી મને મળી ગઈ છે.'

એટલામાં નૃપબાલાએ અને નીરબાલાએ પ્રવેશ કર્યો.

નીરબાલાએ કહ્યું: 'દીદી!'

અક્ષયે કહ્યું: 'હવે ચાલ્યું આખો દિવસ દીદી! અકૃતઘ્ન! તમારી દીદી જ્યારે વિરહાગ્નિમાં, તપ્ત સુવર્ણની પેઠે ઉત્તરોત્તર શ્રી ધારણ કરી રહી હતી, ત્યારે તમને બધાંને શીતલતા કોણે આપી હતી?'

નીરબાલાએ કહ્યું: 'જોયું દીદી! કેવું જૂઠું બોલે છે! તું આટલા દિવસ નહોતી, પણ એક દિવસેય અમને બોલાવીને એમણે પૂછ્યું નથી કે બહેન, તમને કેમ છે?—જ્યારે જુઓ ત્યારે, બસ, કાગળ લખ્યા કરે અને મેજ ઉપર બે પગ લાંબા કરી હાથમાં ચોપડી લઈને વાંચ્યા કરે! તું આવી એટલે હવે અમારી કવિતાઓ બનાવશે, મશ્કરીઓ કરશે અને એવું દેખાડશે જાણે—'

નૃપબાલાએ કહ્યું: 'અને દીદી, તેં પણ આટલા દિવસમાં અમને એક ચબરખીયે લખી નહિ!'

પુરબાલાએ કહ્યું: 'મને એવો વખત મળે તો ને! રાત ને દિવસ માની પાછળ પાછળ રહેવું પડતું.'

અક્ષયે કહ્યું: 'તમારા બનેવીજીના ધ્યાનમાં રહેતી એમ કહ્યું હોત તો કોઈ નિંદા ન કરત!'

નીરબાલાએ કહ્યું: 'તો બનેવીનો ફાંકો ઓર વધી જાત! મુખુજ્જે મશાય! તમે તમારા બેઠકખાનામાં જાઓને! દીદી આટલે દિવસે આવી છે તો અમને એની સાથે બેઘડી નિરાંતે વાતો કરવાયે નહિ બેસવા દો?'

અક્ષયે કહ્યું: 'નિર્દય! વિરહાગ્નિમાં બળેલી તારી દીદીને હજીએ તારે વિરહમાં બાળવી છે? તારા બનેવીરૂપ ઘનકૃષ્ણ મેઘ, મિલન રૂપી મૂશળધાર વૃષ્ટિદ્વારા, પ્રિયાના ચિત્તરૂપી લતાકુંજમાં, આનદંરૂપી કિસલયને ઉત્પન્ન કરી, પ્રેમરૂપી વર્ષામાં કટાક્ષરૂપી વીજળી—'

નીરબાલાએ કહ્યું: 'અને બકવાટરૂપ દેડકાનું ડરાઉં—'

એટલામાં શૈલ આવી પહોંચી.

અક્ષયે કહ્યું: 'આવો આવો! ઉત્તમ અધમ અને મધ્યમ આ ત્રણ સાળીઓ ન હોત તો મારું—'



નીરબાલાએ કહ્યું: 'ઉત્તમ મધ્યમ થાય નહિ!'

શૈલે નૃપ અને નીરની સામે જોઈ કહ્યું: 'તમે બે જરા અહીંથી જાઓ તો, અમારે વાત કરવાની છે.'

અક્ષયે કહ્યું: 'શું વાત કરવાથી હશે એ તું સમજી શકે છે ને નીરુ? હરિકીર્તન નથી કરવાનું.'

નીરબાલાએ કહ્યું: 'બહુ સારું, તમારે બકવું નહિ પડે.'

નૃપ અને નીર જતી રહી.

શૈલે કહ્યું: 'દીદી, માએ નૃપ નીરને માટે વર શોધી કાઢ્યા?'

પુરબાલાએ કહ્યું: 'હા, વાત લગભગ પાકી થઈ ગયા જેવું છે. સાંભળવા પ્રમાણે છોકરા કંઈ ખરાબ નથી—એ લોકો આવીને કન્યા પસંદ કરી જાય એટલી વાર છે.'

શૈલે કહ્યું: 'એમને પસંદ નહિ પડે તો?'

પુરબાલાએ કહ્યું: 'તો એમનું નસીબ ફૂટેલું છે એમ સમજવું.'

અક્ષયે કહ્યું: 'અને મારી સાળીઓનું નસીબ સારું છે એમ સમજવું.'

શૈલે કહ્યું: 'અને નૃપ-નીરુ એમને પસંદ ન કરે તો?'

અક્ષયે કહ્યું: 'તો હું એમની રુચિનાં વખાણ કરીશ.'

પુરબાલાએ કહ્યું: 'શું છે તે પસંદ ન કરે? તમે લોકો બધામાં હદ વટાવી જાઓ છો, પણ એ સ્વયંવરના દિવસો ગયા! છોકરીઓએ વળી પસંદ શું કરવાનું? પતિ થયો એટલે એના પર પ્રેમ થવાનો!'

અક્ષયે કહ્યું: 'નહિ તો તારા આ બનેવીની કેવી દુર્દશા થાત, શૈલ!'

એટલામાં જગત્તારિણીએ પ્રવેશ કર્યો, ને કહ્યું: 'બાબા અક્ષય, છોકરાઓને જરા ખબર મોકલવા જોઈશે. એ લોકોને આપણા ઘરના સરનામાની ખબર નથી.'

અક્ષયે કહ્યું: 'ઠીક તો, મા, રસિકદાદાને મોકલીએ!'

જગત્તારિણીએ કહ્યું: 'રસિકદાદાને? મારું કપાળ! એનામાં બુદ્ધિ જ ક્યાં છે! એ કોઈને બદલે કોઈને પકડી લાવશે!'

પુરબાલાએ કહ્યું: 'તું ચિંતા ન કર, મા! છોકરાઓને લાવવાની ગોઠવણ મારે માથે!'

જગત્તારિણીએ કહ્યુંઃ 'મા પુરી, તારે જ આમાં ધ્યાન આપવાનું છે. આજકાલના છોકરાઓની સાથે કેવી રીતે બોલવું-ચાલવું અને કેવી રીતે નહિ એ હું ન સમજું!'

અક્ષયે મોં ફેરવી લઈ કહ્યુંઃ 'પુરીના હાથમાં જશ છે! પુરીએ એની માને એક એવો જમાઈ શોધી આપ્યો છે કે એની આબરૂ ખૂબ વધી ગઈ છે! આજકાલના છોકરાઓને વશ કરવાની વિદ્યા—'

પુરબાલાએ અક્ષયને ધીરેથી કહ્યુંઃ 'તમે પાછા આજકાલના છોકરા ખરાને!'

જગત્તારિણીએ કહ્યુંઃ 'મા, તમે અંદર અંદર વાતચીત કરી લો. કાયતબહેન આવીને બેઠાં છે, હું એમને વિદાય કરીને આવું છું.'

શૈલે કહ્યુંઃ 'મા, તું પણ જરા વિચાર કરી જો—બેમાંથી એકે છોકરાને તમે કોઈએ હજી જોયો નથી, અચાનક—'

જગત્તારિણીએ કહ્યુંઃ 'વિચાર કરીકરીને મારો આખો આવરદા પૂરો થવા આવ્યો—હવે વિચાર કરવાનો નથી—'

અક્ષયે કહ્યુંઃ 'વિચાર પછી નિરાંતે ક્યાં નથી થતો? હમણાં તો કામ આગળ ધપાવો!'

જગત્તારિણીએ કહ્યુંઃ 'ખરું કહ્યું, બાબા! તું જરા શૈલને સમજાવ!'

આમ કહી જગત્તારિણી વિદાય થયાં.

પુરબાલાએ કહ્યુંઃ 'તું ખાલી ચિંતા કરે છે, શૈલ! માએ મનમાં પાકો ઠરાવ કર્યો છે, એટલે હવે કોઈ એમને ચળાવી શકે તેમ નથી. હું તો વિધાતાના લેખ (પ્રજાપતિર નિર્બંધ)માં માનું છું—તમે હજાર વિચાર કરી મરો પણ જેનું ગોઠવાવાનું હશે, તેની સાથે તેનું ગોઠવાશે જ—

અક્ષયે કહ્યુંઃ 'વાત ખરી છે—નહિ તો જેની સાથે જેનું ગોઠવાયું છે તેની સાથે તેનું ન ગોઠવાતાં કોઈ બીજાની સાથે ગોઠવાયું હોત.'

પુરબાલાએ કહ્યુંઃ 'તમે શું બોલો છો એ જ અડધું તો સમજાતું નથી.'

અક્ષયે કહ્યુંઃ 'એનું કારણ એ કે હું મૂર્ખ છું.'

પુરબાલાએ કહ્યુંઃ 'જાઓ, હવે સ્નાન કરવા જાઓ, ને જરા માથું



ઠંડું કરી આવો!'

આમ કહી પુરબાલા ચાલી ગઈ. પછી રસિકે પ્રવેશ કર્યો. એને જોઈ શૈલે કહ્યુંઃ 'રસિકદાદા, બધું સાંભળ્યું? આ તો મુસીબત આવી!'

રસિકે કહ્યુંઃ 'મુસીબત શાની? કુમારસભાનું કૌમાર્ય રહ્યું, નૃપ-નીરુનું પણ પાર પડ્યું—બધી બાજુથી ફાવી ગયાં!'

શૈલે કહ્યુંઃ 'એકે બાજુથી ફાવ્યાં નથી!'

રસિકે કહ્યુંઃ 'ગમે તેમ આ બુઢ્ઢો તો ફાવી ગયો છે — બે જુવાનિયાઓ સાથે રાતે રસ્તામાં ઊભા ઊભા શ્લોકો નહિ બોલવા પડે!'

શૈલે કહ્યુંઃ 'મુખુજ્જે મશાય, તમારા વગર રસિકદાદાને કોઈ અંકુશમાં રાખી શકતું નથી—અમારું તો તેઓ માનતા જ નથી.'

અક્ષયે કહ્યુંઃ 'જે ઉંમર છોકરીઓની વાત વેદવાક્યની પેઠે માની લેવામાં આવે છે તે ઉંમર એમની વહી ગઈ છે, એટલે હવે એ માથું ઊંચકે છે. ઠીક, હું મનાવી લઉં છું. ચાલો, રસિકદાદા, મારા બેઠકખાનામાં બેઠાબેઠા હૂકો ગગડાવીએ.'

# : ૧૩ :

ઉસ્તાદ બેઠા હતા. વિપિન હાથમાં તંબૂરો લઈને ખૂબ બસૂરા અવાજે સા રે ગ મ બોલતો હતો. એટલામાં નોકરે આવીને ખબર આપ્યા કે કોઈ બાબુ આવ્યા છે.

વિપિને કહ્યુંઃ 'બાબુ? કેવા બાબુ છે?'

નોકરે કહ્યુંઃ 'ડોસો છે.'

વિપિને કહ્યુંઃ 'માથે ટાલ છે?'

નોકરે કહ્યુંઃ 'હા, છે.'

વિપિને તંબૂરો બાજુએ મૂકીને કહ્યુંઃ 'જા, હમણાં ને હમણાં એમને અહીં તેડી લાવ! એમના વાસ્તે હૂકો લાવ! નોકર ક્યાં મરી ગયો? એને પંખો ખેંચવાનું કહે! અને જો, દોડતો જા, ને બજારમાંથી ફક્કડ પાનબીડાં લઈ આવ! લઈ આવ! મોડું ન કરતો અને અડધો શેર બરફ લેતો આવજે! સમજ્યો?'

પછી પગલાંનો અવાજ સાંભળી એણે કહ્યુંઃ 'પધારો, રસિકબાબુ!'

પણ રસિકબાબુને બદલે વનમાલી આવ્યો!

વિપિને કહ્યુંઃ 'રસિકબાબુ—અરે, આ તો વનમાલી!'

વૃદ્ધે કહ્યુંઃ 'જી હા! મારું નામ વનમાલી ભટ્ટાચાર્ય!'

વિપિને કહ્યુંઃ 'એ કહી બતાવવાની જરૂર નથી. હું અત્યારે ખૂબ કામમાં છું.'

વનમાલીએ કહ્યુંઃ 'બંને ઉંમરલાયક થઈ ગઈ છે—એકેનું મોડું કરાય એમ નથી—વર પણ ઘણા આવે છે.—'

વિપિને કહ્યુંઃ 'એ સાંભળીને બહુ આનંદ થયો—દઈ દો—દઈ દો—'

વનમાલીએ કહ્યુંઃ 'પણ તમે બે બરાબર લાયક—'

વિપિને કહ્યુંઃ 'જુઓ વનમાલીબાબુ, હજી તમે મને પૂરો ઓળખતા નથી; જો ઓળખો તો મારી લાયકાત વિશે તમને ભયાનક સંદેહ થાય!'

વનમાલીએ કહ્યુંઃ 'તો હું જાઉં, તમે અત્યારે બહુ કામમાં છો, તો ફરી કોકવાર આવીશ.'



વિપિને તંબૂરો હાથમાં લઈ શરૂ કર્યુંઃ 'સારેગ, રેગમ, ગમપ— એટલામાં શ્રીશે પ્રવેશ કર્યો.

શ્રીશે કહ્યુંઃ 'કેમ રે, વિપિન! આ શું? કુસ્તી છોડી દઈને સંગીત શીખવા બેઠો!'

વિપિને ઉસ્તાદજી સામે જોઈને કહ્યુંઃ 'ઉસ્તાદજી! આજ તમને રજા! કાલે બપોરે આવજો.'

ઉસ્તાદ ચાલ્યો ગયો. પછી વિપિને કહ્યુંઃ 'શું કરું, કહે! સંગીત શીખ્યા વગર તારા સંન્યાસી સંઘમાં હું કેવી રીતે જોડાઈ શકવાનો!'

શ્રીશે કહ્યુંઃ 'ભલે, તું સારેગમ શીખવા બેઠો તો ભલે, પણ કુમારસભાનો પેલો લેખ લખવાનું હાથમાં લીધું કે નહિ?'

વિપિને કહ્યુંઃ 'ના ભાઈ, હજી એને હાથ લગાડવાનો વખત મળ્યો નથી, તારો લેખ લખાઈ ગયો શું!'

શ્રીશે કહ્યુંઃ 'ના મેંયે હજી હાથ લગાડ્યો નથી.'

શ્રીશે થોડીવાર કંઈ બોલ્યો નહિ, પછી બોલ્યોઃ 'ના, ભાઈ, આ ઠીક નથી થતું. ધીમે ધીમે આપણે આપણા સંકલ્પથી જાણે દૂર થતા જઈએ છીએ.'

વિપિને કહ્યુંઃ 'ઘણા સંકલ્પો તો દેડકાના બચ્ચાની પૂછડી જેવા હોય છે, પાકતાં પાકતાં જ અંતર્ધાન થઈ જાય છે. પણ જો દેડકું પોતે સુકાઈ જાય, અને એકલી પૂંછડી રહી જાય તો કેવું થાય? એક વખતે આપણે એક સંકલ્પ કર્યો, એટલે એ સંકલ્પની ખાતર આપણે આપણને પોતાને સૂકવી મારવા એનો મને કંઈ અર્થ દેખાતો નથી.'

શ્રીશે કહ્યુંઃ 'મને દેખાય છે. ઘણા સંકલ્પો એવા છે જેની ખાતર આપણે આપણને પોતાને સૂકવી મારીએ તો કશું જ ખોટું નથી! અફળ ઝાડની પેઠે આપણાં ડાળપાંદડાંમાં દરરોજ વધારે પડતા પ્રમાણમાં રસસંચાર થઈ રહ્યો છે, અને સફળતાની આશા દરરોજ જાણે દૂરની દૂર ઠેલાતી જાય છે. મેં ભૂલ કરી હતી, વિપિન! તમામ મોટાં કામોમાં તપસ્યાની જરૂર છે, પોતાની અનેક સુખોપભોગથી વંચિત ન કરીએ અને અનેક દિશાએથી મનને પાછું ન વાળી શકીએ તો ચિત્તને કોઈ

પણ મહત્ત્વના કામમાં સંપૂર્ણપણે રોકી રાખી શકાતું નથી. એટલે હવે રસચર્ચા એકદમ બંધ કરી કઠોર કાર્યમાં મનને પરોવવાની મેં પ્રતિજ્ઞા લીધી છે.

વિપિને કહ્યું: 'તારી વાત હું માનું છું. પણ દરેક તૃણમાં ધાન પાકતું નથી—સુકાવાથી કેવળ સુકાઈ મરવાનું જ થશે, ફળ નહિ મળે. કેટલાય દિવસથી મને લાગે છે કે આપણે જે સંકલ્પ કર્યો છે તે આપણે હાથે સફળ થવાનો નથી. એથી આપણે આપણા સ્વભાવને અનુકૂળ કોઈ બીજો રસ્તો શોધી લેવો એ જ ઠીક છે.'

શ્રીશે કહ્યું: 'આવી વાત કરવાનો કંઈ અર્થ નથી. વિપિન, ફેંકી દે તારો તંબૂરા—'

વિપિને કહ્યું: 'લો, ફેંકી દીધો! એથી પૃથ્વીને કંઈ નુકસાન થવાનું નથી.'

શ્રીશે કહ્યું: 'હવેથી ચંદ્રબાબુને ઘેર આપણી સભા ભરીએ—'

વિપિને કહ્યું: 'અતિ ઉત્તમ!'

શ્રીશે કહ્યું: 'આપણે બે જણ મળીને રસિકબાબુને જરા કાબૂમાં રાખીશું.'

વિપિને કહ્યું: 'એ એકલા આપણને બે જણને બેકાબૂ કરી બેસે બેસે એવા છે.'

એટલામાં બીજા નોકરે આવી જણાવ્યું કે બહાર કોઈ બુઢ્ઢાબાબુ આવ્યા છે.

વિપિને કહ્યું: 'બુઢ્ઢાબાબુ? આણે તો હેરાન હેરાન કરી નાખ્યા! વનમાલી પાછો આવ્યો લાગે છે.'

શ્રીશે કહ્યું: 'વનમાલી? થોડી વાર પહેલાં એ મારી પાસે પણ આવ્યો હતો.'

વિપિને કહ્યું: 'જા, ડોસાને પાછો કાઢ!'

શ્રીશે કહ્યું: 'તું કાઢી મૂકશે એટલે એ પાછો મારી ગરદન પર આવી પડશે. એના કરતાં બોલાવને, આપણે બે જણ એને પહોંચી વળશું.'



પછી તેણે નોકરને કહ્યું: 'જા, ડોસાને લઈ આવ!'

રસિકે પ્રવેશ કર્યો.

એને જોતાં જ વિપિન બોલી ઊઠ્યો: 'આ શું! વનમાલીને બદલે આ તો રસિકબાબુ નીકળ્યા!'

રસિકે કહ્યું: 'જી, હા!—તમારી ઓળખવાની શક્તિ ખરેખર અદ્ભુત છે—હું વનમાલી નથી જ—'ધીરસમીરે યમુનાતીરે વસતિ વને વનમાલી—'

શ્રીશે કહ્યું: 'ના, રસિકબાબુ, એવું બધું નહિ! અમે રસાલાપ કરવાનું બંધ કરી દીધું છે.'

રસિકે કહ્યું: 'હાશ, ઠીક થયું.'

શ્રીશે કહ્યું 'બીજી બધી વાતો છોડીને હવે અમે એકચિત્તે કુમારસભાના કામમાં લાગી જવાના છીએ.'

રસિકે કહ્યું: 'મારી પણ એવી જ ઇચ્છા છે.'

શ્રીશે કહ્યું: 'વનમાલી નામનો એક ડોસો કુમારટુલીના નીલમાધવ ચૌધરીની બે છોકરીઓની સાથે અમારા વિવાહની વાત લઈને આવ્યો હતો. અમે સીધું ને સટ સંભળાવી દઈ એને રસ્તો પકડાવી દીધો. આવી વાતો પણ હવે અમને બિલકુલ અસંગત લાગે છે.'

રસિકે કહ્યું: 'મને પણ અસંગત લાગે છે. બે તો શું, પણ ઢગલો છોકરાઓના વિવાહની વાત લઈને વનમાલી મારી પાસે આવે તો પણ હું એને નિરાશ કરીને પાછો કાઢું!'

વિપિને કહ્યું: 'રસિકબાબુ, તમારે કંઈક નાસ્તોપાણી કરવાં પડશે.'

રસિકે કહ્યું: 'ના, મશાય! આજે નહિ. તમારી સાથે એક ખાસ વાત કરવા આવ્યો હતો, પણ તમારી કઠોર પ્રતિજ્ઞાની વાત સાંભળીને હવે બોલવાની હિંમત નથી ચાલતી.'

વિપિને ઉત્સાહમાં આવીને કહ્યું: 'નહિ, નહિ! પ્રતિજ્ઞા ખરી, પણ તમે કહેવા આવ્યા છો તો કહો કેમ નહિ?'

શ્રીશે કહ્યું: 'તમે ધારો છો એવા અમે ભયંકર નથી. વાત ખાસ તો મારી સાથે કરવાની છે ને?'

વિપિને કહ્યું: 'ના, પેલે દિવસ રસિકબાબુએ મને કહેલું કે મારી સાથે તેમને એકબે વાત કરવાની છે.'

રસિકે કહ્યું: 'હશે, જવા દો!'

શ્રીશે કહ્યું: 'હશે તો આજે ગોલ તળાવ પર—'

રસિકે કહ્યું: 'ના, શ્રીશબાબુ, માફ કરો—'

શ્રીશે કહ્યું: 'વિપિન, ભાઈ, તું જરા પેલા ઓરડામાં જા તો! તારી હાજરીમાં રસિકબાબુ કદાચ—'

રસિકે કહ્યું: 'ના, ના, એવી કંઈ જરૂર નથી.—'

વિપિને કહ્યું: 'એના કરતાં તો રસિકબાબુ, ચાલોને, આપણે ત્રીજે માળ જઈએ—શ્રીશ એટલો વખત અહીં બેઠો છે.'

રસિકે કહ્યું: 'ના રે, તમે બેઉ બેસો, હું ઊઠું છું.'

વિપિને કહ્યું: 'એ તે બને? કંઈ ખાવું પડશે'

શ્રીશે કહ્યું: 'નહિ, તમને કોઈ હિસાબે હું છોડવાનો નથી, એ નહિ બને.'

રસિકે કહ્યું: 'તો કરું. નૃપબાલા-નીરબાલાને તમે ઓળખો છો.—'

શ્રીશે કહ્યું: 'કોણે કહ્યું નથી ઓળખતા?—તે શું નૃપબાલા વિષે કંઈ—'

વિપિને કહ્યું: 'નીરબાલા વિષે કંઈ ખાસ—'

રસિકે કહ્યું: 'એ બંને વિષે બહુ ચિંતાનું કારણ પેદા થયું છે.'

બંનેએ સાથે કહ્યું: 'માંદાં તો નથી પડ્યાં?'

રસિકે કહ્યું: 'ના, રે! માંદગી કરતાં વધારે! આ તો એમના વેવિશાળ—'

શ્રીશે કહ્યું: 'શું કહો છો, રસિકબાબુ? અમે તો વવિશાળ વિષે કશું સાંભળ્યું નથી.'

રસિકે કહ્યું: 'કશું હતું પણ નહિ, પણ અચાનક મા કાશીથી આવી પહોંચ્યાં છે ને કોઈ બે અલેલટપ્પુની સાથે બેયના વિવાહ કરી નાખવાનું એમણે નક્કી કર્યું છે—'

વિપિન કહ્યું: 'એ કોઈ હિસાબે ન બની શકે, રસિકબાબુ!'



રસિકે કહ્યું: 'મશાય! દુનિયામાં આપણને ન ગમતું હોય તે જ બનવાનો સંભવ વધારે છે! ફૂલછોડ કરતાં નકામાં ઝાડવાં જ વધારે ઊગે છે!'

વિપિને કહ્યું: 'પણ મશાય, ઝાડવાને મૂળમાંથી ઉખેડી નાખવાં પડે—'

શ્રીશે કહ્યું: 'ને ફૂલઝાડ રોપવાં પડે—'

રસિકે કહ્યું: 'વાત તો ખરી, પણ એ કરે કોણ, મશાય?'

શ્રીશે કહ્યું: ' અમે કરીશું. કેમ, વિપિન, બોલતો નથી?'

વિપિને કહ્યું: 'બેશક!'

રસિકે કહ્યું: 'પણ શું કરશો?'

વિપિને કહ્યું: 'કહો તો એ બે છોકરાઓને રસ્તામાં—'

રસિકે કહ્યું: 'સમજ્યો, એનો વિચાર કરતાં પણ શરીર પુલકિત થઈ જાય છે—પણ વિધાતાની મહેરબાનીથી દુનિયામાં અપાત્ર ચીજોની કદી ખોટ હોતી નથી—બે જશે તો બીજા દશ આવશે.'

વિપિને કહ્યું: 'એ બે છોકરાઓને જો છળથી કે બળથી થોડા દિવસ રોકી રાખી શકીએ તો પછી વિચાર કરી જોવાનો વખત જોઈએ એટલો મળી રહેશે.'

રસિકે કહ્યું: 'વિચાર કરવાનો વખત નહિ જેવો છે. આ શુક્રવાર તો એ લોકો જોવા આવવાના છે.'

વિપિને કહ્યું: 'આ શુક્રવારે?'

શ્રીશે કહ્યું: 'એટલે પરમ દિવસે?'

રસિકે કહ્યું: 'જી, પરમ દિવસે જ તો!—શુક્રવાર કંઈ રસ્તામાં રોકી શકાય તેમ નથી.'

શ્રીશે કહ્યું: 'અચ્છા. એક પ્લાન મગજમાં આવે છે!'

રસિકે કહ્યું: 'શો પ્લાન?'

શ્રીશે કહ્યું: 'એ છોકરાઓને ઘરમાં કોઈ ઓળખે છે?'

રસિકે કહ્યું: 'કોઈ નહિ.'

શ્રીશે કહ્યું: 'એમણે ઘર જોયું છે?'

રસિકે કહ્યું: 'એ પણ નહિ.'

શ્રીશે કહ્યું: 'તો પછી વિપિન જો તે દિવસે એ લોકોને કોઈ ઉપાયે રોકી શકે તો હું એમના નામે નૃપબાલાને—'

વિપિને કહ્યું: 'તું ક્યાં નથી જાણતો, ભાઈ! મારામાં એટલી અક્કલ નથી! પણ તું ધારે તો એ બેય જણાને ગમે તે ચાતુર લડાવીને રોકી રાખી શકે એવો છે—એટલામાં હું એમને નામે નીરબાલાને—'

રસિકે કહ્યું: 'પણ મશાય! અહીં માનાર્થે બહુવચન નહિ ચાલે!—બે છોકરા આવવાનાં છે; એટલે તમારામાંથી એક જણને બે તરીકે ગણાવવાનું મારા માટે બહુ અઘરું થઈ પડશે.—'

શ્રીશે કહ્યું: 'હા, એ પણ ખરું.'

વિપિને કહ્યું: 'હા, એ તો હું ભૂલી જ ગયો.'

શ્રીશે કહ્યું: 'ત્યારે તો અમારે બંનેએ આવવું પડે. પરંતુ—'

રસિકે કહ્યું: 'તો એ બે છોકરાઓને ભળતે જ રસ્તે ચડાવી દેવાનું મારે માથે! પણ તમે લોકો—'

વિપિને કહ્યું: 'અમારી ચિંતા ન કરશો, રસિકબાબુ!'

શ્રીશે કહ્યું: 'અમે ગમે તે પરિણામ માટે તૈયાર છીએ'

રસિકે કહ્યું: 'ખરેખર, તમે મહાન પુરુષો છો—આવો ત્યાગ કરવાનું—'

શ્રીશે કહ્યું: 'વાહ! આમાં ત્યાગ જેવું છે ક્યાં?'

વિપિને કહ્યું: 'ના, ના, તો પણ જરા ભય રહે છે કે વખતે પોતાની જાળમાં પોતે જ ફસાઈ પડવાનું થાય—'

શ્રીશે કહ્યું: 'કંઈ નહિ ,મશાય! અમે કશાથી ડરતા નથી.'

વિપિન કહ્યું: 'અમારું ગમે તે થાઓ, અમે પસ્તાવાના નથી!'

રસિકે કહ્યું: 'એ આપની મોટાઈ બતાવે છે! પરંતુ મારું કર્તવ્ય તમારું રક્ષણ કરવાનું છે. હું તમને વચન આપું છું કે એક આ શુક્રવારનો દિવસ તમે ગમે તે ભોગે સાચવી આપો—તે પછી હું તમને કદી પણ હેરાન કરવાનો નથી—પછી તમે છુટ્ટા!—અમે પણ એટલામાં કોઈ બે સારા વર ગોતી કાઢીશું.'

શ્રીશે કહ્યું: 'અમને હેરાન નહિ કરો એ સાંભળીને અમને દુઃખ



થયું, રસિકબાબુ!'

રસિકે કહ્યું: 'ઠીક, તો કરીશ!'

વિપિને કહ્યું: 'અમને શું કેવળ અમારી સ્વતંત્રતાની ચિંતા થાય છે? અમને શું તમે એવા સ્વાર્થી માનો છો?'

રસિકે કહ્યું: 'માફ કરો—મારી ભૂલ થઈ ગઈ!'

શ્રીશે કહ્યું: 'તમે ગમે તે કહો, પણ ઝટ દઈને સારો વર જડવો મુશ્કેલ છે!'

રસિકે કહ્યું: 'એટલે તો આટલાં વરસ રાહ જોવામાં ગયાં, ને છેવટ આ મુસીબત આવી ઊભી! મને ખબર છે કે લગ્નનું નામ પણ તમને અપ્રિય લાગે છે, તેમ છતાંય તમે—'

વિપિને કહ્યું: 'એનો તમે જરાયે સંકોચ ન રાખશો.'

શ્રીશે કહ્યું: 'તમે બીજા કોઈની પાસે ન જતાં, અમારી પાસે આવ્યા; એને માટે અમે તમારો ખરા દિલથી આભાર માનીએ છીએ.'

રસિકે કહ્યું: 'પણ હું તમારો આભાર નહિ માનું. એ બે કન્યાઓ જ પુરસ્કાર રૂપે જીવનભર તમારો આભાર માનશે.'

વિપિને બૂમ પાડી—'અરે, પંખો ખેંચ!'

શ્રીશે કહ્યું: 'રસિકબાબુને માટે તું નાસ્તો મગાવવાનું કહેતો હતો ને—'

વિપિને કહ્યું: 'હમણાં આવ્યો જાણો । એટલામાં આ બરફવાળું પાણી આરોગો!'

શ્રીશે કહ્યું: 'પાણી શા સારું, લેમોનેડ મગાવને!'

આમ કહી ગજવામાંથી જસતની ડબી કાઢી એણે રસિકની સામે ધરી કહ્યું: 'આ લો, રસિકબાબુ, પાન ખાઓ!'

વિપિને કહ્યું: 'એ તરફ પવન આવે છે? આ તકિયો લો ને!'

શ્રીશે કહ્યું: 'વારું, રસિકબાબુ, નૃપબાલા બહુ ઉદાસ બની ગઈ હશે—'

વિપિને કહ્યું: ' નીરબાલા પણ ચોક્કસ ખૂબ—'

રસિકે કહ્યું: 'એમાં શું શક?'

શ્રીશે કહ્યું: 'નૃપબાલા રડારોડ કરતી હશે.'

નિપિને કહ્યું: 'વારુ, તો નીરબાલા પોતાની માને જરા સમજાવીને કેમ કહેતી નથી?—'

રસિકે મનમાં કહ્યું: 'આ શરૂ થઈ ગયું! મારે લેમોનેડ પીને શું કરવું છે?'

પછી તેણે કહ્યું: 'માફ કરો, મારે હમણાં જ જવું જોઈશે.'

શ્રીશે કહ્યું: 'શું કહો છો?'

વિપિને કહ્યું: 'એ તે બને?'

રસિકે કહ્યું: 'પેલા બે છોકરાઓને ખોટું સરનામું આપી આવવું પડશે ને, નહિ તો—'

શ્રીશે કહ્યું: 'સમજ્યો, તો તો એકદમ જાઓ!'

વિપિને કહ્યું: 'તો ઘડીનોયે વિલંબ ન કરશો!'



## : ૧૪ :

નિર્મલા ઝરુખામાં બેઠી હતી. એવામાં ચંદ્રમાધવબાબુ ઓરડામાં આવ્યા. ચંદ્રબાબુ એકલા એકલા ગણગણતા હતા: 'બિચારી નિર્મલાએ ભારે કઠણ પ્રતિજ્ઞા લીધી છે. કેટલાક દિવસથી એ મને ઊંડા વિચારમાં ડૂબી ગયેલી દેખાય છે. છોકરીની જાત, મન ઉપર આટલો બધો બોજો કેવી રીતે સહી શકશે?'

એમણે બૂમ મારી નિર્મલાને બોલાવી: 'નિર્મલ!'

નિર્મલાએ ચમકીને કહ્યું: 'શું છે, મામા!'

ચંદ્રબાબુએ કહ્યું: 'પેલો લેખ લખવાનો છે એના વિચારમાં પડી લાગે છે? મને તો લાગે છે કે વધારે વિચાર કરવો છોડી દઈ મનને એક-બે દિવસ આરામ આપે તો લખવાનું ઠીક સૂઝશે.'

નિર્મલાએ શરમાઈને કહ્યું: 'હું એવા કોઈ વિચારમાં નથી પડી, મામા! અત્યાર પહેલાં તો મારે એ લેખ લખવાનું શરૂ કરી દેવું જોઈતું હતું. પરંતુ આ થોડા દિવસથી તાપ ખૂબ પડે છે ને દખણાદો વાયરો વાવા માંડ્યો છે, તેથી કેમે કામમાં મન લાગતું નથી.—પણ એ મારી ભૂલ છે, આજે હું ગમે તેમ કરીને—'

ચંદ્રબાબુએ કહ્યું: 'ના, ના, મન પર એવો જુલમ કરવાની જરૂર નથી. મને લાગે છે કે ઘરમાં કોઈ મદદગાર નથી, તેથી એકલાં કામ કરતાં તું થાકી જાય છે. કામમાં જો એક-બે જણની સોબત અને મદદ ન હોય તો—'

નિર્મલાએ કહ્યું: 'અબલાકાન્તબાબુએ મને કંઈક મદદ કરવાનું કહ્યું છે,—મેં તેમને માંદાની માવજત વિષેની પેલી અંગ્રેજી ચોપડી આપી છે, તેઓ એકાદ પ્રકરણ આજે લખી મોકલવાના છે. એમનું લખાણ કદાચ હમણાં આવી પહોંચે, તેથી હું એની રાહ જોતી બેઠી છું.'

ચંદ્રબાબુએ કહ્યું: 'એ છોકરો બહુ સરસ—'

નિર્મલાએ કહ્યું: 'ખૂબ જ સરસ—'

ચંદ્રબાબુએ કહ્યું: 'અભ્યાસ પર આટલો પ્રેમ, આટલી

કર્તવ્યપરાયણતા—'

નિર્મલાએ કહ્યું: 'અને આવો સુંદર નમ્ર સ્વભાવ!'

ચંદ્રબાબુએ કહ્યું: 'દરેકે દરેક સારી બાબતમાં એનો ઉત્સાહ જોઈ હું નવાઈ પામી ગયો છું!'

નિર્મલાએ કહ્યું: 'વળી એમને જોતાં જ, એમના મનનું માધુર્ય મોં પર અને ચહેરા પર કેવું સ્પષ્ટ દેખાઈ આવે છે!'

ચંદ્રબાબુએ કહ્યું: 'આટલા થોડા વખતમાં કોઈના તરફ આવી ઊંડી લાગણી પેદા થતી હશે એવો મને ખ્યાલ નહોતો. મને થાય છે કે એ છોકરાને મારી પાસે રાખી એના લેખન-વાચનમાં અને તમામ કામમાં એને મદદ કરું.'

નિર્મલાએ કહ્યું: 'તો મને પણ ઘણો ફાયદો થાય, હું ઘણાં કામ કરી શકું! ઠીક, એક વખત એવી વાત તો કાને નાખી જુઓ! આ નોકર આવ્યો! એમણે જ મોકલ્યો લાગે છે. રામદીન, કાગળ છે? અહીં લાવ.'

નોકર પ્રવેશ કરી ચંદ્રબાબુના હાથમાં કાગળ મૂક્યો.

નિર્મલાએ કહ્યું: 'મામા, એ તો મારા પર મોકલેલો લેખ છે. લાવો, મને આપો!'

ચંદબાબુએ કહ્યું: 'ના, નિર્મલ! આ તો મારા પર કાગળ છે.'

નિર્મલાએ કહ્યુ: 'તમારા પર કાગળ? અબલાકાન્તબાબુએ તમને કાગળ લખ્યો છે? શું લખ્યું છે?'

ચંદ્રબાબુએ કહ્યું: 'અબલાકાન્તબાબુનો નહિ, પૂર્ણનો કાગળ છે.'

નિર્મલાએ કહ્યું: 'પૂર્ણબાબુનો કાગળ છે? ઓહ!'

ચંદ્રબાબુએ કહ્યું: 'પૂર્ણ લખે છે—

'ગુરુદેવ,

'આપનું ચરિત્ર મહાન છે. આપનું મનોબળ અસાધારણ છે. આપના જેવો બલવાન પ્રકૃતિનો માણસ જ માણસની દુર્બળતા તરફ ક્ષમાની નજરે જોઈ શકે. એમ સમજીને અત્યારે હું આ કાગળ તમને લખવાની હિંમત કરું છું.'

નિર્મલાએ કહ્યું: 'શું થયું છે તે? મને લાગે છે કે પૂર્ણબાબુને



ચિરકુમારસભામાંથી નીકળી જવું છે તેથી આવી ભૂમિકા બાંધે છે. તમે જોયું તો હશે કે પૂર્ણબાબુ આજકાલ કુમારસભાનું કંઈ પણ કામ મન દઈને કરી શકતા નથી.'

ચંદ્રબાબુએ વાંચવા માંડ્યું:

'દેવ,

'આપે અમારી આગળ જે આદર્શ રજૂ કર્યો છે તે અતિ ઉચ્ચ છે; આપે જે ધ્યેયની અમારાં મસ્તકમાં સ્થાપના કરી છે તેનો ભાર જેવો તેવો નથી.—એ આદર્શ અને એ ઉદ્દેશ તરફ મારો ભક્તિભાવ એક પળ કદી ઓછો થયો નથી, પરંતુ કોઈ કોઈ વખત મારામાં શક્તિના અભાવનો મેં અનુભવ કર્યો છે. એ હકીકતનો હું આજે આપના શ્રીચરણમાં સવિનય સ્વીકાર કરું છું.'

નિર્મલાએ કહ્યું: 'મને લાગે છે કે દરેક મોટા કામમાં આવું બને છે—માણસ ઘણી વખત પોતાની અશક્તિનો અનુભવ થતાં હતાશ બની જાય છે, થાકેલું મન કોઈ વખત વિચલિત બની જાય છે. પરંતુ હમેશાં એ ભાવ થોડો જ રહે છે?'

ચંદ્રબાબુએ વાંચવા માંડ્યું:

'સભામાંથી ઘેર આવીને કામને હાથમાં લેવાનું કરું છું ત્યારે એકદમ એકલવાયું લાગે છે, અને ઉત્સાહ જાણે કપાયેલી લતાની પેઠે ધૂળભેગો થવા ચાહે છે.'

આ વાંચીને ચંદ્રબાબુએ કહ્યું: 'નિર્મલ, આપણે પણ થોડી વાર પહેલાં આવું જ કહેતાં હતાં, નહિ?'

નિર્મલાએ કહ્યું: 'પૂર્ણબાબુની વાત સાચી છે—માણસના સંગ વગર કેવળ સંકલ્પોથી ઉત્સાહ ટકાવી રાખવાનું મુશ્કેલ છે.'

ચંદ્રબાબુએ વાંચવા માંડ્યું:

'ધૃષ્ટતા કરવા બદલ મને માફ કરજો, પરંતુ લાંબો વિચાર કર્યા પછી મેં એવું નક્કી કર્યું છે કે કૌમાર્યવ્રત સાધારણ માણસો માટે નથી, —એનાથી બળ આવતું નથી, પણ જતું રહે છે. સ્ત્રી ને પુરુષ એકબીજાના જમણા હાથ રૂપ છે—બંને મળે તો જ તેઓ સંસારના

સકળ કામમાં ઉપયોગી થઈ શકે છે!'

પછી ચંદ્રબાબુએ કહ્યુંઃ 'તને કેમ લાગે છે, નિર્મલ?'

નિર્મલા કંઈ બોલી નહિ.

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'અક્ષયબાબુ પણ આ વિશે પેલે દિવસ મારી સાથે ચર્ચા કરતા હતા, અને તેમની ઘણી દલીલોનો હું કંઈ જવાબ જ દઈ શક્યો નહોતો.'

નિર્મલાએ કહ્યુંઃ 'બનવાજોગ છે. આ શબ્દોમાં પણ ઘણું સત્ય સમાયેલું લાગે છે.'

ચંદ્રબાબુએ વાંચતા માંડ્યુંઃ

'ગૃહસ્થના સંતાનને સંન્યાસધર્મમાં દીક્ષિત કરવાનો બદલે એને ગૃહસ્થાશ્રમના ઉન્નત આદર્શમાં બાંધવો એ મને તો સૌથી મોટું કર્તવ્ય લાગે છે.'

નિર્મલાએ કહ્યુંઃ 'પૂર્ણબાબુના આ શબ્દો મને બહુ ગમ્યા.'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'હું પણ કેટલાક દિવસથી કૌમાર્યવ્રતની પ્રતિજ્ઞાનો નિયમ કાઢી નાખવાનો વિચાર કરી રહ્યો છું.'

નિર્મલાએ કહ્યુંઃ 'મને પણ લાગે છે કે એ નિયમ કાઢી નાખવામાં કંઈ નુકસાન નથી, મામા! બીજાઓ શું વાંધો ઉઠાવશે?

અબલાકાન્તબાબુ, શ્રીશબાબુ—'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'વાંધો ઉઠાવવાનું કોઈ કારણ નથી.'

નિર્મલાએ કહ્યુંઃ 'તેમ છતાં એક વખત એમને સૌને પૂછી જોવું જોઈએ.'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'પૂછ્યા વગર ક્યાં ચાલવાનું છે?'

પછી એમને આગળ વાંચવા માંડ્યુંઃ

'અહીં સુધી તો બહુ સહેલાઈથી લખા શક્યો, પણ હવે લખતાં કલમ ઊપડતી નથી.'

નિર્મલાએ કહ્યુંઃ 'મામા, પૂર્ણબાબુએ હવે કંઈ છૂપી વાત લખી લાગે છે, તમે મનમાં જ વાંચી લોને!'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'ખરું કહ્યું!'



ચંદ્રબાબુએ કાગળ મનમાં વાંચી લીધો; પછી તે બોલ્યાઃ 'નવાઈની વાત! તો શું હું બધી બાબતમાં આંધળો છું? આટલા દિવસ મને કશી જ સમજ ન પડી. નિર્મલ, પૂર્ણબાબુની રીત-ભાત તને કોઈ વખત—'

નિર્મલાએ કહ્યુંઃ 'હા, પૂર્ણબાબુની રીતભાત મને કોઈ કોઈ વખત બિલકુલ મૂરખના જેવી લાગતી!'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'તેમ છતાં પૂર્ણબાબુ ખૂબ બુદ્ધિશાળી છે એ વિશે શંકા નથી. તો તને ખુલ્લા શબ્દોમાં જ પૂછી લઉં—પૂર્ણબાબુએ લગ્નની દરખાસ્ત મોકલી છે—'

નિર્મલાએ કહ્યુંઃ 'તમે કંઈ એમના વાલી નથી—તમારી આગળ દરખાસ્ત—'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'એમનો નહિ, પણ તારો વાલી છું ને!—આ વાંચી જો!'

કાગળ વાંચતાં નિર્મલાનું મોં લાલ થઈ ગયું. તેણે કહ્યુંઃ 'આ નહિ બની શકે.'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'હું એને શું કહું?'

નિર્મલાએ કહ્યુંઃ 'કહો કે કોઈ હિસાબે નહિ બની શકે.'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'એમ કેમ કહે છે, નિર્મલ! હમણાં તો તું કહેતી હતી કે કૌમાર્યવ્રતનો નિયમ કુમારસભામાંથી કાઢી નાખવામાં તારી સંમતિ છે.'

નિર્મલાએ કહ્યુંઃ 'એટલે જે માગું કરતો આવે તેને—'

ચંદ્રબાબુએ કહ્યુંઃ 'પૂર્ણબાબુ કંઈ જે તે ન ગણાય—આવો સરસ છોકરો—'

નિર્મલાએ કહ્યુંઃ 'મામા, તમે આવી બધી બાબતોમાં કશું જ સમજતા નથી. એટલે હું તમને કેવી રીતે સમજાવી શકું? મારે કામ છે, જાઉં છું.'

જતાં જતાં ચંદ્રબાબુના ગજવામાં કંઈ કાગળ જેવું જોઈ એ ઊભી રહી, ને બોલીઃ 'મામા, તમારા ગજવામાં પેલું શું છે?'

ચંદ્રબાબુ જરા ચમક્યા. તેમણે કહ્યુંઃ 'હા, હા, ભૂલી ગયો હતો—

કોઈ આજે સવારે તારા નામનો આ કાગળ મને આપી ગયું છે.—'

નિર્મલાએ એકદમ કાગળ હાથમાં લઈને કહ્યું: 'જોયું, મામા! તમે કેવી ભૂલ કરી તે! અબલાકાન્તબાબુનો લેખ સવારનો આવી ગયો છે, પણ તમે મને આપ્યો નહિ! મારા મનથી કે તેઓ ભૂલી ગયા હશે—મોટી ભૂલ થઈ!'

ચંદ્રબાબુએ કહ્યું: 'ભૂલ તો ખરી! પરંતુ આના કરતાંયે ઘણી મોટી ભૂલો હું દરરોજ કરું છું, નિર્મલ! અને તું મને દરરોજ હસી હસીને માફ કરે છે એટલે મારી બેદરકારી વધતી જાય છે.'

નિર્મલાએ કહ્યું: 'નહિ, તમારી ભૂલ નથી થઈ—મેં જ અબલાકાન્તબાબુને દોષ દઈ મનથી એમને અન્યાય કર્યો છે. મારા મનથી કે—આ રસિકબાબુ આવ્યા! આવો રસિકાબાબુ, મામા અહીં જ છે.'

રસિકે પ્રવેશ કર્યો.

ચંદ્રબાબુએ કહ્યું: 'રસિકબાબુ આવ્યા! સારું થયું થયું!'

રસિકે કહ્યું: 'મારા આવવાથી જ જો સારું થતું હોય, ચંદ્રબાબુ! તો જગતમાં સારાની ખોટ નહિ પડે. તમે કહેશો ત્યારે આવીને ઊભો રહીશ, ના કહેશો તોયે આવીશ.'

ચંદ્રબાબુએ કહ્યું: 'ચિરકુમારસભામાંથી કૌમાર્યવ્રતનો નિયમ કાઢી નાખવાનો અમે વિચાર કરીએ છીએ—તમારી શી સલાહ છે?'

રસિકે કહ્યું: 'હું બિલકુલ નિઃસ્વાર્થભાવે સલાહ આપી શકું તેમ છું—કારણ કે એ નિયમ રાખો કે કાઢી નાખો, મારે મન બધું સરખું છે. પણ મારી સલાહ પૂછો છો એટલે કહું છું કે નિયમ કાઢી નાખો, નહિ તો કોઈ વખત નિયમ પોતે જ નીકળી જશે. એક વખત અમારા ફળિયાનો રામહરિ દારૂડિયો રસ્તાની વચમાં આવી બરાડા પાડી પાડીને સૌને કહેતો; 'સાંભળો બધા, સાંભળો બધા! મેં અહીં જ પડવાનું નક્કી કર્યું છે!" નક્કી ન કર્યું હોત તોયે એ પડવાનો જ હતો, એટલે નક્કી કરવામાં જ એને લાભ હતો.'

ચંદ્રબાબુએ કહ્યું: 'તમારી વાત ખરી છે, રસિકબાબુ! જે ચીજ ધક્કો મારીને આવવાની હોય તેને ધક્કો મારવાની તક દેવા કરતાં, એમ ને એમ આવવા દેવી સારી. આ રવિવાર પહેલાં જ હું આ વાત સૌની આગળ રજૂ કરવા માગું છું.'

રસિકે કહ્યું: 'ભલે, શુક્રવારે સાંજે તમે બન્ને અમારે ત્યાં આવજો, હું સૌને ખબર આપી આવીશ.'

ચંદ્રબાબુએ કહ્યું: 'રસિકબાબુ! તમને જો વખત હોય તો આપણા દેશની ગાયોની સુધારણા વિશે એક લેખ તમે—'

રસિકે કહ્યુ છે: 'વિષય એવો છે કે સાંભળીને ખૂબ મન થઈ આવે છે, પણ વખત ઘણો—'

નિર્મલાએ કહ્યું: 'નહિ, રસિકબાબુ! તમે જરા પેલા ઓરડામાં આવો તો! મારે તમારી સાથે ખૂબ વાત કરવાની છે. મામા, એટલી વારમાં તમે તમારો લેખ પૂરો કરી નાખો. અમે હોઈશું તો તમને વિક્ષેપ થશે.'

રસિકે કહ્યું: 'ઠીક, તો ચાલો!'

નિર્મલાએ જતાં જતાં કહ્યું: 'અબલાકાન્તબાબુએ એમનો પેલો લેખ મારા પર મોકલી આપ્યો છે—મારી વિનંતિ તેમણે સ્વીકારી એ બદલ મારી વતી તમે એમનો આભાર માનજો.'

રસિકે કહ્યું: 'આભારની એમણે રાહ નથી જોઈ. તમારું કામ કરવામાં તેઓ કૃતાર્થતા સમજે છે.'

## : ૧૫ :

જગત્તારિણીએ કહ્યુંઃ 'બાબા અક્ષય! આ છોકરીઓનું હું શું કરું? જોને, નૃપ બેઠી બેઠી રુવે છે, ને નીર મોઢું ચડાવી ફરે છે. કહે છેઃ મારી નાખો તોયે હું ઓરડામાંથી બહાર મોઢું દેખાડવાની નથી. ભદ્ર ઘરના છોકરા હમણાં આવ્યા સમજો—એમને હવે શું કહીને પાછા કઢાશે? તેં જ, બાપુ, એમને ભણાવીગણાવીને આટલી ફટકી છે, તું એમને સમજાવ.'

પુરબાલાએ કહ્યુંઃ 'સાચું કહું છું, હું તો એમના ઢંગ જોઈને આભી જ બની ગઈ છું, એમના મનમાં એ શું સમજે છે?'

અક્ષયે કહ્યુંઃ 'મને લાગે છે કે મારા સિવાય એમને બીજો કોઈ ગમતો નથી. તારી બહેનો ખરી ને, રુચિ પણ બરાબર તારા જ જેવી છે.'

પુરબાલાએ કહ્યુંઃ 'હવે રહેવા દો મશ્કરી! આ મશ્કરી કરવાનો વખત છે? તમે એમને સમજાવીને બે શબ્દો કહેવાના છો કે નહિ, એ કહો ને! તમારા વગર એ કોઈનું માનવાની નથી!'

અક્ષયે કહ્યુંઃ 'એટલો બધો મારા પર એમને પ્રેમ છે! હા! આનું નામ ભગિનીપતિ-વ્રત સાળી! ભલે, તો મોકલો મારી પાસે—જોઉં તો ખરો!'

જગત્તારિણી અને પુરબાલા ગયાં.

નૃપબાલા અને નીરબાલાએ પ્રવેશ કર્યો.

નીરબાલાએ કહ્યુંઃ 'નહિ, મુખુજ્જે મશાય, કોઈ હિસાબે એ નહિ બને.'

નૃપબાલાએ કહ્યુંઃ 'મુખુજ્જે મશાય! તમને પગે લાગીને કહું છું કે આવી રીતે જેની તેની આગળ અમને મોં દેખાડવાનું કહેશો નહિ!'

અક્ષયે કહ્યુંઃ 'એક જણને ફાંસીની સજા થઈ ત્યારે એ કહેઃ મને બહુ ઊંચે ચડાવશો નહિ, મને ફેર આવે છે! તમારી પણ એવી વાત છે! લગ્ન કરવું છે, ને મોં દેખાડતાં શરમ આવે છે, એ કેમ ચાલશે?'



નીરબાલાએ કહ્યુંઃ 'કોણે કહ્યું અમારે લગ્ન કરવું છે?'

અક્ષયે કહ્યુંઃ 'અહો! શરીર પુલકિત બની જાય છે!—પરતું હૃદય દુર્બળ છે અને દૈવ બળવાન છે. જો દૈવવશાત્ પ્રતિજ્ઞા તોડવી પડે—'

નીરબાલાએ કહ્યુંઃ 'નહિ તૂટે!

અક્ષયે કહ્યુંઃ 'નહિ તૂટે? તો પછી બીવાનું ક્યાં છે? છોકરાઓનાં મોં સામે ધસી જઈને એમને એવા દઝાડો કે દૂમ દબાવીને ભાગે—અક્કરમીઓ છોને ઘેર જઈ મરતા!'

નીરબાલાએ કહ્યુંઃ 'વગર કારણે કોઈનો જીવ લેવાનું અમને ગમતું નથી.'

અક્ષયે કહ્યુંઃ 'વાહ! જીવ ઉપર કેવી દયા! પરંતુ આવી સાધારણ બાબતમાં ઘરમાં ફાટફૂટ થાય એવું શા સારું કરવું? તમારાં મા અને બહેન આટલો આગ્રહ કરે છે, અને બે છોકરીઓ ઘોડાગાડીનું ભાડું ખરચીને અહીં લગી આવે છે તો જરા પાંચ મિનિટ મોં દેખાડી દેવું. પછી હું બેઠો છું—તમારી ઇચ્છા વિરુદ્ધ હું કદાપિ તમારાં લગ્ન નહિ થવા દઉં!'

નીરબાલાએ કહ્યુંઃ 'કદાપિ નહિ?'

અક્ષયે કહ્યુંઃ 'કદાપિ નહિ!'

એટલામાં પુરબાલાએ પ્રવેશ કર્યો. પુરબાલાએ કહ્યુંઃ 'ચાલો, તમને જરા શણગારી દઉં!'

નીરબાલાએ કહ્યુંઃ 'અમારે નથી શણગારાવું!'

પુરબાલાએ કહ્યુંઃ 'ભદ્ર લોકના દેખતાં આવે વેશે બહાર નીકળવું છે? શરમ નથી આવતી?

નીરબાલાએ કહ્યુંઃ 'કોણે કહ્યું શરમ નથી આવતી?—પણ શણગારાઈને જતાં વધારે શરમ આવે છે!'

અક્ષયે કહ્યુંઃ 'ઉમાયે તપસ્વિનીના વેશમાં મહાદેવનું મન હરણ કર્યું હતું. શકુંતલાએ દુષ્યંતનું હૃદય જીત્યું ત્યારે તેણે માત્ર એક વલ્કલ પહેર્યું હતું; અને કાલિદાસ કહે છે કે એ પણ કંઈક શરમાઈ ગઈ હતી. તારી બહેનો એ બધું વાંચીને શાણી બનેલી છે એટલે એમને

શણગાર નથી ગમતા!'

પુરબાલાએ કહ્યું: 'એ બધું સત્યુગમાં ચાલતું. આ કલિ-કાળના દુષ્યન્ત મહારાજો સાજશણગાર જોઈને જ ભોળવાય છે.'

અક્ષયે કહ્યું: 'દાખલા તરીકે—'

પુરબાલાએ કહ્યું: 'દાખલા તરીકે તમે. તમે મને જોવા આવ્યા ત્યારે માએ મને નહોતી શણગારી?'

અક્ષયે કહ્યું: 'મને મનમાં થયું કે શણગારથી આ આટલી શોભે છે તો સૌન્દર્યથી કોણ જાણે કેટલી શોભશે?'

પુરબાલાએ કહ્યું: 'હવે જાણ્યા તમને! ચાલ, નીરુ!'

નીરબાલાએ કહ્યું: 'ના, દીદી—'

પુરબાલાએ કહ્યું: 'શણગાર ન કરે તો રહ્યું, પણ અંબોડો તો વાળવો પડશે ને?'

અક્ષયે ગાવા માંડ્યું:

'ફૂલો નહિ બાંધજો, બહેની,
છૂટી તમે રાખજો વેણી!
આંખોમાં કાજળ આંજશો મા!
જરી ભીની થશે તોય બસ!
ફરફર ઊડતો અંચળો દેખી,
પથિક થશે પરવશ!
પૂરી આપ કામના થાશે!
વળી દયા કીધી કહેવાશે!'

પુરબાલાએ કહ્યું: 'પાછું તમે ગાવા માંડ્યું? હવે હું શું કરું, કહો જોઉં! એ લોકોનો આવવાનો વખત થયો—અને હજી તો મારે ખાવાનું તૈયાર કરવાનું બાકી છે.'

પુરબાલા નૃપ અને નીરને લઈને ગઈ.

*

પછી રસિક આવ્યો. તેને અક્ષયે કહ્યું: 'અહો પિતામહ ભીષ્મ! યુદ્ધની બધી તૈયારીઓ થઈ ગઈ છે?'



રસિકે કહ્યું: 'હા, બધી જ! બન્ને વીરપુરુષો પણ આવી પહોંચ્યા છે.'

અક્ષયે કહ્યું: 'બન્ને દિવ્યાસ્ત્રો હમણાં સજાવા ગયાં છે. તો તમે સેનાપતિનો ભાર ગ્રહણ કરો, હું જરી પડદા પાછળ રહેવા ચાહું છું.'

રસિકે કહ્યું: 'હું પણ શરૂઆતમાં જરી પડદા પાછળ રહું.'

*

બન્ને ત્યાંથી જતા રહ્યા કે તરત શ્રીશ અને વિપિન આવી પહોંચ્યા.

શ્રીશે કહ્યું: 'વિપિને, તેં તો આજકાલ સંગીતવિદ્યા ઉપર દેમાર કરવા માંડી છે, પણ કંઈ ફાવ્યો ખરો?'

વિપિને કહ્યું: 'જરાયે નહિ. સંગીતવિદ્યાના દરવાજા આગળ સાત સૂરનો સતત પહેરો ચાલી રહ્યો હોય છે, ત્યાં મારે કેવી રીતે પ્રવેશ કરવો? પણ આ સવાલ ક્યાંથી તારા મનમાં પેદા થયો?'

શ્રીશે કહ્યું: 'હમણાં હમણાંનું મને ઘણી વખત કવિતાનો રાગ બેસાડવાનું મન થાય છે. પેલે દિવસે ચોપડીમાં વાંચેલું—

'આખો દિવસ રેતીમાં તું,
કરે રમત શું કામ?
સાંજ પડી, તું કાળા જળમાં,
કૂદી પડ બેફામ!
તળિયે પહોંચી
હાથ લાગે મોતી તો હસતો
નહિ તો રડતો,
પાછો વળજે ઠામ!
આખો દિવસ રેતીમાં તું,
કરે રમત શું કામ?'

આનો રાગ આવડે છે, એવું મને લાગે છે, પણ ગાઈ શકતો નથી.

વિપિને કહ્યું: 'ચીજ કંઈ ખરાબ નથી હોં—તારો કવિ લખે છે સારું! બસ, હવે આગળ કશું નથી? શરૂ કર્યું છે તો હવે પૂરું કર ને!'

શ્રીશે આગળ ચલાવ્યું:

શી ખબર શું મનમાં આણી
રસ્તે કોણ ઊભું આ આવી?
ફૂલની ગંધે પવન મંદ આ
હૃદય કરી દે ઉદાસ,
ભલે નિરવધિ, તોય ચલો,
એ ફૂલવનની પાસ!

વિપિને કહ્યુંઃ 'વાહ દોસ્ત! પણ શ્રીશ, ત્યાં શેલ્ફ પાસે તું શું ખોળ્યા કરે છે?'

શ્રીશે કહ્યુંઃ 'પેલે દિવસ એક ચોપડીમાં આપણે બે નામ લખેલાં જોયાં હતાં, તે—'

વિપિને કહ્યુંઃ 'ના, ભાઈ, આજે એ બધું રહેવા દે—'

શ્રીશે કહ્યુંઃ 'શું રહેવા દઉં?'

વિપિને કહ્યુંઃ 'એમને વિશે કંઈ પણ—'

શ્રીશે કહ્યુંઃ 'તું તે કેવી વાત કરે છે, વિપિન! એમને વિશે હું કોઈ એવી તો વાત નહિ કરું ને—'

વિપિને કહ્યુંઃ 'ચિડાઓ નહિ, ભાઈ!—મને મારી ચિંતા થાય છે. આ જ ઓરડામાં મેં ઘણી વખત રસિકબાબુની સાથે એમને વિશે એવી વાતો કરી છે કે આજે એ ભાવે એવું કંઈ પણ બોલતાં મને ખૂબ શરમ આવે છે—નથી સમજાતું?'

શ્રીશે કહ્યુંઃ 'કેમ ન સમજાય? હું તો માત્ર એક ચોપડી ઉઘાડીને જોવાનું કરતો હતો—તારા સમ, એક અક્ષરે બોલવાનો નહોતો.'

વિપિને કહ્યુંઃ 'નહિ, આજે એટલું પણ નહિ. આજે તેઓ આપણા દેખતાં બહાર નીકળવાની છે, એટલે આપણે પ્રસંગને શોભે એ રીતે વર્તવું જોઈશે.'

શ્રીશે કહ્યુંઃ 'વિપિને, તારી સાથે—'

વિપિને કહ્યુંઃ 'નહિ, ભાઈ! મારી સાથે દલીલો નહિ—હું હાર કબૂલ કરું છું.—પણ ચોપડી મૂકી દે!'



*

રસિકે પ્રવેશ કર્યો.

રસિકે કહ્યુંઃ 'ઓહ! તમે અહીં એકલા બેસી રહ્યા છો!—કંઈ મનમાં ન લાવશો—'

શ્રીશે કહ્યુંઃ 'મનમાં શું લાવે? આ ઓરડામાં અમારું સરસ સ્વાગત કર્યું હતું.'

રસિકે કહ્યુંઃ 'તમને કેટલી તકલીફ દીધી!'

શ્રીશે કહ્યુંઃ 'ક્યાં દીધી છે? તકલીફ કહેવાય એવી કાંઈ તકલીફ સ્વીકારવાનો સુયોગ મળ્યો હોત તો અમે અમને કૃતાર્થ સમજત!'

રસિકે કહ્યુંઃ 'હશે, ઘડીકમાં બધું પતી જશે, પછી તમે છૂટા છો. આ થોડી જ કંઈ સાચી મુલાકાત છે? સાચી હોત તો પરિણામે કેવો બંધનભયમ્ હોત એનો તો જરી વિચાર કરી જુઓ! લગ્ન ચીજ એવી છે કે મિષ્ટાન્નથી એની શરૂઆત થાય છે, પરંતુ દરેક વખતે મધુરેણ સમાપ્ત થતી નથી. વારુ, પણ આજે તમે લોકો આમ દુઃખી થઈને ચુપચાપ કેમ રહ્યા છો, કહો તો હું તમને ખાતરી આપું છું કે તમને કોઈ ઊની આંચ નહિ આવે! તમે કોણ? તમે વનનાં વિહંગ! બે પેંડા ખાઈને પાછાં વનમાં ઊડી જજો, કોઈ તમને બાંધવાનું નથી. 'નાત્ર વ્યાઘશરાઃ પતન્તિ પરિતો, નૈવાત્ર દાવાનલઃ ' દાવાનલના બદલામાં નાળિયેરનું પાણી મળશે!'

શ્રીશે કહ્યુંઃ 'અમને તમે કહ્યું તેવું દુઃખ નથી, રસિકબાબુ! અમે તો વિચાર કરીએ છીએ કે કરીકરીને અમે તે કેટલોક પરોપકાર કરી નાખીએ છીએ! એથી ભવિષ્યની બધી ચિંતા કંઈ દૂર થતી નથી!'

રસિકે કહ્યુંઃ 'વાહ! આ કંઈ થોડું છે? તમે જે કરો છો તેથી બે અબળાઓને હંમેશને માટે તમે કૃતજ્ઞતાના પાશમાં બાંધો છો—છતાં તમે પોતે કોઈ પાશમાં બંધાતા નથી.'

*

જગત્તારિણી દેખાતી નથી, પણ તેનો અવાજ સંભળાય છે. તે ધીરેથી કહે છેઃ 'અરે, નેપ, કેવી છોકરમત કરે છે તું! ઝટ ઝટ આંસુ

લૂછી નાખી બહાર નીકળ! મારી ડાહી દીકરી—રોઈને આંખ રાતી કરીશ તો તું કેવી દેખાઈશ એનો તો જરા વિચાર કરી જો! નીર, જાને! તારાથી તો હું થાકી, બાપુ! બિચારાઓને ક્યાં લગી બેસાડી રાખવા છે? શી ખબર શું ધારશે?'

શ્રીશે કહ્યું: 'સાંભળ્યું, રસિકબાબુ! આ અસહ્ય છે! આના કરતાં તો રાજપુત્રો છોકરીને દૂધપીતી કરતા એ વધારે સારું હતું!'

વિપિને કહ્યું: 'રસિકબાબુ! એમને આ સંકટમાંથી સંપૂર્ણપણે બચાવી લેવા માટે તમે જે કહો તે કરવા અમે તૈયાર છીએ!'

રસિકે કહ્યું: 'આટલું જ બસ છે. હવે તમને વધારે તકલીફ નહિ આપું! માત્ર આજનો દિવસ સાચવી આપો એટલે પત્યું,—પછી તમારે કશી જ ચિંતા કરવી નહિ પડે.'

શ્રીશે કહ્યું: 'ચિંતા નહિ કરવી પડે? આ તમે શું બોલો છો, રસિકબાબુ! અમે શું પાષાણ છીએ? આજથી અમને એમની વિશેષ ભાવે ચિંતા કરવાનો અધિકાર મળશે!

વિપિને કહ્યું: 'આટલું થયા પછી, અમે જો એમના સંબંધમાં ઉદાસીન રહીએ તો અમારા જેવા નમાલા કોઈ નહિ!'

શ્રીશે કહ્યું: 'આજથી એમની ચિંતા કરવી એ અમારે માટે ગર્વનો વિષય —ગૌરવનો વિષય બની રહેશે.'

રસિકે કહ્યું: 'તો ભલે, ચિંતા કરજો! પરંતુ મને લાગે છે કે ચિંતા કરવા સિવાય બીજી કોઈ તકલીફ તમારે નહિ લેવી પડે!'

શ્રીશે કહ્યું: 'વારુ, રસિકબાબુ, અમને તકલીફ આપવામાં તમને આટલો વાંધો કેમ છે?'

વિપિને કહ્યું: 'એમની ખાતર જો અમારે કંઈ તકલીફ ઉઠાવવી પડશે તો અમે સન્માન સમજીશું.'

શ્રીશે કહ્યું: 'બે દિવસથી, રસિકબાબુ, તમે અમને ફરીફરીને દિલાસો આપી રહ્યા છો કે બસ, હવે તમારે તકલીફ વેઠવી નહિ પડે! એથી અમને, 'ખરેખર, બહુ દુઃખ થાય છે.'

રસિકે કહ્યું: 'મને માફ કરો—હું ફરી કદી આવું અક્કલ વગરનું



નહિ બોલું. તમે ખુશીથી તકલીફ ઉઠાવજો!'

શ્રીશે કહ્યું: 'તમે શું હજી પણ અમને ઓળખી શક્યા નહિ?'

રસિકે: 'નથી કેમ ઓળખ્યા? એ બાબત તમે જરાયે ફિકર ન કરશો!'

એટલામાં શરમાતી સંકોચાતી નૃપબાલા અને નીરબાલાએ પ્રવેશ કર્યો.

શ્રીશે તેમને નમસ્કાર કરીને કહ્યું: 'રસિકબાબુ, તમે એમને કહો કે અમને માફ કરે.'

વિપિને કહ્યું: 'અમે જો ભૂલથી પણ એમને માટે શરમ કે ભયનું કારણ બન્યા હશું, તો એનું અમને જેટલું દુઃખ થશે તેટલું બીજા કશાથી નહિ થાય. એની જો તેઓ અમને ક્ષમા નહિ કરે તો—'

રસિકે કહ્યું: 'વાહ! ક્ષમા માગીને અપરાધિનીઓનો અપરાધ શું કરવા વધારો છો? તેઓ હજી બાળક છે, એટલે માન્ય અતિથિઓનો ક્યા શબ્દો વડે સત્કાર કરવો જોઈએ એ ભૂલી ગઈ છે, અને નીચું મોં કરી ઊભી છે. આથી તેઓ તમારા તરફ અસદ્ભાવ બતાવે છે એવી કલ્પના કરી એમને વધારે શરમાવશો નહિ. નૃપ દીદી, નીર દીદી!—બોલો, હવે તમે શું કહો છો? હજીયે તમારી પાંપણો તો સુકાઈ નથી, પણ તમારું દિલ એમનાથી વિમુખ નથી એવું એમને જણાવવાની મને રજા છે?'

નૃપ અને નીર લજ્જાથી નિરુત્તર રહી.

રસિકે કહ્યું: 'હં, જરા બાજુએ જઈને પૂછી જોઉં.'

પછી તેણે તેમની પાસે જઈ ધીરેથી કહ્યું: 'છોકરાઓને હવે શો જવાબ દઉં, કહો! કહી દઉં કે વહેલા અહીંથી રસ્તો માપો!'

નીરબાલાએ ધીરેથી જવાબ દીધો: 'રસિકદાદા, તમે આ શું ફાવે તેમ બક્યા કરો છો! અમે એવું ક્યાં કહીએ છીએ! અમને કંઈ ખબર હતી કે આ આવ્યા છે?'

રસિકે શ્રીશ અને વિપિનની સામે જોઈ કહ્યું: 'આમનું કહેવું એમ છે કે—

સખા, શું મુજ કરમે લખ્યું!
સૂરજ સમજી ડરી તાપથી,
ચંદ્રકિરણ પેખ્યું!—
સખા! શું મુજ કરમે લખ્યું!

હવે આમાં તમારે કંઈ કહેવાનું છે?'

નીરબાલાએ રસિકને કાનમાં કહ્યું: 'આહ રસિકદાદા! આ શું બકો છો! અમે ક્યારે આવું કહ્યું છે?'

રસિકે શ્રીશ અને વિપિનની સામે ફરી કહ્યું: 'એમના મનનો ભાવ હું બરાબર વ્યક્ત કરી શકતો નથી એથી એ લોકો મને વઢે છે! એમનું કહેવું એમ છે કે ચંદ્રકિરણ કહેવાથી કશું કહેવાતું નથી—એના કરતાં બીજું—'

નીરબાલાએ કાનમાં કહ્યું: 'તમે આવું કરશો તો અમે જતી રહીશું.'

રસિકે કહ્યું: 'સખિ, 'ન યુક્તમ્ અકૃતસત્કારમ્ અતિથિવિશેષં ઉજ્ઝિત્વા સ્વચ્છન્દતો ગમનમ્ ।'

પછી તેણે શ્રીશ અને વિપિનની સામે ફરીને કહ્યું: 'આમનું કહેવું એમ છે કે જો હું એમના દિલનો ખરો ભાવ તમારી આગળ પ્રગટ કરી દઈશ તો તેઓ શરમાઈને એકદમ અહીંથી જતી રહેશે.'

નૃપે અને નીરે એકદમ પાછા ફરવા માટે પગ ઉપાડ્યો.

શ્રીશે કહ્યું: 'રસિકબાબુના અપરાધની તમે આ નિર્દોષોને શું કરવા સજા કરો છો? અમે તો જરાયે વધારે પડતી છૂટ લીધી નથી.'

નૃપ અને નીર 'ન યયૌ ન તસ્થૌ' ભાવ ધારણ કરી થંભી ગઈ. વિપિને નીરની સામે જોઈ કહ્યું: 'કોઈ વખત કંઈ ભૂલ ગઈ હોય તો શું એની માફી માગવાનો પણ વખત નહિ આપો?'

રસિકે નીરબાલાના કાનમાં કહ્યું: 'આ માફી વાસ્તે બિચારો ઘણા દિવસથી ઝૂરી રહ્યો છે—'

નીરબાલાએ રસિકને કહ્યું: 'એવો કયો ગુનો કરી નાખ્યો છે કે માફી માગે છે?'

રસિકે વિપિનની સામે જોઈ કહ્યું: 'એમનું કહેવું એમ છે કે તમારો



ગુનો એવો મનોહર છે કે એ એમને ગુનો લાગતો જ નથી.—પણ જો મેં એ ચોપડી ઉઠાવી જવાની હિંમત કરી હોત તો એ ગુનો થાત—કાયદાની ખાસ કલમમાં એવું લખેલું છે.'

વિપિને કહ્યું: 'ઈર્ષ્યા ન કરશો, રસિકબાબુ! તમને બધાને રોજ ગુનો કરવાની તક મળે છે, અને એની સજા ભોગવીને તમે કૃતાર્થ થાઓ છો; મને નસીબજોગ ગુનો કરવાની એક તક તો મળી, પણ હું એવો અધમ કે એની સજાને માટે પણ અપાત્ર ગણાયો! માફી પામવા જેટલો પણ લાયક ગણાયો નહિ!'

રસિકે કહ્યું: 'વિપિનબાબુ, છેક નિરાશ ન થશો! સજા ઘણી વખત બહુ મોડી આવે છે, પણ આવ્યા વગર એ નથી રહેતી. ફસ દઈને એમાંથી છૂટી નયે શકો!'

એક નોકરે આવીને કહ્યું: 'જમવાનું તૈયાર થઈ ગયું છે.'

નૃપ અને નીર ઘરમાં જતી રહી.

શ્રીશે કહ્યું: 'અમે શું દુકાળમાંથી આવ્યા છીએ, રસિકબાબુ? જમવાની આટલી ઉતાવળ શી હતી?'

રસિકે કહ્યું: 'મધુરેણ સમાપયેત્ ।'

શ્રીશે નિઃશ્વાસ નાખી કહ્યું: 'પણ આ સમાપ્તિ કંઈ મધુર નથી લાગતી.'

પછી તેણે વિપિનને કાનમાં કહ્યું: 'પણ વિપિન, હવે આ બધાઓને છેતરીને કેવી રીતે જવાશે?'

વિપિને કાનમાં જવાબ દીધો: 'એવું કરીએ તો આપણે પાખંડી ગણાઈએ.'

શ્રીશે કાનમાં કહ્યું: 'અત્યારે આપણું શું કર્તવ્ય છે?'

વિપિને કાનમાં કહ્યું: 'એય શું પૂછવું પડશે?'

રસિકે કહ્યું: 'તમે લોકો કંઈ ગભરાઈ ગયા લાગો છો! ગભરાશો નહિ, છેવટે, કોઈ રસ્તો કરીને પણ હું ચોક્કસ તમારો ઉદ્ધાર કરીશ.

બધા ઘરમાં ગયા.

પછી જગત્તારિણી અને અક્ષયે પ્રવેશ કર્યો.

જગત્તારિણીએ કહ્યું: 'જોયું ને, બાબા! કેવા સરસ છોકરા છે?'

અક્ષયે કહ્યું:'મા, તમારી પસંદગીમાં ખામી હોય? મારાથી એવું કેમ બોલાય?'

જગત્તારિણીએ કહ્યું: 'છોકરીઓના ઢંગ જોયા ને, બાબા! હવે રડવાનું કોણ જાણે ક્યાં ઊડી ગયું!'

અક્ષયે કહ્યું: 'એ જ તો એમની ભૂલ હતી. પણ મા, હવે તમારે જાતે જઈને છોકરાઓને આશીર્વાદ દઈ આવવાની જરૂર છે.'

જગત્તારિણીએ કહ્યું: 'એ સારું દેખાશે, અક્ષય? એમણે હા પાડી છે?'

અક્ષયે કહ્યું: 'પાડી જ છે તો! હવે તમે જાતે જઈને આશીર્વાદ દઈ આવો કે તરત બધું પાકું થઈ જશે!'

જગત્તારિણીએ કહ્યું: 'ઠીક તો, તમે બધા કહો છો તો જાઉં છું. હું એમની મા જેવડી છું, એમની આગળ મારે વળી શરમાવાનું કેવું!'

એટલામાં પુરબાલાએ પ્રવેશ કરીને કહ્યું: 'થાળીઓ કાઢીને આવી છું. એમને કયા કમરામાં બેસાડ્યા છે? મને તો કોઈ જોવાય ન મળ્યું!'

જગત્તારિણીએ કહ્યું: 'શું કહું, પુરો! સોનાના ટુકડા જેવા છોકરા છે!'

પુરબાલાએ કહ્યું: 'હું તો ક્યારનીયે જાણતી હતી. નૃપ-નીરના નસીબમાં કદી ખરાબ છોકરા હોય?'

અક્ષયે કહ્યું: 'તેમની મોટી બહેનના નસીબનો પાસ લાગ્યો, બીજું શું?'

પુરબાલાએ કહ્યું: 'હવે રહો, બહુ થયું! જાઓ, જરા એમની સાથે વાતોચીતો કરો! પણ શૈલ કેમ દેખાતી નથી?'

અક્ષયે કહ્યું: 'એ એટલી બધી ખુશ થઈ ગઈ છે કે બારણું બંધ કરી પૂજા કરવા બેસી ગઈ છે!'



## : ૧૬ :

અક્ષયે કહ્યું: 'છે શું, રસિકદાદા! આજકાલ તો તમે બહુ આગ્રહ કરીકરીને ખવડાવતા દેખાઓ છો ને કાંઈ? પણ જે રોજ સવારસાંજ આંખો આગળ રહે છે એને સાવ ભૂલી ગયા?'

રસિકે કહ્યું: 'આમનું સ્વાગત નવું છે. વળી, ભાણામાં જે પીરસ્યું તે તેઓ ખુશીખુશી થઈને ખાય છે. તમે તો જૂના થઈ ગયા, તેમને નવા સમજી ખુશી કરવાની મારામાં તાકાત નથી, ભાઈ!'

અક્ષયે કહ્યું: 'પણ મેં તો સાંભળ્યું હતું કે આજની બધી મીઠાઈ અને આ કુટુંબનું બધું અણબોટ્યું મધુ ઠાલવી લેવા માટે કોઈ બે અજાણ્યા યુવકોની ઘરમાં પધરામણી થવાની છે—આ બન્ને એમના હક ઉપર તો તરાપ મારતા નથી ને? અરે રસિકદાદા, તમે કંઈ ભૂલ તો નથી કરીને?'

રસિકે કહ્યું: 'ભૂલો કરવા માટે તો હું પ્રખ્યાત છું. મોટાં માને ખબર છે કે એમના બુઢ્ઢા રસિકદાદા જે કામમાં હાથ નાખશો તેમાં ભૂલ થવાની જ.'

અક્ષયે કહ્યું: 'શું કહો છો, રસિકદાદા? શું કર્યું તમે? એ બે છોકરાઓને ક્યાં વળાવ્યા?'

રસિકે કહ્યું: 'ભૂલથી મેં તેમને ખોટું સરનામું આપી દીધું છે!'

અક્ષયે કહ્યું: 'એ બિચારાઓની હવે શી દશા થશે?'

રસિકે કહ્યું: 'ખાસ કંઈ નુકસાન નહિ થાય. એ બંને જણા અત્યારે કુમારટુલીમાં નીલમાધવ ચૌધરીને ઘેર નાસ્તો-પાણી કરતા હશે. વનમાલી ભટ્ટાચાર્ય એમની તહેનાતમાં ખડા હશે.'

અક્ષયે કહ્યું: 'એટલે કે મીઠાઈ બધાંના ભાણામાં છે! પણ દાદા, તમારાં નાસ્તો-પાણી કડવાં થશે. વેળાસર ભૂલ સુધારી લો! હજી વખત છે. શ્રીશબાબુ, વિપિનબાબુ, કશું મનમાં ન લાવશો, આની અંદર જરા અમારું કૌટુંબિક રહસ્ય છે.'

શ્રીશે કહ્યું: 'ભોળા સ્વભાવના રસિકબાબુએ એ રહસ્ય અમારી

આગળ પ્રગટ કરી દીધું, તેઓ અમને છેતરીને લઈ આવ્યા નથી.'

વિપિને કહ્યુંઃ 'મિષ્ટાન્નની થાળી ઉપર અમે હાથ ચલાવ્યો છે તે વગર હકે નથી ચલાવ્યો, એનો પુરાવો અમારી પાસે મોજુદ છે!'

અક્ષયે કહ્યુંઃ 'શું કહો છો, વિપિનબાબુ! તો શું ચિરકુમારસભાને સદાને માટે રોવડાવીને આવ્યા છો? જાણીબૂઝીને, સમજપૂર્વક?'

રસિકે કહ્યુંઃ'નહિ, નહિ, તમારી સમજવામાં ભૂલ થાય છે, અક્ષય!'

અક્ષયે કહ્યુંઃ 'પાછી ભૂલ? આજે શું બધાનો ભૂલો કરવાનો દિવસ છે?'

આમ કહી એણે ગાવા માંડ્યુંઃ

'આજ બધું ભૂલમય!
ભૂલની લતા, ભૂલના વાયુથી
બની ગઈ ફૂલમય!
આજ બધું ભૂલમય!
ભૂલના સાગરે સુખનાં મોજાં
ઊછળજો ફૂલમય!
આજ બધું ભૂલમય!

રસિકે કહ્યુંઃ 'મોટાં મા આવતાં લાગે છે!'

અક્ષયે કહ્યુંઃ 'આવે જ ને! એમણે ઓછું જ કુમાર ટુલીના સરનામે જવાનું છે?'

જગત્તારિણીએ પ્રવેશ કર્યો.

શ્રીશે અને વિપિને એમના પગમાં પ્રણામ કર્યા. બન્ને જણને એકેક મહોર આપી જગત્તારિણીએ આશીર્વાદ આપ્યા.

પછી અક્ષયને ધીરેથી જગત્તારિણીએ કંઈક વાત કરી.

અક્ષયે કહ્યુંઃ 'મા કહે છે કે તમે લોકોએ આજે પેટ ભરીને ખાધું નહિ, બધું ભાણામાં જ રહેવા દીધું.'

શ્રીશે કહ્યુંઃ 'અમે બબ્બે વખત માગીને ખાધું છે.'

વિપિને કહ્યુંઃ 'ભાણામાં પડી રહ્યું છે તે ત્રીજી વારનું પીરસાયેલું છે.'

શ્રીશે કહ્યુંઃ 'એ ન પડ્યું રહેત તો અમારે જ પડી રહેવું પડત.'



જગત્તારિણીએ ધીરેથી કહ્યુંઃ 'ઠીક, તો તું એમને બેસાડીને એમની સાથે વાતો કર, બાબા! હું જાઉં છું.'

આમ કહી જગત્તારિણી ગયાં.

રસિકે કહ્યુંઃ 'નહિ, આ ખોટું થયું!'

અક્ષયે કહ્યુંઃ 'શું ખોટું થયું?'

રસિકે કહ્યુંઃ 'મેં એમને ફરી ફરીને વચન આપ્યું છે કે જમ્યા પછી તમે છૂટા છો, કોઈ જાતનાં બંધનમાં બંધાવાનો ભય નથી, પરંતુ—'

શ્રીશે કહ્યુંઃ 'આમાં પરંતુ ક્યાં આવ્યું, રસિકબાબુ? તમે આટલી ચિંતા શું કરવા કરો છો?'

રસિકે કહ્યુંઃ 'શું કહો છો, શ્રીશબાબુ? મેં તમને વચન આપ્યું છે, એટલે—'

વિપિને કહ્યુંઃ 'તે એમાં શું બગડી ગયું?'

શ્રીશે કહ્યુંઃ 'મા અમને આશીર્વાદ આપી ગયાં, અમારે એને યોગ્ય થવું જોઈએ.'

રસિકે કહ્યુંઃ 'નહિ, નહિ, શ્રીશબાબુ! એ ન ચાલે. તમે લોકોએ અનિચ્છાએ ભદ્રતાની ખાતર—'

વિપિને કહ્યુંઃ 'રસિકબાબુ, તમે અમને અન્યાય કરો છો—અનિચ્છાએ—'

રસિકે કહ્યુંઃ 'અનિચ્છાએ નહિ તો શું, મશાય? એ કદાપિ નહિ બને. હું હમણાં જ એ બે છોકરાઓને વનમાલીના હાથમાંથી છોડાવી કુમારટુલીથી અહીં લઈ આવું છું, પણ—'

શ્રીશે કહ્યુંઃ 'અમે તમારું કંઈ બગાડ્યું છે, રસિકબાબુ?'

રસિકે કહ્યુંઃ 'નહિ, નહિ, અહીં બગાડવાની વાત નથી થતી. તમે સજ્જનો છો, તમે કૌમાર્યવ્રતની પ્રતિજ્ઞા લીધેલી છે—મારા આગ્રહને વશ થઈ તમે પારકાનું ભલું કરવા આવ્યા, ને છેવટે—'

વિપિને કહ્યુંઃ 'છેવટે પોતાનું ભલું કરવા બેઠા, એ તમારાથી નથી સહન થતું, કાં? ખરા શુભેચ્છક લાગો છો!'

શ્રીશે કહ્યુંઃ 'જેને અમે અમારું સૌભાગ્ય સમજીએ છીએ. તેમાંથી

તમે અમને વંચિત કરવાનો પ્રયાસ કેમ કરો છો?'

રસિકે કહ્યું: 'છેલ્લે મારો દોષ ન કાઢતા!'

વિપિને કહ્યું: 'જરૂર કાઢીશું—જો તમે ડાહ્યા થઈને શુભ કામમાં અમને મદદ નહિ કરો તો!'

રસિકે કહ્યું: 'હું હજી પણ ચેતવી દઉં છું—

'ગતં તદ્‌ગામ્ભીર્યે તટમપિ ચિતં જાલિકશતૈઃ ।
સખે! હંસોત્તિષ્ઠ, ત્વરિતમમુતો ગચ્છ સરસઃ ॥'

છીછરાં પાણી આંહી તો, સો સો જાળ પડી તટે,
સખે હંસ , ઊડો, તુર્ત વળોજી માનસાગરે!'

શ્રીશે કહ્યું: 'કદાપિ નહિ! તમે ગમે એટલા સંસ્કૃત શ્લોકો છૂટા ફટકારો, પણ સખા હંસો કોઈ હિસાબે અહીંથી ખસવાના નથી.'

રસિકે કહ્યું: 'જગા ખરાબ છે જ, ખસવાનો ઉપાય નથી. હું તો જડ બનીને બેઠો છું—હાય હાય!—'

'અયિ કુરંગ તપોવનવિભ્રમાત્
ઉપગતાસિ કિરાતપુરીભિમામ્ ।'

એટલામાં નોકરે આવીને કહ્યું કે ચંદ્રબાબુ આવ્યા છે.

અક્ષયે કહ્યું: 'એમને અહીં જ લઈ આવ!'

નોકર ગયો.

રસિકે કહ્યું: 'સીધા દારોગાના હાથમાં જ બંને ચોરોને સોંપી દો!'

ચંદ્રબાબુએ આવીને કહ્યું: 'ઓહો! તમે આવી ગયા છો? પૂર્ણબાબુ પણ આવ્યા લાગે છે.'

અક્ષયે કહ્યું: 'જી, ના! હું પૂર્ણ નથી, પણ અક્ષય તો છું!'

ચંદ્રબાબુએ કહ્યું: 'અક્ષયબાબુ? લ્યો, બહુ સારું થયું. તમારું પણ કામ હતું.'

અક્ષયે કહ્યું: 'મારા જેવો નકામો માણસ જે કામમાં લગાડશો તેમાં લાગશે—બોલો, શું કરવાનું છે?'

ચંદ્રબાબુએ કહ્યું: 'વિચાર કરી જોતાં મને માલમ પડ્યું છે કે



અમારી સભામાંથી કૌમાર્યવ્રતનો નિયમ કાઢી નાખવામાં ન આવે તો સભા બહુ જ સંકુચિત બની જાય છે. શ્રીશબાબુ અને વિપિનબાબુને તમારે આ મુદ્દો બરાબર સમજાવવાનો છે.'

અક્ષયે કહ્યું: 'એ બહુ અઘરું કામ છે—કદાચ મારાથી થાય કે નયે થાય!'

ચંદ્રબાબુએ કહ્યું: 'એક વખત એક મતને સારો સમજીને ગ્રહણ કર્યો, એટલે એનો ત્યાગ કરવાથી શક્તિ પણ ગુમાવી દેવી યોગ્ય નથી. મત કરતાં વિવેચનાશક્તિનું મૂલ્ય છે. શ્રીશબાબુ, વિપિનબાબુ—'

શ્રીશે કહ્યું: 'અમને વધારે કહેવાની જરૂર—'

ચંદ્રબાબુએ કહ્યું: 'જરૂર કેમ નથી? તમે લોકો શું દલીલ પણ નહિ સાંભળો?'

વિપિને કહ્યું: 'અમે તમારા જ મતને—'

ચંદ્રબાબુએ કહ્યું: 'મારો મત એક વખત ખોટો હતો એ હું કબૂલ કરું છું, તમે શું હજી પણ એ મતને—'

રસિકે કહ્યું: 'આ પૂર્ણબાબુ આવ્યા! આવો! આવો! આવો!'

પૂર્ણે પ્રવેશ કર્યો.

ચંદ્રબાબુએ કહ્યું: 'પૂર્ણબાબુ, તમારી સૂચના પ્રમાણે આપણી સભામાંથી કૌમાર્યવ્રતનો નિયમ રદ કરવા માટે જ આપણે આજે અહીં ભેગા થયા છીએ. પરન્તુ શ્રીશબાબુ અને વિપિનબાબુ પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ છે; હવે એમને સમજાવી શકાય તો—'

રસિકે કહ્યું: 'એમને સમજાવવામાં મેં મણા નથી રાખી, ચંદ્રબાબુ!'

ચંદ્રબાબુએ કહ્યું: 'તમારા જેવા વાણીવીરને પણ જો ફળ ન મળે તો—'

રસિકે કહ્યું: 'મને જે ફળ મળ્યું છે તે 'ફલેન પરિચીયતે ।' ।'

ચંદ્રબાબુએ કહ્યું: 'તમે શું કહેવા માગો છો તેની મને સમજ પડતી નથી.'

અક્ષયે કહ્યું: 'અરે રસિકદાદા, ચંદ્રબાબુને ચોખ્ખેચોખ્ખું શબ્દોમાં સમજાવ્યા વગર નહિ ચાલે. હું બે પ્રત્યક્ષ પુરાવા હમણાં જ લાવીને

હાજર કરું છું.'

આટલું કહી અક્ષયબાબુ ત્યાંથી ઊઠી ગયા.

શ્રીશે કહ્યું: 'પૂર્ણબાબુ, મજામાં છોને?'

પૂર્ણે કહ્યું: 'હા!'

વિપિને કહ્યું: 'તમે જરા સુકાઈ ગયા દેખાઓ છો!'

પૂર્ણે કહ્યું: 'ના, જરાયે નહિ.'

શ્રીશે કહ્યું: 'તમારી પરીક્ષા બહુ પાસે આવી છે.'

પૂર્ણે કહ્યું: 'હા.'

એટલામાં નૃપબાલા અને નીરબાલાને લઈને અક્ષયે પ્રવેશ કર્યો. અક્ષયે નૃપ અને નીરને કહ્યું: 'આ ચંદ્રબાબુ!—તેઓ તમારા વડીલ છે, તેમને પગે લાગો.'

નૃપે અને નીરે ચંદ્રબાબુને પ્રણામ કર્યા.

પછી અક્ષયે ચંદ્રબાબુને કહ્યું: 'ચંદ્રબાબુ! નવા નિયમ પ્રમાણે તમારી સભામાં આ બે સભાસદો વધ્યા છે!'

ચંદ્રબાબુએ કહ્યું: 'બહુ ખુશી થયો. કોણ છે તેઓ?'

અક્ષયે કહ્યું: 'મારી સાથેનો એમનો સંબંધ ખૂબ ઘનિષ્ઠ છે. બન્ને મારી સાળીઓ છે. શ્રીશબાબુ અને વિપિનબાબુની સાથેનો એમનો સંબંધ શુભ લગ્નથી વધારે ઘનિષ્ઠ થશે. એમના સામું જોતાં જ આપને સમજાઈ જશે કે રસિકબાબુએ આ યુવકોના મત પલટાવી નાખ્યા છે તે કેવળ વાણીના જોરે નહિ.'

ચંદ્રબાબુએ કહ્યું: 'ભારે આનંદના સમાચાર!'

પૂર્ણે કહ્યું: 'શ્રીશબાબુ, બહુ આનંદ થયો! વિપિનબાબુ, તમે ભારે નસીબદાર છો. હું આશા રાખું છું કે અબલાકાન્ત બાબુ પણ વંચિત નહિ રહ્યા હોય, તેમને પણ એક—'

એટલામાં નિર્મલાએ પ્રવેશ કર્યો.

ચંદ્રબાબુએ કહ્યું: 'નિર્મલા, સાંભળીને તને આનંદ થશે કે શ્રીશબાબુ અને વિપિનબાબુની સાથે આ બન્નેનું સગપણ નક્કી થઈ ગયું છે. એટલે કૌમાર્યવ્રતની કલમ કાઢી નાખવાનો ઠરાવ રજૂ કરવાની જરૂર



જ રહેતી નથી.'

નિર્મલાએ કહ્યું: 'પણ અબલાકાન્ત બાબુનો મત લેવાવો હજી બાકી છે—તેઓ અહીં દેખાતા નથી—'

ચંદ્રબાબુએ કહ્યું: 'ખરું, હું તો એ ભૂલી જ ગયો હતો. તેઓ હજી કેમ અહીં આવ્યા નહિ?'

રસિકે કહ્યું: 'ફિકર ન કરશો, એમનો પલટો જોઈને તો તમે બધા આથીયે વધારે નવાઈ પામી જશો.'

અક્ષયે કહ્યું: 'ચંદ્રબાબુ, હવે તો મને પણ સભામાં દાખલ કરો. હવે સભા એવી શોભાયમાન બની ગઈ છે કે મને ના નહિ કહી શકો.'

ચંદ્રબાબુએ કહ્યું: 'તમે આવો એ તો અમારું સૌભાગ્ય ગણાય!'

અક્ષયે કહ્યું: 'મારી સાથે બીજું પણ એક સભ્ય આવશે. આજની સભામાં હું એને હાજર રહેવા નથી સમજાવી શક્યો. હમણાં એ દર્શન નહિ દે, પણ વિવાહના માંડવામાં ભૂતપૂર્વ કુમારસભાને યથાશક્તિ પિંડદાન દીધા પછી તેઓ દર્શન દે તો દે. હવે બાકીનો સભ્ય આવી જાય તો આપણી ચિરકુમારસભા સંપૂર્ણ થઈ જાય!'

એટલામાં શૈલે પ્રવેશ કર્યો.

શૈલે ચંદ્રબાબુને પ્રણામ કરી કહ્યું: 'મને માફ કરો!'

શ્રીશે કહ્યું: 'આ શું, અબલાકાન્તબાબુ!—

અક્ષયે કહ્યું: 'તમે લોકોએ મતપલટો કર્યો અને આમણે માત્ર વેશપલટો કર્યો છે!'

રસિકે કહ્યું: 'શૈલજા ભવાનીએ આટલા દિવસ કિરાતનો વેશ ધારણ કર્યો હતો, હવે આજે એમણે ફરી તપસ્વિનીનો વેશ ધારણ કરી લીધો છે.'

ચંદ્રબાબુએ કહ્યું: 'નિર્મલા, મને તો કંઈ સમજ પડતી નથી.'

નિર્મલાએ કહ્યું: 'અન્યાય! ભારે અન્યાય! અબલાકાન્ત બાબુ—'

અક્ષયે કહ્યું: 'નિર્મલા દેવી ખરું કહે છે—અન્યાય થયો છે! પણ એ અન્યાય વિધાતાને હાથે થયો છે. એમણે અબલાકાન્ત જ થવું જોઈતું હતું, પરતું ભગવાને એમને વિધવા શૈલબાલા બનાવીને શું મંગલ સિદ્ધ

કર્યું છે એ રહસ્ય આપણને અગોચર છે.'

શૈલે કહ્યું: 'મેં ભૂલ કરી છે; એ ભૂલ શી રીતે સુધારું? હું આશા રાખું છું કે વખત જતાં બધું બરાબર થઈ રહેશે.'

પૂર્ણે નિર્મલાની પાસે જઈ કહ્યું: 'હું અત્યારે તમારી માફી માગવાની તક લઉં છું. ચંદ્રબાબુ પરના કાગળમાં મેં જે ધૃષ્ટતા પ્રગટ કરી છે તે મારી ભૂલ થઈ છે—મારા જેવા અયોગ્ય—'

ચંદ્રબાબુએ કહ્યું: 'કશી ભૂલ નથી થઈ, પૂર્ણબાબુ! તમારી યોગ્યતા જો નિર્મલા ન સમજી શકે તો એ નિર્મલામાં સમજણનો અભાવ ગણાય.'

નિર્મલા કંઈ પણ બોલ્યા વગર નીચું ઘાલી જતી રહી.

રસિકે પૂર્ણને ધીમેથી કહ્યું: 'ગભરાશો નહિ, પૂર્ણબાબુ! તમારી દરખાસ્ત મંજૂર થઈ ગઈ—પ્રજાપતિની અદાલતમાં તમને ડિક્રી મળી ગઈ—કાલ સવારે જ એનો અમલ કરવા નીકળી પડજો!'

શ્રીશે શૈલબાલાને કહ્યું: 'તમે ખરાં છેતરી ગયાં!'

વિપિને કહ્યું: 'સંબંધ થતા પહેલાં જ મજાક-મશ્કરીઓ કરી લીધી!'

શૈલે કહ્યું: 'આમ કહેશો એટલે હવે છોડી નહિ દઈએ!'

વિપિને કહ્યું: 'અમારે છૂટવું પણ નથી.'

રસિકે કહ્યું: 'હવે નાટક પૂરું થયું—અહીં ભરતવાક્ય ઉચ્ચારવું જોઈએ:

'સર્વસ્તરતુ દુર્ગાણિ, સર્વો ભદ્રાણિ પશ્યતુ ।
સર્વઃ કામાનવાપ્નોતુ, સર્વઃ સર્વત્ર નન્દતુ ॥'

ooo